ઓરીજીનલ

સોસાયટી સ્ટુ!

૧૯૧૫

કર્તા

મે. મ. બનાજી

ORIGINAL

ઓરીજીનલ

Society Stew!

સો સા ય ટી સ્ટુ!

ઉર્ફે... મંડળ મિશ્રણ!

કર્ત્તા:

મેહરવાનજી

મનચેરજી

બનાજી

[M. M. Banaji]

તે

'સુધારાનું શિખર

યાને

સંસાર સાગરમાં સફર'

'દુનિયાઇ દ્વાર

યાને

શું કરમને કુટયે કે

કૌતકને હસિયે?'

'પારસી પુત્રી પ્રકાશ

યાને

પરણતાને જી!'

'સનોબર:

ત્રણ અંકી નાટક

તખ્તે પારસી સંસાર'

ના કર્ત્તા.

કિંમત

કર્તા કનેથી રૂ. ૨-૦-૦

ઠે૦ મૅસર્સ બનાજી સનની કું.

હારૂન બીલ્ડીંગ, પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઇ.

બુક સૅલરો અને એજન્ટો કનેથી રૂ. ૨-૮-૦

ચેતવણી:

આ 'સોસાયટી રદ્દ' પુસ્તક સને ૧૮૬૭ ના ૨૫ મા કાયદા મુજબ રજીસ્ટર થયું છે અને તેની કોઇએપણ કોઇપણ પ્રકારે નકલ કરવાની મનાઇ છે.

"ધી ફોર્ટ પ્રીન્ટીંગ પ્રેસ"માં માણેકજી જીવનજી તવરીઆએ છાપ્યું છે.
નં૦ ૧) પારસી બજાર સ્ટ્રીટ, કોટ, મુંબઇ.

પ્રગટ કરનાર—મી૦ મેહરવાનજી મનચેરજી બનાજી.
મેસર્સ બનાજી સનની કાં.,
હારૂન બીલ્ડીંગ, પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઇ.

Sacred

TO

THE MEMORY OF

Sightless Authors

Dedicated

TO

THOSE WHO HAVE

Eyes but will not See

THE AUTHOR

અપંગ લેખકોની

પવિત્ર યાદમાં

દેખતી આંખે આંધળાઓને

અર્પણ.

કર્તા.

❁ ❁ ❁

પાસેના સફા ઉપરની અર્પણ પત્રિકા

માટે બે બોલ

ખુલાસારૂપે લખવાની હું જરૂર જોઉં છું. અત્યાર સુધીમાં તમો વાંચકો જોઈ ચુકયાં છો કે લખાણ સંબંધી મારા વિચારો મારા પોતાના છે. ઢેડનાં ગાડાંની મુઆફેક એકમેકની પુઠે ન ઘસડાતાં લખાણબાજીના બાબમાં શ્રમ ખેંચી હું નવાં નવાં સ્વરૂપો રજુ કરતો રહયો છું. મારાં પુસ્તકોની અમુક નકકલોનો ઉઠાવ કરવાની મકસદથી જેમ ખર્ચાળુ ચિત્રો આપી તેની કહેવાતી દીલ ઉશ્કેરનારી પાવર ફુલ "ચાઈ ચાઇ" માં વધારો કરવા જેવી નબળાઇને હું આધીન થયો નથી, તેમ લાયક યા બીનલાયક કોમ પરકોમના આસામીઓની દાઢીમાં હાથ ઘાલી તેઓને મારાં પુસ્તકો અર્પણ કરવાથી હું બાઝ આવ્યો છું.

પારસી કોમમાં તુરરા નરો હાલને કાજ ગણત્રીના છે અને તેઓને કોઇને કોઇ પુસ્તક અર્પણ થઇ ચુકેલું હોવાથી જેમ વધુ લાયક નરો ન મલવા મુશકેલ છે તેમ વળી લાયક પુરૂષોને શીર માંગવે બીન માંગવે અર્પણ પત્રિકાઓ લાધવામાં કશો સાર નથી.

આ પુસ્તકમાંની અર્પણ પત્રિકા ઇગ્રેજી અને ગુજરાતી બન્નેમાં લખાઇ છે સબબ તેની શબ્દ રચના બન્નેમાં જેટલી અર્થસુચક તેટલી મનોવેધક છે. અર્પણ એટલે કોઇની યાદને અમુક તત્વથી જાળવી રાખવી; એટલા માટે એક ચીજ, પુસ્તક યા બનાવ સારી યા માઠી યાદને પણ અર્પણ થઇ શકે છે. વળી જયારે કાંઇ દુ:ખદાયક યા ન ઇચ્છાવાજોગ બનાવ બને છે ત્યારે જે કોમ અથવા પુરૂષનાં લક્ષણોને તે ન ઇચ્છવાજોગ બનાવ આભારી હોય છે તેઓને તે બનાવ ટીકારૂપે આપણે અર્પણ કરીએ છીએ—દાખલા તરીકે "પુનર્વિવાહના શત્રુઓને અર્પણ" "પુનર્વિવાહના શત્રુઓને ભેટ;" આ "અર્પણ" યા "ભેટ" તે નનામાં, નમાયાં અને નબાપાં રસ્તે જડી આવતાં બાળકો છે.

હવે, ત્યારે, મારી બન્ને અર્પણ પત્રિકાની પ્રથમ લીટીઓ ભલા પુરૂષોની યાદમાં છે જેઓ આંધળા હોયા છતાં દેખતા હતા એટલે કે તેઓ પોતાના અંતઃકરણના અવાજને આધિન થઈ મનશની, ગવશની અને કુનશનીનો તરીકો અખત્યાર કરી લખાણરૂપે યા બીજી રીતે પોતાના લેખક બંધુઓ, વાંચકો, અને બીજાઓને રાહે રાસ્ત ઉપર દોરવી ગયા છે. અર્પણ પત્રિકાની પાછલી લીટીઓ, ઉપર ટાંકેલી ટીકકાના ધોરણ ઉપર રચાયલી છે. આપણી આગેવાન ગણાતી કોમમાં આજે ઘણાંકો એવા પડેલા છે કે જેઓ દેખતી આંખે આંધળા છે. તેઓ માને છે એક અને મનાવે છે બીજું; કરે છે એક અને કરાવે છે બીજું. એક કોડી પણ ખર્ચ્યા વગર પોના પાસેનાં બીજાં કીંમતી સાધનો જેવાં કે મનશકિત, તનશકિત, કલમશકિત ઇત્યાદિનો સદ્‌ઉપયોગ ન કરતાં પોતાની અમુક મતલબ પાર પાડવા યા પોતાનાં ખીસાં તર કરવા આ સાધનોનો તેઓ ઉપયોગ કરે છે. હવે, આવા પુરૂષો દેખતા હોયા છતાં સ્વાર્થી આંધળા છે એમ આ પુસ્તકમાં મેં બતાવેલું હોવાથી તેવા પુરૂષોને અર્પણ પત્રિકારૂપે યાદ કરવામાં મને કોણ ખોટો કહેશે? અલબત આવા પુરૂષોને “આંધળા” કહેવાથી તેઓ કાંઇ આંધળા બની જવાના નથી અને તેમ આપણે ઇચ્છીશું પણ નહીં, કારણ તેઓ દેખતા અને આંધળા સરખાજ છે.

કર્ત્તા

"સોસાયટી સ્ટુ ઉર્ફે મંડળ મિશ્રણ!"

કલમકશીના મયદાનમાં મારી મુઝવણ!

કલમકશીના બાબમાં સામાન્ય રીતે એવું વિચારવામાં આવે છે કે જયારે ભેજાંના ભંડારમાં ખ્યાલોનું ભંડોલ ભરેલું હોય છે, અને વિચારોની હારમાળા સિલસિલાબંધ ગુંથાયલી હોય છે ત્યારે તે ખ્યાલો અને વિચારો કલમડીની અણી માહેથી આપમળે ધોધમાર વહેછે. આમ છતાં, બાજે વેલા બહુ વિચારવંત લેખકો પણ શું લખવું અને શું નહીં લખવું તેનાં વમળમાં વીંટલાઇ જાય છે.

જેમ પત્રપોથીઓ અને રેસાલાઓ વાંચ્યાથી એક અચ્છો પત્રવહેવાર ચલાવનાર કિંવા રેસાલા લખનાર થઇ શકાતું નથી તેમ કલમ કશીની રૂઢી, તેના ફણગાઓ, ફાંટાઓ અને રસિકતા પોથીદ્વારે શીખી શકાતાં નથી. બારાખડી ગોખવાનો, ક ખ ઘુંટવાનો અને ત્રીરાશી પંચરાશી કરવાનો કિંમતી વખત ઘણાંકો પોતાની શકિત ઉપરાંતનાં કાવ્યો રચવામાં અને ગધ્ય લેખન કરવામાં ગુમાવે છે! કેટલાક કહેવાતા લેખકો તેઓની પાછળ આવનારાઓનો હાથ ઝાલી તેઓની રાહબરી કરવાનું ડોળ ઘાલે છે! આવા ડોળઘાલુ શિક્ષકોને આપણો હાથ ઝાલી કલમકશીની બિકટ અને ખડબચડી કઢણ ઉપરથી તેની પુર્ણતાની ટોચ ઉપર આપણને ઘસડી જવાને અને પોતાની કિર્તિનાં ઢોળકડાં વગડાવવાને હાંરરો હોય છે! વાટે ચાલતાં, તેઓ પોતે કલમકશ થયા તે અગાઉ તેઓપર કેવાં વીંટબણા વીંતી હતી તે આપણી આગલ તેઓ વર્ણવે છે, તેમ છતાં ટોચે પહોંચ્યા અગાઉ તેઓ આપણી સઘળી ઉલટને મંદ કરી નાખે છે:

"હે! મારા મિત્રો," તેઓ પુકારે છે, "તમો હજુ અમારા જેટલા બુઝર્ગ થયા નથી, તમો સાઠીએ પહોંચ્યા નથી, તમો B. A., M. A., થયા નથી એટલે તમો અમારા જેવા પાકટ કલમકશ તરીકેનો જશ કેમ કરી ખાટી શકો? લેખક થયા અગાઉ લખાણબાજીના ખેતરમાંથી અમને પણ કાંટાની વાડ અને ઝાડી ઝાંખરાં સાફ કરી

અમારો માર્ગ મોકળો કરવો પડ્યો હતો. તમો પણ તેમજ કરો, તમારી લડાઇ તમો લડો અને જયારે કિર્તિના શીખરે પહોંચો ત્યારે સઘળો જશ વડીલ ભાઇબંધો તરીકે અમનેજ ખાટવા દેજો. કારણ પાછળથી તેમાં તમને ભાગ પાડવાને યા નડતળ કરવાને અધિકાર નથી "!!

આ લોકોને મારો જવાબ એટલોજ છે કે—ભાઇઓ, બુઝર્ગીએ પહોંચી, B. A., M. A. થઇ કેટલાક લખનારાઓ પોતાના પેટનો ખાડો પુરવા પોતાના ઓછા કેળવાયલા યા ઉછાછલા મગજનાં હમદિનોને જે રીતે આડે માર્ગે દોરવે છે, કિંવા પોતાની કલમડીને prostitute કરે છે, તેમ કરવા અગાઉ હું મારી કલમડીને કાપી નાંખવા તૈયાર થાઉં.

શિક્ષણ પોથીના બાબમાં મેં કીધેલી ટીકકા બેપગા જીવતા શિક્ષકો, લેખકો અને નુકતેચીનોને પણ સહેલાઇથી લાગુ પાડી શકાય. એક કરતાં વધુ વાર પરણી ચૂકેલો આસામી કવિ Pope ના બોલોમાં લગ્નના બજારમાં ઘસાઇ પીસાઇને ઠાઠકોઠચ બનેછે. નવલકથા, રેસાલા, અને નાટકના મયદાનમાં એજ પ્રમાણે એક કરતાં વધુ વાર મુસાફરી કર્યા કેડે નુકતેચીનોનાં ભિન્ન ભિન્ન લખાણોથી સેવકનો બરડો—જે સદાનો પહોળો છે તે બાપડો પણ—ખુબ પખોડાઇને હવે ઠર પડયો છે! લયકીન, વજનદાર, અપક્ષપાત ટીકકાઓનો વાસો કરવા આ કમીની પીઠ નુકતેચીનોની નોકરીમાં સદા એસ્તવાર રહેશે; એટલુંજ નહીં પણ પોતાની કલમડીની ભવિષ્યની બહેતરી માટે એવી ટીકકાઓને તે સદા આવકારદાયક લેખશે.

નુકતેચીનો પ્રત્યે જે એક બીના આ કલમને બહુ વિચિત્ર માલુમ પડી છે તે એ છે કે એકાદ કેળવાયલી સ્ત્રીને જો એકાદ લેખકે "દોલાના ઘોડા" જેવી ચાલની ચિતારી યા એકાદ બીનકેળવાયલી સ્ત્રિને ઉંચ મનોવૃત્તિની ચિતારી, યા એકાદ અથોરનાનજાદાને અઘટીત વહેમોને વશ થયલો રંગ્યો તો વાંચક વર્ગ એમ માની લેતો દેખાયછે કે લેખક સઘળી કેળવાયલી બાઇઓને નાલાયક, સઘળી બીનકેળવાયલીને લાયક, અને સઘળા અથોરનાનજાદાઓને વહેમી માને છે, જો કે, એકજ પુસ્તકમાં એવાંજ સામસામાં પાત્રોને કર્ત્તાએ ઉલટા પ્રકારનાં ચિતાર્યાં હોય, એટલે કે, કેટલીક ઉંચ કેળવણી લીધેલી બાઇઓને ઉંચ મનો-

વૃત્તિવાળી, બીન કેળવાયલી બાઇઓને અભણ અને વહેમોને વશ થયલી, અને અથોરનાનજાદાઓને સાહેબે કમાલિયત અને ફસાઅત ચિતાર્યા હોય ! મારી 'દુનિયાઇ દોર'ના 'પાહલનદારૂ" અને 'સુધારાનું શિખર'ના "કુફાદારૂ" ચિતારવાની મારી નેમ મુબદ વર્ગની હાલત સુધારવાની આવશ્યકતા દેખાડવાની હોવા છતાં કોઇક અથોરનાનજાદાઓનાં દિલ જો દુખાયાં હોય તો સેવક તે માટે દરગુજર ચાહે છે.

"સહરાગાત"નાં આળ વિષે બોલતાં હું કહીશ કે જીવતી જાગતી જીંદગીમાંથી બનતા બનાવો ઓરીજીનલ વાર્તાનાં વલાંમાં ગુંથી લેવાનું કાર્ય કાંઇ સહેલ નથી. આવા બનાવો એકજ સ્થળે એકી વેળા સદા બનતા રહેતા નથી; વળી આપણી નજર સન્મુખ તે રોજ-બ-રોજ બનતા હોયાથી નજરચૂક થાય છે એટલુંજ નહીં પણ તેની ખુબી ખામીઓ, બારીકીઓ તેમજ સુંદરતા આપણી ચશમો સામેથી ભૂસાઇ જાય છે. આજ સબબે જ્યારે આવા બનાવો એક 'ઓરીજીનલ' નવલકથા રૂપે બહાર પડે છે ત્યારે સાદી નજરે તેમાં કંઇક સહરાગાત કીધેલી, કંઇક મરી મરચું ભભરાવેલું અને કંઇક સંભવીત 'સૅનસેશન' આમેજ થયલું દિસે તો તે પ્રસંગોપાત લેખાય. એક નવલ કથા રચનારને, એક કવિના જેટલી નહીં તો તેથી ઓછી Latitude (છુટછાટ) તેનાં રંગ-રૂપ અને શૃંગાર પ્રત્યે ઉદાર વાંચકો અને નુકતેચીનો ખચ્ચીત આપી શકે.

એક પત્રકાર ભાઈ ઉપર મારૂં એક પુસ્તક હું અભિપ્રાયાર્થે મોકલું અને એક બીજા ભાઇ ઉપર જો હું તે ન મોકલું, તો તે છેલ્લો મારા ઉપર છેડાઇ પડી મને અનેક વિશેશણોથી "વધાવી" લે છે! હવે તે છેલ્લો ભાઈ જો પોતાનું ચિત્ત ઠેકાણે રાખે તો તેને માલુમ પડે કે દરેક પત્રકારને કોઇપણ લખાણ ઉપર વાજબી ટીકકા કરવાને સદા હક રહે છે— પછી છોને તે લખાણનો લેખક તેની ઉપર તે લખાણ ખાસ નુકતેચીની અર્થે મોકલે યા ન મોકલે. અનેક પત્રકારોના હસદની આ કમતરીન કલમ આ પ્રમાણે ભોગ થઇ પડી છે ! જ્યારે વળી કેટલાક "હેતના કટકાઓ"ને પોતામાં 'ઓરીજીનૅલીટી'ના વાખા હોવાથી—હું બીજે ઠેકાણે કહી ગયો છું તેમ—ડંગલે અને પગલે 'ઓરીજીનૅલીટી' ગળાંમાં ખુંચી બેઠી છે! પણ આમ તો દરિયામાં સફર કરતાં બીન વાંકે આપણને 'સિ સીકનૅસ' થાય છે ત્યારે આપણે ચલાવી લઇયે છીયેને ?

મારી બચગીના બહારમાં મેં અનેક ઇંગ્રેજી નૉવેલો અને નાટકો વાંચ્યાં હતાં. તે વેળા પારસી સંસાર મારી નજર સન્મુખ એક sealed book સમાન હતો. આહા—કેવો તે સાદો, સુતરો અને સચેત સંસાર! તે વેળા જો હું તેના ભિત્તરમાં કુદત તો જુજજ મને જડત. આ સુધરેલા કુધરેલા જમાનામાં એટલાં તો તરેહવાર પારસી સંસારી વાણાં આપણી આગલ વિખરાઇ પડયાં છે—તેમાંથી ગોખવાને અને લખવાને એટલું તો પડેલું છે—મારી બંધ આંખોએ તે એટલું તો ખુલ્લું હું નિરખું છું—કે પારસી લખનારાઓ ઇંગ્રેજી રમુજી ફકરાઓ યા 'સ્કેચો'નો લેભાગુ તરજુમો કરવામાં અને ઇંગ્રેજી કુથલા નૉવેલોને ઠોકી ઠાકીને પારસી સંસારને લાગુ પાડવાને કાં પછાડા મારે છે, યા પારસી બૈરાંના ડ્રેસ ઇત્યાદિ પ્રત્યે ઘટીત અઘટીત રમુજ કરવામાં કાં સંતોષ માનતા હશે, તે મારી મોટી તાજુબી છે અને જાવેદાન રહેશે. મને તો એમ ભાસે છે કે બીજાં પચ્ચીસ વર્ષ જો હું જીવું અને મને જો પુરતી ફુરસદ હોય તો દર સાલ પારસી સંસારના ભિત્તરમાંથી એકેક નવલકથા હું ખેંચી કાઢું.

મારી કલમનું આ નવું ફળ મારા છેલ્લા પુસ્તક પછી બે વર્ષે બહાર પડે છે. જીંદગીની રોજીંદી રોકાણો વચ્ચે જે કાંઇ ફુરસદ હું ફાજલ પાડી શકું છું તે દરમ્યાન હું તે લખાવતો ગયો છું. એ માટે મારે એટલુંજ કહેવું છે કે તે ઇંચેઇંચ અને લાઇને લાઇન 'ઓરીજીનલ' છે, અને તેની શરૂઆતમાં ટાંકેલી ઇંગ્રેજી લિટિઓ અથવા તેના ઇંગ્રેજી 'ટાઇટલ' ઉપરથી કોઇએ પણ એમ ગોતું ન ખાવું કે તેમાંનો ઘણો નહીંતર થોડો ભાગ ઇંગ્રેજી ઉપરથી રચેલો છે. કદાપિ જેમ ઘણાક અપક્ષપાત કદરશનાસોએ લખાણરૂપે અને મ્હોડેથી મને વારંવાર જણાવ્યું છે તેમ મારાં લખાણો તેનાં કુદરતીપણા, તેની સંગીનતા, ને તેની 'સ્ટાઇલ'ના બાબમાં એટલાં તો આયના મીસાલ 'ઓરીજીનલ' છે કે આ કીસમનો ખુલાસો કરવાની મારે કાંઇ જરૂર નથી.

આ પ્રસ્તાવના હું ખતમ કરતો હતો તેટલાં પડોશણ કુકીબાઇએ તા૦ ૧૭ મી ઓકટોબર, ૧૯૧૪ નું "જામે જમશેદ" મારા હાથમાં મેલ્યું અને બોલ્યાં કે: "બાવા, આજે એમે નવી વાત આવીચ ને કોઇ

'અલેફ' નો લખેલો ચરચાપતર છે તે મારો જાન કહેજે બનાજીભાને જરૂર વંચાવજો"

ખરેજ આ લગાર લંબાણુ ચર્ચાપત્ર એટલો તો પ્રસંગોપાત છે કે તેનો માત્ર એક ભાગ (તેની અસલ રચના અને જોડણી મુજબ) અત્રે ટપકાવી લેવાની લાલચ હું થોભાવી શકતો નથી

("જામે જમશેદ" તા૦ ૧૭-૧૦-૧૪.)

વાંચક વરગમાં નીકળેલો "માથે ટોપી પેહેરી" લેવાનો પવન.

મી૦ એડીટર,

આપણા લોકો કયારે સુધરશે? વારતાઓ-ખાસ કરીને પારસી સંસારી વારતાઓ-વાંચનાર વરગમાંથી આજ કાલ એવાં ઘણાં નીકળી આવશે કે જેઓ નાહક ઝડપ લઇને "ટોપી પેહેરી" લેવા તઇયાર થાય છે; તેમાં જો લખનારની કલમમાં આબેહુબ પારસી સંસારને બંધએસતું ચીત્ર દોરવાનો કુદરતી ટચકો હશે તો તે "પેટના કાંઇ અમરેટા"ને લીધે હોય યા ખોદા ખબર કેમ હોય, પણ વાંચકો માહેલાં એવાં થોડાંક સાંકડા મનના હોય છે કે તેઓ તે લખનારની ખામી કાઢી નહી શકે તો "આ તો ફલાણાને લાગુ પારીયુ" છ અથવા તો "આ તો મારૂંજ ચીત્ર દોરયુંછ," એવાં બોહતાનો લેખક ઉપર નાહકના મૂકવા નીકળે છે. લખનાર તો પોતાની લખાણુ બાજીની ધુંઇમાં એક બુરા આદમીનો ચીતાર આપવા બેસસે તો તેને પુરેપુરો બદફેલ ને પ્રપંચી ચીતારી શરૂઆતમાં તેને ફાવી જતો પરંતુ પાછળથી અંતે ધરમે જયનો કુદરતી કાયદો બતાવી આપવા તેનો પરાજય બતાવશે. આવી વખતે વાંચનારનાં મગજ ઉપર બરાબર અસર કરવા તે વારતા માહેલાં આવા આદમીને પુરેપુરો ખરાબ દરશાવશે; પણ જયારે તે વાંચી કોઇ એમ કેહવા નીકલે કે "તે પાત્ર તેને પોતાને લાગુ પરયું છે" તયારે શું તેને એટલો વીચાર નકી આવતો હોય કે તેમ કરવામાં તે પોતે પોતાને એક બુંરો બદફેલ પુરૂશ છે.

એમ પોતાને મોંઢે જાહેર કરે છે ! ઘણીકવાર સગાં સનેહીઓ અથવા કેહવાતાં દોસત આસનાવો પોતાના કાંઇ અંગત હેતુને ખાતર જો કોઇને સેહજ મળતું આવતું લખાણ હશે તો તે આદમીનું ધ્યાન ખેંચશે અને તેને કેહશે કે "આ ચીત્ર તારા ઉપરથી દોરયું છે, આ લખનાર તારો દુશમન હોવો જોઇએ." પેલો આસામી હલકાં મનનો હશે તો તેના ઉપર ખોટી અસર થશે પણ જો સાવચેત હશે તો તે કહેવા આવનારને પોતાના દોસત કરતાં મુદ્દઇ જેવો ધારી લેશે, કારણ તે પાત્ર એક ખરાબ બદફેલ આદમીનું હોય તો તેનો મીત્ર શું એમ કહેવા માંગતો હતો કે તેવી ચાલચલણ તે ધરાવે છે ?

આવા ઉદાર મન અને ઓહોળું જીગર ધરાવવાને આપણા પારસીઓ કયારે શીખશે ? આ તો લખનાર બાપડાંને સવપને ખયાલ ન હોય છતાં અકસમાતીક કાંઇ તેના લેખને માફક આવતું જણાવયું તો ઝટ લોકો ટોપી પેહરી લેવા કે બીજાને પેહરાવવા તઇયાર થઇ જશે. તેમ કરવાથી પોતે પોતાને કેવા કઢંગા અવતારમાં મુકે છે અને પોતાને મોંઢે પોતાને બુરા આદમીને બંધ બેસે તેવાં પાત્રને લાએકના ધારેછ તેનો તેઓને ખયાલ આવતો નથી.

હજુર આપણા લોકોને સુધરવાને ઘણો વખત જોઇશે.

લી॰ અલેફ"

કર્તા

મુંબઇ, જાન્યુઆરી, ૧૯૧૫

મુંબઈમાં ભરાયલું અસાધારણ "પારસી સોશીયલ ગૅધરીંગ"

મોટે ખાંચરેના મંડળ સાથે ભેળાવાની ઉમદા તક.

ખોશો તો સુઝમાં રોજા ખોલશો.

સનોબર—અપ-ટુ-ડેટ, સુધરેલી બીગડેલી, બીગડેલી સુધરેલી, વલસાડી મુંબઇગરી, મુંબઇગરી વલસાડી સુંદરી.

("આ સાર વગરના સંસારમાં સદગુણી સ્ત્રી ખરેજ એક મોટો સાર છે" તેનું દ્રષ્ટાંત પુરૂં પાડનાર.)

ફ્રેદુન બહેરેમંદખાન—તેણીનો સુખી દુઃખી, દુખી સુખી ભરથાર

ફરરોખ ફિરોઝ દાવર, એસ્કવાયર, બૅરીસ્ટર-ઍટ-લૉ; ચૅમ્પીયન સ્મોકર.

પરવીઝ—બારીસ્ટર સાહેબનાં બાનુ; સુધરેલી લેડીઝ સોસાયટીની એક સાહસીક મૅમ્બર.

સોહરાબશા—ઓલ્ડ ફૅશન્ડ સોલીસીટર સાહેબ, "સમજ પડીની ?"

ડાકટર સાહેબ **જહાંબક્ષ જાલનેવાલા**—સીગરેટ ખાનબહાદુર (જેવા આપ વિચારો તેવા)

બહેલુભાઇ બેહુરામ-માકા—સાદા-માદા, ભોલા-ભાલા, સાચ્ચા-બોલા.

વલસાડવાલા **શેઠ ધનજીશાહ** અને ભરૂચવાલાં **બાઈ ધનબાઇજી**—મોટે ખાંચરેનાં સ્માર્ટ-સૅટ સ્ત્રી પુરૂષોને awkward positionમાં મુકનાર.

મી૦ ને મીસીસ **ભીખલા ભાણીયા પટેલ**; મી૦ ને મીસીસ **કાયતાન**—સનોબરની કૉલેજમાંથી ખાસ ત્રેનીંગ લઇ હમણાજ બહાર પડેલા તાજા તડફડતા હજુરીયાઓ.

ધર્મશાળાના **કારભારી કાનજીભાઇ** ને તેમની ફારગતી પામેલી **બહેન રતુ**.

વગેરે વગેરે વગેરે.

"સનોબર

ત્રણ અંકી નાટક તખતે પારસી સંસાર"

મી૦ મેહરવાનજી મનચેરજી બનાજીની કલમથી લખાયલો

(અંગ્રેજી રીવાજ મુજબ પુસ્તકરૂપે પ્રગટ થયલો)

અપ—ટુ—ડેટ ઓરીજીનલ ડ્રામા.

કિંમત ૦-૬-૦

જેઓ

ઉંચ કીસમની રમુજ વાંચી, સમજી, તેવી રમુજની મજાહ ચાખી શકતાં હોય

તેઓએ

ઈંગ્રેજી ગ્રંથ કર્ત્તાઓની રૂઢી મુજબ, મી૦ મેહેરવાનજી મનચેરજી બનાજીની કલમથી લખાયલી

"પારસી પુત્રી પ્રકાશ

યાને પરણતાને જી!"

જરૂર વાંચવી. તેમાં ચિત્રવીચિત્ર પારસી કન્યાઓની 'કેરેકટરર્સ'ના હાલતા-ચાલતા ચિતારો (Humorous Sketches)

કર્ત્તા, 'કેરેકટર્સ' અને ખુદ વાંચક સાથે વાતચીત કરતી હાસ્યરસીક ઢબમાં હાથ ધરવામાં આવ્યા છે.

કુમલા કુંવારાનુ સ્વપનુ-ખડકીના ખુલ્યાઓ—ઘરરાખુ ઘરઘટુઓ-ખર્ચાળુ ખટલીઓ-જીમખાનાની જાંગલીઓ—ડાહીકાગરી દોઢચતુરો—હસતી રમતી રંગીલીઓ—"મારી પોરી" "મારી વાલી" "માઇ ડાલીંગ"—Graduate Girls—અદરાયલીઓ અને બીનઅદરાયલીઓ—Novel-reading નવલખીઓ—વેજીટેરીયન વાંદરીઓ—અદેખી અલબેલીઓ—"ગોધાઓ"—કારજકરૂ મેળો!—પ્યારની પ્રેકટીસ—"સારી પહેરતી થઇ"—કુંવારા વિરૂધ કજરઇ ગયલા—પતિ પરિચય—કુંવારી નજરે કન્યા પરિક્ષા—જીવતોડ જેહમતખોરીઓ—હાતમ દિલની હાકેમીઓ—મોટાં દિલની મોટાંમાયો—ઇન્વેલીડ આઇજીઓ—હિસ્ટીરીકલ હિલ્લાંઓ—પરણીને પરવારેલીઓ—સુંદર શોભીતી સુંદરીઓની શોધ—દુલદુલી ડોલીઓ—ધનઇ ધરાંપરાંઓ—આળસુ ઐયરો—ચિબાવલી ચાંદણીઓ—ઠગારી ઠગણુનાઓ—વર્ક કલાસની વનિતાઓ—સમજુ સુનાઓ—અકકડપુસ એસ્કી બાનુઓ—કન્યા કષ્ટી કાપવાના કર્તવ્યો—કુમાનુ કારજ—માતાઃ એક ઉત્તમ કારજકરૂ—વેઠકરૂ વહિત્રીઓ—મીસ મારતરણીઓ—Bible reading Babies—Drop Scene.

કુંવારાઓનું કિંમતી Reference Record.

કિંમત ૦-૮-૦

જે સંસારીક, ધાર્મિક, અને નૈતિક સવાલોએ આજ એક દાયકાથી વધુ મુદત થઇ "પારસી સંસાર" ઉપર ઘેરો ઘાલ્યો છે, તે સવાલનો આબેહુબ ચિતાર અથવા આગાહી લગભગ ચાર વર્ષ ઉપર,

મી० મેહરવાનજી મનચેરજી બનાજી કૃતઃ

"સુધારાનું શિખર

યાને

સંસાર સાગરમાં સફર"

—એ પારસી વાંચક આલમની સામે અચુક અને અસરકારક રૂપે ધર્યો હતો.

(૪૫૦ સફા) આશરે માત્ર ૬૦) જ નંગ બાકી છે.

કિંમત રૂ. ૧-૮-૦

"દુનિયાઇ દોર યાને શું કરમને કુટયે કે કૌતકને હસિયે ?"

Out of Print.

આ ત્રણે પુસ્તકોને મલેલા અભિપ્રાયો અને મતોએ લગભગ ૪૦) પાનાં રોકયાં છે અને તે એ પુસ્તકોને છેડે છપાયાં છે

☞ કર્ત્તા કને જે થોડી નકલો બાકી છે તે કેળવાયલી આલમમાં વધારે વિસ્તારમાં વંચાય એવા ઇરાદાથીજ

આ પુસ્તકોની કિંમત ખાસ ઘટાડી છે.

એક પોસ્ટ કાર્ડ

લખવાની આનાકાની ન કરશો તો આ વખણાયલાં પુસ્તકો તુરત તમારા હાથમાં આવી પડશે. (V. P. P. જુદું.)

ઠે:—M. M. Banaji, Esq.
Messrs Banaji Son & Co.
Haroon Buildings, Princess Street,
Bombay.

વાંચક આલમને એક ઉમદા તક.

અમારા 'સરક્યુલેશન સૅટ્સ'	'સુધારાનું શિખર' 'પારસી પુત્રી પ્રકાશ' 'સનોબર'

માત્ર રૂ. ૧) ની કિંમતે ૧) પખવાડીયુ તમને વાંચવા આપીશું. ડીપોઝીટ રૂ. ૧ાા).

૧૫ દિવસની મુદતમાં તમારા માણસ સાથે આ પુસ્તકો તેની અસલ હાલતમાં અમોને પહોંચતાં કરવે 'ડીપોઝીટ' તુરત પાછી વાળવામાં આવશે.

આ યોજના માત્ર મુંબઈવાસીઓ માટેજ છે. તુરત ઍપ્લાઇ થાઓઃ—

M. M. Banaji Esq.

Messrs. Banaji Son & Co.

Haroon Buildings, Princess Street,

Bombay.

મી૦ મેહરવાનજી મનચેરજી બનાજી કૃતઃ

સોસાયટી સ્ટુ!

SOCIETY STEW!

ઉર્ફે........

મંડળ મિશ્રણ!

(ORIGINAL)

"The jest of the moment—the rhyme of the day.
The gossip of club-rooms—beginning 'They say'.
The fall of the great—and the rise of the small,
Town-talk, table-talk, home-talk—all."

પ્રકરણ ૧ લું.

જોઇએ છે—તાકીદે.

એક સુધરેલાં અને શીખેલાં, અપ-ટુ-ડેટ તોપણ ઓલ્ડ-ફૅશન્ડ, ઍરકી તોપણ અસલી, તપાસીને આગલ ધસનાં, જરૂર પડવે પાછલ હઠતાં, ખેતાબ અને માન પામેલાં

કુટુંબ માટે

૧—મધ્યમ ઉમરનાં વિશ્વાસુ મૅનેજર (પારસી)

૨—જવાન પ્રાઇવેટ સૅક્રેટરી (પારસી.)

૩—ગવરનૅસ (યુરોપિયન)

૪—આયા (ગોઆનિઝ વધુ પસંદ)

૫—શોફર (પારસી વધુ પસંદ.)

૬—હૅર ડ્રૅસર (મદ્રાસી વધુ પસંદ.)

અરજદારોએ પોતાનાં નામ નીશાન, ઉમર, ચામડીનો રંગ, કદ, ઇત્યાદી વિગતે લખવાં અને અસલ સર્ટીફીકેટો બિડવી. ના૦ ૨૪૭ 'ધી પારસી'ની કૅરમાં.

'વીલડરનૅસ રોડ,' મલબાર હિલ મુંબઇ. 'શીરિન મૅનશન'—માલેક: ખા. સા. મેહરનોશજી મોનોચેહરજી માલેગામવાલા, J. P., ઑનરરી મૅજીસ્ટ્રેટ.

ખા. સા.—વૅલ, મી०........તમારૂં નામ ?.........ઓ આઇ સિ—આય રહ્યું: મેહરજીભાઇ મનચેરજી માખણ્યા. નૉનસન્સ! વોન્ટ ડુ, વોન્ટ ડુ!! તમે સમજયા ? પાણુસેરીયું ધુણુાવ્યા શું કરોછ, આઇ મીન, કરો છો ?... ..ઈંગ્લીશ નો માલુમ ?......આઈ સિ—વૅલ વૅલ, આય નામ ચાલશે નહીં, સમજ પડીની ?—બૉઑઑઑય મારો ચશ્મો. જરા સ્થિર થઇને ઉભા રહો, મી० માખણ્યા, let me look at you, અરે, મને તમારી તરફ જરા ધારીને જોવા દેઓ, અરે, દો. (મનસેઃ-ભારોભાર અંગ્રેજી બોલોનો ઉપયોગ કરવાની અને ગુજરાતી અશુધ્ધ બોલો વાપરવાનો ટેવ હું ગમે એટલી છોરી દેવા, અરે, છોડી દેવા ઇચ્છુંછ, અરે, ઇચ્છુંછું, પણ એ એ ખોડ, મારા પીનલ કોડની માફક, હજુ મને વળગી રહીછે!!)

માખણ્યા-હાએબ, મને હુજ નોટીસ આપતે તો હુ જરીક મારો બનાતનો કારો કોટ-બોટ પહેરીને ટીક-ઠાક થઇ આવતે. મારી મેહુરીએ તો ઘણું બી કોહેલું, પણ મેં ના પારેલી. મને હું ખબર, હાએબ, કે તમે જોતાંને વાર હબી લેવાનાં ઓહો!!

ખા. સા.—નૉનસન્સ! સબો—? બાઇ-ધ-બાઇ, નૉટ અ વૅરી બૅડ આઇડિયા..........ઓ, આવી કે ડીઅર ? તું કહેતી હતી કે મનીને એક મજેહની સબ્જેક્ટ જોઇએછે, તે લે... .. જુવો, મી० માખણ્યા, હું તમને કહેવા જતો'તો કે, અરે, જતો હતો કે, આ તમારૂં નામ ને અટક બીલકુલ ચાલશે નહીં! too much like ours—અગારા નામને ઘણું મળતું આવેછ, સમજ પડીની ?—એવું સ્ટુપીડ જેવું કાંહું ના કરો! એ નામ તમારે ફેરવવું પડશે. આપણે સંભાળીને આગલ વધવું જોઇએ, ને વખ્ત તપાસીને જરૂર પડને પાછલ હઠવું જોઇએ. આહીસ્તે આહીસ્તે—તમે શાના અરે, શેના પાછલ હઠો છો ? પેલાં માર્બલ પીડેસ્ટલનો ખુરદો કર

નાખશો ! મી૦ માખણ્યા, તમારી સર્ટીફીકેટો તો ઘણી સારી છે; ઉમર ને કદ પણ ઠીક છે; વધારે સ્ટાઉટ નહીં થાઓ તો, I think you will do.

માખણ્યા—ટ્હટાઉટ !! હાએબ, ગરીબ મનીખ પાહે ખાવાનાં દોહરીયાં નહીં ને ઇહટાઉટ કાંહથી પીઇજીએ ?

ખા સા.—નૉનસન્સ ! સ્ટાઉટ, એટલે, મોટેલા—ચરબદાર, અથવા કુંભા જેવા—ફરબે. તમે વધારે ફરબે નહીં થાઓ તે બાબે મારી શીરિન સંભાળ લેશે

માખણ્યા—હાએબ, તેઆરે તમે હું મારા "કોહા હેકહો" ?

ખા. સા.—નૉનસન્સ ! તમે પેલા ઓલ્ડ ફેશન્ડ ઓદાના પેસ્તનજી પારાખાઉને ત્યાં નોકરી કરી આવેલા એટલે મોટે ઘેરની વાત સમજો નહીં ! તમે અપ–ટુ–ડેટ ફેમીલીઝમાં બીલકુલ વસેલા દિસતા નથી ! મારી શીરિન તમને વખતો વખત તપાસીને ખોરાક આપશે જેથી તમે ઓવર–સ્ટાઉટ થાઓ નહીં. પણ, મી૦ માખણ્યા, આ તમારા ડેબિયા બીલકુલ ચાલશે નહીં—એ તમારે બોડાવી નાખવા પડશે......

માખણ્યા—પણ હાએબ, તેઆરે તો હું મારાં નામની પખે તમારી હાથે ભેરઇ જવઉં ! એઅદબી માફ છે, હાએબ, (પાછલ હટે છે, માર્બલ પીડેસ્ટલ જમીનદોસ્ત થાયછે !)

મીસીસ ખા. સા.—મરે, મુવાનું પગલુંજ સારું નથી ! મુવો તો અવરીઓ છે !

ખા. સા.—ધીરજ ધર, શીરિન. તમે લેડીઝ ગમે એટલાં અપ–ટુ–ડેટ હોવા છતાં, ગુસ્સામાં આવોછ ત્યારે "મરે" "ધરે" કરીઆ વગર રહેતાં નથી ! એ સ્ટૅન્ડ ભાગું તો ભાગું પણ તારી એ ટેવ ઉપર તારે અંકુશ રાખવો જોઇએ એમ તું શીખશે. બાઇ–ધ–બાઇ, મી૦ માખણ્યા, તમે હાથે 'શેવ' કરોછ કે, આઇ મીન, કરો છો કે ?

માખણ્યા—અરે, હારે હાએબ, હેવ હાથે નહીં તો કંઇ પગે કરે ? હેવ તો, હાએબ, એવી ખવરાઉં કે તમારા જનમમાં તમે આધિવી નહીં હોય !

બા. સા.—નૉનસન્સ! 'શેવ' કરવું, એટલે, દાઢી બોડવી. અહીંયાં દુર વેર કેલી એક બે હજામો આવેછ ને સીક પડેછ ત્યારે ઘણી અડચણ પડેછ! હાથે 'શેવ' કરવામાં કંઇ આપણે હલકાં મા-બાપનાં થઇ જતા નથી! એમ તો જુવોની, આપણા મોબેદ બાદશાહો પોતાને હાથે હંમેશાં પોતાનાં-માથાંનાં બાલ અને દાઢી 'ટ્રીમ' કરેછની! આપણામાં, મી૦ માખણ્યા, બાલને નસો ગણવામાં આવે છે, છતાં આ મોબેદ બાદશાહો પોતાને હાથેજ પોતાનો નસો ઉતારે છે!

માખણ્યા—હાએબ, હજામત કરાવીઆ બાદ હું બત્રાં કપરાં હાથે ધોઇ નાંખું, ને પછી, મેહરી પાહે નહીંતો પાહેનાં રામલા પાહે ધાર દેવારૂં.

બા. સા.—"ધાર દેવારો"!! એ શું ઇડીઅટ જેવું બોલોછ, આઇ મીન, બોલો છો? વળી જુવો, મી૦ માખણ્યા, આ તમારી બોદાની જેવી પાઘડી, દગલી, ને બુટ ચાલશે નહીં. તમે પગાર ઘણો માગો છો, પણ તે તમારે ઓછો કરવો પડશે, અમારે ત્યાંનો ધારો આ મુજબ છેઃ-

Pay Rs. 25/-Rations free, આઇ મીન, પગાર રૂપિયા ૨૫) ખાવાનું મુફ્ત. તમે હાથે 'શેવ' કરતા નથી વાસ્તે હજામતનાં રૂ. ૨) તમને દર મહીને મળશે. દર ૬) મહીને મારી ઉતરેલી પાઘડી, ઉભા પેચની, મોહરાબંધ...સમજ્યા?...નંગ ૨)...હું દર ત્રણ મહીને પાઘડી બદલું છું, સમજ પડી! .....૧) દજન શેકસપીઅર કૉલર, ૬) ખમીસ, સુધરેલી ઢબની દગલી નંગ ૨), ૧) કોટ ને ૬) પાટલુન ઘટતા ફેરફાર સાથે, દરજી ખર્ચ અમારો-અને મારાં અથવા મારી શીરિનનાં, આઇ મીન, મારા સોહરાબનાં ઉતરેલાં બુટ-૧) 'શુ' ને ૧) 'હોલ' તમને કાંઇ પણ દામ લીધા વિના આપવામાં આવશે. કેમ શું ધારીઉં? દીગમુઢ કેમ થઇ ગયા? શું બડબડોછ!......મોહરાની પાઘડી?—લાંબો દગલો?

માખણ્યા—ખરૂં હાએબ, ખરૂં હાએબ! એ દગલી ને પાઘરી, ને લાંબો દગલો, એ બધું આપ પહેરો ખરા કે? આય બધી ઇંગલીહ ઇહટાઇલ જોઇને મેં તો ધારેલું કે...અરે પણ, હાએબ, તેઆરે તો આપ કોઈ કોઇ વૂરા ટોપી બી પહેરતા ઓહો ખરા! વધારે મેહરબાની કરી દર ૬) મહીને ૬) ટોપીઓનો બી હંબેરો કરો તો...

ખા. સા.—નહીં બનશે-for the clear reason that, એટલે, કારણ કે, મારી ટોપીઓ જરા અપ-ટુ-ડેટ હોવાથી, અરે, છાલકી હોવાથી તમને તે 'ફીટ' થશે નહીં, પણ તેમ છતાં, તમને ચલકતી પાઘડી તો જરૂર મળશે. મી૦ માખણયા, તમે મારી જાહેર ખબર ધ્યાનથી વાંચી હોય એમ લાગતું નથી. "તપાસીને આગલ ધસતાં, જરૂર પડવે પાછલ હઠતાં!" એ બોલોનો અર્થ તમે બીલકુલ સમજેલા લાગતા નથી! More's the pity ! !

માખણયા—હાએબ, મેં પીટી ખાનદાનમાં નોકરી નહીં બજાવેલી; મેં તો...

ખા. સા.—નૉનસન્સ! "More's the pity," એટલે, "એ વધુ અફસોસકારક છે!" હું કહેતો હતો કે હું દિનદાર નથી, છતાં, કોઇ કોઇ વેળા દિનની દાઝ મારા કલેજા ઉપરથી છાતી ઉપર, અને છાતી ઉપરથી ગળાંમાં, અને ગળાંમાંથી હોઠ ઉપર ધાઈ આવે છે. ત્યારે—હું દિનદારીનો દાવો કરૂં છું, તે વખતે—મને ચલકતી મોહરાબંધ પાઘડી, અને લાંબા પણ અલબત સુધરેલી ઢબનાં કોટની ઘણી જરૂર પડે છે, સમજ પડીની? એમ રટુપીડની માફક વળી માથું શું ધવડો છો! you must look bright, આઇ મીન, તમારે વધારે હુશિયારી પકડવી જોઇએ.

માખણયા—એ તો આહતે આહતે થહે હાએબ.

ખા સા.—જુવો, મી૦ માખણયા, આ તમારૂં બોકડા જેવું માથું જોતાંજ મારી શીરિનનાં પેટમાં તો આડાં ને ઉભાં આવેછ!! તમારે જરાક બાલ ઉગારવા પડશે...ગભરાવો ના—થોડા. શું બોચીઆ!... ઘડ-ઘડપણ સફેદ બાલ શોભે નહી? નૉનસન્સ! હાલ તુરત તો મારા બૉયને મેં એ વાસ્તે ખાસ ટ્રેન કીધો છે. તે દર કૅલન્ડર મન્થની ૧ લી તારીખે, સુરજ ઉગતાં અગાઉ, મારા પ્રાઇવેટ રૂમમાં, આઇમીન, તમારા પોતાનાં ઓરડામાં, તમને મારો કિંમતિ 'હૅરડાઇ'—મિનીંગ, બાલનો રંગ—પોતાને હાથે સંભાળીથી લગાડશે, ને તમારા નજલાને લીધે કવખતનાં સફેદ થયલા બાલને કાલા કરશે. વળી ધ્યાન રાખજો, મી૦ માખણયા, કે,

હવેથી તમે "મી૦ કુંવરજી કાવસજી પટેલ-તે-ખા. સા. મેહરનોશજી મીનોચેહરજી માલેગામવાલા, J. P., ઑનરરી મૅજીસ્ટ્રેટનાં મૅનેજર" દાખલ ઓળખાશો. એ રાસ્કલ પટેલ બી .....સરકારને બી શું કેહું, આઈ મીન, કહું,-તે J. P. ને ઑનરરી મૅજીસ્ટ્રેટ થઇ મુવોછ, અરે, મુવો છે.

મીસીસ ખા. સા.--ટેક કૅર, ડીઅર, ટેક કૅર ! તમે માટીડાઓ ગમે એટલા સુધરેલામાં ખપોછ છતાં મતલબ આવેછ તાહરે મૅનેજરની હાજરીમાં વટીક "મુવો" "ઘેરાઓ" કરવા ચુકતા નથી ને વરી બૈરાંઓને લેકચર આપોછ !

માખણ્યા—હાએબ, તમારો હોભાવ તો હારો દિહે, પણ બાઇથી બીહતા રહેવું પરહે ! મારી મેહરી એવો તાણ્ણો મને મારે તો હું તો... હું તો...

ખા. સા.—અચકાવો ના, અચકાવો ના, મી૦ પટેલ, તમે તો ફુલોજ પુરો ! તમે અપ-ટુ-ડેટ થશો તાહરે, આઈ મીન, ત્યારે,-વધુ ધાડી છાતિનાં બનશો. પણ જુવો, મી૦ પટેલ, "કુંવરજી કાવસજી પટેલ" એ નામ કંઇ છેક નાખી દેવા જેવું નથી. તમને એ નામ આપી નામદાર સરકારની માફક હું તમારી ઉપર ખાસ નવાજેશ કરૂં છું. દિલગીરી એટલીજ છે કે મુબારકબાદીનું માનપત્ર ને ખાનુ તમને હું આપી શકતો નથી. એ રાસ્કલ પટેલ જ્યારે "સીમ્પલ મી૦" પટેલ ઉતો, અરે, હતો,-ત્યારે ખાસ મારો જાની દોસ્ત થતો હતો પણ વાંક બધો સરકારનો છે. એ સરકાર હમણા હમણા નહીં-ત્રણમાં-નહીં-તેરમાં-નહીં-છપ્પનનાં મેરમાં જેવાઓને ખાન સાહેબ, J. P., ને ઑનરરી મેજીસ્ત્રેટ બનાવે છે. મેં ઘણીવાર કાઉન્સીલનાં મૅમ્બરોને સમજાવ્યું કે દર વખતે જ્યારે ખેતાબોની નવાજેશ નામદાર સરકાર કરે ત્યારે. તેણે લંબાનથી ફલાણા ચીણજીને શા કારણસર ખેતાબ બક્ષવામાં આવ્યો તેનાં મુસ્તકીમ કારણો દર્શાવવાં પણ નામદાર સરકાર તેમ કરતી નથી. કમનસીબે પીનલ કોડે એ બાબતમાં તદ્દન ખામોશી અખત્યાર કીધેલી છે.

માખણ્યા—ને આલું પેલું તમે હું બોલીઆ, હાએબ ? એક ખેતાબ તમે છોરી દીધા, રરરરર તમારા જેવા રાહકલ......

આ. સા.—મારા સાહેબ તમે પહેલે નંબરનાં અગરગચ્છા છો! Rascal *you* with a capital R! Rascal, એટલે, "લુચ્ચો." એ ઓલ એ પટેલને હું લાગુ પાડું છું કારણ એ મારી સાથે હમણા હમણા દરેક વાતમાં હરીફાઇ કરે છે ! હું મુછ મુડાવી નાખું છું, તો, એ પણ મુડાવી નાખેછે. જરા બહારનાં દેખાવને ખાતર હું મોહરાની પાઘડી, ખાસ પારસી મીટિંગોમાં પહેરી નીકળું છું, તો, એબી રાસ્કલ પહેરી નીકળેછે. મેં જરા સ્મોક કરવા માડયું—મારી નબળી છાતિને લીધે, તો, તેની બી એ રાસ્કલે નકકલ કીધી. એને બાળવાને વાસ્તે મેં એનુ નામ મારા મૅનેજરને આપવાને ઠરાવ કીધો છે ! જુવો, મી૦ પટેલ, આવતી તા૦ ૧ લી એપ્રીલ ૧૯૧૩ ને દીને એની વર્ષગાંઠ છે, ત્યારે, મારી તરફથી તમારે એ મારા અસલી દોસ્ત પણ હાલનાં દુશ્મન ઉપર, એક મુબારકબાદીનો પત્ર લઇ જવો પડશે; ત્યારે, હું કહી ગયો તે નામનો એક કાર્ડ તમે એનાં નોકર પાસે, કાગળ આપવા અગાઉ, એની ઉપર મોકલજો એટલે એનું પાકીને પોરો થશે ! કાર્ડોનો બધો ખર્ચ હું પગાર કરશ.

પટેલ—હાએબ, કેવા કીયાટ ? આજેજ મેહરીએ ૨) દજન કીયાટ મંગાવેલા. એ ચાલતા હોય તો ચલાવી લઇહું.

આ. સા.—નૉનસન્સ ! એની સાથે તમારૂં કપાલ ફુટો !–એ તો પોસ્ટ કાર્ડ છે—ને તમને કેળવણી નહીં આપી તે વાસ્તે તમારાં જણતાંઓને શ્રાપ દો ! થોડું ઘણું અંગ્રેજી તો આજકાલ દરેક જણે જાણવુંજ જોઇયે. જુવો, આ 'વિઝિટિંગ કાર્ડ' છે......અરે, ગજવામાં કયાં સેરવો છો ?

પટેલ—હાએબ, ઓલા પટેલને એજ આપવાનો કેની ? બીજા દહ બાર એજ આપી રાખોની; વરી નવા છપાવાની કાંહ પીરા કરો ! એ કોણ છાપે ને કાંહ છપાય તે હું તો જાણું નહીં.

આ. સા.—(સ્વગત) આય ઓઘાની સાથે કેમ કામ ચાલશે ! પણ એની સર્ટીફીકેટો ઘણીજ સારી છે. કહેછે માણસ ઘણો વિશ્વાસુ ને આબરૂદાર છે (જાહેર) મી૦ પટેલ, તમને કંઇ છોકરાં ઓકરાં છે કે ?

તમારી મેહરી કંઇ સ્ટુપીડ જેવી ઘડી ઘડી અહી દોડી આવી કંટાલો તો નહીં આપે કે? મહીનામાં એક વખ્ત તમને ત્રણ કલાક એને મળી આવવાની રજા મળશે.

મીસીસ ખા સા.—(ખા.સા.નાં કાનમાં) ડીઅર, પેલી બાબત નું શું ? આય માણુસ તે ચલાવી લેશે કે ?

ખા. સા.—ખરેખર શીરિન, તે વાતતો હું ભુલીજ ગીયો, અરે, ગયો. મી૦ પટેલ, જુવોની, જરા હું તમને કહી ગયોછુંની (ખીસામાંથી ઠંડેપણે સીગાર કાઢી તેની ટીચકી કરડી, પાછી તે મ્હોમાં ઘાલી, તેવાંજ ઠંડાપણાએ સીળગાવી) કે આપણે તપાસીને આગલ .. ..

પટેલ—અરરરરરર ! હાએબ, એ હું નાપાકી !

ખા. સા.—નૉનસન્સ ! એ નાપાકી ને પાકીજકી ! તમે મારી જાહેર ખબર વાંચી હતીની ? તેનો મિનીંગ તમે સમજયા હતાની ? જુવો, અહીંયાં તો આ ઓરડામાં ફુંકાણું થશે, ને બાજેરોજગારવાલા ઓરડામાં ભણુતર-ગણુતર બી થશે. આ ઓરડામાં ફુંકાણુંપર આંખ વીચામણાં કરશો, તો ચાર કદમ દુર નીહાઇ-મેવા ઉપર મનમાનતો હાથ મારશો, ને પેટ ભરી જમશો. વળી એમ ડોલા ફાડીને મારી સામે ટીકયા ના કરો, મી૦ પટેલ. તમે હમણા વિચાર કરતા જણાઓછો કે આ પારસી પગે માછલાં મારી મ્હોડે રામ પૂકારેછે—ખરૂંની ? તમે બોલતા નથી પણ તમારા ડોલા મને કહેછે કે, "હા સાહેબ બોલેબોલ ખરૂં, શબ્દેશબ્દ ખરૂં." ત્યારે, ચાલો, આપણે આગલ ચાલીએ. મારા બપાવા બહેસ્તનશીન થયા ત્યારે રૂ. ૫૦૦૦, ની એક પ્રૉમિસરિ નોટનું ટ્રસ્ટ કરી ગયા કે, તેના વ્યાજમાંથી તેવણનું ધર્મ–ધ્યાન થાય મારા બાવા એજ કારણે એટલીજ એક રકમ કાહડી ગયા......go on, go on, અચકાવો ના... મારી શીરિનને એ બાબતનો વહેમ નથી......તમે પૂછતા દેખાઓછો "કે હું મરી જવા અગાઉ મારાં રૂહની શાન્તિ માટે કેટલા રૂપિયા કાહડીશ ? " નૉનસંસ ! કેવો બેહુદો સવાલ ! એકેક કરતાં દસ જણનું ભણતું-ગણતું મારા ઘરમાં થાયછે, મારી ઉપર મુકવામાં આવેલો વિશ્વાસ હું આવી યકીનદારીથી બજાવુંછું, તે શું બસ નથી ? મારા

બાપ-બપાવાનાં હાડકાં હું આ પ્રમાણે ઠેકાણે પાડું છું તે બીના જો ખોદાયજી ધ્યાનમાં લે તો મારાં હાડકાં વગર ખર્ચે ઠેકાણે પાડવા તેવણ બંધાયલાજ છે, જુવો પીનલ કોડ......અરે!—પણ જુવો, મી૦ પટેલ, મારે તમને કહેવાની જરૂર છે કે, જેટલા વધુ પ્રમાણમાં આપણા બાપદાદાઓએ ધર્મ-ધ્યાન કીધું હોય ને અશોઇ જાળવી હોય, તેટલાં ઓછાં પ્રમાણમાં તેમના વંશવારેસો એ ગુણો અખત્યાર કરે તો તેથી તેઓ તે દાદગરની દરગાહે ગુનેહગાર ઠરતા નથી. વળી આપણે નાના હોઇએ ત્યારે માયજીનું જંદરવાનુ ને હોમાયસ્ત ને બાવાજીની નીરંગદિનની ક્રીયા નજરે નજર નીહાળી હોય તો આપણે નાનપણથીજ થોડાઘણો બહેસ્તનો હંમેશ હાંસલ કરી ચૂકયે છિયે.

પટેલ—એમ તો આય તમારા હેવકે બી જંદરવાનુ ને નીરંગદિન દિઠેલી. મારાં માયજીએ પેતાનું જંદરવાનુ કરાવેલું તેઆરે આબાદ રૂવાનનો અવતાર! પેટાવા હંધું પહેરીને રૂવાનની પખે પથ્થરે પરી ઘેહ હરાવેલી તમારા હમ, નહીં માનતા રખે

ખા સા.—નૉનસન્સ ! મી૦ પટેલ, આ ઘેરમાં સેગંદ ખાવાની સખ્ત મનાઇ છે. તમે જંદરવાનાની વાત કીધી તો લેઓ, અરે, લ્યો,—હું તમને મારા બાવાજીનાં નીરંગદિનની વાત કહું. ૧૪ દિવસ તુલીક ૬) મોબેદોની ટોળકી બેઠી. અમારા પથંકીએ બે બલદીઆ ઉર્ફે વરસીઆ ખરીદ્યા, ને મોટા ચંબુરાઓમાં તેનું મુતર અથવા તંગે ૧૪ દિવસ સુધી એકઠા કીધા. આ બધાં ફરમાસુ અત્તરની ઉપર ભણતર કરવામાં આવતું તે વેળા મારાં બુચકલાં નાકને હું મારા સદરાએ ડાચ્યો દેતો !

પટેલ—પણ હાબેબ. પેલા વરદીઆનું હું કીધુ ?

ખા. સા.—વળી શું કરે ? મોબેદો બધી હાથેજાતે તેની જતન કરે ને કોઇ કોઇ વખતે અમે તુફાનીઓને એવી ઝાંઝ છુટે કે એ બલદીઆઓ સાથે જંગા અદલબદલ કરીયે ! ઇનસાનની બુઝર્ગીનાં ધોળા બાલને જયારે માણસ જાત માન આપતું નથી ત્યારે આ જુવાન જનાવરો-માત્ર ધોળા નિમાલાને ખાતર ખુદ માણસજાત તરફથી આટલુ

બધું માન મેળવે છે, ખરૂંની મી૦ પટેલ ? શું ?...ત્યારે તમારા સફેદ બાલને હું કાલા કરવા કાં કહુંછું ? એ તો મી૦ પટેલ, વખ્ત જોઇને વાત કરવાનો એક રવૈયો છે ! આ ઘરમાં તમે આ કાને સાંભળેલું પેલે કાનેથી કાઢી નાખશો તો પછી તર–નવાલા ખાઇને તંદુલ જેવા બનશો. અહીંયાં બજાર તો મળે નહીં, એટલે સહવારનાં પહોરમાં મોટરમાં ધરધર કરતા જવાનું: તમે આગલ, બાબા ને બેબીને લઇને બે આયા પાછલ. મોટર ટળે કોઇ વેળા કુતરૂં યા બાળક યા કોઇ બુઢો દબાઇ જાય તો તેથી ગભરાતા ના. જર ને ચાહે સો કર ! ચાર પૈસા છુટે હાથે વેરશું તો પટાવટ થઇ જશે ! તમરી આંખો ચમકેછ ! દુનિયવી નજરે તમે જુવોછ કે, તમારી બે પૈસાની રોજી જાગશે ! Nothing wrong, nothing wrong, my dear Sir. એમ તો જુવોની, હું રૂનો વેપારી છું, મારા ગોડીઆઓ મને "મિઠ્ઠા મારવાડી" કહેછે, between us, અર્થાત, "આપણુ બન્ને વચ્ચે કહું તો"–હું પણ ચાઉં કરવામાં એકકો છું. બે વખ્તે રૂનાં ભાવ પડી ગયા હતા ત્યારે ગેબી કરામતથી મારી મદદે આગનાં શોહલા ઉઠયા હતા, કંઇક વખ્ત સત્તામાં યારી નહીં મળી ત્યારે હાથ–ચાલાકીનાં સત્તા કરવા પડયા હતા, ને બે વખ્તે બાજી તપાસી લેવા ઉંધી પાઘડીબી પહેરવી પડેલી... ..પણ જુવો, બજારમાંથી અતેરૂં કરતા ના—મારી શીરિન ઘણી ચંચલ છે, ને વળી હું પોતે ઑનરરી મૅજીસ્ત્રેટ પડયો, એટલે, મારી પોતાની સામે કોઇવાર તમને કોર્ટમાં ઉભું રહેવું પડે તો આપણું બન્નેનું position, એટલે, સ્થિતિ ઘણીજ awkward, એટલે, કઢંગી-થઇ પડે, સમજ પડીની ? અમારા ઘેરમાં તમને ભણેલું-ગણેલું એટલુ તો ખાવાનું મળશે કે બીજું ખાવાની જરૂર બી તમને નહીં રહેશે. કોઇ કોઇ વખ્તે મારી શીરિનની જાણ વગર, તમારી મેહરીને વાસ્તે પડીકું બાંધી લઇ જશો તો હું મારી મૅજીસ્ટ્રેરીઅલ આંખો બે પળ બંધ કરીશ. નહીં સમજતા ?.........એટલે, આંખમીચામણાં કરીશ. ઑનરરી મૅજીસ્ત્રેટે આમ કરે, તેમાં સરકાર માબાપને કશો વાંધો નથી. વળી અમારાં બારણા આગલ ફર–ફકીરડાંઓને ફટકવાનો હુકમ નથી, એટલે પછી ભણનું-ગણનું ઠેકાણે પાડવા તમે પડીકાં બાંધી લઇ જાવો, ને રસ્તે

શેરીએ નાખવા બદલ તમરી મેહરીનાં હોજરાંમાં હોમાવો, તે કાયદાની નજરે બીલકુલ વાંધાભર્યું નથી, જુવો પીનલ કોડ . . . .

પટેલ—હાએબ, એ પીનલ કોડ તમારો કોણ થાય? બાઇ હીરીનબાઈનો ભઇ થતો ઓહે, તેવણુ વકીલાતી જાણુતા ઓહે . ...

ખા. સાં.—નૉનસન્સ! વળી તમે ભમરડો ગુમાવીઓ! બૉઑઑઑઑય, પીનલ કોડ. તમે બહારગામ જવા વારતે મારી ટ્રૂંક પૅક કરશો, મી૦ પટેલ, ત્યારે ‘ શો ’—ફકત ‘ શો ’—દેખાવને ખાતર પીનલ કોડ, એટલે, કાયદાની પોથીને તમારે પૅક કરવી પડશે. જુવો, આ પોથી. એનાં ઘણાંક પાના કાપિયા વગરનાં રહી ગયાંછે. તમારી ડયુટિ એક પેપર-નાઇફ વડે સફાઇથી તેને જુદાં કરવાની છે..... બોલો, બોલો—શું બોલીયા?

પટેલ—એ કીતાબ તો હાએબ તદન નવી લાગે.

ખા. સા.—અલબત મી૦ વકીલ, અરે, મી૦ પટેલ,—કાયદાની બોલીમાં બોલું તો, તે પૅાઇન્ટ ઉપર કશો શક નથી. એ નવીજ છે કારણુ મારાં બુટની જોડી માફક હું એને ઘસીને વાપરતો નથી. જો હું બુટ ઘસીને વાપરૂં તો તમને તે પહેરવા મળે નહીં, તેમ, કાયદા પોથીનો જો ઘસીઘસીને ઉપયોગ કરૂં તો મારા સોહરાબનાં કામમાં તે બીલકુલ આવે નહીં. એમ તો કોઇ કોઇ વખ્તે ખાનાની મેજ ઉપર એ ચોપડી હું ઉંધાડીને બેસુંછું, કોઇ કોઇ વખ્તે જરા ‘ચિઝ’થી ખરડાયલો હાથ એને લગાડી દઉંછું—બીલકુલ અજાણુતાં, અલબત—કોઇ કોઇ વખ્તે આ પ્રમાણે બી કરૂંછું (ચીરૂટ મ્હોમાથી કાઢી તેની ખાક તે ઉપર સાફ કરેછે) જુવોની, મી૦ પટેલ, આ કાયદા-પોથી નવીને બદલે જુની વધારે દિસવી જોઇએ. જુવો, એનું પાનુ ઉઠલાવો, એ ઉપર લખ્યું છે કે bought in 1911 એટલે ૧૯૧૧ માં ખરીદેલી પણુ આપણુ તો દેખાડવું જોઇએ કે એટલી ટુંક મુદતમાં આપણે એને ઘસીઘસીને વાપરી છે, સમજ પડીનો? કોઇ કોઇ વખ્તે તમારેથીબી ચંહમાં બોળેલાં આંગલાં એને લગાડાઇ જાય તો વાંધો નહીં. હું ધારૂંછું કે હવે તમે મારી જાહેર-ખબરનો ભાવાર્થ

ઓલેઓલ સમજી ગયા હોશો, આઇ મીન, હશો. અમારૂં કુટુંબ 'બૅસ્ટ ઑારથોડૉકસ' બી છે, ને 'ફ્રી થીંકર' બી છે, અમે એડ મારીને આગલ ધસિયે છિયે ને દુમ દબાવીને પાછલ પણ હઠિયે છિયે, ગોલ ટોપી બી પહેરિયે છિયે—તેની માફક ગોલ ગોલ ફરિયે છિયે--કારણ પુછોછ?...... કારણ, પૃથ્વી સુર્યની આસપાસ ફરેછે એ સિધ્ધાંત તમે શીખ્યા હતે તો આવો બેઅકલી સવાલ તમે પુછતે નહી. જો આદમજાત ઉગતા સુરજને નમે નહીં, પવનને પીઠ આપે નહીં, એટલે કે, સરકાર માબાપને નમીને, પેટ-પુંજા કરીને પોતાનો માર્ગ કાપે નહીં, તણખાં હરામ ને બચકાં હલાલ કરે નહીં તો પછી જીંતરજ બળીઉં! જુવો, મી. પટેલ, મારો મુદ્રાલેખ શું છે તે તમો જાણો છો? "ઇસા પિર, મુસા પિર, ને સબસે બરા પૈસા પિર"!! હયો, આ રૂપિયા ૨૦)ની નોટ છે. એમાંથી તમે ઘરમાં ઠીકઠાક કરીને પછી અત્રે પધારજો. એ નોટ મેં મંત્રીને તમને આપેલીછે. આ બીડીનું ફુંકાણું ઇત્યાદી ઇત્યાદી, જે ખરેખર તો સદગુણ છે પણ જેને મતલબી દુનિયા ગેરઇન્સાફ કરી દુર્ગુણ માની લે છે, તે સંબંધી વાંધા, આ ચલણી નોટનાં ચલણથી હું જોઉં છું કે—તમારા મનમાંથી ગુમ થઇ ગયાછે. મારી શીરિનની પોતાની પાસે ખુદાની આપેલી એવી નોટો ઘણી છે એટલે એ તો એવા બીન કારણનાં વાંધા હજુ ચાલુ રાખે છે, પણ એવી બાબતમાં આપણે બૈરાંઓને દાબેલાં રાખવાં જોઇયે. ખરૂંની મી. પટેલ? હું ધારૂં છું કે રફતે રફતે આપણે એક બીજાને વધુ ઓળખીશું. બૉઑઑઑય, બેજન દારૂ કુ બોલાવ. બેજનદારૂ, મી૦ પટેલ, તે અમારા ઘેરનાં વંશપરંપરા પંથકી છે. અમારે ત્યાં ભણતર-ગણતર બી થયછે ..... નૉનસન્સ—બેલવાની તકલીફ લેતાજ ના, તમારા હોઠ ફફડે છે પણ બોલ બહાર આવતા નથી; તમે કહેવાની તલપ કરોછો કે, એક ગમ બીડી, એક ગમ બાટલી, ને બીજી ગમ 'સાહડી સાતસો ચુવા ખાકે બિલ્લિ હજકુ ચલી'.. ......આવો, દસ્તુર આવો.

બેજનદારૂ-કેમ પાગબ, કમ્ ફરમાશ? મકુંઝે આઝે તો તમારા બપાવાની બાઝ પે તે શારૂ ઝરા બંદો તમારી એદદાશ તાઝી કરવા ચાહેશ એનાન પોતીકી સાલગેરીને દાબારે ગુજરીઆતા નથી આઝે

શવારનાં નાશતા પર પેશતનને મેં શેવ કરવા કેહશ, ને બપોરનાં ભાણામાં શેવ, દહી, ખાન, બાફેલાં ઇંડાં શાતે ઘેરનાં બનાવેલાં કેક મુકવા કેયાંશ, ને ધાનશાકને બદલે મોરા દાર-શાવલ રાંધવા કેયાશ— તેનુંઝ શતુમ ભણાવશું. પાએબને કેઉ ઝે તમુને એમાં કંઇ વાંધો તો નઇ ઓશે ?

ખા. સા.—બીલકુલ નહીં દસ્તુર, બીલકુલ નહીં. દરેક બાબત જે આપણા અંગત લાભની આડે આવતી નહીં હોય તેમાં હું રિવાજ મુજબ ચાલવા રાજી છું. પણ મને એક બાબતનો શક છે ને તે એ છે કે ગુજર પામેલાંઓની આ તો વર્ષગાંઠ ઉજવવા જેવું થયું !! ધારો કે બહેસ્તી પોતાની વર્ષગાંઠનેજ દિને ગુજર્યાં નહતે તોપણ તમો આવી રીતે બહેસ્તીનું વર્ષ ઉજવતે કે ? ધર્મ આપણને એમ કહેછે કે ?

એજનદારૂ—પાએબ, એઅદબી માફ પે, ધરમ તો દાન ઝાને પણ એમ આગલથી શાલતું આવેલું પે તેથી મેં શુચવીઉં, બેએસતી વરશને દઆરે નઇ ગુઝરીઆ ઓતે તો બી તેનાનનું વરશ ઉગારવામાં કંઇ વાંધો નઇ પાએબ.

ખા. સા.—ઠીક છે, દસ્તુર, ત્યારે તમારા ધ્યાનમાં આવે તેમ કરો. હમણા તો મને કંઇ વાંધો નથી. પણ હું પોતે ગુજરૂં ત્યારે કંઇ એવો રકાસ કરતા ના, ને મારો સોહરાબ વળી તમને કંઇ એવું કરવા દે તે વિષે મને ગંભીર શક છે. સિધારો, સાહેબ, સિધારો,—આ આપણા નવા મૅનેજર મી. પટેલને બી પેટભરતું બાજનું ધાન-દાલ ને સેવ જમાડીને મોકળજો. જાઓ, મી. પટેલ, એજનદારૂ સાથ જાઓ— તનદરૂસ્તી, ખોદા તમને સારી તોફિયત આપે ને હંમેશાં મનશની ગવશની ને કુનશનીની રાહ ઉપર ચલાવે.

પ્રકરણ ૨ જું.

ખા. સા. નો ખાનગી ઓરડો. ખા. સા. આમતેમ ઉંડા વિચારમાં આંટા મારેછે.

ખા. સા.—Strange irony of Fate ! ઘણો બી વિચાર કરૂંછું કે એને ગુજરાતીમાં કેમ બોલું ? "નસીબની બાજી, જોઈ ના

થતો રાજી !" કારભારી સારે પગલેનો તો ખરો ! રાસ્કલ સિડિ ચહડીઓ ને સારૂં 'લક' લેતો આવ્યો. પૈસો ખર્ચીએ ખાઇએ નહીં તો આપણો ખરાજ ખચ્ચર ! મેં પ્રાઇવેટ સૅક્રેટરીની જાહેર-ખબર આપી હતી ત્યારે શું હું ખરેખર તેને 'ઍન્ગેજ' કરવા ઇચ્છતો હતો ? નૉનસન્સ ! નૉટ અ બીટ ! એ તો ફકત લોકોની આખમાં ધુળ છાંટવાની અપ-ટુ-ડેટ 'પૉલીસી'નો એક ભાગ હતો; પણ 'બાઇ જોવ', હવે તો હું સૅક્રેટરી રાખું ને ફર રાખું. અરજીઓ તો મને ઢગલાબંધ મળી છે; બધી 'સ્માર્ટ યંગ સૅન્ટ્સ' ની છે, પણ મને બીહક લાગેછે—અરે ! ધ્રૂજરાં છુટેછ કે એક અજાણ્યા જવાનીઆને એકદમ ઘેરમાં કેમ ઠરીઠામ કરૂં ! શીરિન કંઇ મોટી ઉમરની કહેવાય નહી ને એનો દેખાવ હજુ ધ્યાન ખેંચનારો છે. વળી અહીંયાં પણ નસીબનાં નખરાં નડેછે ! હું શીરિનને વાસ્તે 'નરવસ' થાઉંછને શીરિન મારે વાસ્તે 'નરવસ' થાય છ ! મેં પસંદ કીધેલો સૅક્રેટરી 'હૅન્ડસમ' છે ને શીરિને પસંદ કીધેલી ગવરનૅસ 'બ્યુટીફુલ' છે ! શીરિન સોહરાબને વાસ્તે 'નરવસ' થાયછ, હું મનીને વાસ્તે 'નરવસ' થાઉંછ ! મધ્યમ ઉમરની શ્યાન સોબતવાલી અરજીઓ છે, પણ, શું બધા પૈસાવાલા દેખતી આંખે આંધળાજ હશે ! શું તેઓ માહેલા સઘળાઓને એકબીજાપર અવિશ્વાસ હશે—વરને વહુ પર ને વહુને વર પર ! વાહુવારે મારી સોસાયટી દેવી ! પૈસાનાં પુંજારીઓની તું ભાગ્યદેવી કે કમભાગ્ય દેવી ! તારા બંધરણમાં જકડાયાથી શું અમે બધાંજ સુખી થઇયે છિયે ને તારી સિમાની બહાર વસનાર કહેવાતાં ગરીબો ને અભણો શું સઘળાંજ દુઃખી ને કમભાગ્ય છે? શીરિન પર હું કંઇ ઓઢણ-પંથરણ જતો નથી પણ તેમ લડીવઢીને કોઇ દિવસ જુદો પણ પડવા ઇચ્છતો નથી ને તેથી એકમેક ઉપર શકી નજર થાય એ વાજબી છે. ચકોર કારભારી પટેલ પણ એ પામી ગયો છે ! વાહરે મારી એ નાસાગોસાની બાજી નાંટુ ! વધુ જોરેમંદ કઇ? નાંઉન પૈસાની બાજી, કે નાંટુ નાસાગોસાની બાજી ? એ બે બાજી એકમેકની દુશ્મન છે તોપણ એક પાછલજ બીજી દોરવાય છે ! ગયાં અથવાડિયાંમાં મને 'ડરબી' લાગી ને મારી હાજતો વધી તેથી સૅક્રેટરીનો ખ્યાલી ખ્યાલ ખરાપણામાં બદલાઈ ગયો; પણ એ બે લાખ

રૂપિયા તો બાર ઠેકાણે બાર મહીનામાં ચટણી થઇ જશે તેનું કેમ ? આહા—કરજ, કરજ !! તુંને ખોદાએ કાં પેદા કરીઉં હશે ? પણ હું ભૂલીએ—એ ખોદાનું નહીં પણ સેહતાનનું પેદા કીધેલું હોવું જોઇયે !! ....કોણ ? શીરિન ? ત્યારે તું શું મારી બધી વાત સાંભળતી'તી કે ?

મીસીસ ખા. સા.– ભાગ પહેલ્લો, નહીં—ભાગ બીજો, હા. મેહરનોશ, મી૦ સોહરાબ મોરીસ જેઓને તમે પ્રાઇવેટ સૅક્રેટરી તરીકે ચુંટી કાહડીઆછ તેવણુ આયાછ. તમે કેહો તો અંદર તેડું મને તો ઘણો લાયક યંગ મૅન દિસેછ. ગ્રેડ્યુએટ બી થયલો છે ને હજુ કુંવારો છે; બિચારા પાસે ફલુસનાં વાખા હોશે તે અલબત અભિયસ તે આગલ કાંહથીજ વધારે !

ખા. સા.—હું સમજયો, બાઇ સાહેબ. તમે એ જુવાનીઆને હજુ તો આજેજ જોયો તેટલાંજ તેની 'પ્રિફ' લઇ આવેલાં દિસોછ, અરે, દિસો છો ! બૅાય કયાં ગયો ?...એની પાસે કાર્ડ નથી કે—તમે મને ખબર કરવા આવ્યાં તે ? (સ્વગતઃ-પણ લાવની જરા ચમટો તોડું) પણ ડીઅર, પેલી ગવરનૅસ આવી કે ? એના 'ફોટો' પરથી તો ઘણી મજાહની રમકડાં જેવી લગે છે. કવોલીફિકેશન્સ બી ઘણાં નાદર છે, ને ૨૦) ની થઇ તોપણ હજુ કુંવારી છે. આપણી મની તો એનથી બે વર્ષ મોટી છે. એક હાથ પર હૅન્ડસમ યંગ પારસી સૅક્રેટરી, ને બીજા હાથ પર એક બ્યુટીફુલ યંગ ક્રીશચ્યન ગવરનૅસ ! તેઓની વચ્ચે ઉધ રનો છોકરો નંગ એક, ઉમર વર્ષ ૨૩)—સારી પહેરતી છોકરી નંગ 'ડીટો,' ઉમર વર્ષ ૨૨) -ભૂલકાંનંગ બે, એક બાબો ને એક બેબી. ફરતી 'ફ્રૅન્સ' તરીકે હું માટીડો નંગ એક, ઉમર વર્ષ ૪૫)—ને તું બૈરૂં નંગ એક, ઉમર વર્ષ ૪૦). આપણે બી, ડીઅર, રંગ તો ઠીક જમાવિયેછે હો ! માથેરાન મહાબળેશ્વર જઇશું કે વિલાયતની સફરે ઉપડી જઇશું, ત્યારે, ગવરનૅસનાં 'ચાર્જ'માં છોકરીઓ—ને પ્રાઇવેટ સૅક્રેટરીનાં 'ચાર્જ'માં. છોકરાઓ ! સૅક્રેટરીનાં 'ચાર્જ'માં ગવરનૅસ–ને ગવ-રનૅસનાં 'ચાર્જ'માં સૅક્રેટરી !!......ઓ,–ગવરનૅસ બી આવીછ ?...આઇ

સિ...આ શું એનો કાર્ડ: Miss Lucy L. Lucifer. રખેને 'લુસીફર મૅચ' જેવી તેજી હોય! પણ હવે પહેલાં અંદર કોને તેડવે?—સૅક્રેટરીને કે ગવરનૅસને? હું ધારૂંછ શીરિન કે તું સૅક્રેટરીની વિઝિટ લે, ને હું ગવરનૅસની લેઉં, અરે, લઉં...અરે!—હું બી શું, બકુંછ જો!...તું ગવરનૅસને સવાલ કર ને હું સૅક્રેટરીને તપાસું...નહીંતર...બેઉ જણને એક પછી એક અંદર તેડ.

મીસીસ ખા. સા.—તે બી ઠીક છે; પણ જેને છેલ્લાં તેરશું તેને 'વેટ' ઘણું થવું પરશે. સોહરાબ પહેલ્લાં આયોછ......

ખા. સા.—બાઇસાહેબ, કહો કે-"સોહરાબજી પહેલ્લા આવેલા છે."

મીસીસ ખા. સા.—જા બા, તમે એવા અદેખા કં' દહારે ઉતા! ને વળી મેં કાંહ કહયું કે તમે સૅક્રેટરી ને મેનેજર રાખો. હું તો એવા ફાલા-ફુલીનાં ખર્ચની હંમેશ વિરૂધ છેઉં. આટલી મોટી ઉમરે એવી ખોટી અદેખઇ કરવી તમને છાજે નહીં, મેહરનોશ.

ખા. સા.—(વાત ઉડાવી) હોશે હોશે, અરે, હશે હશે! એમ તો શીરિન, લુસીનો ફોટો હું તે દહાડે જોતો હતો ત્યારે તું કહેજે શું કંઇ નાતરૂં-બાતરૂં કરવા નીકળ્યાછ કે ટીકયા કરોછ? અહેહેહેહે, જોયું, અદેખાઇ એવીજ ચિજ છે! પણ આપણે એમ ટાહેલાં કરીઆ કરશું તો પેલાં બે જણનો ડાગ કયે દહાડે લાગશે? હવે તો એમ બી ને એમ બી બેઉ જણને સાથેજ અંદર બોલાવ કે જે તે નિવેડો આવે.

પ્રકરણ ૩ જું.

'શીરિન મૅનશન'નું આગલું દિવાનખાનું.

મીસીસ ખા. સા.—વૅલ મીં૦ સોહરાબ, તાહરે મારા મેહરનોશે તમારી સાથે બધી 'ટર્મસ' નક્કી તો કીધી. હવે તમે તમારી 'પ્લેસ' કાહરે લેશો?

ખા. સા.—વૅલ મીસ લુસીફર, તમારી 'ટૅસ્ટીમોનિયલ્સ' મેં ધ્યાનથી વાંચી; they are simply creditable! તમે તમારી પર

વીટેલી મુસિબતોની કાહણી કહી સંભળાવી તે તરફ અમારી દરેક 'સિમપથી' છે. તમારા જેવાં એક લયિક બાનુને ગવરનૅસ તરીકે મેળવવા માટે અમો પોતાને મુબારકબાદી આપીયે છિયે. હું ધારૂં છું કે આજથીજ તમારી 'સરવિસ'નો અખત્યાર તમે લેશો.

મીસીસ ખા. સા.—મી० સોહરાબ તમારે વાસ્તે રૂમ તૈયાર છે.

ખા. સા.—તમારે વાસ્તે રૂમ 'રેડી' છે, મીસ લુસીફર (મીસીસ ખા. સા. તરફ ટીકતાં) મારી ખાતરી છે કે તમે ને મારી દિકરી એક બીજા સાથે ઘણા જલદી હળીમળી જશો.

મીસીસ ખા. સા—મારી બી ખાતરી છે, મી० સોહરાબ કે તમે ને મારો દિકરો એક બીજા સાથે ઘણા 'ફ્રેન્ડસ' થઇ જશો...... અરે પણ, મારા એ વડા દિકરાનું નામ બી સોહરાબ છે. કેવો 'ફની' સંજોગ ! તમે શું એમ ધારતા નથી, મી० સોહરાબ ?......મેહરનોશ, મેહરનોશ, મી० સોહરાબ આજથીજ 'ડયુટી' પર આવવા માગેછ.

ખા. સા.—ને મીસ લુસીફર બી તેમજ કરવા ચાહેછ. બૉયને બે પ્લેટ વધારે માડવા કહેજે. પણ આપણે એ લોકને એકમેક સાથ ઇન્ત્રોડયુસ કરવાં જોઇયે. મીસ લુસીફર—મારા પ્રાઇવેટ સેક્રેટરી મી० સોહરાબ એમ. મોરીસ, B. A. મી० સોહરાબ—મારી શીરિનનાં, આઇ મીન, મારાં છોકરાંઓનાં ગવરનૅસ મીસ લુસી એલ. લુસીફર. ચાલો શીરીન, પેલા બધા જવાન જીવોને અંદર તેડો હવે......ઓહો ! મી० પટેલ—તમે આ રૂમમાં કયારે આવ્યા ? 'નૉક' કરીઆ વગર અંદર દાખલ કેમ થયા ?

પટેલ—હાએબ, "નાક" તો મેં ઘણું કીધેલું પણ તમે લઇ કરીને હાંભરેલું નહી. આય મડમ હાએબ હાથે તમે વાતમાં એટલા રોકાયલા.

ખા. સા.—નૉનસન્સ ! પણ, તમે અમારી બધી વાત સાંભળી કે ?

પટેલ—જી હા, હાંભરેલી તો ખરી, પણ તમારા કેહયા પરમાણે આય કાને હાંભરી ને પેલે કાને કાહરી નાખી. એમ તો બાઇ હાએબ

બી આય હેઠ હાએબ હાથે વાત કરતાં'તાં. તમારી વાત જમણા કાને હાંભરેલી તે ડાબાએ બહાર કાહરેલી, ને બાઇ હાએબની ડાબાએ હાંભરેલી તે જમણાએ બહાર કાહરેલી.

ખા સા.—સમજ્યો, સમજ્યો, મી૦ પટેલ. પણ તમે અંદર કાં આવ્યા તે તો સમજાવો.

પટેલ—હાએબ, બે પહરાણા ઘેરમાં આવેલાં; ને મોડું થયલું એટલે હું હમજ્યો કે બેઠ્ઠી મારવાનાં......રાખોરે ! એટલે, ખાવા રહેવાનાં. હવે એ બેની પઅલેટ માડવાની કે નહીં, તે પુછ્વા આવેલો. બાઇની પાહે કોણુની પઅલેટ માડું ને તમો હાએબની પાહે કોણુની માડું? તમારા લોકોનાં ઘેરનો રિવાજ પુરેપુરો હમજી રહેલો નહીં, એટલે, બૉયને મેં પૂછેલું. બોય કીહેજે કાયદાપોથીમાં જો, ને પેલું હું જો—પીનલ કોટ હાથમાં આપેલો, પણ ગોટપીટ વાંચતાં બાવા હીખેલા હોય તો કેની? આપરી હાથે તો કંઇ એ વાત કરે નહીં. બૉય કીહીજે હંમેહાં લાડીઓ આવે તે હેઠનાં જમણા હાથપર બેહે, ને જાટલીમેનો આવે તે બાઇનાં જમણા હાથપર બિરાજે. વરી આય "લાડી" તો કરીહટાંઉ પરેલી એટલે મારા ભેજાંમાં તો કંઇ વાત ઉતરી નહીં. હવે, હાએબ, તમે આનરી માજીહટર પરીઆ એટલે કંઇ હોકમ ફરમાવો તો ઠીક......

ખા. સા.—ઠીક છે, ઠીક છે, મી૦ પટેલ, મિસ લુસીફરની પ્લેટ મારા જમણા હાથપર મુકજો, ને મી૦ સોહરાબની પ્લેટ બાઇનાં જમણા હાથપર મુકજો.

પટેલ—તેઆરે, હાએબ, આય પહરાણાને કાંહ નાખહો ?

ખા. સા.—નૉનસન્સ ! તમે સમજ્યા નહીં મી૦ પટેલ, એ પહરોણાનું નામ બી મી૦ સોહરાબ છે હવેથી એ લોક પહરોણા નહીં પણ ફૅમીલી મૅમ્બર્સ ગણાશે, સમજ્યા ?

મીસીસ ખા. સા.—(મંડળમાંથી છુટાં પડી) મેહરનોશ, મેહરનોશ, આય બધાં જોયાં કે ? જાણે કેટલાક વૃખ્તનાં એકબીજાને ઓળખતાં હોય તેમ લાગેછ ! હસી હસીને વાતો ચાલેછ ને ધરાંપરાં થાયછ.

હુ ધારૂંછ કે 'આફ્ટર ઑલ' જરા આપરે ભૂલ કીધીછ; જરા વધારે ઉમરે પુગેલાં માણુસો રાખવાં ઉતાં.

ખા. સા.—આબાદ મારોજ વિચાર ! શારિન, મી૦ પટેલ હમણા મારી પાસે પ્લેટસ માડવાનો ઑરડર લેવા આવ્યા હતા તેવણુને મેં પીનલ કોડનો હવાલો આપીઓ, અરે——કાયદાં મુજબ——નહી, "કાયદો" બોલ અહીં લાગુ પડે નહીં......રિવાજ મુજબ વર્તવા ફરમાવીઉં; એટલે કે, મીસ લુસીફર મારી પાસે ને મી૦ સોહરાબ તારી પાસે......

મીસીસ ખા. સા.—એમ નહીં બનશે, મેહરનોશ. મીસ લુસીફર મનીની પાસે ને મી૦ મોરીસ સોહરાબની પાસે બેસશે.

ખા. સા.—(મતલબ સાંધતાં) પણુ એ તો 'અૅટીકેટ'નું ખૂન થાય ! કાયદો એમ ફરમાવતો નથી—કાયદો સાફ કહેછ કે.....

મીસીસ ખા. સા —અરે ચુહલામાં નાખો તમારા કાયદાને——!

પટેલ—બાઇ હાએબ, બંદો નમનતાઇથી જણાવે કે બંદો આય ઓરડામાં હાજર છે ને વાત બધી મને હંભરાય. અલબત કાન તો બધા મેં હાફ કરાવી રાખેલા એટલે વાત અંદર ઠરીને બેહી તો નહીં રીહે; એ તો હોય, દુનિયા છે——એમ તો હું ને મેહરી વઢતાં'તાં તે પાહેનો રામલો બધું હાંભરે ને હારી ગાંઉ ડાંઉ ડાંઉ કરે, પણુ, આપરે કંઇ તે માહેલા મનીખ નહી (ખા. સા. તરફ ફરતાં) વિહકી-હોડા ? હા, હાએબ, તેજ પૂછવા આવેલો, બોય હાથે આય હરખો મોકરી દેઉં, ને હાએબ બેજનદારૂ હવારનાં મને કહેતા'તા કે "ખીર" ને "આઉદ" ઘણું તકદુરતું બનાવેલું છે તે વિહકી-હોડા હાથે હેઠ આગલ હાજર કરજો—તે બી, હાએબ, હાથે મોકરૂં.

ખા. સા —નહીં નહીં, મી૦ પટેલ, એ "ખીર" ને "આઉદ" મેહરીની સાથે તમેજ જમજો કે બેજનદારૂનાં હાથને જશ મળે—જોઇએ તો, જરા, મીસ લુસીફરની આગલ મુકજો, એ દણુસે દણુસે "ચાંપી"...

પટેલ—એ હુ ઓલો, હાએબ !! ભણેલી મેજ—કરીહટાંઉની ચોરી ! તોબાહ, તોબાહ, મરગર જાન—

ખા. સા.—ભણેલું છે? ઓ, આઇ સિ—હું સમજયો કે ભણ્યા વગરનું હશે. પણ મી૦ પટેલ, એક ભણેલું જમણ, મારી શીરિનનાં, ઓસોમાં "આટલે-ફાટલે" થઇને ઠેકાણે પડે તેનાં કરતાં મીસ લુસીફર જો "હોંસે-ફોરે" ખાએ તો રૂવાનોને વધુ પુન નહીં લાગે વારૂં! પણ 'નૅવર માઇન્ડ'—હવે તો એ મીસ લુસીફર શેખની મારી, એજનદારની નજર ચોરીને કંઇ "ડપાતે" નહીં તે માટે તમારે 'ડીટેક્ટીવ' થવું પડશે, મી૦ પટેલ. ચાલો, "આઉદ" ને "ખીર" તો નહીં પણ મારે વાસ્તે 'પીંક્સ્ટર ચિઝ'ની એક 'સ્લાઇસ' વિહસ્કી સાથે મોકલજો. શીરિન ડીઅર, એ બી અજબ જાતની ઉલટા-સુલટીની બાજી છે! "આઉદ" ને "ખીર"થી જયારે મને ગચકરાં આવેછે ત્યારે મીસ લુંસીફરને 'ચિઝ' ને 'ચિઝ' થી ઉબક આવતી હશે!

પ્રકરણ ૪ થું.

ખા. સા. નો પ્રાઇવેટ રૂમ.

ખા. સા.—વૅલ, મી૦ પટેલ, શું ખબર છે?........ઓહો! તમે તો બધો તમારો દેખાવ ને ડ્રૅસ 'ટૉપસીટર્વી' કરી નાખ્યો!! મી૦ પટેલ, જો કે તમે આટલાં વર્ષ થયાં મુંબઇમાં વસોછો છતાં તમારી ઝબાનમાં ગામડીઅન લેહકો હજુ જડ ઘાલી બેઠેલો જણાયછે! મારી સલાહ મુજબ થોડો થોડો સુધારો કરતા જશો તો તમે એક નમુનેદાર મૅનેજર થઇ પડશો, સમજયા?

પટેલ—જી હા, હમજ તો પરેલી, અરે, પડેલી,—અરે, પડી. પણ, હવારનાં મેં આપરા બાબાનાં હીવહંકર મેહતાજીને પૂછેલું, તેને કીહેલું.......

ખા. સા.—નૉનસન્સ! વળી એ "પૂછેલું" ને "કીહેલું"...!

પટેલ—હાએબ, માફ કરો! હીવહંકરે તો કીહેલું કે "પરી" કરીને પારહાઓ બોલે તે બી ખોટું છે. તે તો કીહેજે "હમજ પડી"—

અરે, "સમજ પડી"—બોલવું જોઇએ. હવે, હાએબ, તમે એક બાહા બોલો ને તેમાં હાથે હાથે અંગ્રેજીનો હંબેરો કરો—હું બીજી બોલું—ને હીવહંકર મને તરીજી, અરે, ત્રીજી—હીખવે, અરે, શીખવે—તો પછી મારા જેવો ગામરીઓ ગુચવારામાં પરે, અરે, ગુચવારામાં પડે......

ખા. સા —હજુ તમે ખોટા છો મી૦ પટેલ: "ગુચવારામાં પડે" નહીં, પણ, "ગુચવાડામાં પડે."

પટેલ—હા, હાએબ; ગુચવાડામાં પડે તેમાં નવઇ હું? અરે, શી?... ..મેહરબાન, તમે કેહો કે આય "ડરેહ" બી મને ઘણો ઠીક દિહે, અરે, દિસે......પણ આય કમબખત જાકીટ જરીક કાખમાં ડંખે ને આય પાટલુન જરા કાત્રામાં ખુંચે !——

ખા. સા.—છટ છટ છટ !!! એ શું બધી કચુબર કરોછો ! "કાખ" ! "કાત્રો" !! "કાખ" એટલે "બગલ." બગલ ને શરિરનાં બીજા એવા બંધીયાર ભાગો જો સદા સાફ નહીં રાખીએ તો મેં 'Sanitation in India' માં વાંચેલું છે કે ચોક્કસ જાતનો દુર્ગંધ સંબંધ ધરાવેછે ને તેટલા વાસ્તે એવા બોલો મહલાજાબરીઆ ગણાતા નથી .....જુવો, પીનલ કોડ, અરે !—ઑનરરી મૅજીસ્ત્રેટ થવાની બી મારી શીરિન કહેછ તેમ એ પીડા છે! જરા જરામાં એ પીનલ કોડ લકવાની માફક મારી છાતિ પર ધસી આવેછ ! ....હું કહેતો' તો મી૦ પટેલ—આઇ મીન, હું કહેવા જતો હતો......આપણુને ગુજરાતી શીખવતાને શું કહું?! આ રાસ્કલ શીવશંકર બાબાને લૅસન આપેછે ત્યારે મને બી લજવાઇ જવું પડેછે.

પટેલ—પણ. તેઆરે, હાએબ, તમે બી પાંચ-પાંચ ઘરી......

ખા. સા.—......" ઘરી " નહીં, મી૦ પટેલ—"ઘડી".

પટેલ—પાંચ-પાંચ ઘડી એ રાહકલ હીવહંકર પાહે લેહન લેઓ તો ઠીક પરે. એ ઓલું "લેહન" પેલા તંબાકુવારા ને ઇજનેરો ને પુલામબરો લીએ, તેની હાથે હીવહંકરનાં " લેહન" ને, હાએબ, કંઇ હગાઇ ખરી કે?

ખા. સા.—નૉનસન્સ, મી૦ પટેલ ! તમે શું અભારો બાળોછ, આઇ મીન, બાળોછો ! એક 'લૅસન' એટલે અભિયાસપાઠ, ને બીજું

'લાઇસન્સ' એટલે પરવાનો. એક ગધેડું ને એક ઘોડો, મી૦ પટેલ......

પટેલ—હમજેલો, અરે, સમજેલો—હાએબ. એક લસન, ને બીજું આદુ......

ખા. સા.—છટ નૉનસન્સ ! ! તમે મારૂં માથું દિવાનું કરી નાખોછો ને હું બૅન્ચ પરથી ધિરજ ખોઈ દઉંછું——પીનલ કોડની બાણુંમી કલમ મુંજબ તમને રૂ. ૯૫)નો દંડ થવો જોઇએ પણ મને કેલી-મેલી રૂ. ૨૦)નોજ દંડ કરવાનો અખત્યાર હોવાથી હું તમને એટલાજ રૂપિયા દંડી કાહડું છું.

પટેલ—તેઆરે તો, હાએબ, પરવરદેગારે બી ઉંટને હીંગરાં, અરે, સીંગરાં નહીં ઉગારેલાં એ ઠીકજ કીધેલું, કારણ જે નહીં તો પેલો તમારો પટેલ, આનરી માજીહટર, ધરીઓ ધરાતે નહીં !

ખા. સા.—અરે પણ, મી૦ પટેલ, તમે તો મને મારી વાત ઉપર આવવા દેતાજ નહીં. હું કહેવા જતો હતો કે, સારૂં છે કે મારી શીરિન અહીંયાં નથી, નહીં તો આ તમારા "કાખ"ને "બગલ" જેવા બોલોથી એ તો એવી સુગંધ ઉઠતે કે......

પટેલ—કુવો તળાવ કરતે.........અરરરરરર ! માફ કરજો હાએબ, તમે હીરીનબાઇ વાહતે બોલો.

ખા. સા.—શીરિનબાઇ, 'ઇફ યુ પ્લીઝ.'

પટેલ—હીરીનબઇ ઇટ યુ પાલીહ ! લગરીક લંબાન નામ લાગે હાએબ ! પણ કંઇ નહીં; આહતે આહતે આદત પરહે, અરે, આસતે આસતે આદત પરસે, અરે, પરશે. એટલે, હીવહંકર મેહતાજીનાં કેહયા પરમાણે "હઘળું" નહીં પણ "સઘળું," "હારૂં" નહીં પણ "સારૂં," થ ને કંઇ નહીં થ, શ ને એક માતર શે—એટલે—"થશે." તમે હીરીનબઇ વાહતે બોલો તેઆરે મને મેહરીની કામ થાતીછે: મેહરી બી ડરેહ કરીને ટરીમ-ટરાક થાય તેઆરે નરી જાણે હીરીનબઇ ઇટ યુ પાલીહ જોઇ લેવી.

ખા. સા.—(ઘુમ હસતાં) તમારાં મેહરબઇ કેવાં છે મી૦ પટેલ ?

પટેલ—હાએબ, કેવાં છે એટલે•હું ? તમે રંગ-રૂપ વિહે પૂછો, લખ્ખન વાહતે પૂછો , કે હભાવ બાબે પૂછો ?

બા. સા.—(વિચારમાં) પીનલ કોડ તો એ બાબે તદન ચૂપછેઃ ડિક્ષનરિ તો એ બાબતને જુદા જુદા વિભાગમાં વહેંચી નાખેછેઃ માણુસ જાત આ ત્રણુ ગુણોને જરૂર પડવે ભેળી નાખે છે, ને મતલબ આવે ત્યારે જુદા પાડે છે ! ! અહહેં—મી૰ પટેલ, હું ત્રણે વાસ્તે પૂછુંછું.

પટેલ—સેઓની, હાએબ, એમાં ઓહકાવો હાનાં ? અમે ગામરીઆઓ "લાડીજે "ને બી હદા રોકરૂં પરખાવીએ ! રંગ-રૂ તો બાહહું—હિંધ્ધી હોટા જેવી, આંખ તો એવી ચમકે કે તમે ગમે એવું હામણું ટીકવા કરો તોએ તમારી પોતાની નમાવી દેઓ—જાણે હુંધી તમારી મનમેની વાત વાંચી લીએ. આપરાં હીરીનબઇ, અરે હીરીનબઇ ધટ યુ પાલીહ કરતાં ચામરી બી ઉંધરતી......

બા. સા.—' નો કમ્પૅરીઝન્સ ધર યુ પ્લીઝ. ' મી૰ પટેલ, અંગ્રેજ એવી સરખામણીને ઘણી ધિક્કારેછે !

પટેલ—જી હા, પણુ આપરે કંઇ અંગ્રેજ પરીઆ નહીં, મેહરી કંઇ તમારી હામભે ઉભેલી નહીં—વરી એ જીદ કરે પણુ મે એની હખી ઉતરાવા હાફ ના પારેલી—એટલે પછી હરખામણી વ ખયાલ તે કેમ કરી આવે ? લખ્ખન તો, હાએબ, પણુની આ તેઆરે દોલાનાં ઘોરા જેવી ઉતી—એ મારી બીજી બૈયર થાય, હાએબ જેવી જેવું તિખ્ખું મરચું ! બોલતાંને વાર હરખાયલાં કુતરાં પખી મહોરાં પર આવે, ભલ્લા માટીડાને મચક આપે નહીં, ને બો બોલતામાં પાણી-ઉતાર કરે ! મને તો કીહેજે તું તો મુવો આવો તું તો મુવો તેવો !

બા. સા.—વૅલ, વૅલ, પછી .....

પટેલ—પછી હું ? આપરે એનો ઉતાર કરી નાખેલો !......

બા. સા.—હેં ! ઉતાર કીધેલો ! ! કંઇ મરધી-મરધા ઓવારે બરી કે, મી૰ પટેલ ?

પટેલ—(લડાયક તૈયારીથી) થોકી નાખેલી, થોકી નાખેલી ! પણ—પણ—હુધરી તો એવી ગીયેલી કે ઓરજ મોરી ગેયલી ! હવે, હાએબ, મેં તો પીનલ કોટ નહીં વાંચેલો, એટલે, મારૂં તો મહતક ફાટી આવેલું—હવે કંઇ બાકી રીહેલું હોય તો પૂછો, નહીંતો યાદ આપો.

બા. સા.—યસ, યસ—ઍડયુકેશન, ઍડયુકેશન, આઇ મીન, કેળવણી.

પટેલ—હાએબ, છ ચોપરી ગુજરાતી, એક મરેઠી, ને એક એના આગલાએ અંગ્રેજી હીખવેલી......વરી તમે અજબ થતા છેઓ !...... "આગલો" એટલે એનો અદરાયલો, "અદરાયલો" એટલે પણુનેલો નહીં; "પણુનેલો નહીં" એટલે પણુવા જતો'તો પણ મેહરીનો હભાવ હેતાને ઘેરેલોને એ "આગલા"નાં કરમમાં મારી પખે હોહવાનું નહીં—તે મેહરીને છોરી દીઘેલી. મેહરીનાં બાપે પોયરાને કોરટમાં ઘહરવા કીઘેલો; કીહેજે, હું તો ખરો કે ડામીજી લેઉં; તેઆરે કંઇ પેલા પટેલ જેવા આનરી માજીહટરો રહતે રહતે ઉભઇ જતા'તા નહી, એટલે પોયરો બિહઘેલો કે કજીઓ ઇહમાલ-કાજમાં જહે, તે પોયરો મારી પાહે દોરતો આવેલો; પોયરાને બૈરી છોરી દેવીતી, ને મને બીજવરની જરૂર, ને મેહરીનો બાપ પરીઓ ગરજાઉ, તે પારાખાઉ હેઠને તાંહ એકઠા કીઘેલા પાંચહો રૂપિયા ગરી ગીયો, ને પોરી મારે ગરે બાજેલી તે આજ હુધી છુટેલી નહીં.

મીસીસ બા સા.—(અંદરથી) મેહરનોશ, મેહરનોશ (અંદર આવતાં) બે આયાઓ આવેલી છે, હું તમારી તાહરની વાત જોયા કરૂંછ પણ તમે તો આય હરવાવાની સાથે ટાહેલુંજ કરીઆ કરોછ !

બા. સા.—અંહંહે—મી૦ પટેલ, 'યુ મે વિડ્રૉ,' આઇ મીન, હમણા તો જરા સધાવી આવો, અરે, બહાર જાઓ.

પટેલ—હાએબ, જેવો હોકમ.

બા. સા.—શીરિન, તું તો હવે છેકજ અંતેરૂં કરેછ ! આયાઓ આવી તે તું પસંદ કર ને પણુની જા, અરે, ઍન્ગેજ કર......

મીસીસ ખા. સા.—જા બા, અને તો કંઇ સમજ પરતી નહીં. એક તો મજેહની સુધડ છે, સફેદ કપરાં બી પહેરીઆંછ ને ઉંધરતી બી છે, પણુ રાં...તો ઢુંચી ગરાર જેવી છે......

ખા. સા.—હં હં, ટેક કેર, આ ઘેરમાં રાં...બોલનું રાજ ચાલતું નથી. તમે મારા પટેલની બોલી સુધારવા માગોછો, ને તમારી પોતાની ઝબાન સુધારતાં નથી, અથવા સુધારવાની કોશેશ કરોછો પણુ તેમ કરી શકતાં નથી.

મીસીસ ખા સા.—અરે હવે ચાલો રે, મેહરનોશ, ડાહેલા ના થાઓ ! બીજી પેલી આવેલી છે તે તો હરવઇ રંડાયલી છે, હાથે રૂપાંની બાંગરી છે ને કારી સારી પહેરેલી છે—મુવા દિકરા દરનારીનાં ને નામ દારાશાહ !—માડી તો બદામ દરાખનો હોશે ! કદ તો સારૂં છે ને જુવાન બી છે. આપરી "બોલી" બી ઘણી મજાહની બોલેછ, છોકરાંનું કામ બી કીધેલું લાગેછ......

ખા. સા.—પણુ, ત્યારે, રાખી લે. "આય બી છે" ને "પેલું બી છે" ત્યારે નથી શું તે સમજ પડતા નહીં ! ઑઑઑઑય, માઇ પીનલ કોડ, અરે, ખરેખર મેહરી... અરે ! !——શીરિન, હવે આ પીનલ કોડની કાંઇ દવા કરવી પડશે, એ તો મીનીટે મીનીટ નખ્ખોદ ગયો મારી છાતિએ ધાઇ આવેછ !

મીસીસ ખા. સા.—જી હા, એ રાં...મેહરી કોણુ છે ? પેલા મુવા પટેલની બૈરી કે ? એ કેમ તમારી છાતિએ ધાઇ આવેછ !

ખા. સા.—નૉનસન્સ, શીરિન, વળી તું વગર કારણે શકમંદ થઇ ! તારી જાણમાં મારાથી આજે પહેલીજ વખ્તે એ નામ ઓચરઇ ગયું .. ..

મીસીસ ખા સા.—હા, તાહરે, મારી ગેરહાજરીમાં તો ઘરી-ઘરી બોલતા હોશો !

ખા. સા.—તારૂં કપાલ ! એ તો પટેલ ત્યારનો પીંજરો કરતો 'તો ને એની મેહરીની નેકી-ખુબીની વાત કરતો 'તો—તારાંમાં

ને તેનામાં કેટલીક બાબતમાં મળતાપણુ હોવાથી–તું શીરિનને હું મેહરી સમજ્યો, તેથી, મારેથી "મેહરી" ઓચરઈ ગયું ! પણ ચાલ, હવે બહાર ચાલ, પેલીઓનો નિકાળ કરતે !......અરે–મી૦ પટેલ, વળી તમે ક્યાંથી ફુટી નીકળ્યા ?

પટેલ—હાએબ, જરા હાવચેત કરવા આવેલો: મકુંજે, જરા તપાહીને કામ લેજો ! પેલી બધી ફીરીહતાણીઓ આવેલી તેમેની એક મને પૂછે કે "છોકરાં કેટલાં છે, ને વરસ કેટલાં ઉગે ?" બીજી પૂછે કે "પણવા લાયક કેટલાં છે ?" તરીજી પૂછે કે "બાજ રોજગારે બહાર કાહરહે કે ?" ચોથી પૂછે કે "વરહમાં કેટલી હારી, અરે, સારી ને છતરી મળહે ?" પાંચમી પૂછે કે "હદરો પહેરવા લાયક કોઇ છે કે ?" હું તો અકળાઇ ગેયલો ને જવાબ આપી હકેલો નહીં, તે તમુને ચેતાવા આવેલો.

પ્રકરણ ૫ મું.

'શીરિન મૅનશન': વરંડા

બા. સા.—ડીઅર મી! ડીઅર મી !! શીરિન તું તો બે આયાઓ કહેતી હતી ને આ તો નાનું જેવું લશ્કર છે ! ખાસ્સી અર્ધી ડઝન જણીઓનો જમેલો છે !! મારા સૌથી સુખી સ્વપ્નામાં પણ આટલા બધા તોહમતદારોને મારી 'બૅન્ચ' આગલ ઉભેલા મેં કોઇ દહાડો જોયા નથી ! મી૦ મોરીસ ક્યાં છે ? જરા, એવણુનો મત તો લઇએ

મીસીસ બા. સા.—જાઓ જાઓ, મેહરનોશ, એવી બાબતમાં તે કંઈ સૅક્રેટરીને તેડવાનો હોય !

બા. સા.—સારે, મીસ લુસીફરને તેડાવ. ડીઅર મી: 'શિ લક્સ ધ ગર્લ ફોર મી !' પણ તું એ લોકોને કયા 'સૅકશન' માં 'ચાર્જ' કરેછે ? બધીઓ પર સામટો 'ચાર્જ' મુકેછે કે જુદો–જુદો...... અરે !—મકુંજે, બધીઓને ચાકરી રાખવા માગેછે કે બે ત્રણને ? તું ઘણી પસંદ કરતી હતી તે કઇ ?

મીસીસ ખા. સા—હા, પણું, તે તો મુઇ કોલસા મડમ જેવી છે !

ખા. સા.—લે, સામેથી મીસ લુસીફ્રર આવેછે: વૅલ, મીસ લુસીફ્રર......

મીસીસ ખા. સા.—ઉભા રેહો, ઉભા રેહો, મેહરનોશ, હું એને કેહુ; (ઇંગ્રેજીમાં) જુઓની મીસ લુસીફ્રર, ખાનસાહેબે હમણા પોતાનાં નોકરોમાં ઘણો વધારો કીધોછે તેથી હું આયાઓનાં બાબમાં કસર કરવા માગુંછું. મારી આયા જતી રહીછે ને મને હવે આયા જોઇતી નથી. માત્ર પસંદગી માટે દલાલ આટલી બધી લઇ આવ્યોછે. બેબીની સીક પડી છે, ને બાબાની રજા પર જાયછે. એ બન્ને બદલે હવે હું એકજ રાખવા માગુંછું. મનીની તદન રદબાતલ છે તેને હું 'ડીસમીસ' કરવા માગુંછું. હવે મનીને આયાની જરૂર બી શું છે ?

મીસ લુસીફ્રર—હું ધારૂંછું, મીસીસ ખાનસાહેબ, કે આટલા દહાડાનાં મારા વસવાતમાં તમે જોઇ લીધું હશે કે મારા 'ઍક્સક્લુઝીવ ચાર્જ' માં એક આયા તમે મુકો તો તે મારી 'ડયુટીઝ' બજાં લાવવામાં મને ઘણી કિંમતી મદદ આપી શકે.

મીસીસ ખા. સા—જોયો, મુઇને તેરવાનો ફાયદો !

ખા. સા.—ડીકસન બૅરીસ્ટરની ગવરનૅસનાં હાથ ટળે બી એક આયા છે; પીનલ કોડની ૫૫, મી કલમ મુજબ હું 'રૂલ' કરૂંછું કે એને અમારી સત્તા મુજબનો મોટામાં મોટો દંડ......અરે !——આઈ મીન, હું કહેવા માગુંછું કે, એના હાથ ટળે બી એક આયા આપવી. મીસ લુસીફ્રર, તમે સાંભળીને ખુશી થશો કે મેં મારૂં 'વોટ' તમારી તરફેણમાં 'રૅજીસ્ટર' કીધુંછે. તમારે ગમે તે તોહમતદારોમાંથી, અરે, આયાઓમાંથી એકને પસંદ કરી લો. 'બાઇ જોવ,' શીરિન, હું કોઇ કોઇ વખ્તે વિચાર કરૂંછું કે, કારજ કરનારમાં ને 'સરવન્ટ સપલાયર'માં કંઇ ફરક છે કે ? વળી મને એમ બી વિચાર આવેછે કે ડાકટર, બૅરીસ્ટર કે વકીલ થવા કરતાં આવો એકાદ ધંધો શું વધુ 'પેઇંગ' નથી ? આ બધું લશ્કર આ દલાલની સરદારી હેઠળ આવ્યુંછે, ને એ

બિચારી બાઇ-બાવરીઓ એની ઉપર એકક મહીનાનાં પગારનું સુખડ-લોબાન બાળશે! 'ઍનવીએબ્લ મૅન,' ખરૂંની મીસ લુસીફર? 'બાઇ-બ-બાઇ,' તમે કઇ આયા પસંદ કીધી?

મીસ લુસીફર—મને તો સાહેબ, આ 'રાધર ડાર્કીશ વુમન નાં૦ ટુ' પસંદ પડેછે.

ખા. સા.—ત્યારે તો હું તમને મુબારકબાદી આપુંછું, કારણ મીસીસ ખાનસાહેબ એના 'કવૉલીફિકેશન્સ'ને વાસ્તે ઘણા તારીફ-લાયક શુકનો ઉચારેછે. પણ એને તો નાં૦ વન પસંદ કીધીછે. કેવી અજબ જેવી ઉલટા-સુલટી! શીરિન, તું ઘઉં વર્ણની છે ને તું આ રંગે લગાર ઉજળી આયા પસંદ કરેછે, મીસ લુસીફર દુધ જેવી સફેદ છે ને એ આ તારી કોલસા મડમને પસંદ કરેછે! એમ છતાં આપણે કહઇયે છિયે કે ઇંગ્રેજોનેજ ચામડીની સુગ છે!.....વૅલ, મી૦ મોરીસ, તમે અહીંયાં?

મી૦ મોરીસ—સાહેબ, પેલું 'ફીનીશ' કીધેલું લૅટર દેખારવા આયોછ......

ખા. સા.—ઓહો—! મી૦ પટેલ, તમે કે'વારનાં ખોટી થાઓછો?

પટેલ—ફકર નહીં, હાએબ,—અરે, સાહેબ—મેં જે બી કંઇ હાંભરયું..... સ સ સાંભરયું—તે એતાર અગઉનું, ધારા મુજબ, કાનમેથી અલોપ થઇ ગીયું! સાહેબને કેહુંજે બે પોયરાઓ તમુને મળવા આવેલા, એ પેલા 'છાફર'ની જગા વાહતે, અરે, વાસ્તે. મેં ઘણું બી કેહયલું કે હમણા આનરી સાહેબ મળી હકસે નહીં, પણ, એ તો ચિટકેલા! હું હીવસંકર આગલ લેહન કરતો'તો તે મુકીને તમારી આગળ આયો. પણ સાહેબ, તમારો હોકમ હોય તો કણુયાને વદીં મોકળું—બણુનીઓનું તરીયું આવતું જાય ને આય બધું લહકર, અરે, લસકર—છાવણી નાખહે તેની તૈયારી કરી નાખવી જોઇહે, અરે, જોઈસે.

ખા. સા.—જુઓ, મી૦ પટેલ, પાંચ જશે ને છ આવશે, એટલે હાલ તુરત તો માત્ર એકજ વધશે. તે કરતાં મને કંઇ હરકત નથી: હું 'રૂલીંગ' આપુંછું કે ઘટતી વર્દી મોકળજો. ચાલો મી૦ મોરીસ, તમે શું કીધુ છે તે જોઇએ.

મી૦ મોરીસ—સાહેબ, હું યાદ આપવાની રજા લેઉંછ કે પેલા બે અરજદારો 'આઉટ સાઇડ' બહાર ખોટી થાયછ તેઓનો કદાચ તમે પહેલ્લે નિકાળ કાહરવાને ખુશી થશો.

ખા. સા.—નિકાળ કાહડવાનો તો અમો ઑનરરી મેજીસ્ત્રેટોનો ધંધોજ છે, મી૦ મોરીસ; પણ આ કેસ બીલકુલ જુદાજ પ્રકારનો છે. કોઇપણ ધણી આપણે બારણે કામે-કાજે યા નોકરી-ચાકરી માટે આવે તેને એકદમ આપણી હજુરમાં દાખલ કરવાને આપણે બંધાયલા નથી. 'લૉ ઑફ માસ્તર ઍન્ડ સરવન્ટ' એમ આપણુને બીલકુલ કહેતો નથી, સમજ પડી ! ખોટી-ખોટીની બી હદ હોયછે. આ માણસો 'શોફર'ની નોકરી શોધતા આવ્યાછે તે એ લોકને ઓછામાં ઓછો એક કલાક આપણે ખોટી રાખવા જોઇએ. મી૦ પટેલ મારે ત્યાં નોકરી શોધતા આવ્યા ત્યારે મેં તેવણુને બરોબર પોણો કલાક પાંચ મીનીટ ને ત્રણ સૅકંડ ખોટી કીધેલા.........તમે રાતા ને ફિકકા કેમ દેખાવોછો મી૦ મોરીસ ? તમારા મનમાં કંઇ 'સાઇડ લાઇટ'નું કિરણુ સળગેલું દિસેછે; જે વાત તમને નહીં સમજ પડતી હતી તે હવે તમારી સમે ખુલી ગઇછે એમજની ? તમે વિચાર કરોછો કે "મને બી ખામુખા આમજ ખોટી કરવામાં આવ્યો હશે ?" હા, બચ્ચીત; પણ મારૂં તે 'રૂલીંગ' આપતી વખ્તે તમે ગ્રૅડયુએટ છો તે બીના મેં ખાસ ધ્યાનમાં રાખી હતી ને તમને માત્ર પંદર મીનીટજ બહાર બેસવું પડીઉં હતું—આહાહાહાહા. તમે જુવાનીઆઓ ! જુવાનીઆઓ ! ! તમને બધી બાબતો સખ્ત દિસેછે પણુ જયારે તમો મારી મુઆફેક જીંદગીની ઘાનીમાં પિલાઇ પિલાઇને "પલંગ" એટલે ચિત્તો વાઘ બનશો, ત્યારે તમોને એ બાબનની સમજ પડશે.

મી૦ મોરીસ—પણુ, સાહેબ, મીસ લુસીફરને તો મેં જોયું કે આવતાંનેવાર અંદર દાખલ કરવામાં આયાં, એટલુંજ નહીં પણુ તમો સિવાય ઘેરનાં 'ઑલ' મેજરૂં થઇને તેવણુને 'રિસિવ' કરવા આગલા હૉલમાં એકઠાં મળ્યાં'તાં.

ખા. સા.– રાઇટ, રાઇટ ! પીનલ કોડની પંદરમી કલમ મુજબ અરે, હું ભૂલીઓ !......વડવાઓથી ચાલતા આવેલા રિવાજ મુજબ,

એમ બનવુંજ જોઇએ. મીસ લુસીફર એક બાનુ છે, એક બાનુ હોવા ઉપરાંત તેવણ જવાન છે, ખુબસુરત છે, શીખેલાંછે—અને સૌથી વધુ—તેવણ એક ઇંગ્રેજ બાનુ છે. મી૦ મોરીસ, પારસીઓ 'લૉયલ' છે તે શું તમે જાણતા નથી ? 'લૉયલ્ટી' દેખાડવાની રીત તરેહવાર હોયછેઃ કોઈ 'લૉયલ્ટી ડીનર' કરેછે ને કોઇ કોઇ અપવાસ પાળીને 'લૉયલ્ટી' બજા લાવેછે. આપણી માયાળુ રાજકર્તી કોમનાં એક બાનુ અથવા ગૃહસ્થને આપણે માન આપીએ, તે માન ગોયા આપણા બખ્તાવર શેહનશાહ અને શેહનશાહબાનુને આપણે આપેલું લેખાય......પણ, ચાલો આપણે આપણા રૂમમાં આવી પહોંચીઆ છીએ. હજુ તો પેલાઓને મારી હાજરીમાં બોલાવવાને ખાસ્સો અર્ધો કલાક બાકી છે. પેલા કંગાલ પટેલની ચિઠ્ઠી તમે તૈયાર કીધી હોય તો મારી આગલ વાંચો......અચકાવો ના ...તમે જે રિતે લેભાગુ ગુજરાતી બોલોછો તે ઉપરથી હું ખ્યાલ કરી શકુંછું કે એ પત્ર ગુજરાતીમાં હોવાથી તમો તેને કદાપી બરાબર ઇન્સાફ આપી શકીઆ ન હો ! આપણામાં તો આજકાલ એક આસામીની ઇંગ્રેજી ઝબાનનું કાબેલ્યતનું ટોળ, તે ગુજરાતી ભાષા કેટલી હદે ભાંગી-તુટી લખેછે યા બોલેછે ઉપરથી થાયછે... ..પણ ચાલો, તમારો ડ્રાફ્ટ વાંચો તો ખરા—કંઇ મારા સોહરાબ કે રૂની પાસે સુધરાવી તો નથી લાવ્યા ? એમ ચિલ્લો ના ચહડાવો, મી૦ મોરીસ ! હું મી૦ બહમન બેહેકેલાને ત્યાં નાના પગારે નોકરી કરતો હતો ત્યારે મારી ગુસ્સે થવાની ટેવ છોડવવા તે મને કહેતો કે "નોકરી કરવા રહયોછ કે ભાઇબંધી ?" તમારા જેવા એક અંચલ ગ્રૅડયુએટને મારાથી અલબત તેમ તો કહેવાયજ નહીં, પણ, જ્યારે બી કોઇ તોહમતદાર મારી સામે એમ ચિલ્લો ચહડાવી જોયછે ત્યારે હું તેને એક બે રૂપિયા વધુજ ઝાટકી કાહડુંછું...... 'યંગ બ્લડ ! યંગ બ્લડ ! !' પેલા કહે તેમ 'આઇ વિશ આઈ વર યંગ અગેન !' મી૦ મોરીસ તમે જો મારી સાથે ફેર-બદલ થાઓ—અમસ્થા નહીં હં !—એટલે કે તમે ૪૫) વર્ષનાં થાઓ ને હું તમારા બદલ ૨૫) નો થાઉં તો બાખુશી હું તેમ કરૂં, ને મારા બધા હક છલાકા તમને સોંપી દઉં......

• [એક અવાજઃ—]

" પણ, સાહેબ, બેઅદબી માફ છે, એ વાત કંઇ મારા મગજમાં ઉતરે નહીં ! તમે હોરાબજી હેઠમાં, અરે, સોહરાબજી સેઠમાં-બદલઇ જાઓ. એટલે, તમારાં બૈયર છોકરાંનું શું થાય ? તે બી શું હોરાબજી હેઠની મતા થાય ? જરા પેલો પીનલ કોડ મંગાવી જેવોની સાહેબ; એમ તો હું બી જો ફાવે તો સોહરાબજી સેઠ સાથ જગા બદલી કરૂં. પણ મારી મેહરોને જો કંઇ હાથ-બાથ લગારવા આવે તો હાથચાલાકીનો હોદો થઇ પરે !—"

ખા. સા.—મી૦ પટેલ, તમે ખરા છો; પણ તમે વળી અહીંયાં કેમ ઘુસી આવ્યા ?

પટેલ—સાહેબ પેલાઓનું પાકીને પલેઠર થઇ ગેયલું ! ભૂખા ડાંહ જેવા આયા'તા તે મેં બે કપ ચાહે લઇ જઇને આપી; કેહો તો બોલાવું......

ખા સા.—બીલકુલ નહીં. હજુ ૧૧) મીનીટ ને ૩૦) સેકંડ બાકી છે. જુઓ, મી૦ પટેલ, પેલા તમારા નામ-રાસિયાની વર્ષગાંઠ આવી પુગી છે, તેનાં સંબંધમાં તમને ચોકકસ ભાગ ભજવવો પડશે, વાસ્તે આ કાગલનો ખર્ડો તમે બી સાંભળો તો ઠીક. સાંભળી રહયા પછી હમણા જેમ તમે વગર માગવે મત આપી દીધો હતો તેમ આપવાની ઉતાવલમાં પડતા ના. આજકાલ બધાઓ બધીજ બાબતમાં મત-આપવાની દોડાદોડીમાં પડી જાયછે ! કોરપોરેશનની ચુંટણીમાં મત, કાઉન્સિલની ચુંટણીમાં મત, મૅત્રીમોનીઅલ ડૅલીગેટની ચુંટણીમાં મત !—બસ મત, મત ને મત ! શેઠાઇમાં મત, વડપણમાં મત !...... વાંચો, મી૦ મોરીસ, વાંચો, શરમાવો ના, આ ખુરશી લ્યો ને બેસો. મી૦ પટેલ, તમે બી પેલાં સ્ટુલ પર બેસો: જુઓ, એમ કોઇ આપણુને ઑફર કરે ત્યારે તેને 'થૅંક યુ સર' કરીને કહઈએ. શું બોલીઆ......? "થાંક યુ સર" ?......"થાંક યુ સર". નહીં, 'થૅંક યુ સર.'

પટેલ—પણ સાહેબ, હીવશંકરે મને એ બોલો હીખવેલા નહીં, અરે, સીખવેલા નહીં.

બા. સા.—અલબત નહીં; 'ફૉર ધ કલીઅર રીઝન ધૅટ '.. ... અરે !-મારી બી એ ખોડ જતી નથી !... ..કારણ કે, એ બીલકુલ અંગ્રેજી જાણતો નથી. વાંચો, મી૦ મોરીસ, વાંચો –

મી૦ મોરીસ—"વાહલા મી૦ પટેલ,

પટેલ—થાંક યુ સર——

બા. સા.—તમારા બાપનું કપાલ ! કહેજે હજોમનાં હાથમાં દાઢી આવી તે તેના બાપની થઇ ! "પટેલ" શું તમેજ ગામમાં મુએલા છો ! પેલો મારો હરિફ શું મરી ગયોછે ? એમ તો બીજા ઘણા બી "પટેલો" છે. ભાણ્યો કોલી બી "પટેલ" કહેવાય, ગામનો વડો બી "પટેલ" કહેવાય. એ તો મી૦ મોરીસ મારા હરિફ પર આપણે જે મુબારકબાદીનો પત્ર મોકલવા માગ્યે છિયે તેનો ખડો વાંચેછે. ચલાવો, મી૦ મોરીસ.

મી૦ મોરીસ—

"**વાહલા મી૦ પટેલ,**

"આજે, એટલે, તા૦ ૧ લી એપ્રીલ ૧૯૧૩ ને દહાડે તમારી સાલગેરી હોવાથી હું તમુને congratulate કરૂંચ. તેમ કરવામાં મારી દલગીરી એજ છે કે રખેને તમો આજે Fools' Day હોવાથી એમ માની લેવો કે હું બી તમુને એક મોટા જેવા fool માની લેઉંચ. આજનાં auspicious day એ તમે ૫૮) મું પુરૂં કરીને સાહડીમાં આવશો પણ તેથી કંઈ એમ બને નહીં કે સાહડી ને બુધ્ધી નાઠી તમારા કેસમાં બી true નીકરે. હું વેલાતમાં ઉતો, મી૦ પટેલ, તાહરે late લૉર્ડ સૅાલ્સબરીએ મને એક દહાડો કેહયું'તું કે અમારી climate માં સાહડી ને બુધ્ધી નાઠી જેવું કંઇ છેજ નહીં. અહીં તો અમારા લોકનાં વરસ સાથે wisdom માં બી ઉમેરો થતો ચાલેચ, પણ, વાહલા મી૦ પટેલ, આપરાં બૅામ્બેમાં કેસ એથી તદ્દન contrary છે. અહીંની ગરમ હવા આપરી energyને તદ્દન મારી નાખેચ ને આપરી study માં તેથી હરકત થાયચ.

"હું ઇચ્છુંચ, મી૦ પટેલ, કે તમારૂં આવ બેસતું વરસ તમુને

ઘણું happy and prosperous નીવડે ને તે સાથે તમારા honor માં......

બા. સા.—બસ બસ, મી૦ મોરીસ મેં સાંભળ્યું ! તમારી 'સૅકંડ લૅંગ્વેજ' શું હતી ! એઅદબી માફ છે, પણ તમારૂં ગુજરાતી તો મારા ભાણ્યા ઘોડાવાલાનાં ગુજરાતીથી સહેજજ ચહડતું છે; તમારો મેહતાજી કોણ હતો ?

મી૦ મોરીસ—જી, મારી 'સૅકંડ લૅંગ્વેજ' ફ્રેંચ છે. મારા પપાને ઈંગ્લીશનો એટલો તો શોખ હતો કે તેવણે અમુને બે ત્રણ ચોપરી ગુજરાતી શીખવીને પછી ઇંગ્લીશ Study વહેલ્લી commence કીધી. મેં તમારે તાંહ service લીધી તાહરે મને ગુજરાતી કાગલો બી frame કરવાં પડશે એવો મને જરા બી ખ્યાલ નહીં હતો.

બા. સા.—પણ હવે તમને ખ્યાલ થયો એટલે આપણા મી૦ પટેલની સાથે તમે બી બબે ઘડી શીવશંકર પાસે લેસન લેવો તો કેમ ? એ બિચારો જુવાનીઓ અંગ્રેજી શીખવાને ઘણો આતુર છે; એક અંધી ને દુસરી ખોડી ! એ અંગ્રેજી અંધી ને તમો ગુજરાતી ખોડી, એકબીજાને મદદ કરો તેમાં હું ખોટું જોતો નથી. તમારા ચેહરા ઉપરથી હું જોઉં છું, મી૦ મોરીસ, કે તમારા જેવા એક ગ્રૅડયુએટને શીવશંકર પાસે ગુજરાતી ભાષાનાં પાઠ શીખવા કહેવામાં હું મસ-મોટું અપમાન કરૂં છું. એઅદબી માફ છે, હું તમારા જેટલો પ્રવિણ નથી, હું કંઇ ગુજરાતી 'સ્કૉલર' નથી, પણ મારા જેવો એક અઘોર, તમારા કરતાં હજાર વાર સારૂં ગુજરાતી લખી શકે. 'કેમ,' 'કેમ'—ચિલ્લો ચહડાવવાનું કંઇ કામ નથી; તમારી ઉમરે હું બી એમજ કરતો હતો, પણ જયારે લીલી-સુકી પડી ત્યારે ચિલ્લો "ચિલ્લાને" ઠેકાણે રહી ગયો ! ચાલો, હું કહું તેમ લખો— જોઇએ, આપણ બન્નેની ભેગી કોશીશ શું કરી શકેછે......કયાં જાઓછો, મી૦ પટેલ ?

પટેલ—સાહેબ, શીવશંકરને તેરવા.

બા. સા.—ઘણું મુનાહનુ ! જુઓ, મી૦ મોરીસ, ઘણીક વેળા કેળવાયલી ને શીખેલી દુન્યાને જે સુઝતું નથી તે એક અભણ મગજને

સુઝેછે. ઘણીક વખ્ત જે ચિજ પાઘડી પારખી કાઢી શકતી નથી તે માથુંબાંધણુ ઝટ નિરખી લેછે. હું ધારૂંછું કે હું એક કાગલ તમને 'ડ્રાફ્ટ' કરાવું ને પછી શીવશંકર પાસે એક ત્રીજો 'ડ્રાફ્ટ' આપણે કરાવીએ. ચાલો લખો......શું કહોછો? "તમારેથી જોડણી બરાબર થશે નહીં"......ઓ. આઇ સિ! તેથી તો તો હું તમને શીવશંકર કને લેસન લેવા કહુંછું. નામીચા શેક સાઅદીએ ૪૩) વરસની વયે પોતાનાં મુળાક્ષરો ઉકેલવા માંડયા હતા, તે તો કદાપી તમે જાણતા હશો. લાવો હું લખું—

"વાહલા મી૦ પટેલ,"

"આજ રોજે તા૦ ૧ લી એપ્રીલ સને ૧૯૧૩ ને દિને તમારી વર્ષગાંઠનો મુબારક અવસર હોવાથી હું તમને દિલોજાનથી મુબારકબાદી આપુંછું, તેમ કરતાં મારી દિલગીરી એટલીજ છે કે તમો, કદાપી, આજે 'ફુલ્સ' હોવાથી એમ માની લો કે હું તમને 'ફુલ' બનાવવા માગુંછું. મને પોતાને ખોદાતાલાએ બનાવેલો યાને પેદા કરેલોછે અને માણસઇ બનાવતનો સઘળો હક ઇલાકા તે પરમકૃપાળુનાં એકલા હાથમાં હોવાથી કોઇને પણ "બનાવવા"ની હું કોશીશ કરતો નથી. આજનાં શુભ રોઝે, તમો ૫૯ મું પુરૂં કરી સાઠીમાં પેસશો, પણ તેથી કાંઇ એમ ઠરતું નથી કે "સાઠી ને બુધ્ધી નાઠી" તમારા બાબમાં બી ખરી પડશે. હું વિલાયતમાં હતો ત્યારે મરહુમ લૉર્ડ સૉલ્સબરીએ મને એક વેળા કહયું હતું કે અમારી રૂતુમાં "સાઠી ને બુધ્ધી નાઠી" જેવું કાંઇ છેજ નહીં; અહીંયાં તો અમારા લોકની ઉપર સંગાથ અક્કલમાં પણ ઉમેરો થતો ચાલે છે.

"વાહલા મી૦ પટેલ, આપણા આ કમતાલે દેશમાં તો તેથી ઉલટુંજ છે: અત્રે તો, કહેછે કે "સાઠી" આવી કે ગમે એવો આસામી—સનદી યા બીનસનદી અમલદાર, અધિપતિ યા વેપારી, કારકુન યા ગુમાસ્તાની અક્કલ ગુમ થાય છે! નામદાર સરકાર પોતાનાં અમલદારોને ૫૫) વર્ષની ઉમરે રિટાયર કરેછે, પણ, મી૦ પટેલ, આ શું અજાયબીભરયું નથી કે સરકારે એવા રૈદ કરેલા અમલદારોને,

આપણું Urbs Prima in Indis અને બીજી સ્થાનિક સરકારો તથા રજવાડાઓ ઘણીકવાર, નોકરીએ લગાડેછે. વળી એમ પણ કહેવામાં આવેછે કે એ ખાતાંની તથા આપણી મ્યુનિસિપૅલિટિની નોકરીમાં ઇંગ્રેજ અમલદારો કદી પણ જૈફ થતા નથી. બીજી તાજુબીભરી વાત એ છે કે ખુદ સરકાર વટીક સાહઠીમાં દાખલ થઇ ચૂકેલાઓને ઑનરરી મૅજીસ્ત્રેટ નિમેછે.

"આ રૂકકો તમને મારા મૅનેજર મી૦ કુંવરજી કાવસજી પટેલ (મારા પ્રતિનિધિ તરીકે) નજર કરશે. કેવો વિચિત્ર સંજોગ! તમો, મારા પુરાના દોસ્તનું અને મારા મૅનેજરનું નામ બીલકુલ એકમળતું છે! મેં મારા મૅનેજર મી૦ પટેલને એ સબબે પોતાનું નામ ફેરવવા ઘણી વખ્તે કહયું પણ એવણ ધ્યાન ઉપર લેતા નથી. બને તો તમો એવણને એ માટે વિનવજો.

"ફરી એકવાર તમને આજનુ બેરતું સાલ મુબારક ઇચ્છતાં, ને "સાહઠીને બુધ્ધી નાઠી" ની ઉપમા સદા તમારેથી દુર રહે એવી દુવા ચાહતાં,

"વાહલા મી૦ પટેલ,

"હું છું,

"તમારો પુરાનો મિત્ર,

મેહરનોશજી મીનોચેહરજી માલેગામવાલા,

J. P. ઑન. મૅજીસ્ત્રેટ, ઇત્યાદી.

લ્યો, આ ડ્રાફ્ટ ના૦ ૬. મી. પટેલ, આ બે ડ્રાફ્ટો શીવશંકરને દેખાડો, ને તેવણને કહો કે એક કલાક પછી એ બન્ને મારી પાસે લઇ આવે. બાઇ-ધ-બાઇ, હવે પેલાઓને એક પછી એક અંદર બોલાવો; પણ પહેલાં મને કહો કે એ લોક કેવા છે?

પટેલ—સાહેબ, એક તો ગભ્રુ જવાન છે. ગોરો ગોરો દુધ જેવો! મ્હોરાંપર તો હોધ્પો, અરે, સોધ્યો—મુછનો બાલ નહીં મળે! ગવન

પહેરાવ્યું હોય તો નરી પેલી તમારી ગવનડરેસ ! જુઓ, ઇસ્ટાર્કીન, દગલીને સફેદ પાઘરી. નહીં કીયાટની જાત, કે આગો ઘટરાઠ! મેં કીયાટ માગીઓ તેઆરે ટગર ટગર ટીકવા લાગો ! બીજાએ, આય કીયાટ આપીઓ. એ હમણાની ફાહીનનો જુવાનીઓ દેખાય ! ફુંકવાનો ઇહટાક બી પાહે રાખે. મેં કેહયું જે જરા બેહવું પરહે, અરે બેસવું પરસે,— એટલે ઠાવો-હુકો થઇને, ટોપી-લાકરી પાસે મેળી, ફુંકાણું હરૂ કીધું !

ખા. સા.—ઠીક ત્યારે, એ તમારા ગબ્રુને પહેલ્લો બોલાવો. જુઓ, આજ-કાલનાં જુવાનીઆને વડાંઓની હાજરીમાં ડપ દઈને બેસી જવાની ટેવ હોયછે. એ બાબતમાં જરૂર પડવે કેમ વર્તવું તેનાં ઇન્સ્ટ્રક્શન્સ, એટલે, સુચના માટે જુવો પીનલ કોડ પાનું......અરે !—હું કહેવા જતો હતો, મી॰ પટેલ, કે તે વિશેની સુચના મેં તમને આપેલીછે.

પ્રકરણ ૬ ઠું.

ખા. સા. ની લાઇબ્રેરી. ખા. સા. એક રિકલાઇનિંગ ચૅરમાં લેટેલા છે. સામેની ખુરશીમાં સૅક્રેટરી ગોઠવાએલા છે. મૅનેજર મી॰ પટેલ એક જુવાનીઆને લઇ દાખલ થાયછે.

ખા સા.—તમારૂં નામ ?

જુવાનીઓ—સ સ સાહેબ, કેકીભાઇ નસલીભાઇ દેસાઇ.

ખા. સા.—ઉમર ?

જુવાનીઓ—બાવીસ વરસ સાહેબ......ઓ—ઓ—ઓ ! ખુરશી—!

ખા સા.—ગભરાવો ના, મી॰ કેકીભાઇ તમે એટીકેટ અથવા મૅનર્સથી બીલકુલ અજાણ્યા દિસોછો ! તમે ભૂલી જાઓછો કે તમે, હાલ, હિઝ મોસ્ટ પ્રેશીયસ મૅજેસ્ટિ કિંગ જયોર્જ ધી ફિફ્થનાં ડિરેક્ટ પ્રતિનિધિએ પોતાની મોહર, સિલ, સાંખ સાથની આપેલી સનદ ધરાવનાર એક ખાન સાહેબ, ઑાન. મૅજીસ્ટ્રેટ અને જસ્ટિસ ઑાફ ધી

પિસની હાજરીમાં ઉભેલા છે. તેની પરવાનગી વગર બેસવું, એ, કાયદાની ને એટીકેટની નજરે જોતાં ઉલટું છે તે માટે હું તમને પીનલ કોડ મુજબ વધતાંમાં વધતા દંડની સજા કરી શકું......જુવો, રામનારાયન વર્સસ ડીકસન કલેકટરઃ જેમાં મજકુર કલૅકટરે પોતાને સલામ નહીં કરવા માટે મજકુર છોકરાને ૬)' ફટકા બાંધીમાર અને રૂ. ૧૫) નાં દંડની સજા ફરમાવી હતી. તમે રજા વગર બેસવા જતા હતા તેથી મી૦ પટેલે તમને વધુ ગુનાહ કરતા અટકાવવા, એક હાથે ખુરશી ખેંચી લીધી ને બીજે હાથે, તમને પડી જતા બચાવવા, ટેકો આપીઓ. એવણુની આ સ્તુતિપાત્ર ચાલની આ કૅાર્ટ ઘણી ખુશી સાથે લાલ શાહીથી નોંધ લેછે, અને આશા રાખેછે કે આજનાં આ બનાવ ઉપરથી તમારા જેવા જુવાનીઆઓ કિંમતિ ધડો લેશે. ચાલો, કૅાર્ટનો કિંમતિ વખ્ત વધુ નહીં ગુમાવતાં આગલ વધશું. મી૦ મોરીસ, હું ધારૂં છું કે આ ' પ્રોસિડિંગ્સ ' ની નોંધ તમે લેતા હશો. મી૦ કેકીભઇ, તમે અંગ્રેજી ભણેલા છો કે ?

જવાબ—નહીં સાહેબ. મારા બાવાનો વિચાર મને મોબેદીનાં ધધામાં નાખવાનો હોવાથી મને ફકત ગુજરાતી પાંચ છ ચોપરી સિવાય વધુ કંઇપણ શીખવ્યું નહીં. હું દસ વરસનો થયો ત્યારે મારા બાવા ગુજર્યા. મારાં માયજીએ મને દફન-દમશેદ કરીને પોતાની કમઇમાંથી મારા બાવાનો નાવર કીધો. ૧૮ મે વરસે મારાં માયજીએ, મારાં માસિની દિકરી સાથે મને પનણાવીઆ, ને સ સ સાહેબ, આજે હું બે છોકરાંનો બાપ છેઉં.

ખા. સા.—હેં, ત્યારે તમે બી નાવર થયલા ખરા. હું બી મારા બપાવાનો નાવર થયલો; પણુ, મારા સાહેબ, નાહસાનુ શું પડયું હતું ! ૧૮ મે વર્ષ પરણીઆ ને ૨૨) મે વર્ષ બે આઉં આંઉ ! " ગામમાં પેસવાનાં સાંસા ને પટેલને ઘેર ઉના પાણી ! " આવક વગર તમને પરણવાને હકકજ શું હતો ? પીનલ કોડ, હું દિલગીર છું કે, એ વિશે કંઇ ફરમાવતો નથી, નહીંતર હું તમને સારી પેઠે ઝાટકી કાહડતે !. પારસીઓનું કુબાકુબ એમજ થાયછે તો ! પણ ચાલો, આગળ ચલાવો.

કેકીભઇ—સાહેબ, નાવર થયા પછી હું મોબેદીનાં ધંધામાં ઘણો હાડમાર થયો......

ખા. સા.—ત્યારે, તમને ઘુતમ-ઘાતમ કરતાં આવડતું નહીં હશે! પણ તમે એમ આકુળવ્યાકુળ કાં કરોછો ?

કેકીભઇ—સાહેબ, જ જ મારા જમણા પગ પર "ઘર" થયુંછ ને મારેથી ઉભું રહેવાતું નથી.

ખા. સા.—ઓ આઇ સિ ! મી૦ પટેલ, તોહમતદારને, અરે ! મી૦ કેકીભઈને ખુરશી આપો. પીનલ કોડની ૨૨) મી કલમ મુજબ હું એને બેસવાની રજા આપુંછું (સ્વગતઃ—એ પીનલ કોડ મરે પાછલી રાતે ! નખ્ખોદ ગયો તો જરા જરામાં મારી છાતિએ ધાઇ આવેછે !) આગલ ચાલો, મી૦ કેકીભઇ, તમારૂં કંઇ ટુંકું નામ છે કે ?

કેકીભઇ—સાહેબ, મને સાધારણ રીતે કેકુ કહેવામાં આવેછે. સાહેબ, મોબેદીનાં ધંધામાં ચિઠ્ઠીઓ વહેંચતાં, બૈરાઓ સાથે તેડાં કરવા જતાં, બેહદીનોને તાંદ બાજ-અફરગાન કરવા જતાં ને બરી બામદાદે મ્હોલ્લે મ્હોલ્લે ન્યાતનાં જમણની બાંગ મારતાં હું એવો તો કંટાલી ગીયો કે હું ટાલી કલાર્ક થયો. તાહર પછી થોડું-ઘણું સુથાર-કામ શીખ્યો ને સુથારનું કામ કરવા લાગો. પછી ઉંધરાણીદાર થયો, પણ તેમ કરતાં એક વખ્તે મેં મારા શેઠની રૂ. ૫૦૦) ની નોટ ગુમાવી દીધી ને ચોરીનાં ખોટા શક ઉપરથી મને મેજીસ્ત્રેટ આગલ ઉભો કરવામાં આયો, જહાંથી હું નસીબજોગે છુટી ગીયો. તાહર પછી સાહેબ, મેં ૬) મહીના મોટર ડ્રાઇવિંગનું લેસન લીધું.

ખા સા.—ને હું ધારૂંછું કે સાથેસાથે તમે થોડું-ઘણું અંગ્રેજી બી શીખ્યા હશો. આજ-કાલ તો દરેક ધંધામાં-કહો કે સુથાર, લુહવાર, મોચી, બાવરચી, શોફર, કારીગરથી છેક કારકુને ઇંગ્રેજી તો જાણવુંજ જોઇયે. તમારી સર્ટીફીકેટો તો ઠીક છે, પણ, તમે આટલી બધી હાડમારી ખમી, પોથા ને પોથા મ્હોડે ભરડી જઇને નાવર થયા ત્યારે, મારા સાહેબ, થોડું-ઘણું અંગ્રેજી ભરડતે તો આજે તમને કેવું કામ

આવતે ? ગરીબમાં ગરીબ માબાપની ફર્જ છે કે તેઓએ પોતાનાં બાળકોને, કંઇ નહીં તો પ્રાથમિક ઇંગ્રેજી કેળવણી આપવી, જે ચોકકસ ઉન્નતિની ચાવી છે. મી૦ કેકુ, તમને કોઇ મોબેદીનો ધંધો પાછો ચાલુ કરવા કહે તો તમે કરો ખરા કે ?

કેકુ—સાહેબ, હું કરૂં તો ખરો, પણ કહેજે અલાહીબાગનાં સુધારા સાથે આપણી હાલની એઠી "ન્યાતો" નો બી નાશ થશે, એટલે પછી બાંગીઓ માફકની મ્હોલ્લે મ્હોલ્લેની બાંગ બી નાબુદ થશે.

ખા. સા.—કપાલ તમારૂં ! એમ થતાં બીજા પચાસ વર્ષ જોઇશે ! એ તો પારસીઓ સુધરયા ને કુધરયા ! વારૂં મી૦ કેકુ, શોફરને તો અંગ્રેજી ડ્રૅસ પહેરવો પડે: તમને એ ડ્રૅસ ખોદાબક્ષ મળે તો તમે પહેરો ખરા કે ?

પટેલ—(કેકુનાં કાનમાં) ભોંઢી મરની કે, "હા." એમાં હું લુટઇ ગીયું ! આલા દહતુર હાએબ ધાલા કીહેજે ધરમ ને ડરેહને હંબંધ નહીં.

કેકુ—સ સ સાહેબ, હું એ બાબતસર વિચાર કરશ.

ખા. સા.--વૅરી ગુડ. પણ જુઓ, શોફરો જ્યારે પોતાનાં શેઠોને હંકારી લઇ જતા નથી ત્યારે એ લોકો શું કરેછે તે તમે જાણોછો? નહીં જાણતાં ? ત્યારે, એક બહુ અગત્યનો ગુણ—અવલોકન—તમારામાં ગેરહાજર છે. આ મી૦ પટેલ જેવા તમારા કરતાં મોટી ઉમરનાં માણસ તમને કહેશે કે, શેઠ વગર ગાડી હંકારતાં અથવા મોટર ઉભેલી હોય ત્યારે, શોફરો શું કરેછે ?

પટેલ—હું કરે ?--ફુંકાણું ! અરે, હાએબ, પોયરો હમજુ છે, અરે, છોકરો સમજુ છે. એ તો જેવો દેહ તેવો વેહ, ને. ....ને.. ...

ખા. સા.—બોલો બોલો, મી૦ પટેલ, "સોબત તેવી અસર." મી૦ કેકુ તમારે જો એક 'સ્માર્ટ' 'સ્ટાઇલીશ' શોફર થવું હોય તો તમને સિગરેટ પીવી પડશે. મારો વિચાર નામદાર સરકારને અરજ કરવાનો છે કે દરેક ધંધાદારી શોફરને પરવાનો આપતી વેળા તેઓ

અંગ્રેજી ડ્રેસ પહેરેછે કે નહીં અને 'સ્મોક' કરેછે કે નહીં તેની તપાસ લેવી. અંગ્રેજી ડ્રેસ અકસ્માત વેળા કુદી પડવામાં ઘણી સવળતા આપેછે. વળી, એક શોફરને ઘણીકવાર પોતાના શેઠની રાહ જોતાં કલાકનાં કલાક મોટરમાં આળસુ બેસી રહેવું પડેછે, તે વખ્તે, તે જો સિગરેટની સોબત નહીં સાંધે તો તરેહવાર ખરાબ ખ્યાલો તેનાં મનમાં ભમિને તેને ચોરી, લુચ્ચાઈ, દારૂ, કોકેન, છીંકણી, બદમાશી ઇત્યાદિ તરફ દોરવી જાય! એજ કારણે એક શોફરનો શેઠ મોટરમાં પાછી બેઠક લેતાં યા ઘરે જતાં જયારે પોતાનાં સિગરેટ કેસમાંથી બે ચાર સિગરેટ ગુમાયલી જુવે ત્યારે તે આંખવીંચામણા કરેછે—જેમ હું કહી ગયોછું તેમ, અમો ઑન. મેજીસ્ત્રેટો વારંવાર કરીએ છીએ. આપણને મી૦ કેકુ, આ દુનિયામાં જેટલી મુવેલાં તરફ તેટલી જીવતાં તરફ ફર્જ અદા કરવાની છે. હું મારા બપાવાનો નાવર થયલો-મારા બાવાનો નહીં—છતાં હું એકલે હાથે એ બન્ને માનવંત મરહુમો તરફની ફર્જ, સુફેદ સાહયો પહેરીઆ વિના, અદા કરતો રહયોછું, તેમજ મારાં કુટુંબ તરફ, મારા દેશ તરફ, મારા રાજકર્તા તરફ મારે ફરજો અદા કરવાની હોવાથી, મેં લેબાસ, રીતભાત, ખાની-પીની ઇત્યાદિનાં બાબમાં તરેહવાર ભોગો આપ્યા છે. તમો, આજે, તમારી સામે એક અથોરનાન નાવર નહીં, પણ, એ ભોગોનું ભેગું મિશ્રણ તમારી બેઠેલું જુવોછો. ચાલો, મી૦ કેકુ, હવે મારી ટર્મસ સાંભળો: માસિક પગાર રૂ. ૨૫) જે ૬) માસ પછી રૂ. ૫) નાં માસિક વધારાથી રૂ. ૪૦) સુધી વધશે. ખાવા-રહેવાનું, ધોબી, હજામત, બુટ-મોજાંથી તે માથાંની ટોપી સુધી સઘળું ફ્રિ. જો તમારે કબુલ હોય, ને અંગ્રેજી ડ્રેસ પહેરવાને તમને વાંધો ન હોય તો મને ત્રણ દિવસમાં જવાબ આપજો, નહીં તો હું બીજા માણસને રાખી લઇશ. વળી તમે દિનદાર છો, મી૦ કેકુ, તેથી ગમે તો તમારી સુફેદ પાઘડી મોટરનાં એક ખુણામાં મેળી છાંડજો—આતશબેહરામ અગયારી આવે ત્યારે ઝટ દઇને મોટર ઉભી રાખી, તમારી ટોપીની જગાએ પટ દઇને સુફેદ પાઘડી સેરવી દેજો, ને બે હાથ જોડી નમસકાર કરજો, ને પા માઇલ ને ત્રીસ કદમ મોટર દુર જાય ત્યારે ગોળ ટોપી ને સિગરેટ પાછી અખત્યાર કરજો.

તેમાં કંઈ વાંધા જેવું નથી. તમારા ચેહરા ઉપરથી હું જોઉંછું, કે તમે એમ સમજોછો કે હું તમારી ઠઠ્ઠા કરૂંછું પણ નહીં, પીનલ કોડ એ બાબત પર તદ્દન 'કલીયર' છે; હું પણ એમજ કરૂંછું; ફરક એટલોજ કે સુફેદ પાઘડીને બદલે હું કાલી પાઘડી સેરવી દઉંછું, કેમકે, મારૂં શિર–તાજ કાલી પાઘડી છે. મી૦ પટેલ, તોહમતદારને અરે, મી૦ કેકુને વિદાય કરો; જરા મેજ–પાણી બી કરાવજો. સાહેબજી. તનદરોસ્તી, પરવરદેગાર કુલે આલમનું ને સાથે સાથે જરથોસ્તીઓનું ભલું કરો ......અહ્લો ! કોણ—શીવશંકર ! આવો આવો, અંદર આવો (ઘડિયાલ ખેંચી) હું માત્ર દસજ મીનીટ તમને આપી શકીશ. બોલો, શું છે ?

શીવશંકર—મેહરબાની સાહેબ. આ લો પત્ર લાવ્યોછું.

ખા. સા.—પત્ર ! ઓ આઇ સિ—પેલો ડ્રાફ્ટ. બેસો, બેસો, મી૦ શીવશંકર ને એ ડ્રાફ્ટ વાંચો. હું પરમેશ્વરનો પાડ માનુંછું કે ગુજરાતી ભાષાની અમારી મારા–મારનાં આવા બારિક અઈયામે, આઇ મીન, બિકટ વખ્તે, પરમાત્માએ તમારા જેવા એક પ્રવિણ મેહતાજીનાં પગલાં અમારે ત્યાં દોરવયાંછ......

શીવશંકર—ક્ષમા સાહેબ, "દોરવ્યાં છે."

ખા. સા.—યસ યસ, "દોરવ્યાં છે." મી૦ શીવશંકર, હું એક રીતે ખુશી છું કે તમે અંગ્રેજી જાણતા નથી, અને હું તમને સલાહ આપુંછું કે તમે અંગ્રેજી ભણો ત્યારે ઠેકાણે ઠેકાણે અને વિના કારણે—અમો પારસીઓ કર્યે છિયે તેમ—અંગ્રેજી બોલોનો ઉપયોગ કરતા રખે.

શીવશંકર—આપનું બોલવું ખરૂં છે સાહેબ, પણ હીંદુ ભાઇઓ એ બાબતમાં કયાં પછાત છે ? તેઓ તો પારસી ભાઈઓ કરતાં એ પ્રત્યે વધુ છુટ લેછે. ભખાનમાં ઇંગ્રેજી બોલો તો શું પણ મારા જેવા અભણ સાથની વાતચિતમાં પણ તેઓ ઇંગ્રેજી બોલો અને વાકયો ઉકમાઇથી અને આપં–વડાઇથી ઠેસવી દેછે. એક હીંદુ લખનાર પારસી–ગુજરાતી લેખકો માટે ભખાન કરેછે અને તેઓની ખામીઓ શોધેછે

ત્યારે બીન અચકવે પોતાની તે નૂકતેચીનીમાં ઠેકાણે ઠેકાણે, પોતાનું અંગ્રેજીનું ભંડોળ જણાવવા, ઇંગ્રેજી બોલોનો એવો પ્રસાર તે કરી મેળે છે કે પારસી ભાઇઓની ખામીઓ કરતાં ખુદ પોતાની આ ખામી તરફ તે વધુ ધ્યાન ખેંચેછે.

ખા. સા.—ખરૂં છે, ખરૂં છે, મી૦ શીવશંકર. તમારો ડ્રાફ્ટ હવે વાંચશો.

શીવશંકર—જેવો હુકમ.

"પ્રિય મી૦ પટેલ,

આજે એટલે તા૦ ૧ લી એપ્રીલ ૧૯૧૩ ના દિવસે તમારી વર્ષગાંઠનો શુભ પ્રસંગ હોઇને હું તમને અંતઃકરણ પૂર્વક અભિનંદન ઇચ્છુંછું. એટલું છતાં મને શોક થાય છે કે તમો કદાચિત આજે "ફુલ્સ ડે" હોવાથી એમ માની લો કે હું તમને ફુલ (મૂર્ખ) બનાવવા ઇચ્છુંછું. મને પોતાનેજ પરમાત્માએ બનાવેલો વા પેદા કરેલો છે તેમજ માનસિક રચનાના સર્વ હક આદિ તે મહાન કિર્તીવંત કિરતારના એકલાનાજ હસ્તકમાં હોઇ, કોઇને પણ હું "બનાવવાનો" પ્રયત્ન કરતો નથી.

"આજના શુભ દિવસે તમો ૫૯ મું પૂર્ણ કરી સાઠીમાં પ્રવેશ કરશો, પણ તેથી કાંઇ એમ ઠરતું નથી કે "સાઠી ને બુદ્ધિ નાઠી" એ ઉકિત તમારા વિષયમાં પણ સત્ય નીવડે. હું વિલાયતમાં હતો ત્યારે મરહૂમ લૉર્ડ સૉલ્સબરીએ એક વેળા મને કહયું હતું કે અમારી રૂતુમાં "સાઠી ને બુદ્ધિ નાઠી" જેવું કશું છેજ નહીં. અહીં તો અમારા લોકોની વયની વૃદ્ધિ સાથે બુદ્ધિમાં વધારો થાયછે.

"વ્હાલા મી૦ પટેલ, આપણા આ હિણભાગી દેશમાં તો તેથી સાવ ઉલટુંજ દ્રષ્ટિએ આવે છે. અત્રે તો, કહે છે કે, "સાઠી" ના આગમન સાથેજ ગમે તે વ્યકિત-સનંદી વા બીન સનંદી અમલદાર, અધિપતી, વ્યાપારી વા નોકર—ની અકકલ અદ્રશ્ય થાયછે. ના—સરકાર પોતાના અમલદારોને ૫૫ વર્ષની વયે વાનપ્રસ્થ થવા આજ્ઞા આપેછે પરંતુ, પ્રિય મી૦ પટેલ, એ શું આશ્ચર્યકારક નથી કે સરકારે એ પ્રમાણે

પદચ્યુત કરેલા અમલદારોને આપણું. Urbs prima in Indis તેમજ અન્ય સ્થાનીક સરકારો તથા રજવાડાઓ વારંવાર નોકરીએ લગાડેછે; વળી એમ પણ કહેવામાં આવે છે કે એ ખાતાંની નોકરીમાંના આંગ્લ અમલદારો તો કદી વૃદ્ધ થતાજ નથી. બીજી આશ્ચર્યમાં ગરકાવ કરનારી વાત એ છે કે સ્વતઃ સરકાર સુધ્ધાં "સાઠીમાં" પ્રવેશેલાઓને માનાધિકારી ન્યાયાધિશોની પદવી પ્રદાન કરેછે.

"આ પત્ર તમને મારા મૅનેજર મી૦ કુંવરજી કાવસજી પટેલ (મારા પ્રતિનિધિ તરીકે) નજર કરશે. કેવો વિચિત્ર સંયોગ ! ! તમો મારા પુરાણા મિત્રનું તથા મારા મૅનેજરનું નામ બીલકુલ એકસરખું છે. મેં મારા મૅનેજર મી૦ પટેલને એજ કારણોને અનુલક્ષી પોતાનું અભિધાન બદલવા ઘણી વખત સૂચવ્યું પરંતુ એ લક્ષમાં લેતા નથી; પદિ બની શકે તો તમો એમને તે માટે વિનવશો.

"પુનઃ એકવાર તમને આજનું નૂતન વર્ષ કલ્યાણકારી ઇચ્છતાં ને "સાઠી ને બુદ્ધિ નાઠી" ની ઉક્તિ સદા તમારાથી વેગળી રહો એવી શુભેચ્છા દર્શાવતાં પ્રિય મી૦ પટેલ,

"હું છું, તમારો પુરાનો મિત્ર,

... ...

"ખાન સાહેબ, J. P., ઑનર. મૅજીસ્ટ્રેટ, ઇત્યાદિ."

પટેલ—સાહેબ, એ લખાન તો કંઇ આપરા ધ્યાનમે ઉતરે નહીં ! આજે હવારે, અરે, સવારે—અલીભઇ હોરાનો કીયાટ, અરે, કારઅડ આવેલો તેની ઇબારત મને તો ઘણી સારી લાગે. ફરમાવો તો વાંચું, સાહેબ—[ખા. સા. ચૂપ રહેવાથી વાંચેછેઃ]—

"નેક નામદાર ખા. સા. સેઠ માલેગામવાલા જોગ-લી૦ અલીભાઇ મમદઅલીનાં શલામ ખુશીસે કબુલ કરશોજી. બાદ ગેઇ કાલે અમો આવા હતા પન બીજા મીનીસીપારનાં ઇનસપેકતર આવા હના, તેસી મારાસી કંઈ વાત થઇ નઇ. સેટજી, આવતી કાલે મારાં માતાજીના તરમાસી છે, ઇટલે મને પૈસાની બઉ અગત છે, તે વાસતે તમો મારા માતપીતા છો, હર વખતે તમોએ મારૂં સરવે કામમાં મદદ આપીછ, ને આપસો. આપના ઘરેસી કોઇ વખતે નાઉમેદ થઇને ગઓ નથી. આજે સાંજના

અમો આવસું માટે જરૂર મારા ગરીબ પર આપ મેરબાની રખોછો તેસી બી વધારે રાખજો. બશ હાલ એજ અરજ છે તે કબુલ કરજો. ને હાલ જેવી મેરબાની પીછેસી બી રાખજો."

બા. સા.—નૉનસન્સ ! મી૰ પટેલ, એ તમારો કાર્ડ તમેજ ઉકાલીને પીઓ ! મી૰ શીવશંકર મને જરા દમ ખાવા દો. મને એવું લાગેછે કે જાણે હું ચાર વર્ષનો રમતો બુચો છું ને મેં મોટો જેવો ચણાનો ફાકો મ્હોમાં ભરીઓ છે. એ ચણાની ગોટીઓ ઝીણી તો છે, પણ એ સઘળાને ચાવીને બારીક લોટ કરીઆ વિના હું ગળી જાઉં તો મને અજીરણ વિકાર થાય, સમજ પડીની ! મારા બપાવાનાં રૂહ !! જયારે પારસી ભાઇઓ એક હદે ધસેછે ત્યારે હિંદુ ભાઇઓ બીજી હદે ધાય છે ! શીવશંકરભાઇ, એ મુશકેલી ટાળવાનો સાદો માર્ગ એજ છે કે હિંદુ ને પારસી સાક્ષરોની એક કમિટિએ સાદી, સરળ, સુંદર અને સુભાષીત, વ્હેવારૂ અને વિવેકી ગુજરાતી ભાષા કેવી હોવી જોઇએ તે, લિપિનાં અને બીજા જરૂરી લેખીત કાનુનો સહીત, નકકી કરવું જોઇએ. લિપિનું ધારણ ચોકકસ થયલું ન હોવાથી અને ગુજરાતી બારાખડી સુભાગ્યે બહુજ સંપુર્ણ ઉચ્ચાર રૂપ હોવાથી તરેહવાર લખનાર તરેહવાર રીતે તેને હાથ ધરેછે. અમો પારસી ભાઇઓને ગુજરાતી ભાષા સુધારતાં જોઇ તથા ફારસી ભાષાની આમદથી તેને રસિક બનાવતાં જોઇ, તેઓની ઉપર માત્ર પોતાની સરસાઇ જાળવી રાખવા કાજે, કેટલાક હિંદુભાઇઓ આજ ગુરૂપદ લઇ—જડબાં-ભાગુ, ડાચાં-તાણુ સંસકૃત ગુજરાતી ભાષાનો ઉપયોગ કરી પોતાને તથા અમને વધુ ગુચવાડામાં નાખેછે ! પણ હવે મારી મૅજીસટેરિયલ નજરે એ બાબનને એક મીનીટ જોવી પડશે. મારા સૅક્રેટરીનો મત આ તમારા ખર્ડા ઉપર લેવાની મને કેવળ જરૂર નથી, કારણ, તમો એ ખર્ડો વાંચતા હતા ત્યારે એવણ ગુંફતા હતા—એવણને તે લાટીન ને ગ્રીક જેવું લાગીયું હશે ! મી૰ પટેલ તો, હજુ ઇંગ્રેજી નો રહી પણ ગુજરાતી ઝોળકડીમાં ઝોકા ખાયછે ! એવણની નાવ ભર દરિયે "નાના બાલ્યાની હોડી" મીસાલ આમતેમ ડોળે છે, તેથી પીનલ કોડની મુજબ એમનો મત મારા ભોણ્યા ઘોડાવાલાનાં મત જેટલોજ વજનદાર ગણાય ! તમારો મત, મી૰ શીવશંકર, એ

પ્રત્યે વજનદાર ન ગણાય: તમો હિંદુ હોવાથી ને આ ખરડો તમોએ ઘડેલો હોવાથી, સ્વભાવીક રીતે તમે તેની તરફેણમાં મત આપો. તમારો એ ખરડો, મી૦ શીવશંકર, જો હું મારા હરિફ મી૦ પટેલ ઉપર મોકલું તો તેનો ભાવાર્થ તે બીલકુલ સમજે નહીં અને મારી ધારણા કે વાત નિષ્ફળ નિવડે. તેટલા વાસ્તે હું ઠરાવું છું કે—

ખરડો ના૦ ૧ રદ્દી કાગલની બાસ્કેટને લાયક હોવાથી અને મારા સૅક્રેટરીની લાગણી ન દુખાય એવા હેતુથી, મારા મૅનેજર મી૦ કુંવરજી કાવસજી પટેલે તેને, કોઇ ન જુએ તેમ, એજનદારનાં આધરગાન્યાં સ્વાધીન કરવો.

ખરડો ના૦ ૩ મેં ઉપર જણાવ્યા મુજબ ચાવી ચાવીને મારે ખાવો પડશે, એટલે તે માહેલા ડાચાં–તાણ બોલોનો મારે ફુરસદે અભિયાસ કરવો પડશે, માટે મારા સૅક્રેટરીએ હાલ તુરત તે પોતાને હસ્તક લેવો.

ખરડો ના૦ ૨ જે મેં પોતે લખ્યો છે તેની એક સાફ નકલ મારા ગ્રૅડયુએટ સૅક્રેટરી કરી શકે એમ નથી, જો કે, તે કામ તેવણનું પોતાનું છે; માટે, તે નકલ મી૦ શીવશંકરે કરવી. મી૦ શીવશંકરની આ મહેનતનો બદલો વાળવાને મારા સૅક્રેટરી બંધાયલા છે માટે પીનલ કોડની ૧૦૧૦૮ મી કલમ મુજબ હું ફરમાવું છું કે મારા સૅક્રેટરીએ પોતાની આ ખામી (Disability) માટે પોતાનો એક દિવસનો પગાર મી૦ શીવશંકરને કાપી આપવો. મી૦ પટેલે એ ડ્રાફટ આવતી પરમદિને મારા ફરમાવ્યા મુજબ પોતાનાં નામરાસિયાને ત્યાં લઇ જવો.

ચાલો મી૦ પટેલ, પેલા બીજા બંધવા, અરે, શોફરને—હાજર કરો.

પ્રકરણ ૭ મું

ખા. સા—સાહેબ, તમારૂં નામ ? ઓ આપ સિ—તમારો કાર્ડ મારી પાસે છે: દિનશાહ પેસ્તનજી લીંબુવાલા. તમો 'યસ સર' બોલો છો તે ઉપરથી હું જોઇ શકુંછું કે તમે ઇંગ્રેજી જાણોછો, ને તમને ઇંગ્રેજી બોલવાની ટેવ છે. તમારા હોઠ ઉપરથી હું જોઉંછું કે તમે 'સ્મોક'

કરોછો. તમારી આંખો ઉપરથી હું પીછાનુંછું કે તમને "બબ્બા" ઉપર પ્રિતિ છે......શરમાવો ના, એ તો શોફરની નોકરીને અનુસરતું છે. એક ચંચલ શોફર તરીકે, તમો મનમાં તમને નોકરી લગાડનારા શેઠોની ઠેકડી કરતા હશો કે, "તમારી ચાવી અમારા હાથમાં છે—તમારી ઘણીક છુપી વાતો—તમારી સુધરેલી નબળાઇઓ અને બીગડેલી સુધરાઇઓ અમારાં નખમાં રમી રહીછે-ટુંકમાં-હેં લાલાજી તમારી આંટ અમારા ખીસામાં છે—અમો તમારામાંનાં ઘણાંક નર તથા નારીને ચાહીએ એમ ઉઠ-બેસ કરાવી શકયે—મોટર ચલાવતી વેળા અમારી આગલી આંખો જયારે રાહદારીઓને જુવેછે ત્યારે પાછલી આંખો રૂપેરી ચાંદરણીનાં તમારા ચાળા નિહાળેછે"......કેમ ખરૂંની મી૦ લીંબુવાલા? તમો થોડું-ઘણું ઇંગ્રેજી ભણેલા છો ને એમ સમજતા દિસોછો કે એક શોફર માટે તે અવશ્યનું છે પણ એક બીનકુશળ ઇંગ્રેજી ભણેલા શોફર કરતાં ઇંગ્રેજીથી અજાણ પણ કુશળ શોફરને હું ખચ્ચીત વધુ પસંદ કરૂં. આજકાલ આપણા લોકો ઇંગ્રેજીનીજ પછવાડે દિવાના થઇ ગયા છે! એમ તો આ મી૦ પટેલ ઇંગ્રેજીનો એક હરફ જાણતા નથી, છતાં એક નમુનેદાર નોકર નિવડયા છે. 'બૉધર યોર મૅત્રીકયુલેશન!' એમ તો મારો મદ્રાસી 'બારબર' બી ઇંગ્લીશ બોલેછે! તમારી હૅબીટ્સ ખર્ચાળ ઘણી દિસેછે, મી૦ લીંબુવાલા!! તમારા બાવા તમને શોફર બનાવવાના હતા ત્યારે ઇંગ્રેજી શીખવવામાં તમારો વખ્ત શું કામ બરબાદ કર્યો? શું.....? કુંવારા છો? મારા સાહેબ, સાબુનાં ઝાડ જેવા વધી ગયા, ખાસ્સી ૩૦) વર્ષની તમારી ઉમર લાગે છે, ને હજુ, કુંવારા!! જયારે હું ૧૮ વર્ષનો હતો ત્યારે રૂ. ૨૦ નાં પગાર ઉપર પરણેલો ને રૂ. ૫૦ કમાતાં પાંચ છોકરાંનો બાપ થઇને પરવારી ગયલો! જેમાંનાં બે ખોદા રાખે હૈયાત છે ને ત્રણ તરફ મારા બેજનદારૂની મદદથી હું મારી ધાર્મિક ફર્જો, મારાં અંતકરણ મુજબ, અદા કરતો આવ્યોછું.........કંઇ નહીં—કંઇ નહીં, મી૦ પટેલ—મારી પાસે રૂમાલ છે, તમે તકલીફ ના લ્યો.

પટેલ—સાહેબ, ખોદાતાલાએ તમારી દાદ લીધી ને બીજાં બે મોકલી આપેલાં. પરવરદેગાર જેવો બેલી છે તો એ બેનાં બાવીસ થશે.

આ. સા.—છટ નૉનસન્સ, મી૦ પટેલ, હવે એ છે તેજ ઠીક છે. જમાનો જોતાં વધારેમાં શોભા નહીં. આજે તો બે બાવીસની, ને ચાર ચાલીસની ગરજ સારે છે, સમજ પડી? મી૰ લીંબુવાલા, તમારી આગલી નોકરી, આબરૂ વગેરેની કંઈ સાદ્દત આપી શકશો? ફિકર નહીં, ફિકર નહીં—ગુજરાતીમાંજ બોલો, માદર ભાષા ભૂલી જવી ને પોતાની માદરને ભૂલી જવી એ સરખુંજ છે, સમજ પડી? બાપ બૈરી ઉપર બૈરી કરે તેથી સાવકી માતાની પક્ષનાં થઇ જવું જોઇયે નહીં, સમજ પડી! ઇંગ્રેજી ભાષા પારસીઓની સાવકી માતા છે. શું કહો છો? બોલો, બોલો... ..“ત્યારે, આપણે માદર ઝબાન ફારસીને કેમ વિસારી મેળી?”......મારા સાહેબ ભણ્યા પણ ગણ્યા નહીં! ‘ફૉર ધ કલીયર રિઝન ધૅટ,’ અરે, કારણ કે—જાદવરાણાએ તેમ કરવાને આપણને ફર્જ પાડી, પણ તેથી કંઇ એમ ઠરતું નથી કે હવે ઇંગ્રેજી રાજયમાં સૅકંડ લૅંગ્વેજ તરીકે કંઇ નહીં તો આપણે ફારસી ભાષા ધારણ ન કરવી. શું બોલયા?......તમારી સૅકંડ લૅંગ્વેજ બી ફ્રૅંચ છે? ત્યારે એમ બી ને એમ બી ફ્રાન્સ જઇનેજ કાં નહીં શોફર થના!! મૅત્રીક સુધીનું ફ્રેંચ શીખ્યા તેમાં શું તમારો દિવસ ઉંધડીઓ! ધોબીનાં કુતરા નહીં ઘેરનાં કે નહીં ઘાતનાં!! ચિલ્ડો ચહડાવો ના—એ કહેવત હું બોલયો તેથી કંઈ તમે “કુતરા” ઠરતા નથી!

જવાબ—સાહેબ, મારા બાવા સારી નોકરીએ હોવાથી મને ધીક્કા-પાટુએ મૅત્રીક કીધો, તેવણનો વિચાર મને ડાકટર કે બૅરીસ્ટર કરવાનો ઉતો, પણ તેટલાં તો તેવણ આય ફાની જહાનમાંથી વાસો ઉઠાવી ગીયા——

આ. સા.—ને તમે “બાવા નાહે ને તાપે” જેવા રહી ગયા! ખરૂંની? “આસ્તા વણીઆ, બાસ્તા વણીઆ” ને પછી શોફર થયા! હું ધારૂંછું કે તમે બૅરીસ્ટર યા ડાકટર નહીં થયા તે ઠીકજ થયું. હું ઘણીકવાર વિચાર કરૂંછું કે વધુ ઠાવકો ને ઘાતકી કોણ?—વકીલ યા ડાકટર? પણ, એ બાબતનો નીર્ણય હું આજની ઘડી સુધી કરી શકયો નથી. મેં મારો ચૂકાદો મુળતવી રાખયો છે. મી૦ લીંબુવાલા, તમે કહોછો કે તમારા બાવાજીનાં મરણ બાદ તમે ધંધા-ચાપા વગર રખડીઆ

કીધા ને જેમતેમ ' શોફર ' થયા, ત્યારે આ બધો અપ-ટુ-ડેટ ડ્રેસ ને સ્ટાઇલ તમે કેમ અખત્યાર કીધાં? કંઇ—હાથે બીજો હુનર બી ખરો કે?

જવાબ—સાહેબ, હું સાઇકલીંગ જાણુંછું.

પટેલ—(કાનમાં) આનરી માજીસ્ટર ' હાઇકલ ' વાસતે નહીં પૂછે: કંઇ હાથે મુકેલું પગે સાફ કરો ખરા કે?

ખા. સા.—ગુસ્સે થાવો ના મી૦ લીંબુવાલા. મારા બપાવા બહેસ્તી બોલતા ' તા કે નોકરી માંગવા જવી, એ, નાક કાપીને ગજવામાં મેળવા બરાબર છે,—તેથી તો મેં પણ નફ્ટ નોકરીને ઠોકરે મારી રૂનાં ધંધામાં ઝીપલાવ્યું. મારા સાહેબ, તમે બાવળની ગાંઠ જેવા છો, મૅત્રીક થયલા છો—જાઓ, દેશાતણુ કરો. કંઇ ધંધો-ધાપો કરો. વૉલંટીઅર થાવો—શોફર થઇ નીકળ્યા તેમાં શું વાઘ માર્યો! મી૦ લીંબુવાલા, તમારી આગમચ એક ઉમેદવાર આવી ગયોછે તે જો ત્રણ દિવસમાં મારી નોકરીમાં જોડાશે નહીં તો હું તમને ૬ મહીના ' પ્રોબેશન ' ઉપર રાખીશ. મી૦ મોરીસ, જરા ફુરસદે મી૦ રાણીનાનાં શબ્દકોષમાં જોજોની કે ' પ્રોબેશન ' નો ગુજરાતી બોલ શું છે?......આવજો બાવા, આવજો, ખોદા તમારો નિગેહબાન થાય ને તમારી રોજી-રજખમાં બરકત આપે; મી૦ પટેલ, એવણુને રસ્તો દેખાડો.

પ્રકરણ ૮ મું.

ખા. સા. નાસ્તા ઉપરથી તુર્તનાજ ફારેગ થઇ પોતાનાં પ્રાઇવેટ રૂમમાં કંઈ ખાનગી કાગળો વાંચવામાં રોકાયલા છે, અને મૅનેજર મી૦ પટેલ આવી તેવણુને ખલલ કરેછે.

પટેલ—સાહેબ, કોઇ પારસી મળવા આવેલા. નામ આપવા ના કહે. કહેજે " તારા સેઠ મને ઓરખે.....મોટા સેઠ લાયોછ......એવા તો ઘણા સેઠ જોયાછ......જા-કહે કે આદરજી આયાછ,"—પણ સાહેબ ભરકો કેમ? એને ઓરખો ખરા કે? મને તો કંઇ ઠીક લાગતો નથી

મોટા મોટા ગુચ્છા—પાધરી તો નહીં . બોલયાનાં નવ ગુણ! કંઈ મતલબથી આવેલો લાગે. જરા હમાલીને કામ લેઓ તો સારૂં લાઇબરીમાં બોલાવું ?

ખા. સા.—નહીં . .હા.....હા...,. નહીં....હા...નહીં......હા બોલાવ ...ના બોલાવ.......કહે કે, શેઠ ઘેરમાં નથી......ઉભા રહો, ઉભા રહો, પટેલ——એ તો પેલો રાસ્કલ આદર છે......આજે ના કહેવશ, અરે, કહીશ—તો કાલે પાછો આવશે !......એની મુલાકાત તો હું ધારૂંછું કે મારે લેવીજ પડશે. લાંબો વખ્ત દિસયો નહીં એટલે મેં ધારયું કે કેંહે અટવાઇ ગયો હશે ! !......એને અહીં તેડી લાવો, પટેલ, ને એ પીડા પટે ત્યાંસુધી કોઇને અંદર આવવા ના દેતા. તમે નજદીકમાંજ રહેજો ને 'બૅલ' સાંભળો તેવા અંદર આવજો. વળી કસારીનાં કાન કરી બધું સાંભળતા ના. એ ત્રણ વાર એમ કરતાં તમે પકડાઇ ગયલા તેની યાદ રાખજો !

[પટેલ વિદાય—આદરજી દાખલ]

આદર—કેમ, નાદર—કેમ છે ?

ખા. સા.—મી૦ આદરજી, જરા રીતથી વર્તો. "નાદર" કોણ ! મારૂં નામ કંઇ નાદર નથી.

આદર—અરે હવે બેસી રહેની ! જાણ્યું તું મોટો શેઠયો થઇ નીકરયોચ તે ! સો સાબુએ ધોઇએ પણ સીધીભઇ કારા તે કારા ! ! એમ જુના દોસ્તને વિસરી જવામાં તે કંઇ શેઠઇ ગણાય કે ? સુરતમાં પરયો પરયો હું કોઇ ખા. સા. માલેગામવાલા વિસે નુસમાં વાંચતો'તો, તે તો દેખું તું નીકરી આયો ! ! આજથી પચ્ચીસ વરસની વાત પર આદર ને નાદર જાની દોસ્ત ગણાતા'તા, ને આજે આદરને નાદર પીછાનતો નથી, પણ, આદર કંઇ એવો બેવફા નથી ! નાદર આદરને ભૂલસે પણ આદર નાદરને કેમ ભૂલવાનો છે ? નાદરની ચાવિ આદરનાં હાથમાં છે ! નાદર કહેજે ત્રણ વખત નાદાર થયોછ પણ આદરે તો, જો બચ્ચા ઘણું બી કીધું, પણ નાદારીને દુરની દુર રાખીચ.

ખા. સા.—પણ આદર, હવે તું કહેછ શું ?

આદર—વરી સું કહે ? તેટલું તું સમજતો નહીં ? તારી મદદ લેવા આયોછ તે તુંને આપવીજ પરસે. હાથ તો એવા ચલેછ કે કંઇ નવું-જુનુ કરી નાખું. પણ, કંઇ સુઝ પરતું નહીં !

ખા. સા.—કોઇ પર અજમાવતો કાં નહીં? 'વ્હાય નૉટ'? બાકી જેવો છે, ને એ બાજી ખેલી બી ચૂકયોછ !

આદર—હા દોસ્ત, પાંચ વખ્ત એ બાજી અજમાવી—બે વખ્ત મારી માગવી પરી, બે વખ્ત દંડાયો—ને એક વખ્ત ઝીલઇ ગીયો તે એવો કે છ મહીના તુરંગ ખાટલાની દોસ્તી કીધી ! જોની દોસ્ત, હવે તો વાખા ઘણા પરેચ, ને હારકાં બી જરા હરામ થયાંચ એટલે ઘણી મહેનત થતી નથી વરી હરીફઇ વધીચ—જમાનો બદલાયોચ—માણુસો જેમ જલદી ભુઢાં થઇ જાયચ તેમ ઢતીંગો બી થઇ જાયચ !! આજે એક નવું ઢતીંગ કાહરયું તો પાંચ દહારામાં પોચ્ચું-પચક પરીને છઠે દહારે તો બીલકુલ નદારદ થઇ જાયચ ! ! છેલ્લો દાવ નાટકનો અજમાવ્યો; પછી ધરમને બહાણે ધરમાદા ખેલની ટીકીટો વેચવાનો અજમાવ્યો; પછી 'ગેટ-કીપર' ને 'ડોર-કિપર' થયો; નાટકનો 'ઑરડર કિપર' થઇ "એઇઇ માઆઆઆરવાડીઇઇ બેસીઈઇ જા"—"એએએ મુસલમાન બીડી મત પીઓ" બાંગ પૂકારી તો ફેફસાં પોચ્ચાં પરયાં ને ડાકટરી સલ્લાહે ધંધો છોરી દેવો પરયો; તાહર પછી નાટકોમાં બેસી હરિફ મિટીંગોમાં જઇ ભંગાણ પારયાં એટલે નાપાક પોલીસની આંખમાં મરચાં વટાયાં; એ લોકનું બી ખોદા સું ભલું કરસે ! જરા બે ધરીની મોજ ને બે પૈસા કમાવાના : પણ ખેર! દોસ્ત, હવે તો કંઈ નવું સુઝ પારે તો ઠીક———

ખા. સા.—જોની દોસ્ત, સુઝાડું ને ફર સુઝાડું ! કહે તો તારૂં આખું અંગ સુઝાડી મુકું, પણ.....પણ... ..

આદર—પણ સું ? તું "બિરાદર" "બિરાદર" કરેચ ને બિરાદરનું કામ 'કમીશન' વગર કોઇ દહારો બજાવતો નથી ! મિલમાં તીસ રૂપિયાની ફીટરની ચાકરી તેં મને અપાવી તારે રૂ. ૧૫૦) તેં ખાધા ! રાલીની આફીસમાં રૂ. ૬૦) એ 'કૉટન' પર રખાવ્યો તાહરે તણ

મહીનાનો પગાર ખાધો ! ! બજાર-સપલાઈનું કનટ્રાક અપાવ્યું તાહરે ૪) મહીના તારે તાંહનું બજાર 'ફ્રિ' સપલાઇ કરાવ્યું ! ! ! જો બિરાદર નાદર, આપરે બેઉ ગરીબ માય બાપનાં દિકરા, તેં જરા પાટી પર ધુર વધારે નાખી ને જરા ચબરાક પરયો એટલે કુદકે ને ભુસકે આગલ વધ્યો-હું બુઠ્ઠા ચોર પરયો એટલે આસ્તા વરયા, બાસ્તા વરયા ને સોલસે વેપાર કીધા, પણ અન્ન પાણીનાં વાંધા પરયા ને આખર ઝોલ્લી ઝુંડા લીધા ! છેલ્લાં છેલ્લાં શેહાદી-આબાદીનો રંગબી જમાવ્યો ને હાથની-ધરતીબી બિચારી ભૂખે મરેછ હવે તું મારો ખરો બિરાદર છે કે નહીં તેની કસોટી મને કરી જોવાની છે

ખા સા.—અલબત અલબત. પણ બિરાદર, તું એક વાતમાં સજજડ ગોતું ખાતો દિસેછે ! આ મારા અપ-ટુ-ડેટ રહેવાસ ઉપરથી તું માની લેછે કે હું ફુટયાંમાં આલોટુંછું પણ તું પોતે ભુલમાં ગોલાંટ ખાયછે ! સેવક પોતે બી પોતાની wits ઉપરજ જીવેછે... ..wits નહીં સમજતો .....'તર્ક બુધ્ધી' 'તર્ક બુધ્ધી'—મનની 'હુશીયારી'...... સાદા બોલોમાં કહું તો 'અકકલ' ......વધુ સાદા બોલોમાં કહું તો 'ઠાપ બાજી'! પણ બિરાદર જો, હું તુંને એક એવો રસ્તો સુઝાડું કે જેથી એક તડાકામાં તારૂં 'ઇન્ફ્લુઅન્સ' વધી જાય !......'ઇન્ફ્લુઅન્સ' નહીં સમજતો ? 'ઇન્ફ્લુઅન્સ' એટલે 'લાગવગ,' 'વગવસીલો.' જે લોકો હમણા તુંને દુર ઉભો રાખી તારી સાથે વાત કરેછે તે લોકો તુંને ખુરશી આપી બેસાડશે. જેઓ તારી સાથે શેકહૅન્ડ કરવા હાથ લંબાવતા નથી તેઓ ખુશીથી નહીં તો ફર્જનાં માર્યા તેમ કરશે. મારાં મમઇ મને કહેતાં' તાં કે "મોટો કીંગ જાર્જ આયોછ-મોટો કીંગ જાર્જ આયોછ" પણ હું તો તુંને ખુદ-બ-ખુદ કીંગ જોર્જ ધી ફીફ્થનો 'બિરાદર' કહેવાડવાને અને કહેવાને હક અપાવવા માગુંછુ. જો તુંને કોઇ નહીં પીછાને તો, બસ, ધરજે તેની સામે આ ચમત્કારીક ..... [વિંટી]

આદર—દોસ્ત, જરા વધુ ખોલાસાથી......

ખા. સા.—હું તુંને માઇ ડીઅર આદર, હું તુંને ફ્રિ-મે-સ-ન કરવા આવુંછું. તુંને અમારાં ભુતખાનાનો મૅમ્બર કરવા મંગુંછું

આદર—પણ તેની ફિ?......તેનો ખાધા-ખરચ, તેના ડરેસનો ખરચ બધો હું કીયાં તોડુમાંથી આપસ! ને દોસ્ત, અહીં તો નહીં પુરી ગુજરાતીની જાત કે અધુરી અંગ્રેજીની ભાત! કહે જે ફ્રીમેડોની મિટીંગોમાં તો ભાસણો કરવાં પરે, વાયજીઓ થાય, બંદગીઓ થાય, કવિતાઓ ગવાય, નાટકો ભજવાય, રેસાલા વંચાય, ને બધી છુપી સરીમનીઓ થાય, ને ડીનરો પર બી ભાસણો થાય......તેનું કેમ?

ખા. સા.—દોસ્ત, અલબતાં તુંને ચોકકસ ફેરફારો તો કરવા પડશે. પહેલ્લાં તો તારાં નામમાં તુંને જરાક હાલનાં જમાનાને અનુસરનો ફેરફાર કરવે પડશે. **આદરજી ઉકકરજી આઈબારા**......! તારી બીજી કેટલી અટકો છે?......**ગોરીમાર**? ગોરીમાર બી કંઇ ઠીક લાગતું નહીં.......**ગામડીયા**!......નૉનસન્સ! દમબાંધીને ફુટીયાં હોય ત્યાં ગમે એવી ઓલેદીન-ગપ્પુ અટક બી ચાલી જાય!...... **એલાવિયા!** હા, એલાવિયા ઠીક પડશે. આદરજી ઉકરજીને બદલે બસ Mr A. O. Alavia લખજે, ને જોની દોસ્ત, જરાક તારો ઝબાનનો લહેકો બી સુધાર. હવે અંગ્રેજી શીખતો તું ડોસો થયો—મોટી ઉમરે માસ્તર—ફાસ્તરનાં વહેંજાં તું છોડી દે. "ફ્રીમેડો" નહીં પણ 'ફ્રિમેસન' બોલ; "સરીમની" નહીં પણ 'સૅરીમની' બોલ.

આદર—ઓર રાઇટ......

ખા. સા.—લે, વળી નફબોદ ગયો આટલું કહુંછું તોબી કાચ્ચું કાપેછે? મુળમાંજ મરચું! બૈરાંને છોકરાં ને નાના ભૂલકાંઓ ચાલતાં ને હાલતાં 'ઑલ રાઇટ' બોલે ને તું મારો વાહલો "ઓર રાઇટ" કરે!......પણ જોની દોસ્ત, તુંને થોડો ઘણો ખર્ચ તો કરવો પડશે જો! તું ગમે એવો ગોરો હતો તોપણ તુંને મુંબઇમાં તો જરૂર-બા જરૂર 'બ્લૅક બૉલ' કરતે. બ્લૅક બૉલ નહીં સમજી મરતો!.... શું કહેછે? "ક્રીકેટનાં બૉલ જેવો!" બ્લૅક બૉલ કરતે એટલે ના-પાસ કરતે! તુંને તો મારે છેક શ્રીરંગાપટમ લઇ જવો પડશે ને ત્યાં 'લૉજ અપ-સાઇડ-ડાઉન' છે તેમાં તુને initiate કરવો પડશે. બે મહીનાનાં બધા ખર્ચની કંઇ નહીંતો તુંને ગોઠવણ કરવી પડશે. On Demand

Note ઉપર મારા ભત્રીજા નાહનીની પાસે તુંને રૂ. ૫૦૦ હું અપાવશ. 'અપ–સાઇડ-ડાઉન લૉજ' માં તું મૅમ્બર થયોકે આવી વિંટી પહેરવાને તુંને હક મળશે. પછીએ વિંટીની ચમત્કારીક અસરથી મુંબઇની કોઈબી લૉજમાં તું દાખલ થઇ શકશે. અંગ્રેજીનાં વાખા છે એટલે બનતાંસુધી ઓછું બોલજે ને પીપ્પું પણ ઝાઝું કરતો ના. જરા થોડા દહાડા અગાઉથી છુરી કાંટાએ ખાવાની કટીસ પાડજે. શ્રીરંગાપટમનો બધો મારો ખર્ચ અલબતાં તારે આપવો પડશે. જરા ધીરો થા......ધીરો થા......ડ્રૅસની બાબત પર હું આવું છું. તું હજુ અમારો ફ્રિમેસન બિરાદર થઇ ચૂક્યો નથી પણ તેની આગાઉથીજ અમો લોકો ખરી બિરાદરગીરી કેવી હોવી જોઇએ તે સાબીત કરી આપવા તતપર રહીયે છિયે. તારૂં સાઇઝ મારા ભત્રીજા નાહનીનાં સાઇઝને આબાદ મલતું છે. નાહનીનાં ઉતરેલા બે ડ્રૅસ સુટ્સ, અર્ધી દજન ખમીસ (ઍવન્સ ફ્રેઝરનાં)— વાહીટવેનાં ૧) દઝન સ્ટૅન્ડીંગ કૅાલર્સ, એક દજન સહેજ ફિકકા મારેલા ટાઇઝ.....ફિકર નહીં; બિરાદર ફિકર નહીં; અમો બી કંઇ નાક જીભ લગાડતા નથી: ઇલૅકટ્રીક લાઇટની રોશનીમાં વટીક જયારે શરાબી દૈર અમો મચાવશું ત્યારે તારાં મ્હોડાંનો કાલાસ ને ટાઇનો ફિકાસ અમો બીલકુલ 'નોટીસ' કરવાના નથી. કાંઇક અર્ધી દજન નાહનીનાં રોગાનનાં શુઝ પડેલાં છે–ડાર્બી પૅટર્ન, સિલ્ક રીબન, પૉઇન્ટેડ ટો—અલબતાં તું કોઈ બી દહાડો 'વરશીપફુલ માસ્તર' થવાને તો આશા રાખતો ના, કારણ તારામાં 'વરશીપ' કરવા જેવું બીલકુલ છેજ નહીં. તુંને તો 'ટાઇલર' કે 'વૉરડન' ના પોસ્ટ સુધી જઇ અટકવું પડશે. શું કહેછે?......'ટાઇલર તો મિનટન ટાઇલ બેસાડનાર?" એ નખ્ખોદ ગયો બકેછે શું! અમારી ફ્રિમેસન ભાષામાં 'ટાઇલર' એટલે બધું ત્રાંબાં જેવું ટાઇટ છે કે નહીં, એટલે બધાં બારી-બારણા બંધ છે કે નહીં, તે તપાસનાર. 'વૉરડન' એડલે ચોકકસ ચિજ કબજે રાખનાર, ચોકકસ ચિજની નિગેહબાની કરનાર......શું કહેછે? કમબખ્ત સમજી નહીં મરતો: કહેજે "સોરાબજી વૉરડન!"......'ચર્ચ વૉરડન' બોલ કોઇ દહાડો સાંભળ્યો છે કે? ......નહીં? વારૂ ચાલ, ધુળ નાખી તારાં નામ પર!

એમ તારી સાથે ભેળું દુખવ્યા કરીશ તો અધીં દિવાનો થઇ જઇશ. અરે, હા બાપુ હા, વળી ' વેસ્ટ કોટ ' ને મોજાં વગર કંઇ ચાલવાનું છે ? તે બી નાહનીનાં તુંને મળશે. ને મારી ઉતરેલી પાઘડી તુંને મળશે. હવે જો ' ફ્રિમેસનરી'થી થનારા ફાયદા હું તુંને ટુંકમાં સમજાવું છું :—

(૧) તારી આસપાસ સદા ભેદ ભરમનો પડદો પડેલો રહેશે. સાંઝને છેડે તું, અલબતાં, નાહનીની ' લોન 'માંથી ભૂતખાનામાં જવા ભાડુતી વિકટોરીયા મંગાવશે ત્યારે ઘરની બાનુઓ અને નોકર નફરો અર્ધાં ગભરાયલા, અર્ધાં આદરભાવથી બિરાદર આદર તરફ જોશે.

(૨) અવાર ને અવાર કોઇની નિરાધાર ફોઇ તો કોઇનો લાચાર-બેચાર કાકો, તો કોઇને દુરનાં ઑરફન સગા તરીકે જાહેર કરી, તે લોક કને મહીને બબે રૂપિયા લઇ, પાંચ પાંચ છ છ રૂપિયાનો પગાર ' લૉજ ' પાસે બંધાવી આપજે.

(૩) બિરાદરો નિશા કરે ત્યારે ખાનગીમાં તેમનાં ખીસામાં હાથ નાખતો રહેજે અને જેટલા બને એટલા રૂપિયા ઉછીકા લેજે.

(૪) વખત કવખતે આ માર્કાવાલી રીંગ ફ્રિમેસન બિરાદરો સામે ધરી તે લોક પાસે નોકરી ધંધાની માગણી કરજે અને જયારે પૈસાની મદદ ના પાડવામાં આવે ત્યારે જેલમાં જાઉંછું કરી ધમકી આપજે. સાંઝને છેડે ફરતો નીકળી કોઇ ' ફ્રિમેસન ' બિરાદાર ઑફીસમાંથી નીચે ઉતરવાનો હોય તેટલાં બેધડક તેની એક ઘોડાની યા જોડીની ગાડી યા મોટરમાં ચઢી બેસજે.

જો બિરાદર આદર, તારી ફ-તેહનો આધાર તારામાં કેટલી હદે ' ચીક ' છે તે ઉપર રહેશે. કેમ......વળી એવું ભેંસ જેવું મ્હોડું કીધું ?—ઓ આઇ સિ, ' ચીક ' નહીં સમજયો ? ' ચીક ' એટલે ' બે પરવાઇ,' ' નફટાઇ,' જેની સાથે જરા ' ચાપલુસી ' નો આંશ ભેળાયલો હોય ! પણ જો, બચ્ચા, મને કંઇ હાથ-દાળી આપશે તો તારૂં કીધેલું તું જાણે !

આદર—પણ એ બધું મારાથી થસે કે ? તું કંઇ મારે વાસ્તે

છટકું તો નહીં માડતો હોય! જોજે બચ્ચા, હુસીયારીમાં રહેજે—આય આદરને તો તું અસલથી પીછાનતો આયોચ—કંઇ વાંકુ-ટીકું થયુંચ તો તણુ લાહરે ચહરસ પણ તુંને છોરસ નહીં. તારે કંઇ સરત કરવી હોય તો તે પહેલ્લેથીજ કર. બાકી છાપામાં લખેચ તેવા ધારમીક સકરમીક ઢોંગ કંઇ આપરી આગલ ચાલસે નહીં.

ખા. સા.—રાઇટ યુ આર, આદર. શરત તો પહેલ્લી. ભૂલતો ના, જેમ મને મારી કબુલાત તેમ તુંને તારી પાળવી પડશે. તું જાણેછ કે હું ઑનરરી મૅજીસ્ત્રેટ છું. પીનલ કોડ મારી હાથની આંગલી પર રમી રહયોછે. તું ફ્રિમેસન થઇ બહારગામ પટયો તો ઠીકાઠીક, પણ અહીંયાં જો રહયો તો કાયદાની ચૂંગાલમાં નહીં સપડાવાને હંમેશાં સંભાળ રાખજે. મારી આગલ કોઇ દહાડો તુંને ઉભો કરવામાં આવશે તો મારા અધિકારની રૂએ મારે તુંને શીક્ષા કરવી પડશે.

આદર—ઓ હો, એટલુંજ કે? તાહરે તું કહેજે કેઃ અમો અસલવારેનાં દોસ્તદાર પરયા એટલે એનો ફેસલો મારેથી થાય નહીં, ને, મોટા મૅજીસ્ત્રેટ આગલ કજીયો જાય તાહરે તારા લાગવગથી મને છુટો કરજે.

ખા. સા.—નહીં બનશે. બીજી શરત એ કે આપણે આગલ દોસ્તદાર થતા હતા ને મારૂં નામ નાદર હતું તે વાત લોકોમાં તું ડાંઉ ડાંઉ કરે નહીં—તેથી મારા કરતાં તુંને વધારે ગેરફાયદો થશે. ત્રીજી શરત એ કે જરાજરામાં આ બંગલામાં તારે ધસી આવવું નહીં. હું તુંને દુરથી ને દુરથી પાન-પાવલા ઝાંસતો રહીશ. જો હવે, તારી કબુલાતનાં ટેકામાં તું હમણાથીજ મારી સાથે રીતેભાતે વાત કરવાને ટેવ પાડઃ જોઉં, બોલઃ

" ખાનસાહેબ માલેગામવાલા શેઠ, આપણે ઘણી લાંબે મુદતે મળ્યા. તમે મારી પર કીધેલા બધા ઉપકારની મને બરોબર યાદ છે. મારાં કમનસીબે હું ઘણો બતંગ હાલતમાં આવી પડયો હતો પણ તમો જેવા મેહરબાન કદરદાન શેઠજીની મેહરબાનીથી મારી હાલત સુધારવાની

હું આશા રાખું છું; તે પરવરદેગાર તમુને તે મેહરબાનીનો બદલો વાળી આપશે," ઇત્યાદી—અરે, નહીં......"ઇત્યાદી" ના બોલતો.

આદર—લેની, એમાં સું મોટું બરીયુંચ! બોલી જાઉં: મારે તમુને તમારાં અસલી નામે બોલાવવા નહીં. તમુને હંમેશાં "મેહરબાન કદરદાન શેઠજી" કહેવા. તમારી ને મારી આગલી દોસ્તીની, જરૂર વગર, તમુને કોઇ દહારો જાહેરમાં યાદ આપવી નહીં. તમારી મુડી મારા હાથમાં ને મારી તમારા હાથમાં... ..અરે-તમારા ખરીયા મારા ગરાંમાં ને મારા......

ખા. સા.—ચૂપ ચૂપ! એ બધું શું બકેછે? ઉલટો કંઇ ઘોંટાલો કરી નાખશે!

આદર—પણ તું તાહરે હવે ...અરે!—તમે તાહરે હવે મને ફ્રીમેસન કાહરે કરોચ? ને ફ્રીમેસન થાઉં તાંહસુધી તારા હાથ-પગને ખાઉં? તેટલાં તું કંઈ મને નહીં ઝટકે દોસ્ત. ...અરે!—તમે મને કંઇ નહીં આપો સાહેબ?......

ખા. સા.—......કેમ મી૦ પટેલ, તમારી શું સત્તા કે તમે 'નૉક' કરયા વગર ઓરડામાં ચાલી આવો? આ શેઠને મારે રૂ. ૨૦) આપવાનાં છે તે તમારે જોખમે ને હિસાબે તમારા ગુનાહની શીક્ષા તરીકે હું એવણુને આપું છું, તે પીનલ કોડની રૂએ હું તમારા પગારમાંથી કાપી લઇશ.

પટેલ—પણ સાહેબ કેંવારનું નૉક કરતાં કરતાં મારા હાથનાં ટાંચા સુજી ગેયલા પણ તમે બે સાહેબો......તો એટલા વાતમાં ગુંથઇ રીહેલા, અરે, રહેલા—કે હાંભરોજ, અરે, સાંભરોજ નહીં.

ખા. સા.—હ that's right. તમારી ઝબાનમાં તમે ઘણો આવકારદાયક સુધારો કરયોછે ને કરતા જાઓછો, મી૦ પટેલ, તે જોઇ હું ઘણો ખુશી છું.

પટેલ—સાહેબ, બે વિજીટરો આવેલાં; નહીં પારસી માલમ પરે......કે નહીં હિંદુ માલમ પરે. બાઇએ ફરમાવેલું કે તમુને વહેલ્લી

ખંખર કરવી. મનીબાઇ ને બાઇ એ લોક સાથે વાત કરે. સાહેબ, આય એ લોકનાં કા-ર-ડ છે.

ખા. સા.--અચ્છો !

| Dr. Dhunsukhram Dhirajram, L M. & S. |

ને

| Mrs. Jayakuvri Jayashanker |

બેસાડો, બેસાડો, પટેલ, હું આવું છું (મનમાં:-મને બી એવુંજ જોઇતું હતું) પટોની મી૦ પટેલ, વળી ચિંગા થઇને પાછા અહીંયાં થબી ગયા— એ તમારી ટેવ નહીં જતી ? કોઇ દહાડો મારે તમને 'ફુલ બૅન્ચ' આગલ ઉભા કરવા પડશે.

પટેલ—ચાલયો સાહેબ-હાજી, સાહેબ.

ખા. સા.—જુવો, મી૦ આદરજી......અરે—Mr. A. O. Alavia, મને આ વિઝિટરો સાથે ઘણું જરૂરી કામ છે. આ બે નોટ છે———

આદર—(નોટ પાછી ફૅંકી) લે તારી નોટ ! કંઇ ભીખ-ભીખ આપેચ......અરે !—માલેગામવાલા સેઠ, તમારા સેવકને રૂ. ૫૦) આપો તો ઘણી મેહરબાની થાય અલબતાં એ હું વ્યાજ-સીકકે પાછા વાળસ. એમા સું છે સાહેબ.—લેઓની, કેહો તો ચીઠ્ઠી લખી આપું.

ખા સા.—(મનમાં:-મારે બી એની સાથે આબરૂ દરકારથી વર્તવાની પ્રૅકટીસ પાડવી જોઇએ. ગુજરાતીમાં અંગ્રેજીની ભેળસેળ કરવાની મને છીટ છે પણ અત્રે મને તેમ કરયા વગર ચાલતું નથી. કહેજે familiarity breeds contempt) લ્યો સાહેબ, આ રૂ ૫૦) ની નોટ છે. કંઇ નહીં, કંઇ નહીં, તમારા જેવા આબરૂદાર માણસનો બોલજ મને બસ છે. તારી ચિઠ્ઠીને શું હું ઉકાળીને પીઉં ? ——- એ પાછલા બોલો નહીં. બોલાયલા સમજજો સાહેબ.

આદર—(નોટ ઉપર તડાપ મારી) અરે હવે ઝોંસી દેની——

અરરરરરર ! ચીરઇ ગેઇ. તમે ઉતાવલ કરવા માગોચ તેમ વધારે મોરૂં થાયચ સાહેબ.

ખા. સા.—લે હવે, મેં વળગાવી છે. હવે જેવો આવ્યો તેવો અહીંયાંથી પટ, ને મળવું હોય તો આ મારો કાર્ડ છે—મને ઑફીસમાં મળજે......અરે, મુવો તું કાર્ડનો વાંચતો–મારૂં બી ભેજું ચરવા ગયું છે ! લ્યો, આ મારૂં ઑફીસનું ઠેકાણું ગુજરાતીમાં લખી આપું છું: ના૦ ૧૪૭ એલફીન્સ્ટન સરકલ.

આદર—સાહેબજી, સાહેબજી, ખાનસાહેબ સેઠ———કેમ, સૅકીન કરવાના અખાડા કેમ કરોચ ?—એ હાથને તો તમે ત્રણી વખ્તે આંખમાં દાબેલો છે, એને સું કુતરાએ ખાધો ! પણ વારૂં ચાલો, નહીં તો નહીં. સાહેબજી.

પ્રકરણ ૯ મું.

'શીરિન મૅનશન'—ડ્રૉઇંગ રૂમ.

ખા. સા.—ભલે પધારીઆ ડૉકટર ધનસુખરામ. ઘણી લાંબી મુદતે દર્શન થયાં ! કેમ છો ? આપનાં નામ પ્રમાણે "ધન"થી પુર "સુખ"થી તુષ્ટ, અને "રામ" થી ખુશાલ તો છોની ? આપ તો એ ત્રણે આશીરવાદો સદાકાળ સાથેજ લઇને ફરોછો! મ ફ કરજો મીસીસ જયકુંવરી: તમારી નજરમાં સભ્યતાનો હું ખૂની કરી ચૂકયો ! તમારી ખબર મારે પહેલ્લાં પૂછવી હતી. મારા પિતાજી કેમ છે ? આનંદમાં તો છેની ? મિલકત ખેતરની કેવી ખબર ? આ સાલ તમો તરફ ચોમાસું ઠીક થયું, તે સાંભળી મને અતિ આનંદ પ્રાપ્ત થયોછે. આમદાની તરફ આપણે પહેલ્લી નજર રાખવી જોઇએ. એ નિયમ જે ધ્યાનમાં રાખે નહીં તેની કારકીર્દી કોઇ દિવસે પણ ફત્તેહમંદ નિવડે નહીં. મુંબઇ કયારે પધારીયાં ? હૉટેલમાં ઉતરયાં છો કે ? અમારો બંગલો શું નહીં હતો ? અગત્યનાં કામસર મને પુસ્તકખાનામાં રોકાઇ રહેવું પડયું માટે ક્ષમા ચાહું છું.

મીસીસ જયકુંવરી—Oh!·Khansaheb, don't trouble please. તમારાં Mrs. અને daughter પોતાની અતિ interesting conversation થી અમને ક્યારનાં રિઝવેછે.

ડૉ. ધનસુખરામ—ખાન સાહેબ, એમ કેમ ?! you don't-look very well. કાંઇ ચિંતા ઝાઝી દિસેછે. તમે તો ભલા આદમી તમારી શક્તિ ઉપરાંત પ્રજા ઉપયોગી કામ અર્થે trouble ઉઠાવતા હશો !

મીસીસ ખા. સા.—મેહરનોશ, મીસીસ જયકુંવરીને ડૉક્ટર તો મુંબઇમાં દેખું એકલાંજ આવેલાં છે. કહેજે એવણનાં માય બાવા અડચણનાં સબબે આવી શકયાં નથી. એ લોકો 'રેલ્વે હૉટેલ'માં ઉતરેલાં છે. જયકુંવરી, ડૉક્ટર તો તમારા દેર થાયની ?

મીસીસ જયકુંવરી—એ શું બોલોછો શીરીનબાઇ ? જેઠ અને દિયેર સાથે અમારાથી બહાર જવાય નહીં. ડાક્ટર તો મારા પિત્રાઇ થાય, એટલે એવણ મને accompany કરે તેમાં વાંધો નહીં.

ખા. સા.—પણ તમારી ખાની-પીનીનું કેમ ?

ડૉ. ધનસુખરામ—Here you are ! મુંબઇનાં સ્નેહીઓ તો રહયા પણ બહારગામનાં visitors માટે પણ તમે anxiety કરોછો ! આ તમારાં daughter હમણાંજ અમારી કને Care Killed the Cat ની story કહી સંભળાવતાં હતાં. My friend, એ તો દેશ તેવો વેશ કરવોજ પડે ! In Rome you must be a Roman (ખા. સા. નો હાથ પકડી) કેમ ખરૂંની ખાન સાહેબ, આહ—હાહાહાહા ! અત્રે આપણને ઓળખ ઝાઝો નહીં એટલે જરા લગાર મનને ભાવ્યું પણ કરી શકએ !

ખા. સા.—અલબત, અલબત; શબ્દે શબ્દ ખરૂં છે પણ મીસીસ જયકુંવરી, તમારા પતિ તમારી સાથે કેમ નથી આવ્યા ?

મીસીસ જયકુંવરી—જી, તેઓ તો પોતાની 'સરકીટ' ઉપર હાલ ગયાછે માટે આવી શકયા નથી પણ રૂસોઇઓ અમારી સાથે

આવ્યો છે. અરે પણ, ખાન સાહેબ, અમે લોકો ત્રણ વર્ષ ઉપર મુંબઇ આવ્યાં હતાં ત્યારની અને હાલની તમારી ભાષામાં હું ઘણું improvement થયલું જોઉં છું, ને તે માટે તમને congratulate કરૂં છું. આ તમારાં મનીબાઇને મેં છેલ્લાં જોયાં હતાં તે કરતાં કેવા wonderfully grow થયાં છે !

ડૉ. ધનસુખરામ—ને માસ્તર સોહરાબ વળી ક્યાં backward છે ! એ બન્ને ભારે competition માં ઉતરેલાં દિસે છે. તમારાં મુંબઇનાં ન્યુસપેપરમાં મેં વાંચેલું, ખાનસાહેબ, કે તમે આજકાલ તમારી community ની ને ગુજરાતી ભાષાની ઉન્નતિ કરવામાં ઘણા engage થઇ ગયા છો. એવી labor of love આપણાથી તો, બા, નહીં થાય. આપણે તો પહેલ્લાં ઘરનું પછી શેઠનું જાણ્યે.

ખા. સા.—પણ, ડૉકટર, મારી બેઅદબી માટે માફી ચાહું છું,—આપણે બેઉ પિત્રાઇ છીએ,—પણ હું જ્યારે તમારી ભાષાની ઉન્નતિ કરતો અત્રે બેઠો છું ત્યારે તમારી પોતાની ભાષા તરફ તમો લગાર સખ્તાઇથી વર્તતા દિસો છો. ઠેકાણે ઠેકાણે જાણે ગુજરાતી બોલો તમને જડતા ન હોય તેમ તમે ગુજરાતીમાં અંગ્રેજી બોલોનું મિથ્યા મિશ્રણ કરો છો !

ડૉ. ધનસુખરામ—આહ—હાહાહાહા ! એનું કારણ ઘણું clear છે, ખાનસાહેબ. You forget કે તમારા મુંબઇગરાઓને જેટલું Ruling Race સાથે contact માં આવવું પડે છે તેના કરતાં ઘણાં વધારે proportion માં અમને બહારગામ વાસીઓને આવવું પડે છે. આજે તો કલૅકટર સાહેબનાં મીસીસ વિઝિટે આવ્યાં; કાલે તો આસીસટંટ કલૅકટર સાહેબ inspection પર આવનાર છે તેમને સ્ટેશન પર welcome કરવા જવાનું છે; પેલે દિવસ તો કલૅકટરનાં મીસીસનાં At home માં જવાનું છે, તો વળી પરમદિને તેમને વળતાં invite કરવાનાં છે; અને ચોથે દહાડે તો આસીસટંટ કલૅકટર અને જડજ સાહેબને વિદાય કરવા માટે પાન-સોપારી પાર્ટી કરવાની છે. You see ખાનસાહેબ, you see the reasons? Habit, મારા મિત્ર,

'અંગ્રેજીમાં કહેછે તેમ, second nature છે ! હમણાજ મને મીસીસ ખા. સા. કહેતાં હતાં કે Honorary Magistrate થવા કેડે દિવસે દિવસ તમો Penal Code વાંચવામાં એટલા ગુંથાઇ રહોછો કે you don't at all forget it ! You see, જે તમારા પ્રત્યે તે અમારા પ્રત્યે પણ ખરૂં છે. બેઅદબી માફ કરો લો, ખાનસાહેબ, એક question પૂછું. આપે કંઇ યુનિવર્સિટીની ડીગ્રી મેળવી હોય એવું મારા સાંભળવામાં આવ્યું નથી; હું ભૂલતો પણ હોઉં. તથાપી આપ ઇંગ્રેજી ઉપર કાંઇ મોઠો કાબુ ધરાવતા નથી, આપે કેળવણીની શરૂઆત કયાં કરેલી ?

ખા. સા.—આ—હો ! ! એમાં મારી આહવાનું શું છે, ડૉકટર ! તમે અલબતાં જાણોછો તો ખરા કે પોતાનું કિસમત બનાવનાર આદમ જાત પોતેજ છે. કૉલેજ કેળવણીના આશીષ મેળવવાથી હું બેનસીબ રહયોછું તે છતાં ઇંગ્રેજીનું કાંઇક સારૂં વહેવારૂ ગ્નાન મેળવવામાં મેં હાથ ખાંચ્યો નથી. અલફીન્સ્ટન સ્કુલમાં મેં અંગ્રેજી પાંચમાં ધોરણ સુધી અભિયાસ કરયા પછી લગ્નની ઝુસરીમાં જોડાયો અને મને શાળા છોડવી પડી. અહેહે, ડાકટર, તે વખતે હું એક બાળકનો બાપ પણ થઇ ચૂકયો હતો અને વળી અનેક જીવડાનું પાળણ કરતો હતો, જયારે આજનાં પારસી પોરીઆઓ એક બાઇડીનું પોષણ પણ કરી શકતા નથી.

ડૉ. ધનસુખરામ—Is it, ખાનસાહેબ ? આ વળી અનેક જીવડાઓ તે કયા ?

ખા. સા.—જુઓ એક તો મારો Tommy કુતરો, મારો માનીતો પોપટ, મારાં મરઘાં બટકાં જે પાળવાને મને હજુ ભારે શોખ છે.

ડૉ. ધનસુખરામ—પણ મરઘાં બટકાં પાળવામાં તો તમારા પારસીઓની મતલબ સમાયલી હોયછે ! પહેલાં તો તમે તેનાં ઇડાંનો આહાર કરોછો અને પછી તે બિચારાં બુઢાં અને નાતવાન થાય ત્યારે તમારાં પાળેલાંને તમોજ કાપી ખાઓછો ?

ખા. સા.—ખરૂં છે, ડાકટર, ખરૂં છે. અને વળી ઘણીક વેળા

તો તમારા સુધરેલા હિંદુ ભાઇઓની સાથે સાથે તે મજાહ અમો. મેળવ્યે છિયે ! ! કાંઇ અપમાન લેશો નહીં–આપણે સઘળા મિત્ર છીએ.

ડૉ. ધનસુખરામ—Not at all, not at all, my dear sir; ખાનસાહેબ, પણ પેલા બીજા જીવડાઓ કયા ?

ખા. સા.—જુઓની; માંરા બાવાજીએ પોતાની બચગીમાં રકમ રકમનાં વેપાર કરયા હતા! છેલ્લાં છેલ્લાં તેવણુ ભાડુતી વિકટોરીયા ફેરવતા હતા અને મરતી વખતે બે બુઢાં ખખ ઘોડાં અને એક પુનેગરી ટટુ મારી પીડે વળગાડી ગયા જે લોકોનું પાળણુ મેં ઘણો વખત કીધું, પછી કંટાલીને તેમને પીંજરા-પોળમાં મોકળ્યાં. એક વર્ષ રહીને તેમની ખબર કાઢના પીંજરા પોળમાં હું ગયો તો માલુમ પડયું કે કોઇ મધ્યમ સ્થિતિનાં પુરૂષે તેમને સારી હાલતમાં રાખવાને કબુલાત આપીઆથી તે ઘોડા અને ટટુ તેને વાપરવા માટે ભેટ કરવામાં આવ્યાં. તે ધણીનું નામ મેળવી ખબર કાઢતાં માલુમ પડયું કે તે તો કોઇ ભાડુતી વિકટોરીયાવાળો પારસી હતો.

ડૉ. ધનસુખરામ—લ્યો, here you are! જોયા, આ તમારા મુંબઇનાં જીવદયાનાં હિમાયતીઓ ! પોતાની જાતનાં રક્ષણુ અર્થે કંજુસાઇ દેખાડે, પશુઓને પાળવાનું ડોલ ઘાલે, અને આખરે ભાઇ કયાં તો જયાનાં ત્યાં ! ગાડી ફેરવનારને ત્યાનાં ઘોડા શું કર્મ લાવ્યા હશે કે પાછા ગાડી ફેરવનારને ત્યાંજ ઠર પડયા ! ! કર્મની theory અહીં પાછી આપણી સામે ડોલા ધુરકેછે.

મીસીસ જયકુંવરી—પણુ ખાનસાહેબ, એ વિશે તમારી તરફના થિયોસોફીસ્ટો શું કહેછે ? તેમનું opinion તમે લીધું કે ! આ ઘોડા ટટુ હજુ જીવેછે કે ? તેઓ પુનર્જન્મે તમારાં કુંટુબમાં પાછાં તો ન જન્મે કે ?

ડૉ. ધનસુખરામ—હીહીહીહી, હાહાહાહા; અમારાં મીસીસ જયકુંવરી બહુ funny છે, નહિં ખાનસાહેબ ? તુમે પણ થિયોસોફીસ્ટ છો ખરા કે ? કે તેમનાં વિરોધી છો ?

ખા. સા.—બન્ને નહીં, ડાકટર, બન્ને નહીં. થિયોસોફીસ્તો સામે મને અભાવ છે પણ આપ એમ માનશો નહીં કે તે અભાવને જાહેરમાં દેખાડવાને હું બંધાયલો છું. પીનલ કોડ એમ બીલકુલ કહેતો નથી......અરે—હું શું બકું છું !.....રિવાજ યા ધર્મ, આપણા બાતેનનાં વિચારો જાહેરમાં મુકવાને આપણુને ફર્જ પાડતો નથી.

ડૅ. ધનસુખરામ—પણ પછી, તમે તમારો progress કેમ આગલ વધારયો ?

ખા. સા.—જુવોની, એ તો મે સાંભળેલી એક ફારસી કહેતી મુજબ, જ્યારે અણીની વખ્તે બીજો કંઇ ઉપાય ન જડે ત્યારે તલવારની મુઠ ઉપર હાથ મેળવો પડે ! શાળા છોડયા પછી હું G. I. P. નાં ગુડસ યાર્ડમાં રૂ. ૨૫) એ નોકરી રહયો—વૅગન note કરવા. એક વખ્તે ૧૭) ભેંસ અને એક વાછરડો એક વૅગનમાં અમે બહારગામ મોકલ્યાં. વૅગન ચાર્ટ શિટમાં મેં લખી માર્યું કે 17½ buffalo dispatched. સુપ્રીન્ટૅન્ડટે આ બોલો underline કરી, ઠપકારૂપે મારી ઉપર પાછા વાળ્યા. ખુલાસામાં મેં લખ્યું કે 17 buffaloes and one son of a buffalo. અલબતાં સુપ્રીન્ટૅન્ડંટ સાહેબ ગુસ્સે થયા, અને આવા ઘણાક દાખલાઓમાં બને છે તેમ, મારી ઉપર અંગત હુમલો કરયો. હું ઇચ્છું છું કે તે હાલ હૈયાત હોત; મારા હાલનાં અધિકારની રૂએ હું તે શખ્સની સખ્ત ખબર લેત. પણ એ ચાકરી પરથી આપણુને પાણીચું મળ્યું ત્યારે ધ્યાન આવ્યું કે જરા અંગ્રેજી ભાષા ખીલવવી જોઇએ.

ડૉ. ધનસુખરામ—ત્યારે તમે ઇંગ્રેજી ભાષા ખીલવવાની તરફેણમાં ખરા કે ? તેની તરફદારી તમે જાહેરમાં હિંમતથી કરોછો ખરા કે ?

ખા. સા.—ડાકટર, એ બાબતમાં તો હું તમારીજ માફક વર્તું છું. એ તો જેવો વખ્ત તેવી વાત. આપણે સંભાળીને આગલ વધવું જોઇએ અને વખ્ત તપાસીને પાછલ હઠવું જોઇએ. કોઇ વેળા નરમ દવા, કોઈ વેળા ગરમ દવા ! એમ તો જુઓની, તમે હાલ અંગ્રેજી લેબાસમાં સજ થયલા છો અને મીસીસ જયકુંવરીનો પોષાક, તેની સ્ટાઇલમાં, અમારી પારસી લેડીઝનાં ડ્રેસને ટક્કર મારે એવો છે, છતાં, તમોએ મને કહેલું યાદ છે કે

તમારાં ન્યાતનાં ભોજનમાં તમે માત્ર રેશમી ધોતર, જેને તમો અબોટ્યું કીંવા પીતાંબર કહોછો, તેનો શૃંગાર કરીને જાઓછો, જ્યારે મીસીસ જયકુંવરી ઉઘાડે પગે સાદા લેબાસમાં જાયછે, ખરૂંની? એ બાબતમાં તમારી તરફ કંઇ સુધારો થયોછે ખરો કે ડાકટર !

ડૉ. ધનસુખરામ—Yes, ખાનસાહેબ; સુધારામાં તો એટલું કે અમારી તરફ પીતાંબર ભેગું અમે રેશમી ખમીસ પહેરયે છીએ અને હાથમાં લોટો લઇ જતા હતા તે હવે નોકર ઝાલીને અમારી સાથે આવેછે. બીજી એક તમને વાત કહું કે? મારી સાળી બે વર્ષ ઉપર મરણ પામી ત્યારે માથું shave કરવાનો સવાલ ઉભો થયો! મારા સસરાજી આ ક્રિયાની સામે થયા પણ મીસીસ જયકુંવરીનાં father ધર્મનું અને રિવાજનું ઓઠું વચમાં લાવ્યા. હવે જુઓ, પરમેશ્વર શું કરેછે તે! એ બનાવને ૬) મહીના થયા નહીં કે મીસીસ જયકુંવરીની બહેન widow થઇ. હવેજ એમનાં father ને લાગ્યું કે તેવણ સંકડામણમાં આવી પડ્યા હતા. તેવણ બહુ દુઃખી થયા અને મારા સસરાજીને સલાહ માટે બોલાવ્યા મારા સસરાજીએ અલબતાં આગલા બનાવની યાદ આપી અને મીસીસ જયકુંવરીનાં પિતાજીને સમજાવ્યું કે ધર્મ અને રિવાજની નજરે એમનાં બહેનનું માથું મુડાવવું તો જોઇએ; પછી જોઇએ તો છોડીને ઘરમાં ગોંધી રાંખીને બાલ પછા ઉગવા દો. હજુતો ઘણીએ એવી વાત બાકી છે, પણ વખત કયાં નાહસી ગયો છે. પણ ખાનસાહેબ, વળી તમારા અભિયાસની વાત તો આઘે રહી ગઇ!

ખા. સા.—G. I. P. ની નોકરી છોડ્યા કેડે, ડાકટર, હું એક પારસી શેઠને ત્યાં ઉઘરાણીદાર થયો, તેવણે મારી ચંચલઇ અને અભિયાસ ઉપર મારો શોખ જોઇ, પોંતાના દિકરાનાં ખાનગી શીક્ષક પાસ મને અંગ્રેજીનું વધુ જ્ઞાન અપાવવા માંડયું; જે કાંઇ જ્ઞાન હાલ હું ધરાંવુંછું તે તે શીક્ષણનું અને મારાં ખાનગી વાંચનનું પરિણામ છે.

ડૉ. ધનસુખરામ—પણ ખાનસાહેબ, તમે કંઇ પુસ્તકો પણ રચેલાં ખરાં કે?

ખા. સા.—મેં બે પુસ્તકો રચેલાં. આ બન્ને પુસ્તકો મેં મુંબઇનાં

એકાદ બે હિંદુ છાપાવાળાને અને એકાદ બે જાણીતા હિંદુ સાક્ષરોને અભિપ્રાયાર્થે મોકલ્યાં હતાં; તેઓએ મને હાથ તાલી આપી કે અમો તે વાંચી અમારા અપક્ષપાત વિચાર જણાવીશું. આ હિંદુ સાક્ષરો વારંવાર એવું જણાવતા રહયાછે કે તેઓ પારસી લેખકોને પોતાથી બનતું ઉત્તેજન આપવા તૈયાર છે, પરતુ દિવસો નીકળી ગયા છતાં મારાં પુસ્તકો સંબંધી પોતાના વિચારો જાહેરમાં મુકવાને તેઓએ આંખ-વીંચામણું કર્યાં ! થોડાક દિવસની વાત ઉપર અમારા "પારસી લેખક મંડળ" માં હિંદુ અને પારસી સાક્ષરો ભેગા થયા હતા. ત્યાં ઉપલા હિંદુ સાક્ષર ભાઇઓ પણ હાજર હતા. બન્ને બાજુએ બહુ ગળ્યાં ગળ્યાં વેણો ઉચરાયાં અને માત્ર એકમેકના ગળામાં હાથ નાંખવાનુંજ બાકી રહયું ! પારસીભાઇઓ કહે કે અમો તમારે માટે "આમ કરીશું" અને હિંદુભાઇઓ કહે કે તમારે માટે "તામ કરીશું" ! કમનસીબે હું ત્યાં હાજર નહોતો. હોત તો એ હિંદુ સાક્ષર ભાઇઓને મારાં પુસ્તકો સંબંધી કરેલા "અખાડા" ની યાદ દેવાડત.

ડૉ. ધનસુખરામ--Right, my dear sir, right. મને તો એમ ભાસે છે કે બન્ને પક્ષ ઠપકાને પાત્ર છે અને તેઓ માટે સુતરો માર્ગ એજ છે કે એકબીજાનાં કાર્યોમાં હાથ ઘાલવો નહીં. પણ ખાનસાહેબ, આપ અત્રે ઉઘાડે માથે બેઠા છો ! જાહેરમાં પણ આમ બેસો ખરા કે ?

ખા. સા.—એ તો જેવો વખત તેવી વાત !

ડૉ. ધનસુખરામ—પણ ઉઘાડે માથે ફરવું એ ધર્મની નજરે જોતાં શું પાપ છે ?

ખા. સા.—નહીં, હું તેમ માનતો નથી, પણ જાહેરમાં તેમ કહેવાની મને ફરજ પડે છે.

ડૉ. ધનસુખરામ—તેમ જો હોય તો પછી ઘરમાં બેઠા બેઠા પણ આપ પાપ કરોછો !; તમે ધર્મસ્થળોમાં જાઓ ત્યારે પાઘડાં ઘાલો અને ચિરૂટને બાજુ મેલો, અને કલબોમાં અને બહારગામ જાઓ ત્યારે ઉઘાડે માથે છબીઓ પડાવો અને ચિરૂટ મ્હોંમાં ઘાલો, તેથી

ધર્મનો ઉદય તે કેમ થતો હશે ? ! I see, ખાનસાહેબ, કે આપ આ સવાલથી જરા સંકડામણમાં આવેલા દીસોછો; પણ હું આમ પુછું કે આજ કાલ તમારાં પારસી સ્ત્રી પુરૂષોને હિંદુ જોતીષોની કાંઇ બહુ મોહિની લાગી છે ! આ જોતીષો તમારે પૈસે ખુબ મોજ મારેછે હો ! તેઓ તમારી કોમના કીડા સમાન છે અને તમારી કોમનું કાલજું છુપી રીતે કોતરી ખાયછે ! એ માટે કોણ જોખમદાર છે ?

ખા. સા.—ડાકટર, એનો ખુલાસો જે હું તમને આપુછું તે બીલકુલ ખાનગી છે. તમે મારા મિત્ર છો માટે હું આ ખુલાસો આપું છું. આ અફસોસકારક હાલતને માટે પહેલ્લાં પારસી થિયોસોફીસ્ટો અને પછી વહેમી પારસી સ્ત્રીઓના ભરથારો જોખમદાર છે. થિયોસોફીસ્ટોએ આ કમનસીબ સ્ત્રી પુરૂષોને શીખવ્યું કે "અમો વર્તારાઓમાં માનીએ છીએ, અંગ્રેજ જોષીઓ પણ મકીને મકીને વર્તારા કાઢેછે. અમને મહાત્માઓ તરફથી છુપી બસારતો થાયછે, અમો ભવિષ્યના ભીત્તરમાં ભુસકો મારી શકીયે છિયે," ઇત્યાદિ. આ તો હતી ભવાની તેને વાહી !! મુળમાં પારસી સ્ત્રી પુરૂષો વહેમી, તેમાં થિયોસોફીસ્ટભાઇઓના ટેકાથી હિંદુ જોશીમહારાજોનું ચઢી વાગ્યું ! ફરક માત્ર એટલો કે થિયોસોફીસ્ટો, અલબતાં, પોતાનું કામ જાહેરમાં કર્યાં જાયછે અને આલા હિંદુ જોશીઓ છુપી રીતે પારસીઓને ધુત્યા જાયછે ! પારસી જાહેર છાપો પોતાની હંમેશની અંધાધુંધી રૂઢી મુજબ આ બાબત પર "ઢાંક પીછોડો" કરેછે, અને દેખીતાં કારણોને લીધે મારા જેવાઓને પણ તેમ કરવું પડેછે.

ડૉ. ધનસુખરામ—પણ ખાનસાહેબ, આપણા આ interesting discussion માં આપણે આ લેડીઝને તો બીલકુલ વિસારી મેલ્યાં; પણ એઓની મારી ચાહવાની આપણને જરા પણ necessity નથી. See, એ લોક એકમેકની સાડીની કોર, ઇન્સરશન્સ, સફેદ પહેરણની કિનારી તપાસવામાં કેવાં રોકાઇ ગયાં છે ? લેડીઝ તે લેડીઝ ! એ લોક પુરૂષ થા॥ ઇચ્છે છતાં પોતાની અસલ્યાત જાળવી રાખવાનાં !

ખા. સા.--પણ ડૉક્ટર, આ તમારાં મીસીસ જયકુંવરી મારી

મનીનો સદરો કયાંથી ચોરી લાવ્યાં? એઓએ અમારી કુસ્તી બી બાંધી છે ખરી કે? એઓ તેમ કરે તેમાં બાતેંનમાં હું કંઇ વાંધો જોતો નથી, પણ જાહેરમાં તો હું તે સામે બાથો બાથ લડું. જોકે તેજ વેળા હું મનમાં ઘણો દિલગીર થાઉં કે એમના જેવાં એક લાયક બાનુને અમારી કોમમાંથી બહાર રાખવાનું ખાલી ધર્મ ઝનુન મેં બતાવ્યું છે!

ડૉ. **ધનસુખરામ**—ખાનસાહેબ, એ તો માત્ર શરીર શોભાવવાનાં આભુષણ માંહેલું એક છે અને એ બાબતમાં અમારાં લેડીઓએ તમારી પારસણોની નકકલ કરીછે.

ખા. સા—જેમ અમોએ ઘણીક બાબતોમાં તમારી નકલ કરીછે તેમ! હું ઇચ્છુંછું, ડાકટર, કે વાંદરમાંથી માણસ બન્યા પછી વાંદરના બીજા દુર્ગુણો સાથે તેઓનો આ ખાસ દુર્ગુણ—નકકલ—આપણે ખોઇ દીધો હતે! હિંદુસ્તાનમાં આવ્યા પછી અમોએ તમારા કેટલા બધા દુર્ગુણોની નકલ કરી લીધી; જેવા કે, વહેમ, ન્યાતનાં જમણ, ભોગ આપવાની બદી, જોતીષ ચમત્કાર, ઇત્યાદિ!

ડૉ. **ધનસુખરામ**—Right, ખાનસાહેબ, right. પણ, એમ તો જેવું હિંદુ રાજય ઇંગ્રેજી રાજયમાં બદલાઇ ગયું કે તમોએ ઇંગ્રેજોના કેટલા દુર્ગુણોની નકલ કીધી? હિંદુ રાજાઓએ કે ઇંગ્રેજ રાજકર્તાએ તમને કયાં આમ કહયું હતું કે અમારા દુર્ગુણો તમો ગ્રહણ કરો; અમારા સદગુણોજ ધારણ કરી તમો સંતોષ કાં ન પામ્યા? On the contrary તમો પારસીઓ તો જાણે અમારી ઉપર વેર લેવા બેઠા હો તેમ તમારા કેટલાક દુર્ગુણો ઝાટકી પખોડીને અમને આપી દીધા.

મીસીસ જયકુંવરી—કેમ સાહેબો, કંઇ ખુબ વાદવીવાદમાં engage થઇ ગયા છો? અમારાથી part લેવાય કે?

ખા. સા.—બેશક.

ડૉ. **ધનસુખરામ**—Certainly. તમારા ભાગના તો અમે ભુખ્યા છીએ.

મીસીસ જયકુંવરી—ખાનસાહેબ, તમારાં મુંબઇનાં ન્યુસપેપરમાં અમોએ થોડાક દિવસ ઉપર વાંચ્યું હતું કે તમારી ન્યાતો અમારી ન્યાતોના જેવા ગંધવાડા છે ! સુધારા પક્ષ તેમાં સુધારા કરવા ઇચ્છે છે પણ કુધારા પક્ષવાલા આ ગંધવાડને stick થઇ રહેવા ઇચ્છેછે. ખાનસાહેબ, મેં સાંભળ્યું છે કે તમારી ન્યાતનું જમણુ એકાદ બે દિવસમાં થનાર છે. આપ અમોને ત્યાં તેડી નહીં જાઓ ?

ખા. સા.—હા......નહીં......હા......હું તો ત્યાં તેડી જાઉં, પણ......

મીસીસ જયકુંવરી—પણ શું ? પણ તમારા સોબતીઓ શું કહે તેની તમો ચિંતા રાખોછો ? પણ તે ખોટી છે કારણ અમો કાંઇ સહેજે ઓળખાઇ આવીએ એવાં નથી. અને વળી તમારા જમણમાં ભાગ પણ લઇશું નહીં. અમારા ગંધવાડમાં મોટા મોટાઓ ભારે દબાણથી કોઇ કોઇ વેળા હાજરી આપેછે પણ ત્યાં તેઓ ખુરશીએ એક તરફ બિરાજે છે અને જમણમાં ભાગ બીલકુલ લેતા નથી; જો કે અમારાં ગામનાં જમણો મુંબઇનાં જમણો જેવાં કંગાલ અને ગંદાં હોતાં નથી. No Hotchpotch સમજ્યા સાહેબ ?

ખા. સા.—સમજ્યો, madam; અમારી સ્થિતિ પણ આબાદ એવીજ છે ! બડેખાંઓ દાબ દબાણથી ત્યાં આવેછે પણ જમવામાં હમશરીક થતાં નથી.

ડૉ. ધનસુખરામ—અને તેમાં હું તથા જયકુંવરીબહેન તેઓનો બીલકુલ વાંક કાઢતાં નથી. વાંક તો સઘળો જેઓ આ કંગાલ જમણો ચાલુ રાખેછે તેઓનો છે.

ખા. સા.—પણ ડૉક્ટર, તમે જાણો છો કે અત્રે જુદી જુદી ગ્નાતીના અસંખ્ય હિંદુભાઇઓએ થોડાક દિવસની વાત ઉપર ભેગું જમણ લીધું હતું ?

ડૉ. ધનસુખરામ—હા, અમોએ એ વિષે વાંચ્યું હતું. કેટલાકોએ પાછલથી cowardice દેખાડી અને પ્રાયશ્ચીત કર્યું. આ પ્રાયશ્ચીતની

કેટલીક રીતીઓ તમારી ન્હાન ન્હાવાની રીતીને, મેં સાંભળ્યું છે કે, બહુ મળતી આવેછે. અમારાં જયકુંવરીબાઇએ પણ એક વેળા પ્રાયશ્રીત કરેલું ! એઓ તમારીજ માફક બાતેનમાં પુનર્વિવાહનાં હિમાયતી છે અને એક વેળા અમારા ગામમાં પુર્નવિવાહ કરેલાં husband and wife સાથે ભેગું જમણ લીધું; ન્યાત રૂઠી, અને એઓને પ્રાયશ્રીત કરાવ્યું ! Fortunately અમારા બ્રાહમણો હમણા હમણા આગલ જેટલા કરડા નથી; તેઓ આડકતરો લાભ સમજેછે. આડકતરો લાભ એટલે memon worship ! નાના દડીઆમાં છાણુની ગોટી ગૌમુતમાં ભીંજવેલી જયકુંવરીબાઇ આગલ ધરી, અને તુરતજ દડીઆ માંહે મસળી બ્રાહમણોએ સિફતથી તેને દુર ફેંકી દીધો. ખાનસાહેબ, આપ હસોછો ?

ખા. સા.—હું બીજાંજ કારણે હસુંછું ! કારણ, આ બનાવમાં તમારા અને અમારા બ્રાહમણો એકમેકને મળતા છે. ન્હાન નહવાડતી વેળા અમારા મોબેદો ગૌમુત યા નીરંગ અમારી આગલ ધરેછે અને અમો તેને તેઓની નજર સામે મોરીમાં હોમાવીએ છિયે.

ડૉ. ધનસુખરામ—પણ ખાનસાહેબ, આપ એક Press અને Paper પણ સ્થાપનાર હતા તેનું શું થયું ?

ખા. સા.—એ મારી યોજના, હું જણાવવાને ખુશીછું, ડાકટર કે, હવે સંપુર્ણ થઇછે, ને ચાહવું ખોદાનું હશે તો ચંદ રોઝમાં 'દેશ ભક્ત'ની નકકલ તમારી ઉપર મોકલી આપવાને હું ભાગ્યશાળી થઇશ.

મીસીસ જયકુંવરી—શીરીનબાઇ, હવે તમારાં મનીબાઇનાં લગ્ન ક્યારે કરોછો ? મની અને matrimony જોડેજોડ કેવાં શોભેછે ! આ મની તે આપણા આ મનીબાઇ પોતે, money એટલે પૈસો, ને મૅત્રીમની એટલે લગ્ન ! ત્યારે એમને money બી ઠીક કાઢી આપવા પડશે.

ખા. સા.—હું એને દસ હજારની "રીત"તો આપીશ પણ તે અમારા લોકની સાધારણ રૂઢી મુજબ નહીં. રૂપિયા પાંચસો મારા જમાઇને આદરણીને દિવસે ને બીજા રૂપિયા પાંચસો લગનને દિવસે હું આપીશ, ને તેની સાથે શરત કરીશ કે જો લગ્ન પછીના ચાર વર્ષમાં

તે મારી બેટી સાથે સારી રીતે વર્તશે, ભરથાર તરીકેની પોતાની ફરજો બરાબર અદા કરશે ને મને તથા તેણીને કાંઇ ફરિયાદનું કારણ નહીં આપશે તો હું બાકીના રૂ. ૯૦૦૦) લગનની પાંચમી વર્ષગાંઠને દિને તેને આપીશ.

મીસીસ જયકુંવરી—વિચાર તો ઠીક છે ખાનસાહેબ, જો કે હું એ વાત માનતી તો નથી, પણ જો તમારાં બેટી તમારા જમાઈ સાથે બરાબર ન વર્ત્તે તો તે બહુ નાપસંદ કરવાજોગ case માટે તમારા જમાઇ પણ કાંઇ હાથ મચકડા લખાવી લે ખરા કે ?

ખા. સા.—Well well, તેવા case માં મારા જમાઇને પોતાની બાઇડીને હાંકી કાઢવાને પુરતો હક રહેશે.

ડૉ. ધનસુખરામ—હાંકી કાઢીને તે શું લાભ મેળવશે ? તમે તેણીને ઘરમાં રાખીને ખીચડો ખવાડશો ? ! પણ સાંભળ્યા મુજબ તમારા matrimonial laws એવા તો કંગાલ છે કે બાપડો જમાઇ જો ખરાબ હશે તો આડે માર્ગે જશે અને જો સારો હશે તો બીજી બાયડી કર્યા વિના શીર કુટયા કરશે ! ! અરરરર, ખાનસાહેબ, આ તો બાર વાગ્યા, ચાલો હવે જઇશું, અમારો હૉટેલવાલો નારાજ થશે.

મીસીસ ખા. સા.—પણ અમો તમને જવા કેમ દઇશું ? અમારી સાથે નહીં જમો ? વારૂ, ચાલો, આજે નહીં તો આય સનીવારે રાતે અમારી સાથે જમવાનું અમો તમને બન્નેને ઇજન કરીયેછ. તમારે વાસ્તે ખાસ રસોઇ કરાવશું.

પ્રકરણ ૧૦ મું.

'શીરીન મૅનશન'—મૅનેજર મી૦ પટેલનો રૂમ—હાજર:–પટેલ અને ભાણીઓ.

પટેલ—કેમ ભાણ્યા, જઇ આયો કે ?

ભાણીઓ—હઉવે !

પટેલ—પછી ?

ભાણીઓ—પસી હું વરી ? સંત્રું સુધરી ગીયેલું.

પટેલ—સુધરી ગીયેલું ?

ભાણીઓ—પટેલ સેઠ, તમે માનીજર થીયા ને સુધરી ગીયેલું ની હમજે ? જાંગલાઓ સુધરેલા, તીની પસાડી પારસાઓ સુધરયા, પારસાઓની પસાડી ઓલ્લા હિંદુઓ સુધરેલા, હિંદુઓની પસાડી પેલા ગેપાંઉઓ સુધરયા, ને હવે અમારી પાલી આવેલી !

પટેલ—પણ ભાણ્યા હું તુને પુછું સું ને તું બકે સું !

ભાણીઓ—અરે સેઠ રાખોરે ! તમે તો બધા દા'ડાના એવા આકરા વીકરા રેઈ ગીયેલા ! માના પેટમાં તો નવ મહીના હુધી કેમ અકર વકર કીધી ઓહે ! આ મારી ભાણુકીને હવે આઠ આઠ દા'ડે ઓલા "વીનચ્ચર છોપ"ની ગોટી જોઇતી સે; દર પંદર દીએ ઓલું છાલીટ તેલ જોઇતું સે. ધોરાના ચણાનો લગરીક તફરાવીને લોટ કરતાં ઉતાં ને આંગે ચોપરતાં ઉતાં તીનુ હવે તો નામ ની ! ઓલા બાઇનાં ઉતરેલાં પોલકાં મલે તીને કાપીકુપીને ટાંકી ટુંકીને મનીબાઇની સલ્લા પરમાણે પહેરે ને બલાઉછની કાની તીને સારીમાં ખોહે ! એ છંખણીને હું કહેતો સું કે ચોલીઓ બધી ટુંકી પરતી ચાલી તો કેંય જે પોરી મોટી થહે ની વારે પહેરસે, ઇમ હાથ ઉઘારા રાખવા મને ગમે નીહ. મેં કીહેલું જે પારહણોની બાંહે ચહરતી ચહરતી ખભાં વેર ગાયેલી, તીવારે તારી ચોલી હું બાઈને પહેરાવહે ? તો કીહે જે, પીટયા ધીરો થા, મહીના પંદર દીમાં એ અપોતી મેરે પાસી નીચે ઉતરસે ! એ તમારી મધમોની રીતભાત કંઇ આપરા મસ્તકમાં ઉતરે નીહ. પરમેસરના બંદા હો તો માનો, પટેલ સાએબ, તમારા ધર મહી બી છંધું સુધરી ગીયેલું !

પટેલ—પણ ભાણ્યા, બકની; મારા પેટમાં કુતરાં બીલારાં દોરેચની ?

ભાણીઓ—યે ! તમે કેમ જાણેલું ? કુતરો બી પાળેલો; એક બચ્ચરછ બીલારી, ને એક જંગબારી પોપટ !

પટેલ—અરે બસરઇ બીલારા! મારે તાંહ જગાજ કાંહ બરેલી કે કુતરો પાળે? કોઇ ભલતાને તાંહ તું ઘુસી ગીયો હોસે!

ભાણીઓ—નારે, તમારા હમ! એ તો મારપર ગીયેલાં. બારણું અલગું એટલે હું અંદર ઘસેલો, કે લાગલીજ બુમ પરેલી—"મુવા નાક કરયા વગર અંદર કેમ ઘસી આયો!—" સલેખમ થયલો ઈટલે મેં પોટયાંએ નાક તુછવા કીધેલું તો કીહેજે—"કોણ મુવા જતીને તાંહથી આવેલો." મેં કીહયું જે નોકરી રહેવા આવેલો......

પટેલ—ભાણયા, ખરેખર તું આજે દેવાનો થયલો લાગેચ! એ મારી મેહરી નહીજ હોય! પણ એ કરતી તી સું?

ભાણીઓ—વરી હું કરે? હું અંદર ગીયેલો તે વારે ખુરસીમાં બેઠલી. પાહે એક ધરમ ધીમ જીવો ઇસકી, આંખે ઉડી વાગે છવો પારસો ઉભેલો. એ સંધું સાતરે સાત ને બારે વાત.

પટેલ—એટલે સું?

ભાણીઓ—વરી સું! પાહે સોડા બરફ ને બાટલી પરેલી; માથે ટોપીની જાત નીહ ને મ્હોમાં છીગાર! બાઇ બએ મીલીટે રૂમાલે આંખ તુછે, ને ઓલો તીને પટાવે. રાખોરે સેઠ! રાખોરે! છમ ઘસયા ઘસયા કીફા ચાયલા? જરા બાઇની વાત તો હાંભરો? છમ કેપાલ સાનું કુટો! એ અછતરીની જાતને અમે તો ખાહડે બાંધીએ! બાઇ કીહેજે આજે તીહ તીહ દહારા થયા ને એક અકછર મળે નીહ; પોતે તાંહ બેઠા બેઠા મજાહ મારનો પરવારે તેવારે બૈરીની ખબર લીયેની? બૈરી ઇફા વેઠ કરતી મરી ગીયેલી. દોલી તું નીહ આવતે તો મારૂં સું થતે?

પટેલ—એનો ટોટો પીસું—ટોટો પીસું—

ભાણીઓ—અરે, અરે રાખોરે સેઠ! મારો ટોટો પીસી લાખેલો! "પણ એ ગીયેલો કાંહ?" ઓલો સેઠ પુસે; તો કીહે જે 'બલા જાણે મારી ને રોગ જાણે તારી" કોઇ માજીછટરને તહીં ચાકરી ગીયેલો; માજીછટર કોણ મુવો આવતો 'તો કોઇ છના જીવોજ

ઓ છે !" પસી ડહકે ડહકે રરવાનુ છરૂ કીધેલું તે ખાછછી તણુ મીલટ નરમ પરેલું નીહ. તી રરે ને તે પટાવે. ઓલો કીહે જે એ રાછકલને મારી છામમે આવા દે, જો હું ઇને કીવો ઢીલો કરૂં તે ! તીવારે બાઇ હછેલાં ને કીહે જે આપરો પલાન ધ્યાનમાં રાખજે હં ! પણ પોરી હુછયાર તો ખરી, પટેલ છેઠ, તમારા હમ ! સંધું ઇવું છાફ છુર ને ટીરીમટરાક રાખેલું કે મેં તો ચાર ઘડી ખુણે ઉભો રેઇ જોયાજ કીધેલું. આપસ આપસમાં ઇવો રતન ચમેલીનો ખેલ ચાલે કે પાંચ દહ મીલીટે તો મારીપર નજર પરેલી ! ઓલા જાંગલાએ તો મારીપર નજર પરતાં એક ચોહરી કાહરેલી; કીજે "યુ ગધ્ધા, તેં અમારી પરાઇવેટ વાત કેમ સાંભલી ?" તમે હીખવી મુકેલો ઇટલે આપરે બી બાઇનાજ માફક પલાન રચેલો. મેં કીહયુંજે બાઇ સાબ નોકરી લેવા આવેલો. પસી પગારની વાત ચાલેલી, ઇને પાંચ આપવા કીધેલા પન હું દહ પકડી બેઠેલો. રાંધનારો તો ગોઆનીસ, ને આયાની એક પોરી. વાતચીતપરથી લાગે કે ઓલો કંઇ જંગબારથી આવેલો તી કીહે જે દહ તો દહ રાખી લે. પસી મારા દેખાવપર વાત ચાલેલી ઇટલે બેઉ જણા પેટ પકરીને હસેલાં.

પટેલ—જંગબારથી આવેલો ? મેં હાંભરેલું—અરે—સાંભરેલું—

ભાણીઓ—એ એમ હું કરો ! ? એ કંઇ લેછન કરવાનો વખત નીહ.

પટેલ—હારે, મેં સાંભરેલું, ભાણ્યા, આય તારો શેઠ મને સુદ્ધ ગુજરાતીનાં ફાંફાં મરાવે પણુ હું ઘણીકવાર લપસી પરૂં. કંઇ નહીં, કંઇ નહીં, આસ્તે આસ્તે હુધરસું. મેં સાંભરેલું કે એની માસીનો દીકરો થતો જંગબાર કહરાયલો, પણુ તે પોયરો એટલા પૈસા કાંહથી લાવે ? વારૂં ઠીક છે, હવે જોઇશું. પણુ ગધ્ધા, મેં તુને કહેલુંની કે તું મારો આય કીયાટ આપજે ને કહેજે કે આય તમારા વાહલાને પ્યારા વરે મોકલેલો ને તેવણે પોતાનું નામ બદલેલું ને તેવણનો જીવ તમારામાં ભરઇ રહેલો, પણુ પીનલ કોડ મુજબ મહીના દી અગાઉ મલવા અવાય નહીં.

ભાણીઓ—પણ સેઠ, મહીનાના તો તણ મહીના થઇ ગીયેલાની.

પટેલ—હા, ભાણ્યા, પણ એ ત્રણ મહીના મેં એની તપાસ લેવા ખામખા કાહારી નાંખ્યા.

ભાણીઓ—પટેલ સેઠ, હંધો બખેરો જોઇને મારા મસ્તકમાંથી એ કોયટ ખહીજ ગીયેલો ! તમારા હમ, મનેતો લાગેલું કે મેહરબાઇ ઓલા પારસાની બૈરી ઓસે. તમારા કરતાં તીની હાથે એવી ખાછ્છી છોભે; પણ યે તમારી બૈરી ખરી કે ?

પટેલ—એટલે ? એ સું બોલેલો ! મારે હાથની બે ચાર ખાઇ જસે !

ભાણીઓ—રખો સેઠ, ઇમ આઈનો ખાર બાઇપર હું કહારો !

પટેલ—જોરે ભાણ્યા, મારે જાતે જઇને એ બધા ઘોંટાલા પીંડારાની ખબર કહારવી પરસે. હું મારે ખરે નામે નહીં જવસ; તુંને સું લાગે ? હું ઓરખાઇ આવા કે ? અરે, આવસ કે ? આનરી માજી-સટર સાહેબ કહે કે મી૦ પટેલ આય ત્રણ મહીનામાં તમારામાં એટલો ફેરફાર થઇ ગેયલો કે તમારો સગો બાપ બી તમુને ઓરખી સકે નહીં. હું મનસે કેહું કે, તો તો તેમાં ફેર સું. મફતના મરી કંઇ તીખ્ખાં લાગે ! સુધારાની હવામાં વસવું એટલે અંદરથી તેમ બહારથી સરીર સંધું સુધરી તો જાય ! આવતી પરમ દહારે પેલા પટેલને તાંહ કાગર પુગારવાનો છે. પરમ દીવસનું કંઇ "અપોટીમેન્ટ" દીસે નહી જો તો ભાણ્યા, દોરતો, મારો બાપ કરું, મારી ટેબલ પરથી મારી ડાઇરી લાવતો.

ભાણીઓ—બાઇરી ?

પટેલ—અન્નારી, ડાઈરી નહીં સમજે ? પેલી નાહ્લી ચામરાનાં કવરની ચોપરી છે તે ! જા તો, દોર, મારી ભણવાની ચોપરીને હાથ લગારતો રખે ?—કેમ લઇ આયો ! આનરી માજીસટર સાહેબ કહે કે, "મી૦ પટેલ, મારા ઓક્ધાના તરીકાની રુએ મારા સાકીટરીએ ને મારા માનીજરે ડાયરી રાખવી જોઇએ. ડાયરી વગરનો

કારભારી બૈયર વગરનો માટી છે" આનરી માજીસટર—અરે-માજીઇસ્ટરેટ સાહેબ ભલા તો ખરા. ૨૦૦૦) નો દસ વરસની મુદતનો મારો વીમો ઉતરાવેલો.

ભાણીઓ—હેં, વીમો ઉતરાવેલો, પટેલ સાએબ ? તે વારે તો મેહરબાઇની કાહર પતી ગીયેલી ! હવે તો ઇમને ઈમ બી તમે મહાણે જાઓ તો મેહરબાઈને વીમાની રકમ દોકડે પાઇકે મલે.

પટેલ—અરે અન્નારી, તુને ને મેહરી જેવીને સાતને મારીને હું મરસ. એ પૈસા તો હું જ જીવતાં જીવત ખાવસ. દસ વરસની મુદત પછી હું જીવતો રીહો, અરે, રહયો તો એ નાણા મને મળસે, ને જો મરી જવા, અરે, જવસ, તો મેહરીને તેનું વ્યાજ મળસે. જો આનરી માજીશટર સાહેબે ડાઇરોના પહેલ્લા પાનાપર સું લખાવેલું ? ભાણ્યા, કમબખ્તી તારી કે તારા બાપે તુને પાટી પર ધુર નખાવેલી નહીં પણ તારા રામલાને સીવસંકરની સોર સાંધવા દેસે તો સુખી થસે. આહ—હાહાહાહા ! આય ડાઇરામાં સેવકનું નામ કેવું સોભે ! માજીસટર સાહેબે કહેલુ કે પીનલ કોટ ને ડાઈરીમાં ફેર છે. પીનલ કોટ ઘસી ઘસીને વાપરવો, તેને ચાહ પાણી કરાવવું પણ ડાઇરીને કશુ તેમ કરાવવું નહીં. સું સમજયો, અન્નારી ? એમ ભેંસાસુરની પખી જોયા શું કરે ? ભોગ તારા કરમના ! જો જરા સેવકનો રૂબાબ ! આય બહારનું કવર કીધેલું તે આઠ આઠ દહારે બદલવાનું, સમજેલો ? તે પર સીવશંકર મેહતાજીના મોતી જેવા અખ્ખેરે લખાવવાનું કે—

મી૰ કુંવરજી કાવસજી પટેલ તે ખાનસાએબને આનરી માજીસટર-અરે —માજીઇસટરેટ મેહરનોસજી મીનોચેહરજી માલેગામવાલા, જે. પી. ના કારભારીની પરાઇવેટ એટલે અંગત ડાઇરી ઇ. સ. ૧૯૧૩.

ભાણીઓ—અંગત ને પરાઇવેટ બાઇરી ? ઇટલે મેહરબાઈ, અરી—મેહરબાઇતો તમારી જાહેર બાઈરી.

પટેલ—અરે અનનારી, બાઇરી નહી, ડાઇરી. ડ ને કાનો ડા, ઇ ને કંઇ નહીં ઇ, ર ને દીર્ઘઇ રી : ડાઇરી,. એટલે, યાદી—નોંધ. પાનું પહેલ્લુ.

અસલ નામઃ—મેહરજીભાઇ મનચેરજી માખણ્યા.

પાછળથી ફેરવેલું નામઃ—કુંવરજી કાવસજી પટેલ.

ધંધોઃ—ઓનરરી માજીસ્ટર, ખાન સાહેબ ને જે. પી. મેહરનોસજી મીનોચેહરજી માલેગામવાલાના ખાસ માનીજર.

નેમણુંકઃ—તા૦ ૧ લી જાનેવારી સને ૧૯૧૩.

ઉપલી તારીખે ઉમરઃ—૩૫ વરસ, ૬ મહીનાને ૪ દહારા.

દેખાવઃ—ઘઉં વરણુના, બેઠી બાંધણીના, ઘટમારા.

હાલતઃ—પરણેલી. પહેલ્લી પરણેતર નામે મેહરબાઇ હાલ હૈયાત.

રહેવાનું ઠેકાણું (ખાનગી):—ખેતવાડી ૧ લી ગલી, બ્યાક ને મેન રોડનાં જંગમપર, ભાંયતળ્યે.

ધંધાનું ઠેકાણું:—ખા. સા. માલેગામવાલાનો વીલડરનેસ રોડનો "સીરીન મેનસન" બંગલો.

વોચ ના૦:—૮૫૩.

રેલ્વે સીઝન ટીકીટ ના૦:—૫૦૭૪.

કોઓપરેટીવ સ્ટોર ટીકીટ ના૦:—૨૭૨.

બેન્ક પાસ બુક ના૦:—૧૬૫૬.

ટેલીફોન ના૦:—૨૫૨૫.

ટેલીગ્રામ્સઃ—હું રાખતો નથી.

મોટરકાર ના૦:—૮૫૦ A.

હાથનાં ગ્લવ નું ના૦:—હું પહેરતો નથી.

કોલરનું સાઇઝઃ—૧૮ ઇંચ.

હૅટનું સાઇઝઃ—હું પહેરતો નથી. જો કે ખા. સા બોહસ કરે. આસતે આસતે ઉતરેલી હૅટ મારા રૂમમે પ્રાકટીસ કરહું, અરે, કરસ.

બુટનું ના૦:—૭½

વજનઃ—બંગાલી ૫) મણ ને પંદર સેર.

ઉંચાઇઃ—૪॥ ફીટ

• વિમાના પ્રિમિયમની તા૦:—૧ લી ફેબરવારી ૧૯૧૩. એ ૧૩) મું
વરસ અવરદહા હોવાથી, સગનને ખાતર
એ નોંધ લાલ સઇએ મેં લખેલી.
ખોદાતાલા સઉની હાતે તેના આય
ખાકી બંદાને બી હલામત રાખે.

બાઇસીકલ ના૦:—૧૭૯૦૪.

ભાણીઓ—પટેલ સેઠ. પસી હું ?

પટેલ--પછી તારા બાપનું કપાર !!

ભાણીઓ—પણ એ બાઇસીકલે ચાર વખત તમને લાખી દીધેલા, એક ફેરી કમ્મરતું હારકું લચકાયલું, બીજી ફેરી હાથ જોખમાયલો, ને તીજી ફેરી ગુંથણ ઉતરી પરેલું ને એક વખત ધુંટી મોરસાયલી ને હું તમુને મોટરખારમાં લાખીને બીમને તાંહ લેઇ ગીયેલો, ઇ ડાઈરીમાં બધું કેમ નીલખેલું ?

પટેલ—અરે અન્નારી, જે ધણીનાં હારકાં ભાગે તેને વાસતે ડાઈરીમાં લખાય નહીં. તારાં ભાગસે તાહરે હું એમાં લખસ ને સાથે સાથે ભાણકી હસસે તે બી લખસ ! ચાલ લાવ, પેલી કલમ ખરીયો આગર કર.

તા૦ ૧ લી એપ્રીલ:—

પેલા નાપાકને અહેરેમન કુંવરજી કાવસજી પટેલ પર પતર લઇ જવાનો

ભાણીઓ—રાખો રે, એ તો તમે ઘોંટાલો કરી લાયખો !! ડાઇરીના કવરપર તમે ઇ નામ ભૂછી મારેલું ! હવે આવતી કાલે તમે મોટરખાર તરે દબાઈ જતા રીહો ને પોલીસ આય "નાપાક ને અહેરેમન કુંવરજી કાવછજી પટેલ" વાંસે તો છધી કચુમબરને આદાંની સુંઠ થેઇ જાય. મારૂં ગરીબનું માનો ને એ બોલ સેકી લાખો.

પટેલ—નહીં છેકાય, ભાણ્યા, નહીં છેકાય. આવતી ઓલાદની ને આનરી માજીસટરની જાણને વાસતે તેવણની બોલીમાં નીચલો વધારે હેરો, અરે, સેરો હું મારૂંછ:—

એ ધણી ઘણો બદબખત હોવા છતાં, આનરી માજીસટર સાહેબની ખાસ ફરમાસથી એને મુબારકબાદીનો કાગર

પુગારવાનું ખાસ માન આય ડાઈરીના માલેકને મલેલું છે. રાખરે ભાણ્યા, તું મેહરીને તાંહ જઇ આવેલો તેની નોંધ આય ડાઈરીમાં લેવી જોઇએ.

તા૦ ૨૯ મી માર્ચઃ—

ભાણ્યો મારા કેહવાથી મેહરીને તાંહ જઇ આયો. મેહરી ભાંય તળયેલી મારપર ચહરેલી. ભાણ્યો કહેજે એને કોઈ જુવાન્યાને તાંહ દીઠલો. મારૂં લોહી ઉકરેલું, ઉકરીને ગરાંમાં આવેલું, ને ગરાંમાંથી મસ્તકે ચહરવા કરતું, તેટલાં ફામ આવી કે રાખરે ભાણ્યા, મેહરીનો એક માસીનો દીકરો જંગબાર ગંયેલો તાંહથી પૈસા તો નહીં લાવેલો હોય? આય ફામ થતાં ઉપર ધસેલું લોહી ગોલાંત ખાઇને નીચે પરયું.

ભાણીઓ—સેઠ, ઇમ લખ્યા કરહો તો ડાઇરી તો એક તરાકામાં ભરઇ રેહવાની; થોરી થોરી મારા તરફની નોંધ ઇમાં ની ઉમેરો?

પટેલ—નહીં ભાણ્યા, એમ બને નહીં. તારે જુદી ડાઇરી રાખવી જોઇએ. પણ જો, ભાણ્યા, આપરા આય આનરી માજીસટર કહેજે, ગરીબીમાંથી વધેલા, ને એના વરવાઓને વાસતે કોઇ સારૂં બોલે નહીં. કહેજે બચગીમાં એ બરો ઉઠાઉગીર ઉતો. પાંચ પૈસા મેલવેલા એટલે આબરૂ દરકારમાં આવેલો. ખાનદાનની જાત નહીં તેથી લોહીમાં ખામી તો રહેલી પણ દીલનો ડાઘેલ દીશે નહીં. ને મનનો બી ઉદાર ખરો. ખાય ને ખવરાવે. પણ ભાણ્યા, ઠીક થયું કે આપરે એકલા પરયા. માજીસટર સાહેબ મને કહે કે "મી૦ પટેલ, દરેક માણુસે પોતાના ઓરડામાં એકલો પરતાં આગલી પાછલીનો વિચાર કરવો જોઇએ ને પોતાના હૈયામાં ડોકયું કરવું જોઇએ." હું રાતે એકલો પરૂં ખરો, ને મેહરી પાસે નહીં એટલે પેટ કોણુ આગર ખાલી કરૂં?

ભાણીઓ—તે વારે તમારી બી કંઇ આગલી પાછલી ખરી કે?

પટેલ—કસઅખત, મારી આગલી પાછલી હોતે તો માજીસટર સાહેબની પખીન ખીલી નહીં નીકરતે?

• ભાણીએ—સેઠ, એ તો હુસ્યારી પર આધાર ! મને તો લાગે કે તમે કંઇ ઢંગ મચાવતે તો ફાંઢીનો સોદો થાતે. પણ તમારા હમ, બાઇ વીસે તમે સુ વીચારો ?

પટેલ—(માથું ખુજાવી) બાઇ...બાઈ?......મીસીસ સીરીનબાઇ, બટ યુ પાલીસ ! ભાણ્યા, બૈરાંનું દીલ વાંચવું ને તે લોકનાં મનની વાત જાણવી એ કંઇ તું ધારે તેટલું સેહલું નહીં, પણ મને તો લાગે કે "બાઇ" એ જુવાનીમાં માજીસટર સાહેબ જેટલાં ઉંધા ચત્તાં નહીં કીધેલાં. કહેજે, એ ઘણાં સારાં ખાનદાનની છે, ને સીખેલી છે. જરા મીજાજની કરક છે પણ દીલની માડી નહીં. જરા વહેમી બી ખરી. જરા જરામાં મુહરત વાર જોય, ચોક ચાંદન પર જીવ આપે, ચીતલ બહુ હંભારે પણ એમાં કંઇ માઠું નહીં. માઠું તો બાહમણા જોસીનાં વહેજાનું છે.

ભાણીએ—અરે છાના રીહો રે ! આજ ને કાલ એ તમારા હુધ-રેલા પારસીઓમાં એ ચેતક બહુ વધેલું ! જરા જરામાં બાહમણાઓ પાહે દોરી જાય, ને જેવારે પોતાને જવા ની બને તે વારે અમારા જેવાને પરપુસ કરવા મોકલે. તમારા લોકની મેહરબાનીથી એ બાહમણાઓ ઠેકાણે ઠેકાણે ઉભાઇ જાય ને કરાં ઘોરાં કરે ! મરદો બી એ લોકને તાંહ જાય. કહેજે કેટલાક બાહમણાઓને એ લોકે અતેરૂં થતાં મારવા લીધેલા તે વારે તે લોક બહારગામ નાહેલા. પણ સેઠ, તમે આય છેકેટરી વીસે સું વીચારો?

પટેલ—ઠીક, ભાણ્યા, માઠું તો નહીં. મને લાગે કે માજીસટર સાહેબે એને ઘેરમાં લીધામાં ભૂલ તો નહીં કીધેલી. પોયરો મારી હાથે બી ઠીક વાત કરે. એ પહેલ્લાં આવેલો તાહરે તીખ્ખાં મરચાં જેવો ઉતો ને માજીસટર સાહેબ જરા ચમટો તોરે કે જતો રહેવાની વાત કરે, એટલે મનીબાઇ સમજાવી લીએ. એનું મનીબાઇ સાથે ગોઠવાય તો હું ઘણો ખુસી થાઉં.

ભાણીએ—ને ઓલી મધમ વીસે તમે સું ધારો?

પટેલ—મધમ.....મધમ? એ પોરીના ઢંગ તો મને કંઇ ઠીક નહીં દીસે. મારી તરફ તો એ દોરા ફેરવે ને કોણ્ણું જાણે સું છે તે

મારી પર વહેમ ખાઇ ગેયલી લાગે. જો કે તેમ બહારથી દેખારે નહીં. એક વરા મને "યુ ઇસ્ટુપીડ" કહેલું. બીજી વખતે "એસ" કહેલો! માજીસટર સાહેબને પૂછતાં એ એનો મેનીંગ "બેવકુફ ગધ્ધો" નીકરેલો! મને જોય તેવારે કંઇ બબરે! ભાણ્યા, આવ, પાસે આવ, કાનમાં કેહું; જો વરી તારી જાતની પખીન ગામમાં ડાંઉ ડાંઉ કરતો રખે, હું ઘણુંએ કરૂં પણુ એ પોરી મને ગમે નહીં. મને તો લાગે કે એને ઘેરમાં ઘાલવામાં માજીસટર સાહેબે દુરઅંદેસી વાપરેલી નહીં. બધાંમાં એવણુ પીનલ કોડને કનહલ કરે ને એ વાતમાં કેમ નહીં કીધેલો?

ભાણીઓ—આપરા માજીછટરનો છોરાબ કીવો?

પટેલ—એ પોયરા હાથે હું ઝ.ઝો ભેરાયલો નહીં. એ લાગે તો ઠીક. મારી હાથે માઠો બી નહીં વર્તે ને સારો બી નહીં વર્તે. યે! એમ ગધ્ધાની પખીન મારી હામે સું જુએ? એટલે એ એમ વીચારતો દીસે કે જાણે હું એક નકામું જનાવર છેઉં. મારા આવ્યાથી કોઇને ફાયદો બી નહીં ને ગેરફાયદો બી નહીં. ગેરફાયદો બી નહીં ને તેથી મને ધમકાવે બી નહીં ને પટાવે બી નહીં. એ ધારતો દીસે કે, "ચાલેચ......દુનિયા છે......પાપાજીને એ ડબરડીંગ ગમ્યો તો પાપાજી હાથે વહરવામાં ફાયદો સું! એ તો રાજાને ગમી તે રાણી ને છાણા થાપતી આણી"—પણુ ભાણ્યા, તેં બધા વાસ્તે પુછેલું કે "ઓલો કેવો ને પેલો કેવો," પણુ બેજન દારૂને વાસ્તે તારે પોતાને વાસ્તે ને તારી ભાણુકીને વાસ્તે તો નહીં પુછેલું?

ભાણીઓ—સેઠ, સેઠ, તમે ઘણુા ફાટી જાતા છેઓ. ભાણુકીને હું ગમે એટલું બોલા પણુ તમુને બોલવા ની દેવા.

પટેલ—અરે પણુ ગદ્દધા તું મને સાંભરતો ખરો. મેં કાંહ ભાણુકીને ગાર દીધી? જો તેઆરે હવે અમારો ભાણ્યો ભાણુકી જેટલો હુસયાર નહીં; બહુ એ પતરાજી કરે, "થુ" મારે ને ફેકંણી કરે પણુ જાંહનો તાંહ. ભાણુકી નેણુ ફેરવે કે પાણી પાણી થઇ જાય. ભાણ્યો દીલનો તો સારો. કામ બી ઠીક બજાવે પણુ એની જાતની

કેટલીક ખોર ખાંપણ બીજા હંગાત એને બી વરગેલી. જરા પીધ્યું બી ખરૂં ને ભાણુકી નહીં હોય તો દુન્યાથી ઉખરી જાય. ચાલ હવે, એમાંથી તુને ગમે તે સમજી લે કે ભાણુકી સારી કે તું સારો. હવે રહયા એજનદારૂ. એ મારો વહાલો ઠાવકો, ઠરેલ ને સયાણો તો ખરો. લાંબી ટુંકી કરે નહીં ને કોઇને તેમ કરવાની તક બી નહીં આપે. પવનને પીઠ આપે ને લાગ ફાવતાં પાછી તે ફેરવે. આબાદ જાણે માજીસટર સાહેબ પોતે. "એમ કરો તો બી સારૂં. તેમ કરવામાં, તમારા સમ, વાંધો નહીં. લાયો સાહેબ, આયો સાહેબ, હાજી," નાજી તો મેં કોઇ દહારો હાંભરેલું અરે, સાંભરેલું નહીં, ગમે એવું કોઇ અજીઠ, વતાર કરે તો જાણે કેવો એક ભણુવામાં રોકાયલો હોએ તેમ આસમાનસે આંખ લગારે, જાણે એવું દેખારવા કે "મારી કેઇ બલાને" ! ધરમ તો એમ કહે ને ધરમ તો તેમ કહે પણ જો ધરમ જાળવવાનોજ હોતે તો ખોદાયજી જરથોસતીઓને હિંદુસ્તાનમે ધસરી સું કામ લાવતે ને બેહદીનોને તે કેમ સીખવવા તેથી અથોરનાનોને અંજાણ કેમ રાખતે? એ તો મારો વહાલો ભણવાનું જાણે, પેટ પુંજા કરવાનું જાણે, કુરઇને વાસતે ઉંચું નીચું કરવાનું જાણે, પછી વર મરો કે કન્યા! એક દહારે લાહટમાં ઉતો તાહરે મને કહેલું કે, "જુઓ મી॰ પટેલ, અલબત તમારી ને મારી 'ડુટી' માં ફેર છે પણ મારી સલ્લાહ માનો તો માજસટર સાહેબનાં કહયા મુજબ આય કાને સાંભરેલી વાત પેલે કાનેથી કહારી નાંખજો, ને મારી સલ્લાહ મુજબ 'એમ કરો તો બી ચાલે, સાહેબ, ને તેમ કરો તેમાં વાંધો નહીં સાહેબ' કરયા કરજો." ચાલ, ભાણ્યા, મને હવે કામ ઘણું છે; સેઠ સેઠાણી કરે તેમ 'ગુડ બાઇ,' 'ટટા.'

પ્રકરણ ૧૨ મું.

ખા. સા. નો ડ્રોઇંગ રૂમ. ખા. સા. સહવારમાં ઇઝીચૅરમાં પડી 'પારસી' વાંચે છે.

ખા. સા.—(ખુરશીમાં ખડા થઇ) શીરીન, મની, સોહરાબ, આ જોયું કે, આ જોયું કે?

સઘળાં—કેમ કેમ, શું છે?

ખા. સા —અરે, શું છે પૂછોછો! આ વળી પેલા રાસ્કલે મને forestall કીધોછે! હું ચોકકસ વિષયો ઉપર સરસ રેસાલાઓ જે કોઇ લખે તેને વાસ્તે ઇનામો છપાવવાનો હતો તેટલાં આ રાસ્કલે, જાણે મારા મનની વાત પામી ગયો હોય તેમ મારી ઉપર ચઢાવો કીધો. લો, મી૦ મોરીસ, જરા આ 'પારસી' વાંચો, ગભરાવો ના; તમને હું 'ક્રૉનીકલ' કે 'ટાઇમ્સ' વાંચવા કહુંછું ત્યારે તમારો ચેહરો ગુલાબનાં ફુલ મિસાલ ખીલી જાયછે પણ જયારે 'પારસી' વાંચવા કહુંછું ત્યારે શરમાઉ ઝાડ માફક કરમાઇ જાયછે! come come, તમારૂં એ ચીબાવલાપણું છોડી દો.

મી૦ મોરીસ—(અચકી અચકી વાંચે છે.) "અમો જણાવવાને ખુશી છીએ કે આપણા જાણીતા અને માનવંત શેહરી શેઠ કુંવરજી કાવસજી પટેલ, જે. પી. એ આવતી પટેટીના મુબારક રોજે ઇનામની ચોકકસ હરિફાઈ અમારાં પત્ર મારફતે જાહેર કરવાને અમને ફરમાસ કરીછે. તેવણે નીચલા સવાલોની હારમાળાની એક ટીપ અમો ઉપર મોકલી આપીછે. આ સવાલોના જે બાનુઓ યા ગ્રહસ્થો ખાતરીપુર્વક જવાબો આપશે તેઓને તે દરેક જવાબ માટે રૂ. ૧૦) નું ઇનામ એનાયત થશે. આ જવાબો પસંદ કરવાનું કાર્ય શેઠ પટેલે અમને સોંપ્યું છે. અને તે માટે રૂ. ૧૯૦) ની રકમ અમને તેવણે સપુરદ કરીછે, જેની પહોંચ અમો ખુશીથી સ્વીકારીએ છીએ. જવાબ આપનારાંએ મેહરબાની કરી પોતાના જવાબો પટેટીની ૧૫) દિવસ આગમચથી અમને મોકલી આપવા. કોઈપણ જવાબ યા જવાબો પસંદ કરવાને યા મંજુર રાખવાને અમો બંધાયલા નથી. નાપસંદ થયલા જવાબો પાછા વાળવામાં આવશે નહીં અને તેનાં કારણો આપવામાં આવશે નહિ. અમો મી૦ પટેલને તેવણના આ આવકારદાયક પ્રયાસ માટે મુબારકબાદી આપીએ છીએ."

સવાલોઃ-

૧—સાર્વજનીક ફરિયાદના સંબંધમાં માત્ર પાંચ જ દાખલા એવા શોધી આપવા કે જેમાં મુંબઈની મ્યુનીસીપલ કૉરપોરેશને પોતાના અમલદારોના મત નહીં સ્વીકારતાં પ્રજા. પોકાર ઉપર ધ્યાન આપી પ્રજાનું દલદર ફીટાડયું હોય.

૨—એક પણ એવું ટાંકણું બતાવવું કે જેમાં ગમે એવા ઉતરતી ખુદ્દાના મ્યુનીસીપલ કમીશનર અથવા સ્ટેન્ડીંગ કમીટી અને કૉરપોરેશનના પ્રમુખને રીટાયર થની વેળા તારીફના બાણુથી નવાજવામાં આવ્યા ન હોય.

૩—પાણીનો પોકાર તાનસા મેઈન ડબલ કર્યાંથી સમુળગો નાશ પામશે અને છેક ઉપલે મજલે પાણી ચઢશે એવી ચોકકસ ખાતરી આપનારને.

૪—ગમે એવી હાડમારી અને કાદવની ઝાડુઓ ખાતાં છતાં ચોકકસ પારસી પત્રકારો અને થીયોસોફીસ્ટો પોતાની ભુલ કબુલ કરી મુંબઈની પારસી પ્રજાને અમુક મુદતમાં હાની પહોંચાડતા અટકશે એવી ખાતરી આપનારને.

૫—"જરથોસ્તી ધર્મ પર એતેકાદ વધારનારી મંડળી"એ અત્યાર સુધીમાં કેટલી હદે બુતપરસ્તી નાબુદ કરી ધર્મ ઉપર ખરો એતેકાદ વધાર્યો છે તે સાબીત કરનારને.

૬—પારસી લેખક મંડળે અત્યાર સુધીમાં કેટલાં જાહેર લેખાં અને કયું મંડળ 'જરનલ' બાહેર પાડી, અને બીજા કેવા પ્રકારે પોતાની અગતયતા પુરવાર કરી આપી છે તે સાબીત કરનારને.

૭—નાઈટ હુડનો ખેતાબ અમુક મુદતમાં અમુક પારસી નાટકકારો અને પત્રકારો ખાટી જશે એવી સાબીતી આપનારને.

૮—અમુક મુદતમાં પારસી ધર્મ ઠગો અને બીજાઓ સુધારાવાલાઓ પર ખોટાં આળ મેલતાં અટકશે એવી ખાતરી કરનારને.

૯—પારસી નાટક તખ્તો જે ચાર દાહેકાપર નાટકબીન ટેસ્ટને બીન શકે ઉંચ પંકતીએ દોરવી ગયો હતો અને જે. પારસી પ્રજાના

હાલના બીગડેલા નાટકબીન ટેસ્ટને મારે દોષિત છે, તે ટેસ્ટ ફરી સુધારી પોતાની ખોઇ દીધેલી કીર્તિ ફરી એક વાર કયારે પાછી મેળવશે, તે કહેનારને.

૧૦—ધણીક મંડળીઓ અને સંસ્થાઓ જે નામની સ્થપાઇ હાથ પગ બાંધી બેસી રહીછે અને જે પોતાનો વહીવટનો બોજો માત્ર એકજ વર્કીંગ સૅક્રેટરી અથવા કારભારીને માથે નાખી દઈ ગુપચૂપ બગાસાં ખાયા કરેછે તેઓ બળસે બળ જમાતી એકત્ર થઇ પોતાની હૈયાતીની અગત્યતા કયારે પુરવાર કરી આપશે તે જણાવનારને.

૧૧—પારસી ન્યાતનાં જમણોની વધુ વાર અગત્યતા રહી છે અને તે જમણોથી આ સુધરેલા જમાનામાં શું શું ફાયદા હાંસલ થાયછે તે વિગતવારે દર્શાવનારને.

૧૨—કેટલી મુદતમાં બહુ બોલા પારસી પૈસાદાર ભાષણકર્ત્તાઓ ખીસામાં હાથ ઘાલી પોતાની દરખાસ્તના સંબંધમાં કાર્યસાધક પરિણામો નીપજાવતા થશે તે જણાવનારને.

૧૩—પારસી કોમમાંથી ઑપરેશનનો ઉપદ્રવ કયારે નાશ પામશે તે કહેનારને.

૧૪—પારસી લગનના કાયદા પારસી કાયદાશાસ્ત્રીઓ અને ડેલીગેટો કયારે સુધારશે?

૧૫—કોમની ઉધરતી ઓલાદના નબળા બાંધાની ખાનાખરાબી પીધ્યાં મારતર કલબો કરતી કયારે અટકશે અને કોમમાંથી સરત અને બીજા જુગારની બદી કયારે નાબુદ થશે.

૧૬—આપણા દસ્તુરો અને દાવરો પોતાની દહીં દુધની પૉલીસી છોડી દઈ ગુસેનશીન ન થતાં અને શાલ ઓઢવાનું છોડી દઇ કોમની ધાર્મિક હાલતનો કયે દિને ઉદય કરશે.

૧૭—"જરથોસ્તી લગનની મોતેબરી વધારનારી મંડળી"એ કેટલે દરજ્જે અત્યાર સુધીમાં કુંવારાપણું અટકાવ્યું છે.

૧૮—પારસી ઍડ્યુકેશન કમીશન ક્યે દિવસે નીમાશે.

૧૯—પારસી માબાપો પોતાની છોડીઓને બાઇબલમાં હરિફાઇ કરાવતાં ક્યારે બંધ પડશે.

મની—પપા, એ તમે તાહરના મી૦ મોરીસને તાપ આવતી હોય ને થરમોમીટર મુકી હોય તેમ હાથમાં વૉચ લઇને શાના બેઠાછ?

બા. સા.—તું નહીં સમજે દીકરી. આટલું વાંચતાં મી૦ સોહરાબે બરોબર પંદર મીનીટ ને ત્રણ સૅકંડ લીધીછે ને તે પણ વળી એવી સુશીયાણી રીતે વાંચી કે મારી કૉશી મારા ગળામાં ધસી આવી; જો બે મીનીટ વધુ લંબાતે તો ખચ્ચીત બહાર આવતે. રીસે ના ભરાવો, મી૦ સોહરાબ, હું તમારી ખામી સુધારવા માટે જ બોલુંછું. અલબત્ત મારે કહેવું જોઇએ કે તમોએ હમણા હમણા તમારા ગુજરાતી વાંચનમાં કંઇક પ્રકારે સુધારો કર્યોછે. તમારી કોશીશ મારી માફક ચાલુ રાખશો તો આપંદે ફ-તેહ પામશો. જુઓની મેં સાદી, શુધ્ધ ગુજરાતી બોલવાને ઠરાવ કીધોછે, છતાં, ઘણીક વેળા મારાથી છબરડો થઇ જાયછે. મારા ઘરમાં પણ ગોયા મેં ભાષાની શુધ્ધી માટે ઇનામની હરિફાઇ જાહેર કરીછે. તે હરિફાઇ તમારા અને મારા મૅનેજર મી૦ પટેલ વચ્ચે છે. વળી પાછા તમે ખુરશીમાં ઉછળો છો! તમે બોલતા નથી પણ કહેતા દિસોછો કે મી૦ પટેલ મારાથી બહુ ઉતરતી પંક્તિના આસામી છે અને મારા શેઠ મને તેની સાથે હરિફાઇમાં ઉતારે છે! હવે તમે જ્યારે 'મૅત્રીક,' 'પ્રીવીઅસ' અને 'બી એ.' ની પરીક્ષામાં બેઠા હતા ત્યારે તમારી જોડેજોડ બેઠેલા ઉમેદવારોની સ્થિતિ વિષે તમે કાંઇ પણ વિચાર કર્યો હતો?! તમને ત્યારે ભાન નહીં થયું કે તમારી જોડેજોડ કોઇ પારસી બાવરચીનો, તો કોઇ હિંદુ કારીગરનો, તો કોઇ મુસલમીન નાડી વૈદનો, તો કોઇ લીલાંઉવાલાનો છોકરો બેઠો હશે! તમને શું ભાન ન થયું કે આ સઘળા નહીં તો તે માહેલા એકાદ બે તમારા કરતાં વધુ માર્ક મેળવશે? એ, એ–હવે કેવા હસ્યા!! એ રાસ્કલ પટેલ, આપણા મૅનેજરે, હમણા હમણા પોતાની જબાનમાં ઘણો સુધારો કીધો છે. આવતા છ માસમાં તમો બેમાંથી જેણે વધુ સુધારો કરેલો હું

જોઇશ તેને સોનાનું ઘડીયાળ નંગ ૧) અને છેડો નંગ ૧)ં હું આપીશ. લેઓ, આઇ મીન, લો તમારી આંખો ચમકે છે! પણ હું એમ પૂછું મી૦ મોરીસ કે આ મારા હરિફે કરાવેલી હરિફાઇમાં છુપે નામે તમે ભાગ ન લો? સવાલો તો ઠીક પૂછેલા છે. મારૂં દિલ, એટલે, મારી બાતેન 'પૉલીસી' મને કહેછે કે બચ્ચા મેહરનોશ આ સવાલો ઘણા બરહક છે અને તારે પોતે એ પૂછવા હતા. પણ મારી જાહેર પૉલીસી મને કહેછે કે ના, તેમ તારાથી થાય નહીં; જે ચોકકસ મંડળના લાભોમાં તારા પોતાના લાભો ગુંથાઇ ગયલા છે તેની વિરૂધ્ધ હવે તારાથી જવાય નહીં. આ સઘળું છતાં હું ઇચ્છુંછું કે આ વખતે હું મી૦ પટેલ સાથે એટલે મારા મૅનેજર સાથે નહીં પણ મારા હરિફ સાથે જગા ફેરબદલ કરૂં. જુઓની કહેજે "ભેંસનાં શીંગ ભેંસને ભારી" તે કહેવત કાંઇ ખોટી છે? મેં મારા મૅનેજરનું નામ બદલ્યું ને ખુદ મારા પોતાના ઘરમાં ગુંચવાડો ઉત્પન્ન કર્યો. નકલી પટેલ સાથે ઓરીજીનલ પટેલની હંમેશાં આ ઘરમાં ભેળમભેળ થાયછે, અને તે ગુંચવાડો મટાડવા મને વારંવાર ખુલાસો કરવો પડે છે. મની, મની, વળી તેં તારા કાનમાં આ બે આંગળાં કાં ખોસ્યાં?

મની—પપા, તમે એ ભાણુ ભટઇ નહીં છોરી દેતા? આપરા પારસી ઘેરમાં એ લાડુ ભટઇ કંઇ શોભે? બરીઉં "કહુંછું" ને "બોલુંછું," "લો," ને "આપીએ છીએ" "આ" ને "આવ્યા" "જુઓની" સાંભરતાં સાંભરતાં મારા કાનના કીરા બી પાકી આયા! ને વરી તે સાથે સહવારના પહોરમાં તે બરીઉં philosophise કરવાનું હોશે! જહારે બી કંઇ એ હરવાયો પટેલ કરેછ તાહરે એક કલાક વહેર તમે પીંજણુ કરોછ! એનો પીછો તમે છોરતાજ નહીં ને હસતાં રમતાં ઘેરમાં બરીઓ નકામો ગોઘો ઘાલોછ! ચાલો, ઉઠો, તમારૂં ટબ તૈયાર છે; વરી એક કલાક વહેર તો બરીઉં તમે તેમાં પડી રહેશો. હરવાયો મ્યુનિસિપાલિટિવાલો પાણીની બુમ પરાવેછ ને તમુને તો રોજ પચાસ હાંડા પાણી જોઇએછ. આગલના વખતમાં દુર બેઠલાં ને સુવાવડાં પાંચ હાંડા પાણી વાપરતાં'તાં તાહરે તમે માટીડાજીઓ

બબરતા'તા ને હવે તમે યુરોપીઅન રૂઢી અખત્યાર કરી પચાસ હાંડા પાણીએ ન્હાવોછ તેનું કેમ ?

ખા. સા.—બીહ ના, દિકરી, એ તો તાનસાનો નળ બેવડો થશે ત્યારે બધી પીડા ટળી જશે. તેટલાં હાલ તો એ તારા હરવાયા મ્યુનિ-સિપૅલિટીવાલાને નાના 'શાવર બાથ્સ' ને રમકડાં જેવા ફુવારાને માગેં પાણી પુરૂં પાડવાની સુગ છે પણુ આપણા સુધરેલા પારસીઓ ને યુરો-પીયનો 'ટબ'માં સો હાંડા પાણીએ ન્હાએ તેનો એ લોકને બીલકુલ વાંધો નથી. મી૦ મોરીસ તમારી ડાયરીમાં નોંધ લો કે આ મી૦ ઓરીજીનલ પટેલના સવાલો જયારે છપાય ત્યારે તે મારી સન્મુખ તમોએ ખાન-ગીમાં વાંચવા. ચાલો, હવે હું મારો 'બાથ' લેવા, આઇ મીન, ન્હાવા, અરે, 'ટબ' માં તરવા, અરે, અંગોલ કરવા જાઉંછું, ઇત્યાદિ. અરે તોબાહ, એ આ હું શું બધો છબરડો કરૂંછું ?

મની—ખચ્ચીત, પપા, એ બધો ભેજાં પરનો ભાર તમે ઓછો કરશો નહીં તો દુશ્મન દિવાના થઈ જશો ! જો વળી હંમેશની માફક સાબુ ટબમાં નાખીને ઉઠતા ના. તે દહારે બરીઓ આખ્ખો પીયર્સનો 'ઑટો રોઝ' પીગળી ગીયો ! એમ ધરી ધરી સવા રૂપિયો પાણીમાં પીગળી જાયછ તે ઠીક નહીં. ટબમાં બેઠાં બેઠાં બી બરીઓ પટેલ ને પીનલ કોડ તમારા 'બ્રેન' પર રહેછ !

પ્રકરણ ૧૨ મું.

તારદેવ, મી૦ કુંવરજી કાવસજી પટેલ J. P. ઑનરરી મૅજીસ્ટ્રેટનો બંગલો—મી૦ પટેલ, ખાનસાહેબના મૅનેજર, લગાર ભપકામાં ખાનસાહે-બનો ઉતરેલો કાલો ઉંચામાંનો કોટ, ટાઇટ પાટલુન અને ચલકતી પાઘડી સાથે દાખલ થાયછે. મી૦ પટેલનો જુવાન બેટો નવલ, આગલી પરણેતરની બે બેટીઓ સુના ને પીલાં અને હૈયાત પરણેતરની ત્રણુ બેટીઓ, તેહમી, નાજુ અને રોદા, આગલા હૉલમાં તેવણુને મળેછે.

નવલ—કેમ, આઇ સે કાકા, કોણુને પૂછોછ ?

પટેલ—કુંવરજી સેઠને (મનમાં) લાયકી તો ઠીક દેખરાવે !

નવલ—તમારો કંઇ કાર્ડ બાર્ડ છે કે ?

પટેલ—(જમણા ખીસામાં હાથ ઘાલી) આદત નહીં પરેલી એટલે યાદ નહીં રહેલી. આય રહયો કીયાટ મકુંજે કારઅડ.

નવલ—કેમ મી૦ કોઠાં ગૅપ, એ "કીયાટ" ને "કારડ" ને એ શું બધી કચુંબર કરોછ ? આય કાર્ડ પર તો મારા પપાનું નામ છે; એ કાંહથી તફરાવી લાયા ? સીપઇને બોલાઉં કે ?

સુના—નવલ, નવલ, જરા 'મૅનર્સ' તો રાખ.

નાજુ—અરે હવે તું બેસી રહેની અમથી ડાહેલી થતી !

રોદા—કાકા તો જાણે હમણાજ Old Curiosities Shop માંથી ઉડી આવેલા હોયની તેવા લાગેછ.

તેહમી—બા તમે આય કોટ પાટલુનમાં અકર વકર કેમ કરીઆ કરોછ ? (સામે બેઠેલા દરજીને) કરસન, કરસન, જરા આય શેઠને કોટ પાટલુન સરખાં કરી આપ.

પીલાં—એ શું જો, તેહમી ! નવલ તો માટીડો છે પણ તું તો જરા રીત રાખ.

તેહમી—લે વરી બીજી ડાહી કાગરી વચ્ચે પુરઇ ! તમારાંજ માયજીએ તમુને 'મૅનર્સ' શીખવેલી ને અમારાંએ તે અમુને નહીં શીખવેલી ?

રોદા—કાકા, આય વારનીશનાં બુટ તો 'પાર્ટી' માં શોભે. એ તમારા શેઠનાં કે ?

પટેલ—તેનું તમુને સું કામ છે ? જેનાં હોય તેનાં.

નવલ—આઇ સે મી૦ કોઠાં ગૅપ, હવે બધી ખટપટ છોરી દેઓ, નહીં તો આય બારીમાંથી ઉંચકીને ફેંકી દેવશ, ને આય કાર્ડ કાંહથી લાયા તે સીધ્ધે સીધ્ધું કહી દેઓ.

પટેલ—અરરરરરર, જોઉં ? એ ફીયાટ નં૦ વન છે કે ફીયાટ ના૦ ટુ છે ! માજીસટર સાહેબનેબી સું કેહું, ઘણું એ કહેલું કે એ બે લફરાં ના કરો.

નવલ—હેં ! બે લફરાં !! એટલે શું ? તમારા શેઠની બે બૈરી છે કે ? તાહરે તો તેવણ મુસલમાન હોશે.

પટેલ—(ડાબા ગજવામાંથી બીજો કાર્ડ કાઢી) લેઓ, આય બીજો કારઅડ, હમણા હમણા તો ચાર વરસનો પારસી પોયરો બી ચસમો લીએ. તમે તમારો ચસમો કાહરીને વાંચો. એની પર ખુલ્લું લખેલું કે કુંવરજી કાવસજી પટેલ, માનીજર-અરે, મૅનેજર ટુ ખા. સા. મેહરનોસજી મીનોચેહરજી માલેગામવાલા, જે. પી., આનરી માજીસટર.

તેહમી—જોયો કે મુવો ઘરો લેવા આયોછ તે, આપરા નાહના પેસીનો ! એ મુવાને ખાસ પેલાએ શીખવીને મોકલેલો હોવો જોઇએ. પેસીને બી કાલે ચોથું પુરૂં થયું ને એ ચસમો પહેરેછ.

પટેલ—લે પોયરાં હવે સીધ્ધાં સીધાં વર્તો કે નહીં ? હું પીનલ કોટ હંઇઆં નહીં લાવેલો. નહીં તો સીધ્ધું સીધ્ધું કલમ કરી આપતે, અરે, દેખારી આપતે કે જહારે કોઇ વીજીટર આવે ને કારઅડ પરજેનટ કરે તાહરે તુરતા તુરત કારઅડ મોટા શેઠને મલવો જોઇએ. લેઓ આ કારઅડ.

નવલ—પણ તમારૂં કામ શું છે ?

પટેલ—તે નહીં કહેવાસે. માજીસટર સાહેબે હોકમ કીધેલો કે હાથો હાથ આપવું.

નાજુ—પણ પેલો તમે પીનલ કોટ શું બોલતા'તા, મી૦ ડબરડીંગ? એ કોઇ તમારો સગો થાય કે ?

પટેલ—(પોરીઆ હસમુખી તો ખરી) નહીંરે એ તો સેઠનો સગો......અરે, મકુંજે, એ તો સેઠની ' લા બુક '

શેદા-તેહમી-નાજુ—આહ હા હા હા હા હા; કાકા તો ફસ્ટ ક્લાસ અંગ્રેજી બોલેછ !

માંહેથી અવાજ—છોકરીઓ, છોકરીઓ, એ શું ગડબડ છે?

નવલ—પપા, પેલા ઉસ્તાદને તાંહથી કોઇ દબરડીંગ **તમારે** વાસ્તે લેટર લાવેલો છે. જરા થોભો, હું એનો કાડ લઇ આવું. (બે મીનીટ બાદ) ચાલો, મી૦ અંદુસ, તમને અંદર બોલાવેછ. તમે 'એટીકેટ' કાંઇ શીખેલા? આય છત્રી અંહીંયાંજ મુકો; અરે, બધી ખુરશી ડર્ટી કરી નાંખશો. તમારા મૅજીસ્ટર સાહેબે એટલું બી નહીં શીખવેલું કે? પેલું 'અમબ્રેલા સ્ટૅન્ડ' છે તાંહ મુકો.

[દેખાવ:-માંહેલો ખંડ]

મી૦ પટેલ (ઓરીજીનલ)—તમારૂં નામ?

મી૦ પટેલ (નકલી)—(મનમાં:-આય તો આબાદ આપરા માજીસટર સાહેબની પખે સવાલ જવાબ કરે) સાહેબ, અહેં હેં, ઉહહુંહહ, મકુંજે, મારો કારઅડ નાટ ટુ આપે વાંચેલોની? ડાબા ગજવામાંથી કહારી આપેલો તે?

મી૦ પટેલ (ઓરીજીનલ)—તમારૂં અસલ નામ શું?

મી૦ પટેલ (નકલી)—અસલ નામની મને કામ નહીં, તેની સાથ તમુને કામ નહીં, સાહેબ.

મી૦ પટેલ (ઓરીજીનલ)—અલબત, તેની સાથે મને ઘણું કામ છે ને તે જો તમે મને નહીં આપશો તો-તો-બૉઑઑઑય, એ શેઠ કુ દરવાજા બતાવ.

મી૦ પટેલ (નકલી)—તે તો તમારે ડાઇરીમાં વાંચવું પરસે.

મી૦ પટેલ (ઓરીજીનલ)—ડાયરી? કઇ ડાયરી? ઓ આઇ સી. તમે ડાયરી બી રાખોછ ખરા કે? જોઉં, તે કાંઇ છે?

મી૦ પટેલ (નકલી)—સાહેબ, માજીસટર સાહેબે કહેલું કે ડાઇરી હંમેસાં કોટના અંદરના ગજવામાં હંભારીને રાખવી ને તે કોઇના હાથમે આપવી નહીં, પણ તમે આનરી માજીસ્ટર છેઓ એટલે તમુને આપવામાં મને વાંધો જણાય નહીં.

મી૦ પટેલ (ઓરીજીનલ)--ઓ આઇ સી, તમે તમારૂં નામ બદલયું તે વખતે કંઇ જાહેર ખબર આપેલી ખરી કે ?

મી૦ પટેલ (નકલી)—જી હા, મંબઇનાં, અરે—બામ્બેનાં એક અંગ્રેજી, એક મરેઠી ને તણ ગુજરાતી છાપામાં આપેલી. તેની નકકલ અમારા માજીસટર સાહેબે તમારી પર બીરેલા તે મારે હાથે મે ટપારમાં નાખેલી.

મી૦ પટેલ (ઓરીજીનલ)—ત્યારે ડાયરીમાં તમે એ બનાવની નોંધ કેમ નહીં લીધી ?

મી૦ પટેલ (નકલી)—સાહેબ, લીધેલી.

મી૦ પટેલ (ઓરીજીનલ)—હું કહુંછ કે તમે નથી લીધી. જુઓ આ ડાયરી. કયાં છે? ત્યારે જુઓ મી૦ પટેલ, એમાં કંઇ તમારા શેઠની ભૂલ થઇ હોશે. પીનલ કોડની ૪૦૫) મી કલમ મુજબ એ પૉઇંટની નોંધ તમારી ડાયરીમાં અંગ્રેજીમાં મારે હાથે થવી જોઇએ. લાવો હું તે કરી આપું. મી૦ પટેલ, તમે થાકેલા દિસોછ વાસ્તે ખુરશી લેઓ.

નોંધ:-

I and my master are a precious pair of fools for we have omitted to make note of the change of name. This change was effected on the 5th of March 1913 with a special object in view, which will cost us dear some day, and advertised in one English, one Marathi and three Gujrati newspapers as laid down in the Penal Code which one of us is so very fond of quoting in season and out. Why the change was not advertised in the Bombay Govt. Gazette is known to one of us only.

*   *   *   *

સેઓ મી૦ માખણ્યા, તમુને માખણુ તો ઘણું ગમતું હોશે, નહીં વારૂં ? આય નોંધ તમારાં શેઠને વંચાવજો.

મી૦ પટેલ (નકલી)—પણ સાહેબ, એ તો તમે અંગ્રેજીમાં કીધેલી. એનો મૅનીંગ સું ?

મી૦ પટેલ (ઓરીજીનલ)—ખચ્ચીત, હું ભૂલ્યો. તમારા શેઠ જો અહીંયાં હાજર હોતે તો તમુને કહેતે કે પીનલ કોડની પંચાણું હજારમી કલમ મુજબ આય નોંધનો તરજુમો ગુજરાતીમાં અહીં મખાવો ન જોઇએ. તમે તમારા શેઠ તરફથી મુબારકબાદીનો કાગલ મારી ઉપર લાવ્યાછ તે ઉપરથી માલમ પડેછ કે તમારા શેઠે મારી વરસગાંઠની નોંધ પોતાની 'ડાયરી'માં લીધેલી હોવી જોઇએ. તમારા શેઠની ફરજ છે કે એ નોંધ તમારી ડાયરીમાં બી લેવડાવે.

મી૦ પટેલ (નકલી)—સાહેબ, તેમાં સું ખોટું છે ! બંદો લેતો છે, પણ જરા બંદાને તમારી મદદની જરૂર પરસે.

મી૦ પટેલ (ઓરીજીનલ)—અલબત, અલબત, મી૦ માખણ્યા, એ તમારૂં અસલ નામ બોલતાં મારા મ્હોડામાં તાજાં માખણનો ચોકાસ છુટેછ. ચાલો લખીએ:—

મારૂં મત એવું છે કે પીનલ કોડની.........

મી૦ પટેલ (નકલી)—રાખો રે, મને એટલું ઉતાવરે લખવાની ટેવ નહીં સાહેબ.

> મારૂં મત એવું છે કે પીનલ કોડની ૧૦૧૦૧) મી કલમ મુજબ આનરી માજીસટર કુંવરજી કાવસજી પટેલની સુભ વરસ ગાંઠના મુબારક રોજની નોંધ આય દફતરે થવી જોઇએ. એ વરસગાંઠ તે તારીખે પરે કે જે દહારે ઘણાકો બીજાને 'ફુલ' બનાવતાં પોતે બની જાય. પણ મી૦ પટેલ એવા તો જાણીતા આદમી છે કે તેવણના વરસની નોંધ લેવાની લાલચ હું રોકાવી સકતો નથી. તે મુબારક રોજ તા૦ ૧ લી આપરીલનો છે.

મી૦ પટેલ (ઓરીજીનલ)—ચાલો મી૦ માખણ્યા, તમારા શેઠના આય કાગલનો જવાબ હું લખી કાહડું તેટલાં તમે આગલા ઓરડામાં બેસો.

મી૦ પટેલ (નકલી)—સાહેબ, હયાંજ ઠીક છે. તમુને કંઇ વાંધો નહીં હોય તો બંદો હયાંજ બેસસે. છોકરાંઓ લગરીક...

મી૦ પટેલ (ઓરીજીનલ)—આઇ સી, તમે છોકરાંઓથી બીહોછ ? મી૦ માખણ્યા, તમે ગામરામાં પેલી કહેવત તો શીખ્યા હોશો. " કરણી તેવી પાર ઉતરણી. " કંઇ નહીં, કંઇ નહીં, તકલીફ ના લેઓ ખુલાસાની કંઇ જરૂર નથી.

[પાંચ મીનીટનો અંતર.]

લેઓ, મી૦ માખણ્યા, આય જવાબ છે તે મારી ઘણી ઘણી સલામ સાથે તમારા શેઠને આપજો. તેવણુને કહેજો કે ખોદાતાલા તેવણુને અને મને તમારા જેવાઓને માથે ઘણાં વરસ જીવતા રાખે, ને જો મારાં દર બેસતાં વરસે તેવણુ મને આવો એક મુબારકબાદીનો પત્ર લખવાની તકલીફ લેશે તો તે વેળા હું આજ રીતે ખુશીથી હેશાન માનતો રહીશ. આવજો, બાવા આવજો; બાઇ ધી બાઇ, મી૦ માખણ્યા, તમારા શેઠ તમુને રૂ. ૨૫) નો પગાર આપેછ તે તમારી લાયકી જોતાં મારી નજરમાં બહુ કમતી છે. જો તમે મારે ત્યાં નોકરી લેઓ તો હું તમને ખુશીથી એ પગાર ડબલ કરી આપું. કેમ છે મરજી ? એ વિશે તમારા શેઠને પૂછી જોજો.

મી૦ પટેલ (નકલી)—સાહેબ, એ સું બોલો !

મી૦ પટેલ (ઓરીજીનલ)—એ બોલે બોલ ખરૂં છે ને તમારી જો મરજી હોય તો એ મારી ઓફર હું સહી શાખ સાથે લખી આપું.

મી૦ પટેલ (નકલી)—કંઇ ગારંટી આપો ખરા કે ?

નવલ—પપા, **are you serious !**

જવાબ—હા દીકરા, તેમાં મારી કંઇ 'ઑબજેક્ટ' છે.

નવલ—(બાજુમાં) ચાલો મી૦ ગારંદી, હવે સધાવી આવો.

નાજુ—કાકા, એ આય તમારી પાઘરી તમે તાહરની કહાર મુક કાંય કરીઆ કરો છ ? તમુને કંઇ માથે લોઢી ચહરવાની આદત ખરી કે ?

નવલ—અરે એ તો એના શેઠની પાઘરી તફરાવી લાવેલો છે. જોની એ રટ્ટુપીડ્‌નું માથું કેવું લાલ લાલ થઇ આયુંછ તે ! ગામરીયો તે ગામરીયો ! એને કંઇ માકા પેસ્તનની પાઘરી શોભે ?

મી૦ પટેલ (નકલી)—બાપા, એ તમારા બાવાના પચાહ રૂપીયા તો સું, પણ હો બી મને તો નહીં પરવરે; તમે તો મને બે દહારામાં દેવાનહારામાં મોકલાવો ! ! પણ એ પેલી બે છોકરીઆ કેવી હાન હોબતની દીસે.

નવલ—(કાનમાં) તમે એ બેઉને પણની જાઓ, છે કબુલ ?

મી૦ પટેલ (નકલી)—અવાખહે પહેમાન ! પોરીઆ તો હાથથી ગેયલો !

નવલ—ચાલો કાકા, સાહેબજી; શેઠને કહેજો કે તમારી હાજરીમાં પપાનો આય જવાબ વાંચે.

મી૦ પટેલ (નકલી)—અરે પણ નવલ સેઠ, એ કાગર બીરેલો નહીં.

નવલ—તેમાં તમારા બાવાનું શું નખોદ વરીયું ! તમે તમારે બીરીને આપજો, ને ગમે તો તમારી ડાઇરીમાં એનો ઉતારો કરી લેજો. મને તે ઉતારો લાવીને દેખારશો તો રૂ. ૧૫) નું ઇનામ હું તમુને તુરત આપશ. લેવો, આય પ્રોમીસ.

મી૦ પટેલ (નકલી)—થાંક યુ. થાંક યુ, નવલ સેઠ.

[નાજુએ પછવાડે બાંધેલાં ‘ પુછડાં ’ સહીત બહાર પડે છે.]

પ્રકરણ ૧૩ મું.

'શીરીન મૅનશન,' પટેલનો રૂમ. મૅનેજર સાહેબને બેજનદારૂ ગુફ્તેગો કરેછે.

બેજન દારૂ—મકુઝે મીસ્ટર પટેલ, કેમ કંઇ એખલા એખલા વમાશણુ કરોશ. મેહરબઇમાં ઝીવ ગનો ભરાયોષ કે? શેઠઝીની રઝા લઇ બે ગરી ઝાઈ આવો તો શારૂં. કામ તો રોઝનું શેઝ. હું બી પહલ્લે નવો આયો તેઆરે એમઝ કરતો'તો. બધા નવા આવનારાઓ એમઝ કરે, ને વખત ઝાતે ઠેકાણે આવે. હું પહેલ્લાં પહેલ્લાં શેઠનુ ને પશી પેટનું કરતો'તો પણ હરવે હરવે પહેલ્લાં પેટનું ને પશી શેઠનું કરવા લાગે. એટલે કે, લુશશઇ શોદ્દઇ નહીં શમઝવી પણ ઝરા રતી મારી શગવર ને મોટે દરઝઝે મારી તનદરોશ્તી ને પશી રૂવાનની ને શેઠઝીની શગવર ને તે લોકની તનદરોશ્તી. રૂવાનોની તનદરોશ્તી ભણુ-વાની તેથી કંઈ તાંહ તે લોકની તનદરોશ્તી સુધરતી બગરતી નથી; ને શેઠઝીની તનદરોશ્તી શપતાં મલીદા ખવારીને શાચવવાની. આંહ તો શારે દહાડે વેલાતી શપતાં મલીદા એટલાં આવે કે આપરાથી શેઠઝીની તનદરોશ્તી બગરેબી નઇ ને શમરેબી નઇ. પણ મકુઝે પટેલ, તમે તો હઝુર તમારાઝ વીશારમાં બેશી રહયાશ. ઝરા મને તો કેહો ઝોવું.

પટેલ—બચ્ચીત બેજનદારૂ. તમારે વગર કહેવે તમારી સલ્લાહ હું લેવાનોજ ઉતો. પેલા મારા નામ રાસયાને તાંહ જઇ આયો. એ ધણી પોતે આપરા ખાનસાહેબ દેખારે એટલો ખરાબ તો નહીં લાગે. ને આગલી બૈયરની બે છોકરીઓ બી હીરા જેવી લાગે. હું ગમે એવો ગમાર હોયલો, ખદાયજીએ મને પૈસાથી તો નહીં નવાજેલો, કેરવણીથી બેનસીબ રાખેલો, પણ જનમવા અગાઉ મારામાં એક ખાસીયત ઘુસારી દીધેલી. મારા આગલા સેઠે એક વખતે મને કેહેલું કેઃ—"માખણ્યા, તું જો "એજીકેટ" થયો હોતે તો કંઇકના કાન કાપી જતે, જરાક વાત પરથી ઝટ લઇને બધાના લખ્ખણ પારખી લીએ." પાછલી બૈયરનાં પોરયાં હસતાં રમતાં, લગરીક ચીબાવલાં, લગરીક હુલ્લર લાગે; નાદાન છે,

દહારેવારનાં થસે તાહરે સુધરસે. બૈયર થતી તો નજરે પરેલી નહીં. પણ સેઠ પોતે તો વાતચીતમાં ઘણા સારા દીસે. બેજનદારૂ, પણ જરા મને કહેવોની કે એ બેમાં વેર કેમ વસેલું. કહેજે પહેલ્લાં પહેલ્લાં તો એ બે જણુને ઘણું સારૂં ઉતુ ને એકમેક વગર ચાલે નહીં. એ ટંટામાં કાઇ રાંડયાંનો હાથ ખરો કે?

બેજનદારૂ—જોવોની પટેલ, એ તો એમ થાયલું કે અમારા શેતે આય બંગલો એ પટેલ શેતને મારગેજ મુકવા માગેલો. પટેલ શેત પૈશે પુર ને એની દોલત જોતાં ઉડઉ બી નઇ પણ એનાનતો કહેછે "દોશ, જોઇએ તો મારાં ખીશામાંથી દશ પાંશ હઝાર આપી દેઉં પણ ઉશી ઉધારની વાત તો નઇ કરૂં. એથી તો દોસ્તીમાં ખલલ પરે. ને વરી મારગેજ રાખવાની મને શીત શે. ઓંહથી શતકણ શરૂ થાયું! પશી એ પટેલનો નવલ આપરે તોંહ આવતો જતો થયલો. મનીપર ખાટ્ટી મિઠ્ઠી નઝર થઇને અદરાવા માગ્યું. પશી આપરા શેતનો સોહરાબ એ પટેલને તાંહ આવતો જતો થયો ને એની નાહ્લી શોકરી સાતે અદરાવા માગ્યું. પટેલે કેહયું જે આપરે શાતે પાતે કરસેએ. તમારો દીકરો ને મારી દીકરી, ને મારો દીકરો ને તમારી દીકરી. પટેલનાં બૈયર કહેજે " એ લોકોનું ખાનદાન નઇ ને હું કંઇ લેવું નઇ ને વરી શોકરાંઓની ઉમર બી કાંહ શે ?" શતકણ વધ્યું. તેટલાં વરી શરકાર થતી ને બી શું કેઉં તે એ પટેલને બી માજીષ્ટર બનાવ્યા એટલે પશી આપરાવારાની આંખમેં વેર વશ્યું. જો પટેલ, મકું જે, તમે તો ખાશીયત વાંશવાવારા શેઓ એટલે હું વધારે બોલતો નથી. કહેજે દેવારને બી કાન હોયશ! વાંક કાણુનો ને નઇ કાણુનો તે કેએવાનું મારૂં કામ નથી. તે તો આપરે બેઉએ શમઝી લેવાનુ શે. શાલો હવે, તમે શાનાં મુઝાવોશ તે મને કેઓ.

પટેલ—જોવોની બેજનદારૂ, મને લાગે કે મેં જરા કાચ્ચું કાપેલું! એ પટેલે મારી ડાઇરીમાં અંગ્રેજીમાં કંઇ લખેલું ને પછી તેનો તરજુમો વરી નીચે લખેલો નહીં. લેવો આય મૅનીંગ વાંચો. હવે એ પરથી તમુને સું લાગે?

બેજનદારૂ—પટેલ, મને તો લાગેશ કે તમે એ ડાઇરી એનાનને

દેખારવીઝ નઇ ઉતી ખશરીત તમે કાશરું કાપીઉંશ ! ને વરી કાણુ ઝાણે એ અંગ્રેઝીનોઝ તલજુમો ઓશે કે ? અંગ્રેઝીમાં બે શાર ગાર બી દીધી ઓશે તો તમે ને હું શું ઝાણશું ! મને તો લાગેશ કે એ ડાઇરી આપરાવારાને દેખારવાના તમે અખારા કરો તો શારૂં પણુ લાવોની ઝોઇએ એ પટેલે ઝવાબમાં શું લખેલું શે ? એની ઉપર તમે શીઠ્ઠી લઇ ગીયા તેનો શાર તો તમે મને કેયો'તો. આહહાહાહાહા, શું મઝેની અકકલવાન શીઠ્ઠી લખીશ ! આબાદ શેઠઝીના ટાંટયા શેઠઝીના ગંગમેં આપેલા શે ! ઝો હું શેડઝીને તાંહનો કરતો કારવતો નઇ ઓને તો હમણા એ પટેલને શાંપીને કોટી કરતે. માટીડા તો એવાઝ ઝોઇએ ! મને તો લાગેશ, પટેલ, કે એમાંથી એક 'લાઇબીલ' ઉભું થાશે ! હમણા હમણા આપરામાં એ 'લાઇબીલ' ઘણાં ઉભાં થાયશ. ને વરી બેઉ આનરરી માજીષ્ટર પરયા એટલે પશી અનસાફનાં કામમેં બી ગુશવારો ઉભો થાય.

પટેલ—'લાઇબીલ' તે સું બેજનદારૂ ? ખરાજે, મને ફ્રામ થયલી અરે—મને યાદ આવી.

બેજનદારૂ—એ હવે તમારી "થીયેલી" ને "થયલી" ને આગ લગારો નઇ તો આપરી વાત આગલ શાલશેજ નઇ. શાની યાદ આવી ?

પટેલ—શખોરે પેલા 'જામે' વારાને ડા૦ સુખ્યા હાઇ કોરટમાં ઘસરી ગીયેલોનાં તેનુ દાસતાન રાતને છેરે મેહરીએ મારી પાસે વાંચેલું ને તે મેં બધું હાંભરેલું. સુખ્યા કહેજે એને મારી નકસી કોરેલી.

બેજનદારૂ—"નકશી કોરેલી" નઇ. બદનકશી કીધેલી. એ બદનકશી તેજ 'લાઇબીલ.'

પટેલ—જડજે 'જામે' વારાને ઝાટકેલો પણુ સુખ્યા કહે જે જડજે ભૂલ કીધેલી ને એ અનસાફ કંઇ મને કબુલ નહીં, ને 'જામે' વારો કહે જે મને ગેરઇનસાફ થયો ને ચાલ્યો ચાલ્યો વેલાત કીંગ જારજ વહેર ગીયો, તાંહ બી કંઇ દાદ નહીં મળી ને પાછો આયો. પછી કહે જે સુખ્યા અપીલમાં ગીયેલા ને તાંહ ફાવેલા.

બેજનદારૂ—પટેલ, અવે એ વાત તો બધી રેઇ. મારી શલ્લાહ માનો ને શેઠજીને કહેતાઝ ના-કે આય શીઠ્ઠી તમુને ઉંધારી આપેલી. તમે તમારે એ શીઠ્ઠી એનાનને બિરીનેઝ આપો, નઇ તો, નવતું દોર થાઇ જાશે, ને તમારી નોકરી જાશે.

પટેલ—નોકરી ખોહીં દેઉં તેની મને સું પરવા છે. અહીંયાં પચ્ચીહ ને તાંહ પચાહ. પણ તમે સુ ધારો બેજનદારૂ ? એ પચાહ મીઠા કરૂં કે ? એ બી ઠીકજ થયું કારણ કોઇ દહારે માજીસટર સાહેબ તણુ પાંચ કરે તો કહેવસ કે ચાકરીના સું ટોટા પરેલા ! લેઓ તમારી ઘોરી, ને મેં નોકરી છોરી ! સેઠ સેઠયાઓને બી એમ જરા દાબેલા નહીં રાખીયે તો લઇ કરીને માથે ચહરી બેસે. એ તો હવે બધું થયલું ખરાખર બેજનદાર, કહે જે આય ડીકસન બારેસટરનો બુટલેર ઘણો ખબરદાર છે. સાંજને છેરે આય ડાઇરી લઇ જઇને અંગ્રેજીનો મેંનીંગ જરા સમજી આવજે. એ બી ઠીકજ છે. કોઈ દહારો એ આપુંને ઘણુ કામ લાગસે. નવલે તો મને પંદર રૂપિયા આપવા કહેલા. મારો બાપ કરૂં, એ કાગરનો ઉતારો જરા તમે ડાઇરીમાં નહીં કરો ?

બેજનદારૂ—કેમ, મારે આતે મરઘી કપાવાના થાયાશ કે ? એ વાત નઈ બનશે. લાવો હું વાંશું, ને તમે તમારે અખ્ખેરે ઉતારી લેઓ, ઝરા ભૂલભાલ થાશે તો હું શુધરાવશ. શાલો, શેઠઝીએ મને કહેણુ મોકરયું 'તું કે પટેલ આવે તેવાઝ લાઇબ્રીરીમાં મોકલજો કંઇ ઝાઝી લાંબી ટુંકી કરતા ના. બીલ્લારી લરે ને ઉંદરનો ખોહ ! આપરી કેઇ બલાને ! લુહવાર શે ને લોહરૂં શે. તોંહની વાત તોંહ, ને ઓંહની ઓંહ. કહેઝો કે મને અંદર બોલાવીને શીઠ્ઠી ઝાંશીને રોકરોઝ ઝબાપ આપેલો.

પટેલ— બેજનદારૂ, ખરાખર તમે જો નહીં હોતે તો હું સું કરતે ! તમે તો જાણે મારા માથા પરથી મોટો જેવો પથ્થરજ ઉપારી લીધેલો.

પ્રકરણ ૧૪ મું.

ખા. સા. ની ‘ લાઇબ્રેરી ’

ખા. સા.—કેમ પટેલ, આવ્યા કે ? શું ખબર ? એ વાગતેના કહડાયા ’ તા ને ગુડનેસ મી, હમણા પાંચ થવા આવ્યા ! હું તો એમજ સમજ્યો કે કંઇ ઍકસીડંટ થયો હશે. આ પળે તમારા ને ધુવડના ચેહરામાં હું કંઇબી ફરક જોતો નથી ! ચાલો, હવે બસીદો; જવાબ લાવ્યા કે ? શું બનયું ?

પટેલ—સાહેબ, વાત કંઇ લાંબી નથી. પારસી બરો ઠાવકો ! ધુસવા કીધેલું પણ ઘુસાયું નહીં. તણ પાંચ ઝાઝી કરતે તો પોલીસ દરબારનો હોદો થતે ! એક મેરેથી ‘ ટૉબી ’ ભાઉ ભાઉ કરે, બીજી મેરેથી પોયરો દમ ભરાવે ! ! ને તરીજી ગમથી પોરીઓ ખીખી ખાખા કરે ! તમે મને કહેલું કે આ ઘરમાં હોગંદ ખવાએ નહીં પણ અતારે તો મારો હોગંદ ખાધા વગર ચારોજ નહીં ! તમારા હમ, કારઅડ આપીઓ ને ઘણો બી દમ મારયો પણ નોટીહ લીએ કોણ ? તાંહ તો કારઅડની કીંમતજ નહીં ગણાય ! પોયરો કહેજે “ કાકા, એ તમારી દમબાજી હયાં નહીં ચાલે, નહીં તો બારીમાંથી ગબરાવી દેવસ. ચિઠ્ઠી ફિઠ્ઠી લાયા હો તો મને આપો ; અમારા ઘેરમેં એવું છત્તરપણું નહીં ચાલે ! ” ચિઠ્ઠી આપેલી ને પાંચ મીલીટ પછી મને અંદર બોલાવેલો : કહેજે “ તમારા સેઠને કહેજો કે દર વરસે મને એવો કાગર લખસે તો હું એજ પરમાણે એવણનું હેસાન માનસ ”. પછી મને કહેલું કે “ જો તમારા સેઠ તમુને કોઇ દહારો રજા આપે તો મારે તાંહ આવજો ; હું તમુને રૂપિયા પચાહનો પગાર આપસ ”. મેં તો કેહયું સાહેબ, કે તમારા રૂપિયા તમારી પાસેજ રહેવા દેઓ, પચાહ રૂપિયા સું તમેજ દીઠલા કે ?

ખા. સા.—બચ્ચીત ! આ અપરાધ ઘણો ગંભીર છે. મી૦ પટેલ, એની મારે સખત ખબર લેવી પડશે. તમને થયલા અપમાનને હું મને પોતાને થયલાં તરીકે લેખુંછું, કારણ આ બાબતમાં તમે મારા ખાસ નીમેલા પ્રતિનિધિ હતા. પણ, ચિઠ્ઠી લાવો, જોઉં, શું લખેછે ?

પટેલ—અરે આસતે રે સાહેબ, આસતે! ખરીયો ઉંધો વરી ગેયલો! સુન્ના જેવા ગલીચાની બધી ખાનાખરાબી થઇ! બંદો માફ માગે પણ એવું તે સું એમાં લખેલું કે વાંચતાંજ તમે એટલા ઉછરેલા?

ખા. સા.—એમાં તમે નહીં સમજો. આખા ગામના હું પીનલ કોડ એકઠા કરશ. મૅજીસ્ત્રેટો તો રહ્યા પણ જડજોની બૅન્ચ હું જમા કરશ ને એ રાસ્કલને એને ફેજે પુગાડશ તોજ હું ખા. સા. મહેરનોશજી માલેગામવાલા ખરો! જાઓ, મી૦ પટેલ, હમણા મને તમારૂં કામ નથી. શીરીન ને મનીને અંદર મોકલો.

શીરીન—મેહરનોશ, એ આય શું બધું રમખાણ? આય ગલીચાના શું હાલ? પેલા ઇડીયટે આય ખરીયો ઉંધો વાળ્યો કે?

ખા. સા.—તું મુગી રહે, શીરીન; મની, આય મોટેથી વાંચ કે તારી મમા સાંભળે ને હું બી જરા refresh થાઉં.

પટેલ લૉજ,
તારદેવ,

"વહાલા ખા. સા. મેહરનોસ,

તમારો કાગલ મને મળ્યો છે. તે માટે, હું ધારૂં છું કે, મારે તમારો ઉપકાર માનવો જોઇએ. હું સાઠીમાં અલબત પેસી ચૂકયોછું પણ તમારા મૅનેજર મી૦ પટેલ અલબતાં તમને ખાતરી આપી શકશે કે, એ ઉમરે પહોંચ્યા છતાં મારી મનશક્તિ અને તનદરૂસ્તી હજી જેવાં ને તેવાં સાબુત છે, માટે તેની સલામતી વિશે તમારે ચિંતાતુર થવું નહીં. હું જોઇને ઘણો ખુશ છું કે મારા જેવા એક મિત્રની યાદ તમને રોજ-બ-રોજ થતી રહે તેટલા વાસ્તે તમારા મૅનેજરનું અસલ નામ ફેરવી તમે તેવણુને મારૂં નામ આપ્યુંછે. એનો બદલો વાળવાને હું બંધાયલો છું અને બહુ પુખ્ત વિચાર પછી મારો એક જુનો ને વફાદાર કુતરો, જેનાથી હું કોઇ દિવસ જુદો

પડયો નથી અને પડનાર પણ નથી, તેને મેં આજથી "મેહરનોશ" નામ આપ્યું છે. કુતરો એક ઘણો વફાદાર મિત્ર છે, ખાનસાહેબ, અને તમારા મૅનેજર તમારા માનીતા છે તેના કરતાં તે મને વધુ માનીતો છે, માટે આશા રાખુંછું કે મેં ભરેલાં આ પગલાંથી તમે રાજી થશો.

મેં સાંભળ્યું છે કે તમને રૂ. ૨) લાખ ડર્બી લૉટરીમાં મળ્યાછે તેથી હું ઘણો ખુશી થયો છું, કારણ, તે રકમમાંથી તમો તમારૂં કેટલુંક કરજ ફીટાડી શકશો અને વળી 'શીરીન મૅનશન' ની મિલકત જે તમે હૈદ્રાબાદના નવાબને મૉરગેજ મુકીછે તેપણ છોડવી શકશો. પૈસાને પાંખ છે, ખાનસાહેબ, ને મારી તમને મજબુત સલાહ છે કે પહેલી તકે, જે બંગલાને તમારાં નેક ધણીયાણીનું નામ આપવામાં આવ્યુંછે, તેને પરજ્ઞાતીને હાથ જતો તમો બચાવશો.

તમારી એવી કફોડી સ્થિતિને લીધે મને હંમેશાં ચિંતા રહેછે કે રખે તમે તમારૂં 'ઍસ્ટૅબ્લીશમૅન્ટ' કોઇ દિવસ એકદમ break up કરો; તેટલાજ વાસ્તે મેં તમારા માનીતા મૅનેજરને મારી નોકરીમાં લેવાને ઑફર કીધીછે. આ ૧ લી એપ્રીલનો દિવસ છે તેથી તમો એમ માની લેશો નહી, ખાનસાહેબ, કે હું તમને "બનાવું" છું. તમારા જણાવ્યા મુજબ આપણુ સર્વેનો બનાવનાર તો તે પાક પરવરદેગાર છે. તમને પોતાને સાહદીમાં પેસવાને ઝાઝો વિલંબ નથી; તે વખત આવે ત્યારે પરવરદેગાર કરે ને તમારી મનશકિત ને તનદરૂસ્તી મારા જેટલાંજ સાબુત રહે, એવી દુવા ગુજારતો,

"હું છું,
તમારો મિત્ર,
કુંવરજી કાવસજી પટેલ

શીરીન—મેહરનોશ ડીઅર, મેં તમુને પહેલ્લેથીજ કેહયું 'તું કે એવણુ સાથ છેરતી શોધવામાં સાર નથી ! કોઇની વરસ ગાંઠને દહાડે કોઇને નહીં પજવીએ પણ તમે હંમેશની માફક મારૂં માન્યું નહીં. હવે થયું તે થયું ! જાણે હજુ આપરી પર થોરૂં વીંટયું હોયની ! તમે એક લખ્યું ને બે સાંભળ્યું.

ખા. સા.—આય તારો દીલાસો કે ? તમે પારસી બૈરાંઓ એવાંજ! આગમાં તેલ નાખો !

મની— પપા, પપા, તમે તો અમથા ઉસ્કેરાવોછ. ચાલો મમા, તમે મુગાં રહો. પપા, મોટર તાહરની ખોટી થાયછ. મીસ લુસીફર બી આપરી સાથે ફરવા આવવાની છે ને મેં એવણુને પ્રૉમીસ આપીછ કે આપરે બધાં સાથે મોટરની લાંબી 'ટ્રીપ' કરી આવશું. મારે ખાતર ચાલો આપરે સાથે જઈએ.

ખા. સા.—ચાલ, મની હું આવુંછ, પણ આય ચિઠી લખી આપુંછ તે મોટામોદી વકીલને મોકલી આપ.

"માઇ ડીયર મી૦ મોટામોદી,

"આ સાથ પેલા સ્ટુપીડ પટેલ પર મેં લખેલો કાગલ ને તેની તરફથી ફરી વળેલો જવાબ (અસલ કોપીઓ) મોકલુંછું. મારો પકકો વિચાર છે કે કંઇબી જોખમે ને ખર્ચે એ રાસ્કલને એને ફેજે પુગાડવો. આ વખતે મેં મારૂં બધું coolness ખોઇ દીધું છે ને પીનલ કોડ મને મદદ કરે એમ નથી. ફુરસદે તમે એ વિષે મને મારે બંગલે પાંચ મીનીટ મળશો તો ઉપકારી થઇશ.

"તમારો ઇત્યાદી,

"**મેહરનોશ**"

પ્રકરણ ૧૫.મું.

શીરીન મૅનશન—બગીચાનો એક એકાંત ભાગ.

ખા. સા.—શીરીન, તું બકે છે તેનો તને સુધલો છેકે ? સેવકના મિજાજનો તને કંઇ ખ્યાલ છેકે ? માલેગામનાં કુટુંબને તુ પીછાને છેકે?

શીરીન—પણ ડીઅર આય કંઈ પહેલ્લીજ વખત તમે એવી માગણી કરતા નથી. પ-પ-પારસી કાયદા પ્રમાણે બૈરીનાં જર ઝવેરાત પર ભ-ભ-ભરથારનો હક કેટલો પુગેછ તે તો—તે તો—તમે જાણોછ.

ખા. સા.—(તીરસ્કારથી હસી) મ મ-ત ત-પ પ-ના ના-ચી ચી-પો પો ! ! (ત્રણ તસુ ચીરૂટ મોંમાં ઘાલી શાન્તિથી સલગાવેછે ; એક 'પફ' લઇ તેને બહાર કાઢેછે) એહેહેહે, 'બૉધર યોર' પારસી કાયદો ! એના ઘડનારાઓને બી શું કહુ ને પાળનારાઓને બી શું કહુ ! (ઠંડા પડી મનલબી ખંધ્ધાઇથી) શીરીન, હું તો તને જરા કસી જોતો હતો ડીયર; 'ફકત મને પચ્ચીસ હજારના આ વખત જરૂર છે. કંઇ નહીં તો તારી પોતાની આબરૂ—તારાં કુટુંબની આબરૂને ખાતર તારે હાથ ખાંચવો જોઇએ નહીં (બેધ્યાનપણે કપાલ પર હાથ ફેરવી) 'માઇન ઇઝ ધાઇન, ધાઇન ઈઝ માઇન'. તું પેલું ગુજરાતી ગીત ગાયછેની ડીઅર, "મારૂં મારૂં શીદ લવેછે, તારૂં નથીજ અંગ, કાયા માયા ધુળજાશે......"

શીરીન—પુરૂં કરોની પુરૂં કરોની. અચકોચ શાના ? હું તો જરા તમુને અજમાવી જોઉંછ. "......ભકિત જાશે સંગ." કાયા ને માયા ધુળ કાંય નહીં જાય ! બરીયાં જહાં આખા દહારાનાં ફુંકાણા હોય તાંહ સુકામણા કેમ નહીં આવે ? કહેજે સારી રાત રોઇ તો એક ડોસી મોઇ. સારો દિન ફુંકાણુ કરે તો પછી પથ્થર જેવું કાલજું બી બરીઉ કાઢી જાય, ને માયા મ્હોબત બધી હવામાં ઉડી જાય ! કેમ ખરૂં કેની મહેરનોશ ?

ખા. સા.—રાઇટ રાઇટ. પણ હવે 'ઇટ ઇઝ ટુ લેટ ટુ ફ્રૉ બૅક'.

શીરીન—પણ મેહરનોશ તમુને કંઇ ખ્યાલ છે? આય મહીનાનાં ઉમરીગર ને દીનશાહ મેહરવાનનાં બીલના 'ઍમાઉન્ટ' તમે જોયાછ? તે પર એક નજર બી ફેંકીછ? ફેંકે કાંહથી! સુન્ના ખાણુ સુહની બને તો રૂપાં ખાણુ તો તૈયાર છેજ! આય શીરીન ખાણુ ખોદવી કંઇ મુશકેલ છે? પોચ્ચી પરી એટલે તમો તો તે સદા કોપરીએ ખણુતા આયાછ! લેઓ આય મારા ગજવામાં આંકરા છે તે વાંચુંછ તે સાંભળો——

	રૂ. આ. પઇ.
બૅસ્ટ ઓપોરટો વાઇન ડજન ૧૨	૧૯૫– ૦– ૦
હાઉસ ઑફ લૉર્ડસ વ્હીસ્કી ડજન ૧૨	૫૭૬– ૦– ૦
બુલ ડૉગ બીઅર ડજન ૨૦	૧૭૫– ૦– ૦
,, ,, સ્ટાઉટ ,, ,, ...	૧૭૫– ૦– ૦
બૅનેડીકટાઈન લીકવૉર ડજન ાા...	૨૧– ૦– ૦
ઇટાલીયન વરમાઉથ ડ. ૧ાા	૩૦– ૦– ૦
ઍકસો નં૦ ૧ ડજન ૬)	૨૮૮– ૦– ૦
જુમલે રૂ.	૧૪૪૦– ૦– ૦

હવે લેઓ, દીનશાહ મેહરવાનનું:—

	રૂ. આ. પઇ.
'રીલાઇના ચીરૂટસ' ખા. સા મધે સ્પેશ્યલ કવૉલીટી ડર ૩) ડજનના ૩) બોકસીસ ડર રૂ. ૯) લેખે	૨૭– ૦– ૦
પરફ્યુમ્ડ હાવાના ડચ સીગાર્સ, એકસ્ત્રા સુપરફાઇન ડર ૪) ડજનના ૩) બોકસીસ ડર રૂ. ૧૦) લેખે	૩૦– ૦– ૦
ઍમ્યુઝમેન્ટ સીગરેટસ ફૉર લેડીઝ એન્ડ યંગસ્ટર્સ એક બોકસ, ડજન ૧૨)	૮– ૮– ૦
નેલ સ્ટાઇફ્લીંગ સ્વીટસ એન્ડ નૉસીયા કીલીંગ ફૅકર્સ ...	૧૦– ૮– ૦
જુમલે રૂ.	૭૬– ૦– ૦

ખા. સા.—(મ્હોંમાંથી ચીરૂટ બાજુ કાઢી) ગુડનેસ મી ! યા ખોદા ! (જીભ કરડે છે ને ચીરૂટ પાછી મ્હોંમાં ઘાલેછે)

શીરીન—ખરેજ યા ખુદા ! હું ઉમેરૂંછ કે–યા પાક પરવર ! યા દાવરે દાદગર ! ! આય ખાનાખરાબીની . ખાહીમાંથી શું આય મારા ભરથારને ને માનાં કુટુંબને તું નહીં બચાવે ? અરે, કહે ઓ પરવર, કીયા બદબખ્ત ચોઘડીયામાં, આય બદબખ્તીનો સરંજામ, કીયા કાલા હીંગામમાં આય મોતનો પેગામ, કોણુ કરતુકીઓએ મારી હમદીન કોમમાં દાખલ કીધો ? કોણુ મુજીઓએ મારાં એક વખતનાં સુખી સંપીલાં કુટુંબને દારૂ ને તંબાકુનો સડો લગાડયો ? અરે, મેહરનોશ, મેહરનોશ, આય પાકટ વયે તમુને કયી બદબખ્તીએ ઘેરીયાછ ! તમે તો રહયા પણુ ખુદ તમારી ને મારી નજર આગલ નાલ્લાં બી બગડશે ! કમ, કમ, મેહરનોશ, એક વખતે લેઓ, પચ્ચીસ હજાર લેઓ, પચાસ હજાર લેઓ, પણુ આય હીનસ્પતીમાંથી કંઇ નહીં તો મરતાં તુલીક મને છોરવો, આપરાં આય કુશાદે અયવાનને ફુંકાણુંનાં થુકાણુંથી ને ધુમાડાના ગોટાઓથી અપવિત્ર ના બનાવો. આપો, મને વચન આપો. આય નાપાક સહેતાનને મ્હોડાંમાંથી ફેંકી દેઓ. તમારાં માયજી બી એ અભેખરને લીધે હવે અહીં આવવાના અખારા કરેછ. (તેનાં મ્હોંમાંથી ચીરૂટ ખેંચી કાઢેછે) નાબુદ, અય નાપાકીની નીશાન, નાબુદ ! લ્યાનત તારી ઉપર ! લ્યાનત તારા પીનારા ઉપર ! લ્યાનત તુંને પોખનારા ઉપર પછી તે ગરીબ હો યા તવંગર, ભણેલો હો યા અભણુ, શેઠ્ઠર હો યા ડ્રાઇવર, ઉંચ હો યા નીચ, પ્લીડર હો યા પલીદ, જડજ હો યા જુદદીન ! મેહરનોશ, સાચ્ચું પૂછો તો તમે બડેખાંઓએજ બીડીની બદી ગરીબોમાં બરપા કીધી. જુવો, આપરો શેઠ્ઠર દીનશાહ કીયે દહારે ચીરૂટ પીતો'તો ? આપરો મેસ્તો, કાયતીન ને ભાણેયો મુવા દોહરયે દજનવાલી બીડી ફુંકતા'તા તે હમણુા હમણુા અવારનવાર ચીરૂટ, સીગરેટ ને સીગાર ફુંકતા દેખાયછ, ને આય હરવાયા પટેલને એ બાબદસર તમારી સાથે રોજ ત્રણુ પાંચ થાયછ ને કોઇ દહારો એ જતો રહેશે; કોણુ જાણે શું છે તે હમણુા હમણુા મને એના ચેનચારા ફરેલા દિસેછે. આપરો સોહરાબ ને તમારો સેક્રેટરી બી હમણુા હમણુા એ

બાબતનું લેસન લેતા હોય તેમ જણાયછે! એ પેલા તમારા ભત્રીજા નાનીના પ્રતાપ! એ બધી બલીહારી કોણુની? એ પૈસા કોણુના? મોટરમાં ને લૅન્ડોમાં, હૉલમાં ને બાથ રૂમમાં ખર્ચાળુ સીગરેટોનાં પૅકેટો વેર વીખેર નાખવાની એ બલીહારી! કોણુના બાપની દિવારી! ફુંકાણું ને પીચવાનું થાય નહીં, સત્તા, પંજા ને સરતબાજી ખેલાય નહીં તો પછી બૈરી થતીઓ પાસ હાથ ઓરવા જવું પરે નહીં! લેઓ, મેહરનોશ, આય હાર લેઓ (ગળામાંથી હાર કાઢી આપેછે) તમારૂં કરજ ફેડો, શેહરાબનું રેસ કરજ ટાળો, હવે બાત ગઇ થોડી રહી, ખોદા તમુને સારી બુધ્ધી આપે ને તમારી અલા બલા પખોરી નાખે (તેને ઓવારણા લઇ ગળે લગાડેછે)

ખા. સા.—(ખસીયાણા પડી) શીરીન, શીરીન, યુ આર એ જુવૅલ! ડીઅર, હું તને વચન આપુંછ કે હું મારી 'હૅબીટસ' સુધારશ, અરે, સુધારવાની કોશેશ કરશ. હું તો કરશ પણ પેલા જુવાનીઆઓ તે કેમ કરશે? ઉછળતું લોહી ને હુલ્લડઈ, તે તું કેમ ભૂલેછ?

શીરીન—પણ મેહરનોશ, હવે પેલા નવાબના હાથમાંથી આય બંગલો છોરવવાનું કંઇ કરતા નહીં કે? તમુને યાદ છે, તમે એનું નામ 'શીરીન મૅનશન' આપવા કાહરયું તાહરે હું મજબુતીથી તમારી સામે થઇતી. પણ તમે મારૂં માન્યું નહીં. એ બંગલાની પર તમે કાંકરાની કાંની પૈસા વેરયાછ! તમે કહેજે હું એ તારાં નામ પર ચહરાવી દેવશ એટલે માગનારાઓથી એને આંગલી બી લગાડાશે નહીં. બરીઉં જાણે હજુ અધુરૂં હોયની! બે ત્રણ વખત તો નાહન નાહી ચૂક્યા ને મેં તો સાંભળ્યુ છ કે ચોથી વખતે કાયદાનો લાભ મળતો નથી.

ખા. સા.—નૉનસન્સ! પીનલ કોડ......

શીરીન—અરે જહાનમમાં નાંખો તમારા પીનલ કોડને! હવે તો એ મુઇ ચોપરીજ હું બારી નાખશ!! બરીઉ ઘેરમાં બાર મણ તેલે અંધારૂં ને જરા જરામાં પીનલ કોડ!! પણ, જુવો, વરી તમે વાત ઉડાવવા માગોછ. તમે મને બે મહીના પર પ્રૉમીસ આપીતી કે કંઇ

બાહાણું કાહારીને તમે 'શીરીન મૅનશન' નામ ફેરવી નાખશો. નવાબના હાથમાં એ બંગલો જશે તેની સાથે નામંબી જશે. મેહરનોશ, એ તમે મારાં નામ પર નહીં ચહરાવ્યો તે ઠીકજ થયું. તમારા તરેહવાર માગનારાઓના હક તમે ડુબારતે ને આય ધરકધુજારા રાત દહારો ચાલુ રહેતે તો અહીં તો શું પણ પેલી જહાનમાંબી હું નચીંતે સુતે નહીં.

ખા. સા.—પણ તારે હવે બોલની, તું કરવા શું માગે છ ?

શીરીન—કરવાનું એટલુંજ કે આય બધો તમારો લખલુટ ખર્ચ કમતી કરો. માગનારાઓનું કોઇને વચમાં નાખીને ઓછે વધતે પતાવોને આંટરોડ પર કે ગીરગામ તરફ કેઠે એક, નાલ્લું જેવું ઠાબલુ લઇને આપરે પરયે. મેહરનોશ, તે સુખની રોટલી આપરે કેવી સુખે ખાઇશું. બાકી આય કરજની તલવાર આપરી પર રાત દહારો લટકતી રહે, તેની મને તો ફારફાર પરેછ !

ખા. સા.—શીરીન શીરીન, આવા ગુંચવાડામાં પડેલા કોઇપણ આદમીને મેં પાર પડેલો જોયો નથી. એ તો એક વખતે ડુબ્યા કે છેવટ સુધી ડુબ્યા ! આ તડ કે પેલી તડ ! ખોદા છે ને કાલ છે. હમણા આ ડર્બીના રૂપીયા આયા, અરે, આવ્યા—તેમાંથી મેં થોડું તળે ઉપર કીધુંછે. એટલે હમણા તો જરા નિરાંત છે. આજ વખતે બહારનો દોર દમામ—'શો'—ચાલુ રાખવાની સૌથી વધારે જરૂર છે. માગનારાઓએ જો જાણ્યું કે પાણી મરેલાં છે તો પછી જંપીને બેસવા દેશે નહીં. 'શો' હશે તો "જુના" ને આપવા "નવા" પાસથી ઓકાવી શકાશે. તું જાણેછ તો ખરી શીરીન કે એજ બાજી રમવા તો મેં સૅક્રેટરી ને ગવરનૅસ ને વધારાની મોટર ને ઘોડાની જોડી પર પૈસા વેર્યા. વળી એક બીજી યોજના બી આજે કેટલો વખત થયો મારા મનમાં રમી રહીછે. કાલેજ મને મોટામોદી વકીલનો કાગલ મળ્યો કે '**દેશ ભકત**' ની ખરીદીનું ખત તૈયાર થઇ ચૂકયુંછે. મને લાગેછે કે હું એક ઘણો સરસ અધિપતિ થઇ શકું. અલબત મેં કોઇ દહાડો કલમ અજમાવી નથી પણ મને લાગેછ કે મારી રગેરગમાં લખાણબાજીની ઝેણ છે; કોઇ કોઇ વાર તો આંગલાંમાં એવી કીડ થઇ આવેછે કે જાણે તાવના તાવ ચીતરી કાઢું. તેનેજ લીધે, શીરીન, હું ગુજરાતી ભાષા ખીલવવાને યત્ન

કરતો રહયોછું ને વળી 'પારસી લેખક મંડળ' માં પણ જોડાયોછું. હમણાના એ મંડળના પ્રમુખ રીટાયર થશે ત્યારે સેવકને તે માન મળવાની દરેક આશા છે.

શીરીન—લેઓ, વરી હમણા તો બધાં મંડળો સાથે એ મંડળ બી બધું ધારીને ધજ કરેછ તે તે વખતે વરી વધારે કરશે! એ વરી એક ધુંજારો બરીયો બાકી ઉતો! બે લાઇન લખોછ તો તમે કંટાલી જાઓછ, ન્યુસપેપરો તો સૅક્રેટરી પાસે વંચાવોછ, ને વરી અધિપતિપણુ તે શું કરવાના ઉંતા?

બા. સા.—અરે તું નહીં સમજે! બધા દહાડાની તું તો નાદાનજ રહી ગઈ. શીરીન! અધિપતિ થયા અટલે શું બધું પોતાનેજ હાથે લખવું જોઈએ કે? મારો ભત્રીજો નાહની ક્યાં નાસી ગયોછે? ઍડીટર તરીકે નામ મારૂં રહેશે ને ઍસીસ્ટંટ ઍડીટર તરીકે એ બધાં લેખાં કર્યાં કરશે. મને લાગે છે, શીરીન, કે મારાં પ્રૅસને હું ઘણું ખીલવી શકીશ ને વળી કોઇ વખત અમે 'પટેટી અંક' તો કોઇ વખત 'જમશેદી નવરોઝ અંક' તો કોઇ વખત 'ન્યુ ઇઅર આર્ટ નંબર' બહાર પાડશું, ને તેમાંથી આ મારી હાલની બધી મુશકેલીઓ હું ટાળી શકીશ. અલબતાં લોકો પાસે લખાણો મેળવવા જરા કાલાવાલા, ને જાહેર ખબરો મેળવવા ઉંધાં ચતાં તો કરવાં જોઈશે પણ એ તો આપ લેની દુનિયા છે. રફતે રફતે રસ્તે પડશું.

શીરીન—જુવો, મેહરનોશ, મને તો એ તમારી વાત જરાબી ધ્યાનમાં ઉતરતી નથી. એ નાહની અધીં દિવાનો છે! કંઇ કંઈ એનાં વાહીયાત લખાનો જુદે જુદે ઠેકાણે હું વાંચુછ ને એવી તો કચુંબર કરેછ કે કોઇ વખતે તમુને જબરા સકંજામાં લાવી મુકશે! હમણા તો તમે નહીં સમજશો, લાલાજી, પણ કોથરીનું મ્હોડું પહોળું કરવું પરશે, નહીં તો લોકો પાસે ફંડ ઉઘરાવવાની સુધરેલી ભીખ માગવી પરશે, તાહરે પછી તમારાજ બોલોમાં "એ રાસ્કલનો ટોટો પીસવા" નીકળશો! એવું તો કંઇક વખત થયુંછ ને થશે!

પ્રકરણ ૧૬ મું.

મીસીસ ખા. સા. ના પ્રાઇવેટ રૂમ. હાજર : શીરીન અને મની.

મની—કેમ મમા ડીઅર, એકલાં એકલાં શું વમાસણ કરોછ? આય માથે પાટો શાનો બાંધ્યો છ? વરી માથું દુખેછ શું? આજે તો બીલકુલ તમે બહાર આયાંજ નથી; બપોરે ટેબલ પર આવશો કેની? પપાની 'ડીફીકલ્ટી'ની પપાતો જરાબી દરકાર કરતા દિસતા નથી ને તમે બરીયો તેનો રાત ને દહારો શાનો અફસોસ કરીઆ કરોછ?

શીરીન—મની, તું મને પૂછેછ પણ તારૂં તે કાંહ વરી ઠેકાણું છે! સારૂં થયું કે આપરે આજે એકલાં પરયાં. હમણા હમણા તું બી કંઇ ઉંડા વમાસણમાં દિસેછ. મુકેલું વિસરી જાયછ, વાંચતી વાંચતી વિચારમાં પરેછ ને કોઇ ધ્યાન ખેંચેછ તાહરે ચમકી ઉઠેછ!

મની—હા-જરા એમ છેતો ખરૂં, મમા; હું બી આજે તર ને ફ્રર કરવાજ તમારા 'રૂમ'માં આવીછ. ગેઇ કાલે પપા તમારી આગલ 'દેશ ભકત'ની વાત કરતા'તા તાહરે હું તાંહથી પસાર થઇ'તી પણ તમે લોકો એટલાં ઉસકેરાયલાં ઉતાં કે મને જોઇ શકયાં નહીં. બીજી તો બધી વાત રહી પણ પપાની એ 'પ્રૉજૅક્ટ'થી નાહની આપરા ઘેરમાં વધારે આવતો જતો થશે. એ પહેલ્લે નંબરનો 'હમ્બગ' છે! એના પપા ખરૂં છેકે એને થોરૂં ઘણું આપી ગીયાછ ને એનું બધું નાણું ટ્રસ્ટમાં છે નહીં તો કોણ જાણે કે દહારનો એ તેનો દાર વાટલો કરી નાખતે!

શીરીન—હા દીકરા, એના ત્રણ ટસ્ટીઓમાં તારા પપાબી છે. કહેજે એ ટસ્ટીઓમાં મોટી ફાટ પરીછ! એક તો પેલા કુંવરજી પટેલ છે ને બીજા તો ડાકટર ધનસુખરામ છે. એ લોકો તારા પપાથી કંટાલી ગીયાછ ને નીકળી જવા માગેછ. નાહની સાથે તારા પપા મળી ગેયલાછે ને એમાંથી કંઇ નવો સુતેલો સાંપ જાગશે! તારા પપાના ચેનચારા મને કંઇ ઠીક દિસતા નથી. ગેઇ કાલેજ મને એવો ખરાબ સપનો આયો——

મની—તમુને તો બરીયા હંમેશાં સપનાજ આવેછ મમા ! પણ એ વરી નવો સપનો શું બરેસે છે ?

શીરીન—મને લાગું, મની, કે જાણે આપરે ગ્રાંટરોડ તાપીયા બીલ્ડીંગના માર પર જઇને રહેલાં છઇએ ને બધું ઘેર લોકો લોકથી ને પોલીસથી ભરઇ ગીયુંછ. તારા બાપ બીછાણે પરેલા છે, ડાકટરોની દોડ ધામ પહોંચીછ ને-ને-જુરી ભરવાની તૈયારી થાયછ. આપરી તરફ નાઓ પોલીસપર ને ડાકટરોપર દાબદબાણુ કરેછ પણુ તે લોક એકના બે થતા નથી. જુરી ભરાયછ ને પછી——ને પછી——જે સૌનો રાહ તે વહુનો રાહ—મારાથી બોલાતું બી નથી ! આજે ડગલે ને પગલે આપરા લોકમાં એ હીચકારી આદત વધી ગેઇછ ! હાથનાં ધરતાંઓને રવરાવી જાય, પણુ, હું કંઇ રવરી જવાની ખાસતીથીજ આય બોલતી નથી, મની ——

મની—મમા, મમા, જા બા, તમે તો બરીયો સહેતા જીવને સતાપ કરવા માગોછ પણુ એક વાત મને પસંદ નથી. પપા તો ડોહવ્યાજ જાયછ, ને તમે બધું તો કાહરી આપ્યું પણુ હવે જે કંઇ થોરૂં ઘણું બાકી છે તે બી ધરોધર કાહરી આપતાં જાઓછ પછી તમારાં ને મારાં હારકાં તમે રવડાવશો. તમારૂં હવે એટલું બધું શું રહયુંછ ને બધું બી કાહરી આપશો તો એવણુ તો નવું ને નવું ડોહવ્યાજ કરશે ! એ ફરજ કંઇ તમારૂં નથી ! જાણી જોઇને ધીરનારાઓ એવણુને ધીરયા જાય તો તે લોકોએ તેની જોખમદારીનાં પરિણામ સોસવાં જોઇએ. મમા, હું તમુને બે હાથે પગે પરીને કેહુંછ કે એ બાબદમાં તમે સમજો ને તમારૂ હવે થોરૂંઘણું જે બાકી રહયુંછ તે સાચવો.

શીરીન—વારૂં દિકરા. પણુ, તું શાના વમાસણુમાં છે ?

મની—મમા, ગેઇ કાલે મને પપા કહેતા'તા કે નાહની સાથે બચપણુથી મારૂં નામ પારેલુંછે ને એવણુનો વિચાર મને એની સાથે ગોઠવવાનો છે. તમે જાણોછ તેમ કોઇબી દહારે મેં એની તરફ જરાબી પસંદગી બતાવી નથી પપાની બધી નજર એના પૈસા પર છે. એવા ૪૦) ૫૦) હજાર રૂપિયાને તો હું ઠોકરે મારૂં. એવણુ મને કહેતા'તા

કે હું ના પારશ તો એવણુ મારૂં મ્હોડું જોશે નહીં. પણ તેની મને દરકાર નથી.

શીરીન—પણ મની, હમણા હમણા તું ને મીસ લુસીફ્ર પહેલાંની માફક નથી દિસતાં તેનું શું કારણુ ?

મની—મમા, એ તો હોય ! વરી એ નવો ભાર તમારા માથા પર શાનો કરોછ? જરા અમારામાં ચકમક પરીછ પણુ કંઇ દમ જેવું નથી.

શીરીન—તે તો હોશે, પણુ આય બે નામરાસીયાઓને બી કંઇ ચકમક પરીછ ખરી કે ? મકુંજે આપરા સોહરાબને સેંક્રેટરી વચ્ચે ? એ લોક બી પહેલ્લાંનાં જેવું ઘરૂ પરૂ હવે નથી કરતા.

મની—એ તો બધું, મમા, તદન 'ટ્રાઇફ્લીંગ' છે. આપરો સોહરાબ મીસ લુસીફ્રને ગુજરાતી લૅસન આપેછ ને પાંચ છ દહારાની વાત પર કંઇ એની 'નોટસ' માં સેંક્રેટરીએ કરેકશન્સ કીધાં ! વરી પરમદહારે આપરા સોહરાબની ગેરહાજરીમાં મીસ લુસીફ્રે સેંક્રેટરી પાસે ગુજરાતી લૅસન લીધું. આપરો સોહરાબ અનધાર્યો આવી પુગો ને જરા તરીયાપાવ ફેંકયા. સોહરાબ કહેજે તમે વરી કે'દહારાના ગુજરાતી સ્કૉલર થઇ નીકળ્યા ? તમારી પોતાની ગુજરાતીની જાત મળે નહીં, પપા તમુને રોજ એ વાસ્તે ગોંડાં મારેછ ને મારી બાબતમાં તમુને 'ઇન્ટરફીઅર' થવાનું કારણુજ શું ? તમે મનીને અંગ્રેજીમાં 'ઍસીસ ટન્સ' આપોછ તેમાં હું તો 'ઇન્ટરફીઅર' નહીં થતો ? હું વચ્ચે પરી નહીં હોતે, મમા, તો વાત વધી જતે. મને લાગેછ કે આપરો સોહરાબ એમાં ખરો છે. પણુ મમા, તમે શું મારો ફોટો લેઓછ કે ! એમ ટીકી ટીકીને એક ચિતે મારૂં મ્હોડું કાંય જોયા કરોછ ?

શીરીન—કંઇ નહીં, કંઇ નહીં મની, એ તો તારા મનનો ધખારો છે. પણુ પછી......

મની—"પછી શું" મમા ? કંઇ રાજા પાદશાહની વાત છે કે ?

શીરીન—પણુ મીસ લુસીફ્ર કંઇ બોલીજ નહીં કે ?

મની—હવે અખારા કરો રે મમા; એ બી મને તો કંઇ ઉંડા પાણીમાં રમતી લાગેછ! આપરે ધારતાં 'તાં તેટલી ભોલી નથી. અલબત 'ઇન્ટલીજન્ટ' તો ઘણી છે, ગુજરાતીમાંબી હું ધારતી'તી તેના કરતાં આટલા વખતમાં ઘણો સારો પ્રૉગ્રેસ' કીધોછ ને હિંદુસ્તાનીબી હવે હવે ઠીક ફેંકેછ. એ બેજ બોલ વચમાં બોલી તે "નહીં આય તર કે નહીં પેલી તર" ઉતા! કહેજે: "Your pardon, Mr. Sohrab, but I don't think the Secretary has done any thing very wrong." સોહરાબ તો ફિકકો ફ્ચ થઇ ગીયો ને જીભ કરડીને બારણું અફાળીને ઓરડાની બહાર ગીયો. પછી પેલી ચીંગી મીંગી મને કહેજેઃ "I did not expect scenes in your house." હું મક્કમપણે માનુંછ કે એ 'સિન' એને પોતે જાણી જોઇને ઉભો કીધો! હું કાંહ ગવરનેસ માગતી'તી? સેક્રેટરી તો પપા રાખવાજ માગતા 'તા ને એ મી૦ મોરીસજ મારો પ્રૉગ્રેસ આગલ વધારી શકતે. પણ, મમા, હવે એ તો રહ્યું——તમે પપાને સાફ કહેજો કે આય નવું રોખરૂં ઘેરમાં નહીં ઘાલે! નાહનીના બાવાને એવણે ગમે તે પ્રૉમીસ આપી હોય, નાહનીના પૈસા "હાઉ" કરવા, તેથી હું કંઇ બંધાયલી નથી. એવણને ગમે તો પૈસાની સાથે આખ્ખા નાહનીને બી "હાઉ" કરી જાય!

શીરીન—મની, મની, તારા પપાને વાસ્તે તારે એ પ્રમાણે બોલવું નહીં જોઇએ. તું કહેછ તે ખરૂં છે: હું પોતે બી નાહનીને પસંદ નથી કરતી. એવણ ગમે તે બી કરશે તો આપરે એકનાં બે થઇશું નહીં પણ દિકરી, તું જરા સંભાળ રાખજે. આય બે નામરાસીયાઓ ઉછાંછલા છે ને વરી કોઈ દહારો એમાંથી કંઇ નવું જુનું નીકળી નહી આવે.

મની—મમા, મી૦ પટેલ ને ડૉ૦ ધનસુખરામ ટ્રસ્ટીશીપમાંથી નીકળી જશે ખરા કે?

શીરીન—ડાકટર તો કોણ જાણે દીકરા, પણ એ પટેલ તો ખચ્ચીત નીકળી જશે. ડાકટર તો સરંગલો છે ને તરા પપાને તો ગજવામાં મુકી દે તેવો છે. આપરા બેજનદારૂની કાની બધું "હાજી હા"

કરેછ ! મની, મની, મને લાગેછ કે આય પટેલ તારા પપાના સાચ્ચા દોસ્ત ઉતા ને એવણુ સાથે બુરઇ કરવામાં એવણે મોટી ભૂલ કીધીછ હું એવણુને એમ ઘણી વખત કહીચૂકીછ પણ એવણુ કયી બાબતમાં મારૂં માનેછ ? કહેજે "પટેલની છોકરીઓ તો આવી છે ને તેવી છે !" છોકરીઓ સાથે આપુને કામ શું છે ? જરાં ચિબાવલી છે ખરી પણ એમ તો ઘણે ઠેકાણે આપરે જોઇએછ. ઘણે ઠેકાણે માય બાપ સમજુ શ્યાણા ને મધ્યમ વિચારનાં હોયછ તે લોકનાં છોકરાં બીજી હદે ગેયલાં હોયછ ! તારા પપાના ઢંગ મી૦ પટેલ કરતાં ઉલટાજ છે, પણ તુંને ને સોહરાબને ખોદાના હોકમથી તેના છાંટા ઉડયા નથી; જો કે સોહરાબને હમણા હમણા આય નખ્ખોદ ગેઇ કલબોને લીધે જરાક રતી પીખ્ખું, ફુંકાણુ ને રેસીંગ લાગુ પરયુંછ ! મની, મારો સપનો ખરો તો નહીં પરે કે ?

મની—મમા, એ તો તમે રાતે જરા બટક વધારે ખાધુ હોશે ! હું બી જરા બટક પર વધારે હાથ મારૂંછ, તાહરે ઘણા સપના જોઉંછ એક દહાડો તો એક બટકાને મારી છાતી પર ચહરી બેઠેલો જોયો, જાણે મારૂં ખૂન કરતો હોયની! બટકાની મદદે સાથે બટકી બી દોરી આવી. પછી એ બટકો નાહનીમાં બદલઇ ગીયો ને બટકી મીસ લુસીફરમાં બદલઇ ગેઇ. સહવારનાં ઉઠતાં મને યાદ આવી કે રાતનાં બટક પર વધારે હાથ મારેલો તેની એ મોહકાણુ ! હમણા તમે સપનાની વાત કરોછ તાહરે મને એ વાતની યાદ આવી. ચાલો, ઉઠો હવે, આય પેલા તમારા મેનેજરનો 'ગૉંગ' ઠોકાયો.

પ્રકરણ ૧૭ મું.

શીરીન—મેહરનોશ, એ તમે આય પેલા આદરને કાંહથી પાછો ઘેરમાં ઘાલ્યો ? મને તો એનું મહોડું બી જોવા નથી ગમતુ.

ખા. સા.—મેં એને ઘેરમાં નથી ઘાલ્યો પણ એ જોર જુલમથી ઘર પ્રવેશ કરવા માગેછે. હું તારી આગલ એ વિષે વાત કરવાનોજ હતો, તેટલાંમાં ઠીક થયું કે તેંજ વાત છેડી. શીરીન, એણે મને અગાઉ

આહ્‌ક પાછો લુટવા માંડયોછે. નાહનીનો ડ્રેસ એને બંધ બેસતો. થયો નહીં એટલે રાસ્કલ મારો છિઠાવી ગયો ને સાથે સાથે રૂ. ૫૦૦) મતરાવી ગયો ! એનો કાંટો કહાડવામાં તું મને મદદ નહીં કરે ?

શીરીન—હા જરૂર કરશ. તમારી ના મરજી છતાં એ અહીં આવતો જતો થયો હોય તો હું તેમ કરશ ને ફ્રર કરશ. કેમ પટેલ, શું કહોછ ?

ખા. સા.—એ તો મેં એવણને અહીં બોલાવ્યા હતા તેથી આવ્યા છે. મી૦ પટેલ, તમારા ઘેરની તમે કંઇ ખબર અંતર લેઓછો કે ?

મની—(દાખલ થતાં) અરે પપા, જરા આય ન્યુસપેપર વાંચો. મનમાં જ વાંચજો હં કે ?

ખા. સા.—મેં તો વાંચ્યું દિકરી, તું વાંચીને મમાને વંચાવ. મેં વાંચીને તો પટેલને તેડાવ્યા.

પટેલ—સાહેબ, પેલી વખને ભ ણ્યો ચારા મારા કાહરી આવેલો તે કહેજે ભોંય તળેથી નીકલીને માર પર ગીયેલાં. તે અગાઉ મેં કાગલ લખેલો તેને બી "ડાનકૅર" કીધેલો ! પરમ દહારે હું પોતે જઇને જોઉં તો તાંહથી તો ખાલી કરી ગીયેલી. કાંહ ગેઈલી તેનો પતોબી નહીં.

ખા. સા.—પણ તમે કાગલ લખ્યો તે ઉપર ઍડ્રેસ શું કીધો હતો ?

પટેલ—ઍડ્રેસ ? મેં મારાં નવાં નામ સાથે ઍડ્રેસ તો કીધો તો, સાહેબ ને સીવસંકરના અખ્ખેરે લખાવ્યોતો.

ખા. સા.—અરે, પણ ત્યારે તો તમારી મેહરીએ એ કાગલ 'રીફ્યુસ' કીધો હશેજ.

પટેલ—પણ સાહેબ, મેં અંદર લખેલું, ની કે, મારૂં અહીંયાં નક્કી થયલું, ને મેં મારૂં નામ બદલી નાખેલું.

ખા. સા.—પણ એ કાગલ તે ઉઘાડે તો અંદર વાંચેની ? હવે તમે શું કરવા માગોછો ?

પટેલ—સાહેબ, મેં એજનદારની સલ્લાહ લીધી ને તેવણુની સલ્લાહ મને ઘણી ખ્યાનમાં ઉતરી. એજનદાર કેહે કે "એ તમારો આશરો છોરી ગેઇછ એમ 'ન્યુસપેપર'માં જાહેરખબર આપો."

શીરીન-મની—(હસીને) એમ કે.

ખા. સા.—ત્યારે તો મી૦ પટેલ, તેમ કરવાને હવે ઘણું મોડું થયુંછે કારણ તમારી બૈરી તમારા કરતાં ઘણી પક્કી લાગેછે. જુવો, આ હું વાંચુંછું તે ઉપર ધ્યાન આપો—

જાહેર ખબર.

આ લખી હું સર્વે કોઇને જાહેર કરૂંછું કે મારા ધણી મેહરજીભાઇ મનચેરજી માખણયા આજ પાંચ મહીનાની મુદ્દત ઉપર મને પોતાના આશરામાંથી બકાત કરી કેથે ગુમ થઇ ગયાછે અને ઘણી શોધ કરવા છતાં તેવણુનો પતો મને મળી શકતો નથી. આ ધણી બેઠી બાંધણીના, ઘઉં વર્ણના અને લગાર ઘટમારા છે. તેવણુના મ્હોડાં ઉપર અસલી ફેશનના ગુચ્છા છે. જે કોઇ આ ધણીની બાતમી નીચે સહી કરનારને આ પત્રની ઑફીસમાં ના૦ ૪૪૮ ને શિરનામે આપશે તેને રૂ. ૫૦) નું ઇનામ આપવામાં આવશે. વળી આ ધણી ખર્ચાળુ અને ઉડાઉ છે, માટે તેને કોઇ પણ રવેશે કોઇ ધીરધાર કરશે તો મારા ઘરનાં કપડાં લતાં, રાચ રચીલાં, દાગીના વગેરે ઉપર તેવા ધણી અથવા ધણીઓનો કાંઈ પણ હક ઇલાકો પુગશે નહીં, કારણ તે સઘળાં મારી અંગત માલેકીનાં છે.

લી૦

મેહરબાઇ તે મેહરજીભાઇ મનચેરજી
માખણયાનાં ધણીયાણી

ખેતવાડી ૧ લી ગલી, }
મુંબઈ, તા૦——— }

ખા. સા.—લ્યો, સાંભળ્યું, મી० પટેલ ? હું ધારૂં છું કે જુ
વયની એક બાઇડીને આવી રીતે પડતી મેલવામાં તમે ગંભીર
કરીછે. બાપરે, શું સિફતબાજ જાહેર ખબર છે ! !

પટેલ—સાહેબ, ભાણ્યો ફેરા કાહરવા ગીયો ' તો તાહરે એ
અપસ અપસમાં વાત કરતાં તાં કે હું કોઇ માજીસ્ટરેટને તાંહ ચા
રહેલો. વરી મેહરીએ પેલા કોઇ દોલીને કહેલું કે, "દોલી આ
પલાન ધ્યાનમાં રાખજે ; હં—" પછી એ લોક ઘણુ હસેલાં ને
પલાન વાસ્તે એકમેકને સાબાસી આપેલી.

ખા. સા.—ત્યારે મી० પટેલ, આ જાહેરખબરને તમારે
'પ્લાન ' નો એક ભાગ સમજી લેવો. તમે કહોછો કે આ દોલી તમ
બેરીનો જંગબાર ગયલો માસીનો દિકરો હોવો જોઇએ એમ ત
લાગેછે. વળી તમે એમ બી કહોછો કે એ બન્ને ઘણાં રમુજી છે ત
રમુજમાં આ તમારો તાગડો ઘડયો હશે ! તેમ જો હશે તો ગ
ગભરાવાનું કાંઇ નથી. ૪૪૯ નંબરને લખશું તો સઘળો ખુલાસો
જશે. પણ મી० પટેલ, ૧૨મ દિને આપણે ત્યાં ડા० ધનસુખરામ
મીસીસ જયકુંવરી રાતે જમણ ઉપર આવનાર છે. તમારી ઉપરના
અનહદ વિશ્વાસના પુરાવા તરીકે હું તમને કહું છું કે આ બન્ને જ
આપણી વાનીઓ ઉપર હાથ મારવાને ખાનગીમાં વાંધો નથી. તમે સમ
ખાનગીમાં; પણ જાહેરમાં તો ખચ્ચીત છે. મેં એ લોકને ખાતરી ર
છે કે મારી ટેબલ ઉપર ખાસ વિશ્વાસુ નોકરોજ હાજરી આ
દેખાવ માટે એકાદ બે હિંદુ વાનીઓ પીરસજો. કારણ વકીલ મી०
મોદી અને તેવણનાં ધણીયાણી ને મારો ભત્રીજો નાહનીબી આવશે.

મની—(મીસીસ ખા. સા. ના કાનમાં) મમા, તમે ૧
'વૉર્ન ' કરજો કે પેલા ઇડીયટ નાહનીને મારી પાસે બેસાડે નહીં, નહ
હું ટેબલ પર આવશજ નહીં.

ખા. સા.—હિંદુ પરોણાઓ આગલ જર્મન સીલવરનાં ટ
મુકજો, કાચનાં નહીં. એ સિવાય છાનુંમાનું જે કાંઇ કરવું હો

બેજનદારૂની મદદથી તમે કરજો, કારણ કે એ બાબતમાં બેજન દારૂને મેં ખાસ શીક્ષણ આપેલું છે. જુવો, કંઇ કાચ્ચું કાપતા રખે ! ખાણું પુરૂં થાય ત્યાંસુધી મેહરીને ને દોલીને તમારાં ભેજાં ઉપરથી ખસેડી નાંખજો. ચાલો હવે, વીદાય થાઓ. શીરીન, મને તો એ બિચારા પટેલની દયા આવેછે. આપણે એને મદદ કરવી જોઇએ. મી૦ મોરીસ, કયાં ગયા ?...ઓ આઇ સી, અહીં છો કે ? લ્યો, આ હું લખાઉંછું તેમ એ લાઇન લખી કાઢો.

મી૦ મોરીસ—સાહેબ, ઇંગ્રેજીશમાં કે ગુજરાતીમાં ?

ખા. સા.—અલબત્ત ગુજરાતીમાં. કોણ જાણે શું છે, ગુજરાતીનું નામ સાંભળતાંજ તમને ધધડીને તાવ આવે છે ! લખો જોઉં—

નાં૦ ૪૪૮ 'ધી પારસી'ની કૅરમાં.

તમારી તા૦.........ની જાહેર ખબરના જવાબમાં જણાવુંછું કે તમો તમારા ખેશી મી૦ દોલી સાથે આવતી પરમ દિને આ મકાન ઉપર પધારવાની તસ્દી લેશો તો જે ધણી વિષે તમે જાહેર ખબર આપીછે તેને વિષે ઘણું અગત્યનું તમે સાંભળશો.

'શીરીન મૅનશન,'
વિલડરનેસ રોડ,
મલબાર હિલ
તા૦...........

લી૦
મેહરનોશજી મીનોચેહરજી
માલેગામવાલા, J. P.

મીસીસ ખા. સા.—મેહરનોશ, મેહરનોશ, તમે ભૂલી જાઓછ કે પરમદહાડે તો આપરે તાંહ ડીનર છે ને એ લોકને તમે કંઇ ટાઇમ બી આપ્યો નથી. જમવાની વખતે આવી ઉભાં રહેશે તો શું કરશું ? એ હરવઇ મેહરી ઍટીકેટ તે શું સમજે ?

ખા. સા.—આવી ઉભો રહેશે, તો બે બુક આપણી સાથે જમશે. એમ તો બેજનદારૂની બચઇને બી તેં તેડી છેના ?

શીરીન—હા પણ તે॰ તો બિચારી ઓલ્યા ગપાટ છે ને ગમે એટલું કર્યેંછ તો સાથે જમવા બેસતી નથી ને આય મેહરી તો કહેજે જરા ચપરખંધી છે, તે શું રાંધણીમાં ખાવા જવાની છે કે?

ખા. સા.—રાંધણીમાં નહીં જમશે તો આપણી સાથે ટેબલ પર જમશે.

શીરીન—ને તેનો વર આપરી સાથે તેની બી મૅનીજ કરશે!! જુવોની, તમારૂં પીનલ કોડ એમ કહેછ કે? મેહરનોશ, મેહરનોશ, એમ દહારે દહારે અકકલ શું ખોહતા જાઓછ?

ખા. સા.—ઠીક છે, શીરીન, આપણે આ 'ડૉકયુમૅન્ટ' માં ઘટતો ફેરફાર કરશું. મી૰ મોરીસ, આ કાગલમાં "૨ ને ૪ વાગતાની વચ્ચે આવવું" એમ લખજો. ૪) વાગતે મોટામોદી આવનાર છે ને ૫) વાગતે ડા૰ ધનસુખરામ આવશે. એ બધાં 'ઍપોઇન્ટમૅન્ટ્સ' અલબત્ત તમે નોંધશો. કેમ, શીરીન, હવે રાજી થઇ?

પ્રકરણ ૧૮ મું.

શીરીન—જોયું કે મેહરનોશ, ૪) વાગા. આય મોટામોદીની મોટર બી આવતી દેખાયછ પણ પેલાં બે જણાં હજુ આયાં નહીં. રખે મોડેથી આવે.

ખા. સા.—કોણ બે જણાં! ઓ! મેહરી ને દોલી આવશે તો કયાં ઘેર નાનું છે!!......આવો, મી૰ મોટામોદી, આવો મીસીસ મોદી, આ મારા સૅક્રેટરી મી૰ સોહરાબ ઍમ. મોરીસ. મારા સોહરાબને તો તમો કયાં નથી ઓળખતાં? મની તો મીસ લુસીફર સાથે રોકાયલી છે. આપણું પ્રાઇવેટ કનસલ્ટેશન પુરૂં થયા પછી એ લોક તમને મ્યુઝીકની મજાહ ચખાડશે. અહલો! નાની તું આવ્યો કે? તારીજ વાટ જોતાં હતાં. કેમ, આજે તો કંઇ અપ-ટુ-ડેટ સ્ટાઇલમાં સજ્જ થયો છે. મી૰ મોટામોદી, મારા નાહની જેવા કુનેહબાજ જુવાનીઆઓ મેં થોડાજ

દીઠાછે. બેટીબાપ એની ઉમર કરતાં વધારે ડાહ્યો છે. 'દેશ ભકત' ની મારી યોજનામાં જો એની મદદ નહીં હતે તો એ સાહસ હું કદી બી માથે ઉઠાવી શકતે નહીં. મારા સોરાબને તો પ્રેસની લાઇન બીલકુલ પસંદ નથી. વળી એનો વિચાર એવો છે કે એક મ્યાનમાં બે તલવાર હોય નહીં. નાહની સાથે કામ કરવાને એ નારાજ છે. જો કે અલબત્ત વર્તમાનપત્ર ચલાવવાની નાહનીની લાયકાત વિષે એને ઘણું સારૂં મત છે.

સોહરાબ—પપા, પપા.........

ખા. સા.—હું સમજ્યો, હું સમજ્યો દીકરા; તું કહેવા માગેછ કે નાહની તારા કરતાં દશ વરસ વડો છે ને એનું ગુજરાતી વાચન બહોળું છે.

સોહરાબ—પપા, પપા, મારી એવી મતલબ છેજ નહીં.........

ખા. સા.—નહીં દિકરા, હું કંઈ તારી વિરૂધ્ધ બોલવા ઇચ્છતો નથી. પણ મી૦ મોટામોદી, ચાલશો હવે, આપણે લાઇબ્રેરીમાં જઇ કેટલાંક કામકાજનો નીવેડો લાવશું. દિકરા સોહરાબ, તને રોકાણ હોય તો તું બેલાશક સીધાર.

પ્રકરણ ૧૯ મું

ખા. સા. ની 'લાઇબ્રેરી.'

ખા. સા.—મી૦ મોટામોદી, તમે પેલાં બે કાગળો વાંચ્યાં કે? તે વિષે શુ ધાર્યું? કંઇ આગલ ચાલવા જેવું છે કે?

મી૦ મોટામોદી—ખાનસાહેબ, On the merit of the matter ને આપરી પાસેનાં materials જોતાં હું નહીં ધારતો કે, we have a case. પણ તેતો તમારો case કેવા ધણીના હાથમાં મેલાય તેની ઉપર આધાર રાખેછ, કેટલાએક lawyers એવા હોય છે કે સારાં materials છતાં case ruin કરેછ ને વરી કેટલાકો એવા

ખી હોયછ કે જેઓ material ની ગેરહાજરીમાં વાદિ યા પ્રતિવાદિ માટે ઘણું material ઉભું કરી શકેછ.

ખા. સા.—(સેક્રેટરીને આંખ મારી) મેં નહીં કહયું હતું કે આપણા મોટામોદી ઘણા અસાધારણ પ્રકારના આસામી છે. મી૰ મોટામોદી, કદાપી તમે જાણતા નહીં હશો કે આ મી૰ મોરીસે પણ LL. B. સુધીનો અભ્યાસ કરેલોછે. એવણ કહેછે કે મેં પેલા પટેલને provocation આપ્યું અને એવણના અક્ષરે લખેલો કાગઞ તેની ઉપર મોકલ્યો, વળી સાથે સાથે મારા મૅનેજરને એક મળતું નામ આપ્યું એટલે પછી મારી પાસે case જેવું કંઇ રહયું નથી.

મી૰ મોરીસ—હા સાહેબ, ને તેના ટેકામાં હું આય Law Report હાજર કરૂંછ. બ્રુમફીલ્ડ વરસસ બ્રશફીલ્ડવાલો કેસ લગભગ એવાંજ material પર ઉભો થયો'તો. મી૰ મોટામોદી, જરા એ પર નજર નાંખશો ? એ કેસ પુરો થતાં Learned Judgeએ વાદિના વકીલને Licensed Swindler અને ખોટી જબાની ઉભી કરનાર, એવાં adjectives લગાડયાં હતાં.

ખા. સા.—છટ ! છટ ! મી૰ મોટામોદી, મી૰ મોરીસ કંઇ એમ કહેવા માગતા નથી કે તમે એમના મતની વિરૂધ્ધ છો તેથી તમે પણ Licensed Swindler (લાઇસંસ્ડ સ્વીન્ડલર) છો.

મી૰ મોટા મોદી—What do you mean મી૰ મોરીસ ? તમે મારા જેવા એક જુના ને કસાયલા સૉલીસીટરને Law Report જેવું ચિઠરૂં આપવાની હીંમત કરોછ ! જાણે મારી અકકલ મેં ગીરવી મુકી હોય, જાણે મારાં ભેજાંની બૅંકમાં ભંડોળની થાપણ નહીં હોય, તેમ તમે Law Report મને હવાલે કરવા નીકળ્યાછ. ખાનસાહેબ, મારી બાહોશીને તમે આવું અપમાન થવા દેશો નહીં. જરૂર પડવે 'સેવક એવો તો મરી મસાલો ભભરાવશે, સચ્ચાઈ અને શેખીનું એવું તો મિશ્રણ બનાવશે, અપવાદોને જબાનદરાજીનું પાણી પાઇ એવા તો સાધારણ કાયદા તરીકે પસાર કરી દેશે, સગીન૰ સહાદતોને બદલે બાજે વખત ઠાલી બોલોની હારમાળા એવી તો લંબાવશે, કાયદા કાનુનોને બદલે

ભળીતી વાતો એવી તો ઠોકી મારશે અને વકતાબાજીના તેલથી વિરૂધ્ધ પક્ષની તકરારોને એવી તો લપસાવી દેશે, કે બે ઘડી આય મારા young friend બી વિચારના વમળમાં વીંટલઇ જશે ! સહાદતોનો ભંડાર જો ખુટયો તો પછી સેવક એકને એક 'પૉઈંટ' ને એવી તો કળા કુનેહથી ખેંચશે, અને પાંચ પચ્ચીસ મીનીટ એવી તો ગાળી નાંખશે કે opposite lawyer તો શું પણ ખુદ His Lordship ની બલા બી નહીં જાણે કે સેવક વખતનું નાહક સત્યાનાશ વાળેછ ! તેમ બી જો ઉંદરો તર નહીં બેઠો તો (હસીને) સામી પક્ષ તરફ ગાળોની ગોફણ ફેંકતાં, તાણાજાણીની તીરંદાઝી ચલાવતાં, સામાની સાફ આબરૂને બીનસાફ બનાવતાં, અને ગલીચ કાદવની ધુંઇથી લપેટવાના હુન્નરથી સેવક કાંઇ અજાણ છે ! એ તો every carpenter to his tools !

ખા. સા.—મી૦ મોરીસ, તમે મી૦ મોટામોદીને ઓળખતા નથી. એવણ સંગીન, સુભાષીત શબ્દોમાં એવાં તો જોસબંધ અક્કલવંત કાયદાનાં બાણો છોડેછે કે બાજે વખત ખુદ હાઇ કોર્ટના જડજો વટીક છક થઈ જાયછે ! ધરપકડ, મારફાડ, ખટપટમાં મી૦ મોટામોદી હંમેશના મારતેમીયાં છે. એવણની જબાન કદી થાકતી નથી પણ સાંભળનારના કાન એવણ સહેલથી થાકવી નાખેછે ખરો લૉયર બચ્ચો તો તે કે જેની જબાનદરાજીનો ઘોંઘાટ જરૂરને વખતે તેની અકકલના રખશને ઠપકાના ચાબકાથી બચાવી લે. કયારે ઠાંસવું, કયારે ખુંખારવું, કયારે આંખ મારવી, આઇતી વખતે કાયદાપોથીઓનો ઢગ અથવા ચશમો ભોંય પર કેમ નાખી દેવો, અને જડજ સાહેબના મિજાજને કેમ રમાડી લેવો તે સઘળું મી૦ મોટામોદીની છેલ્લી આંગળોમાં રમી રહેલુંછે. પણ ચાલો, મી૦ મોટામોદી, હું જોઉંછું કે તમારો વિચાર એવો છે કે આપણે પાસો ફેંકી જોવો. પણ કંઈ સાક્ષી ગવાહીની બી જરૂર પડે ખરી કે ? આપણા સાક્ષીમાં તો પેલો મારો મૅનેજર પટેલ છે ને તે કહેછે કે તેને તો પેલા મારા હરિફે લગભગ cut કીધો અલબત્ત, તમે બોલતા નથી પણ હું તમારી આંખો ઉપરથી જોઉંછું કે જેમ નહીં materialનું material કરી શકાય તેમ એક વાજબી causeમાં, સચ્ચાઇ પુરવાર કરવાના શુભ હેતુથી નહીં શાક્ષીની શાક્ષીબી ઉભી કરી શકાય. હવે આપણે, મી૦ મોટામોદી,

પેલા વધારે અગતના કામ ઉપર આવીએ ને તે કામ 'દેશ ભકત'ની ખરીદીનું છે. તમે તૈયાર કરેલા આ ડૉકયુમૅન્ટમાં મેં કેટલીક સુચનાઓ કીધી છે તે મેહરબાની કરી તમે તપાસી જુવો. ચોપડાઓ કેવી રીતે રાખવા તે વિષે તમારી સુચના, મી૦ મોટામોદી, મને ઘણી ધ્યાનમાં આવેછે. તમે સુચવોછો કે ચોપડાનાં પાનાંને બીલકુલ નંબર કરવાં નહીં. થોભો, મી૦ મોરીસ થોભો; હું જાણુંછું કે તમે વિરૂધ્ધ મતના છો પણ તમારા કરતાં અમે ઘણી દિવાળી જોઇ છે. આપણે ગમે એવા ખરા હોઇએ, આપણા ચોપડા દીવાની જોત જેવા હોય, છતાં બાજે વખતે સામાને આપણી ઉપર ગેરલાભ લેતાં અટકાવવા ચોપડાનાં અસલ પાનાં સિફતથી કાઢી આપણુને નવાં ઠેસવી દેવાં પડે છે.

મી૦ મોરીસ—પણ સાહેબ, એ કાંઇ પ્રમાણીકપણું કહેવાય નહીં. મેં સાંભળ્યુંછે કે મરહુમ મી૦ રૂસ્તમબા પટેલ એ રીતની sharp practice-ચિલઝડપ પકડી પાડવામાં ઘણા હુશીયાર હતા. તેવણે સરકારને સુચવ્યું'તું કે દરેક વેપારીના ચોપરાને 'રૅજીસ્ટર' કરવા ને દરેક વેપારીને તે ચોપરાનાં પાનાંને નંબર આપવાની ફરજ પાડવી અથવા જો તેમ નહીં બને તો સરકારે પોતે ચોકકસ સ્ટાઇલના ચોપરા બનાવી તે વેપારીઓને વેચવા. કમનસીબે ચોકકસ મુશ્કેલીઓને લીધે આય દરખાસ્ત સરકાર force માં લાવી શકી નહીં.

મી૦ મોટામોદી—હું ધારૂંછ કે તે વખતે તમે જો સરકારને help કરતે, જેમ હમણા તમે ખાનસાહેબને help કરોછ તેમ, તો જરૂર તમારી સલ્લાહ મુજબ સરકાર વર્તતે. ખાનસાહેબ, તમારા આય સૅક્રેટરીસાહેબ LL. B. પાસ કરે તાંહ સુધી એવણના વિચારોને પોતાની પાસે સાચવી રાખવા એવણને ફરમાવશો. ચાલો, હું ખુશીછું કે ચોપડા વિષેની મારી સુચના તમારા ધ્યાનમાં ઉતરીછ.

ખા. સા.—કેમ, મી૦ પટેલ, વળી તમે કેમ ઓરડામાં ધસી આવ્યા ? જાણતા નહીં કે આ પ્રાઇવેટ મિટીંગ છે ? એટલા ગભરાયલા શેના છો ? કાંઇ જીવ બગડી આવ્યોછે કે શું !

પટેલ—સ-સ-સાહેબ, મ—મ—મેહરી ને દ—દ—દોલી આવેલાંછે. તમે એ લોકને તેરાવેલાં કે ? હું સામો થાઉં કે? એજનદારૂએ

હેલું કે શેઠ સલ્લાહ આપે તેટલાં તમે છુપઇ રેહો. સારૂં થયું કે એ ોકને દુરથી દીઠેલાં. ગમે તો આય મોટામોદી શેઠને પૂછી લેઓની ?

મી૰ મોટામોદી—શું છે, ખાનસાહેબ ? કંઇ ઘણી intricate ıatter છે કે ?

ખા. સા.—બીલકુલ નહીં, બીલકુલ નહીં. એ તો અમારા ેનેજરના વાઇફ ને તેવણુના સગા મુલાકાતે આવ્યાંછે. મી૰ પટેલ, ેજનદારૂએ તમને આપેલી સલાહ ઘણી કિંમતી છે ને હું બૅન્ચ ઉપરથી રમાવુંછું, અરે, હું હુકમ કરૂંછું કે તમારે તે ઉપર તુરત અમલ રવો ને until further orders-અરે, વધુ હુકમ મળે ત્યાંસુધી બહાર ાવતા ના.

પટેલ—પણ સાહેબ, ઘણે દિવસે દીઠલી ને લાગે તો એવા...... મેવા......કે જાણે આય ભેટી પરૂં......

ખા. સા.—અલબત્ત, અલબત્ત, મી૰ પટેલ, હું તમારી લાગણી ૂરતી સમજુંછું, પણ હું rule કરી ચૂકયોછું. ચાલો ઠીક થયું કે ાપણું consultation બી પુરૂં થયુંછે. આપણે હવે 'હૉલ' માં ઇશું. વળી શું છે, મી૰ પટેલ ?

પટેલ—સાહેબ હું કહેતાં ભૂલી ગીયો કે આલાંબઇ બી આવેલાં છે. પેલા એલાબ્યા સેઠની બૈયર.

ખા. સા.—એલાબ્યા?......એલાબ્યા કોણ ? ઓ આઇ સી, પેલા ેઠાઉંગીર આદરની બૈરી. પણ પટેલ, એ આદર પોતે બી આવી ુવોછ કે ?

પટેલ—નહીંજી, મારી નજરે તો નથી પરયો.

ખા. સા.—કંઇ નહીં, કંઇ નહીં, ત્યારે તમે હવે સીધારો. કેમ ઓળખ્યોની, મી૰ મોટામોદી ! એ મકીના પર જેની કાસર પતાવવા મેં તમને કનસલ્ટ કીધા હતા તે આદર ! હવે તો મારી શીરીને એ ામ પોતાને માથે લીધુંછે. જો એ નહીં ફાવશે તો બા ખુશીએ કામ હું તમારા હાથમાં મેલીશ.

પ્રકરણ ૨૦ મું.

ખા. સા.—આવો, મીસીસ પટેલ, આવો કેમ છો? સારી પેઠેનો છોની? (શેકહૅન્ડ કરવા હાથ લંબાવે છે)

મીસીસ ખા. સા.—(ખા. સા. ના કાનામાં) મેહરનોશ, હજુ તો પુરી ઓળખ પીછાન બી નથી થઇની!

ખા. સા.—અરે એવણની ઓળખ પીછાન તો બહુ દિવસની મી૦ પટેલ મને પુરતી રીતે આપી ગયા છે, સમજીની શીરીન?

મેહરી—જી, મારૂં નામ કંઇ મીસીસ પટેલ નથી.

ખા. સા.—અલબત્ત છ માસની વાત ઉપર તો તમે "મીસીસ માખણવા" હતાં પણ હમણા તો "મીસીસ પટેલ" છો. નહીં સમજ્યાં? કંઈ નહીં—કંઇ નહીં—બરાબર ગોઠવઇને બેસો. શીરીન તું બી બેસની; એ બિચારીનાં, અરે, એવણ બિચારાંનાં "માથા પર" કયાં ઉભી રહી! એવણ ખુરશીમાં આકુળ વ્યાકુળ કરેછે ને તું ઉભી ઉભી એવણને ઓસકારે છે, ખરૂંની મીસીસ મોટામોદી? મેહરબઇમાય હું કહેવા જતો હતો કે તમે એક ધણી મી૦ મેહરજીભાઇ મનચેરજી માખણવાનાં ધણીયાણી થાઓછો જેને વિષે તમે હાલ એક જાહેરખબર આપી છે. એ ધણું નહીં ઇચ્છવાજોગ છે. જરા ધીરજ પકડો—જરા ધીરજ પકડો—તમારી બોલવાની વારી આવશે. એ જાહેરખબર અમારા વાંચવામાં આવી છે.

દોલી—પણ સાહેબ—

ખા. સા.—સાહેબ, તમે કોણ છો? જરા થોભો, હજુ મેહરબાઇએ તમને મારી સાથે ઇન્ટ્રોડયુસ કીધા નથી. તમારી બી 'ટર્ન', આઇ મીન, વારી આવશે; તેટલાં જરા ખામોશ! આહા—તમે જુવાનીઆઓ, તમે જુવાનીઆઓ! તમારી ઉમરે હું પણ આમજ કરતો હતો. ત્યારે જુઓની, મેહરબાઇ, તમારી જાહેરખબર અમારા વાંચવામાં આવીછે. અમારા એટલે આ કુટુંબનાં સઘળાં માણસોનાં, અને મારા બેજનદારૂ પંથકી અને તમારા પોતાના એકલા અને હકદાર ધણી મી૦ પટેલના. વળી તમે અજાયબીનું ડોલ કરોછો! એ ધણી મેહરજીભાઇ માખણયા મારી

નોકરીમાં મૅનેજર તરીકે ગઇ તા૦ ૧ લી જાન્યુઆરીથી જોડાયા; મારી નોકરીમાં એટલે આ મિલકતના માલેક ખાઃ સા. મેહરનોશજી મીનોચેહરજી માલેગામવાલા, J. P., ઑન. મૅજીસ્ત્રેટની નોકરીમાં. હવે હું પણ તમને ઇન્ટ્રોડયુસ થઇ ચૂકયો. બાઇ મેહરબાઇ, જરા થોભો, મી૦ દોરાબજી, જરા થોભો; તમને વચમાં બોલવાની ખરી લાલચ થતી દિસે છે ! લાલચ ઘણી બુરી ચિજ છે ને જુવાનીઆઓએ તેને વશ કરવી જોઇએ જે સરતોએ આ ધણી મારી નોકરીમાં જોડાયા તે માહેલી એક એ હતી કે તેવણે પોતાનું નામ તે દિવસથી કુંવરજી કાવસજી પટેલ રાખવું. તમારા ધણી "પટેલ" થયા એટલે તમે "પટલાણી," આઇ મીન. મીસીસ પટેલ થયાં. કેમ, હસોછો કેમ ? હજુ આગલ તો સમજો. તમારા ધણી તમારા કરતાં લગાર મોટી ઉમરના હોવાથી તમારા બન્ને વચ્ચે, સાંભળ્યા મુજબ, ઘસાતું ચાલતું હતું, શરમાવો ના. એ નાલેશા તો જેમ ગરીબની ઝુંપડીમાં તેમ મોટાના મહાલયમાં પણ જાયજ છે. બંધવાનું. અરે, મી૦ પટેલનું કહેવું એવું છે કે એવણે તમારી ઉપર "મીસીસ કુંવરજી કાવસજી પટેલ" ને નામનો એક પત્ર મોકલ્યો જે તમોએ લીધો નહીં. હવે બંધવીનો, અરે, તમારો બચાવ એવો છે કે તમારા ધણીએ પોતાનું નામ બદલ્યું તેની તમને આગમચથી નોટીસ મલેલી નહીં હોવાથી તમોએ તે કાગલ 'રીફયુસ' કર્યો. મી૦ પટેલ કહેછે કે નામ બદલવાની નોટીસ તેવણે મજકુર કાગલની માહે આપી હતી. વળી આ અરસામાં તમે ભોંયતળ્યું છોડી માળપર જઇ રહયાં અને તમારો એક સગો ફુટી નીકળ્યો, બોલતાં ના—બોલતાં ના—મને પુરૂં કરવા દો. મી૦ પટેલે તેની ખાનગી બાતમી મેળવી તેથી તેવણ તમારી મુલાકાતે આવ્યા નહીં. બન્ને બંધવાઓ, અરે, તમો બન્ને જણાં એક સરખાં તકસીરવાર છો. પણ મેહરબાઇ, તમારા ધણીની હાલતમાં, રીતભાતમાં, દેખાવમાં અને લેબાસમાં મોટો ફેરફાર થઇ ગયોછે તમો હસોછો પણ એ વાત ખરી છે. તમે તેવણને જુઓ તો કદાપી ઓળખો પણ નહીં. તમે તેમને ભેટવાને આતુર નથી પણ તેઓ તમને ભેટવાને બહુ આતુર છે. આ મિલકતનો માલેક આ કમનસીબ જોડાંને એકમેકસે પાછાં મેળવવાનું માન ખાટશે.

મીસીસ ખા. સા.—મેહરનોશ, મેહરનોશ, આય કંઇ કૉર્ટ નથી !

ખા. સા.—હવે તમારી જાહેરખબરના સંબંધમાં મારે કહેવું જોઇએ કે મારા મિત્ર આ મી૰ મોટામોદી જેઓ એક પ્રખ્યાત વકીલ છે તેવણને પણ મેં વંચાવી છે. તેવણ પણ મારા મતને મળતા છે કે આ જાહેરખબર કોઇ ઉછાછલા બીનઅનુભવી અને ઇત્તર જુવાનીઆની સલાહથી તમે લખેલી હોવી જોઇએ. બેસો સાહેબ, બેસો, તમારે ટોપી પહેરી લેવાની કંઈ જરૂર નથી. તમે કેમ જાણ્યું કે તમારા માટેજ ઇસારો કરૂંછું. તેમાં જેટલો તે જુવાનીઆનો કસુર છે તેટલો તમારો નથી બાઈ મેહરબાઇ. સાંભળ્યા મુજબ આ જુવાનીઆ તમારા પિત્રાઇ થાયછે, જેવણને વર વહુ વચ્ચે આવું ભંગાણ પડાવવાને કશોપણ હક નથી, ખરૂંની મી૰ મોટામોદી ?

મી૰ મોટા મોદી—Perfectly right, perfectly right.

ખા. સા.—બોલો, મીસીસ પટેલ, હવે તમે બોલો. મી૰ પટેલ મને કહેતા હતા કે તમે બોલવાની બાબતમાં કંઇ કચાસ રાખતાં નથી. આટલો વખત ખામોશી અખત્યાર કરતાં તમારી પર જે સખ્તાઈ ગુજરી છે તે વાસ્તે હું દરગુજર ચાહુંછું.

દોલી—ને હું ધારૂંછું સાહેબ કે મારી ઉપર પણ જે સખ્તાઇ ગુજરી છે તેને માટે પણ તમે દરગુજર ચહાશો, નહીંતો, નહીંતો—

ખા. સા.—સાહેબ, નહીંતો એટલે શું ? તમે હાલ કોના ઘરમાં ઉભા છો ! એક ખાનગી ઘરમાં ધાંધલ મચાવવાની કોશેશ કરવાની શું સજા છે તેપણ તમે જાણતા હશો. તમે જો આ બાઇ સાથ આવ્યા ન હતે તો મને તમારી વધુ ખબર લેવી પડતે. મીસીસ પટેલ, એવણ કોણ છે ?

મેહરી—જી, એવણ મારા કાકાના દિકરા દોલી છે.

ખા. સા.—એટલે ? એવણ તમારા કાકાના દિકરા થયા તેથી શું સારાં ગામે એવણને ઓળખવા જોઇએ કે ? એવણનું આખું નામ શું ? હાલત શું ? ધંધો શું ! વતન શું !

મેહરી—જી, એવણનું આખું નામ દોરાબજી ડોસાભાઇ ધાભર. એ અટક એવણને ગમતી નથી તેથી એવણ પોતાના બપાવાનાં નામ સાથે "દોરાબજી ડી. દોરાબજી" કરીને પોતાનું નામ લખેછ. એવણ જંગબારમાં કંઇ ધંધો કરીને કમઇ આવેલા છે. એવણનું વતન તો, જી, કલ્યાણીને એવણના બાવા "કલ્યાણીવાલા" બી કહેવાતા'તા.

ખા. સા —ઓ આઇ સી. મી૦ ધાભર, આઇ મીન, મી૦ દોરાબજી ડી. દોરાબજી, તમે જંગબારમાં શું ધંધો કરી આવ્યા તે તો આ બાઇએ મને જણાવ્યું નથી; કંઇ લોકોને ધાભરેલા બી ખરા કે? કંઇ નહીં—કંઇ નહીં—શરમાવો ના; આપણે જે જન્મતાંવાર કરીએ તે બચપણમાં નહીં કરીએ, બચપણમાં કરીએ ને જુવાનીમા નહીં કરીએ, જુવાનીમાં કરીએ તે મોટપણમાં નહીં કરીએ, ને મોટપણમાં કરીએ——

દોલી—તે ઘડપણમાં નહીં કર્યે એમ તમો સાહેબ બોલવા ઇચ્છોછ.

ખા. સા.—કવાઇટ રાઇટ ! મી૦ દોરાબજી, તમારો ગુસ્સો હવે તમે ગળી ગયલા દિસોછો ખરા ! દરેક જુવાનીઓ જો આ પ્રમાણે પોતાનો ગુસ્સો ખાઇ જાય તો તેનું ભવિષ્ય જરૂર ખીલે, ખરૂંની મી૦ મોટામોદી ! મી૦ દોરાબજી, મી૦ મોટામોદી એક વકીલ છે ને વકીલો ગુસ્સો ખાઇ જવાના જેટલા ગુણ જાણે છે તેટલા કોઇ નથી જાણતું. મારો એક આગલો વકીલ—આગલો મારીના સમજતાં, મીસીસ પટેલ—મારા ગમે એવા સખતમાં સખત તાણા પણ પોતાની 'ફી'ની માફક ગજવામાં સેરવી દેતો હતો ! પણ હું હમેશાં સંભાળ રાખી જે દિવસે તેને ફી આપવાની હોય તેજ દિવસે તેમ કરતો હતો. પણ મીસીસ પટેલ, તમે મને મી૦ દોલીનાં નામ ધંધો ને વતન કહયાં પણ એવણની હાલત વિષે કંઇ બોલ્યાં નહીં.

મેહરી—જી, એવણ પાંચ પૈસે સુખી છે.

ખા. સા.—હું કુંવારી કે પરણેલી હાલત માટે સવાલ કરૂં છું.

મેહરી—જી, એવણ કુમારા છે.

ખા સા.—આઈ સી. ત્યારે એવણ કોઇ સારી જેવી છોકરીની

શોધમાં હશે ! તેમ હોય તો પરણેલી પિત્રણના ઘેરમાં એવણે ભરાઇ બેસવું નહીં જોઈએ. મારા એક આગલા દોસ્તની પાંચ કુંવારી બેટીઓ છે. પુટયાં ઇત્યાદિબી ઠીક છે. જો ઇચ્છા હોય તો મને કહેજો. પટેલીઆં ખાનદાનમાંજ છે. લાવો, ત્યારે લાવો—તમારો હાથ લંબાવો, આપણે શેકહેન્ડ યાને હસ્ત મેળાપ કરીએ; મી૦ દોરાબજી હું ફરમાઉંછું કે તમારે કોઇ સારીજેવી છોકરી જોઇને ગોઠવાઇ જવું; તેમ તમે કરો તેટલાં મીસીસ પટેલ પોતાના વરની સાથે અમારે ત્યાં આવીને રહેશે.

મીસીસ ખા. સા.—મેહરનોશ, મેહરનોશ, પણ અહીં જગા કાંહ છે ?

મેહરી—જી, તમે કંઇ ભૂલ તો નથી કરતા કે? મારા વરજ તમારે તાંહ મૅનેજર તરીકે રહયાછ કે ? એવણ તો મધ્યમ કદના, બેઠી બાંધણીના, લગાર ઘટમારા છે. ડુબિયા ને ગુચ્છા બી રાખેછે——

પટેલ—મેહરી, મેહરી, બહ કર, અરે, બસ કર. સેઠયાઓની સામું ઘણી લાંબી ટુંકી નહીં કરીએ ! ચાલ ઉઠ, મારી હાથે, અરે, સાથે આવ. એ તો હું તુને એકદમ જોઇને જરા ગભરઇ ગીયો; બાકી, હવે એ "હાથે" ને "હામ્યે," "ગીયેલો" ને "થયલો" મેં બધું દાટી દીધેલું ! એ આય પોયરો કોણ ! દોલી કે ?

ખા. સા.—કંઇ નહીં—કંઇ નહીં, મી૦ પટેલ, તમે એ લોકને જવા દેતા ના. હવે તો દોરાબજી અહીં જમીનેજ સીધારશે ને મેહરબાઇ તમારી સાથે અહીંજ રહેશે. બોલતાં ના—મેહરબાઈ માય બોલતાં ના—જુવાનીઆઓ વળતા જવાબ આપે તે મને પસંદ નથી. તમારી ફરજ તમારા ધણી સાથ જવાની છે. જાઓ, જાઓ, તનદરૂસ્તી. મી૦ પટેલ, એવણને જરા છાંટો પાણી કરવાની બી ટેવ હોય તો બેલાશક કરાવજો.

મીસીસ ખા. સા.—પણ મેહરનોશ, તમે બધાઓ સાથ તાહરનું પીંજોછ ને તમારા દોસ્ત આદરની આલાંનીતો કંઇ ખબર લેત ! ૯ · ૯ એ બિચારી સાદી માદી એટલે કીસ ગણત્રીમાં ! કદાચ તમે જાણીને

અજમ થશો મેહરનોશ, કે એ મારાં ' મહીરાં તરફની અતલગની સગી નીકળી. આય તમારા સપરપુરા દોસ્તને પણનીને બિચારી ફસી ગેઇ !

ખા. સા.—ઓ એમ કે? પણ એવણ ફસી ગયાં છે ત્યારે આદરથી છુટા છેડા કાં નહીં મેળવતાં? એ આદર જો દસ બૈરી કરે તો તે દસે જણીઓ દર વરસે એકકની હારમાં છુટા છેડા મેળવી શકે. છે તમારી મરજી આવાંબઇ ? એની ગરદન મારા હાથમાં છે ને વળી મારી આગલી પાછલીનો હીસાબ મારે એની સાથે નકકી કરવાનો છે.

આલાં—જી, તમે તો હસોછ પણ એ વાત તો મને તણુ જણુંએ સમજાવી, પણ તેને ગણકાવતી નથી. ગમે તેવા છે પણ મારા વર. હવે કપાલે કાન ચોંટયા તે કંઇ કાપી નખાય !

મીસીસ ખા. સા.—કાંય નહીં કાપી નખાય? તમારી બદલી જો અમારા પટેલ મેહરબઈના સપાટામાં આવેતો મેહરબઇ તો બોલબોલતાંમાં છુટા છેડા લે.

ખા. સા.—તેં કેમ જાણ્યું શીરીન ? તું કંઇ એને ઘેર રહી આવીછ કે?

મીસીસ ખા. સા.—એ જાણ્યું ! અમે બૈરાં જોતાંને વાર બૈરાંને તો શું પણ માટીડાને બી પારખી કાહડયે, જહારે તમે માટીડાઓ તો હંમેશાં કેહોછ કે બૈરંનું મન વાંચવું ઘણું કઠણ છે. પણજો, વરી તમે કંઈ એને આપણી સાથે જમવા બેસવાની બહોંસ ના કરતા. આલાં તો આપરી સાથે બેસવા નાજ કહેછ. બેજનદારૂની બચઇ બી બેસવાની નથી. મેહરબઇ આપરી સાથે બેસશે તો પટેલથી મૅનીજ થશે નહીં તેથી ધ્યાન રાખજો.

ખા. સા.—ઠીક છે, ઠીક છે, શીરીન, અહ્લો ! એ કોણ ? અરરરરર—એ તો પેલો નાપાક આવ્યો !! મકુંજે, માફ કરજો આવાંબાઇ, તમારા આદરજી આવ્યાછ. હવે તો એ પથરે માર્યો ફિટવાનો નથી ! આવો, આદરજી બા, આવો. તમે તો આજે 'લૉજ'માં કહરાવાના ઉતાની, અરે, જનાર હતાની ?

આદર—હા બિરાદર. જવાનો તો ઉતો પણ વિચાર ફરયો! આલાં કહેજે તમારે તાંહ આજે મોટી પાર્ટી છે તે મેં ધારયું કે, ચાલ, બિરાદરને તાંહ તેરું કેવું જોઇએ? જરા ટેબલપર બેસશું તો રાહગાત જોઇશું ને ઘણું નવું સીખશું. કેમ, તમુને કંઇ વાંધો તો નથીની બિરાદર?

ખા. સા.—(મનમાં-આલાં મરે પાછલી રાતે ને તું મરે આગલી રાતે!) બચ્ચીત નહીં, આદરજી બા. મી૰ મોટામોદી, તમે આ મી૰ આદરજીને ઓળખો છો કે?

મોટામોદી—મી૰ આદરજી? એવણુની અટક શું? બેલાવ્યા?... ગોરીમાર? હા, એ આદરજી ગોરીમારને તો હુ સારી કાની ઓળખુંછ. યાદ છે કે મી૰ આદરજી, આજથી બરાબર પંદર વરસની વાત પર કુપર મૅજીસ્ત્રેટની કોર્ટમાં હું તમારી સામે ઉભો'તો? તમારી ઉપર ઠ-ઠ-ઠગાઇનો આરોપ હતો.

ખા. સા.—હશે, હશે, તમારી કંઈ ભૂલ હશે! હમણા તો એવણુ આપણા 'મેસોનીક' બિરાદર છે. એવણુ આપણી સાથે આજે ખાનું લેશે. હું ધારૂંછું કે તેથી તમે ખુશી થશો, મી૰ મોટામોદી?

મોટામોદી—'સરટનલી!' એમ લોકોની આગલી પાછલી યાદ રાખયે તો પછી અમારા ધંધાને ધોઇને પીવો પડે! દરેક આસામી જેટલો વખત કોર્ટમાં ખડો હોય અથવા સજા ભોગવતો હોય તેટલો વખતજ તેને અમે આરોપી ગણ્યે છીએ. સાત વરસ જઇ આવેલો એક કેદી જો છુટી આવીને કુલ તરીકે મારી સલાહ લેવા આવે તો હું ધંધાની રૂએ તેમ કરવાની મારી ફરજ સમજું.

આદર—ફી આંગ પર?

મોટામોદી—(હસીને) હાસતો! અમે 'ફી'ની 'ક્રેડીટ' કોઈ બી દહારો આપતા નથી.

આદર—સાહેબ, તમે વકીલો ફી લઇને કોઇ દહારો ઓચરયાં બી બોહી દેઓ ખરા કે!

મોટામોદી—નહીં. અમો પોતે તો ખોહી નહીં દઈએ પણ અલબતાં અમારો હાથ ટળેનો ભૂલેચૂકે તેમ કરે તો તેમાં અમારાથી કંઇ બોલાય નહીં. મારી આખી 'લાઇફ ટાઇમ' માં એટલે મારી પંદર વરસની 'કૅરીઅર' માં ફકત પાંચજ વાર મારાં કુલોનાં બોચરયાં મારી ઑફીસમાંથી ખોહવાયાં હતાં. તે દર ખેપે મેં મારા કલાર્કોમાંના એકને બરતરફ કરવાની સંભાળ રાખી હતી. લેઓ ખાનસાહેબ, આય તમારાં 'લૉગ-લૂકડ- ફૉર ગેસ્ટ્સ' આવી પુગાંછ.

ખા. સા.—આવો, ડા૦ ધનસુખરામ, આવો; આવો, જયકુંવરી બહેન, આવો. કુંવરીબાઇ તો સદા પોતાની સાથે જય લેતાં આવેછે અને આપણો આજનો મેલાવડો હવે જયકારી બનશે ખરો. ડીનરની તૈયારી થઇ ચૂકી છે. તમારીજ ખોટી હતી

સોહરાબ—પપા, જરા બાજુ આવજોની

ખા. સા.—કેમ દિકરા, શું છે?

સોહરાબ—પેલી મીસ લુસીફરને આજે બી તમે આપરી સાથે જમવા બેસાડશો કે?

ખા. સા.—એ તે કેવો સવાલ, સોહરાબ? વળી રોજ બેસેછે તેમ આજે બી બેસશે. તમે માય દિકરા એ શું ઢોંગ લઇ બેઠાં છો? માય કહેજે મેહરબાઇને સાથે જમવા ના બેસાડતા ને દિકરો કહેજે મીસ લુસીફરને ના બેસાડતા.

સોહરાબ—પણ પપા, ગવરનૅસ તે ગવરનૅસ? તે ગમે તેવી હોય તો બી ઍટીકેટને ખાતર ફ્રેન્ડલી ડીનર પર આપરે તેને સાથે બેસાડવી નહીં ઘટે.

ખા. સા.—સોહરાબ, તેં એની સાથે કંઇ "વધેરયુંછ" કે! પેલો તારો નામરાસિયો શું કહે છે? તે બી તારાજ મતનો છે કે?

સોહરાબ—મારા નામરાસિયા સાથે મને શું કામ છે? પપા, મને તો લાગેછ કે કોઇ દહારો એ બે જણાં તમારા ઘેરમાંથી સાથે છિઠાંગરી કરી જશે! એ લુસીફર મારી સાથે અત્યાર સુધી તો ઠીક

ચાલતી'તી, પણ જવા દેઓ, હું હમણા તે વાત કરવા નથી માગતો. તમે શું એને આજે ટેબલ પર આ૫રી સાથે બેસાડવાના છેઓ કે! કોઇ બિચારી ઓલ્યન દોલ્યન પારસી કે પોર્તુગીઝ ગવરનૅસ હોતે તો તમે તેની સાથે એક ટેબલે જમવાને તૈયાર થતે કે ?

બા. સા.—એતો દિકરા, જેવું માણુસ ને જેવો વખત! મીસ લુસીફર એવી દમામદાર લાગેછ કે એની સાથે ડીનર લેવા કોઇબી રાજી થાય. આજે તો એ ગવરનૅસ છે; કાલ ઉઠીને એ ઍકટ્રૅસ બને તો એની સાથે કોઇ કુંવારો મુંબઇનો ગવરનર પણ કદાપી પરણી જાય! ગોરી ગવરનૅસો ને ઍકટ્રૅસો મોટામાં મોટે ખાંચરે ઘણી સહેલાઇથી ઘુસી જાય છે! ને જો સોહરાબ, હવે તો હું એને 'ઇનીવીટેશન' આપી બી ચૂકયોછું, આઇ મીન, આમંત્રણ કરી બી ચૂકયોછું. તુંને ગમે તો તું એની પાસે ના બેસતો. હું પેલા રાસ્કલ આદરને તો મારી પાસેજ બેસાડવાનો છું નહીંતો એ કંઇ રંગમાં ભંગ કરશે.

સોહરાબ—પણ તાહરે 'હેડ' પર કોણ બેસશે ?

બા. સા—મોટામોદીને મુખડે બેસાડશું. એને મોટો વડો કરવાગાં હમણા મારી મતલબ સમાયલી છે. શું કહે છે? કઇ વાતમાં મારી મતલબ સમાયલી નથી હોતી? જો હવે, મોટામોદીના જમણા હાથ પર તારી મમા બેસશે; મમાની પાસે મીસીસ મોટામોદી; મીસીસ મોટામોદીની પાસે જયકુંવરી; તેણીની પાસે ડા૦ ધનસુખરામ; ધનસુખની પાસે લુસીફર; લુસીફરની પાસે મોરીસ...કેમ! ડોલા કેમ કકડાવેછ? ઓ આઇ સી—'જૅલસી'! 'જૅલસી'!! જુવાનીઆઓનો એક મોટામાં મોટો અવગુણ! મેં ને તારી માયે એમ ધારેલુંજ હતું. ત્યારે લુસીફરની પાસે મની; મનીની પાસે મોરીસ......તે બી તુંને નહીં ગમતું? ત્યારે મનીની પાસે તું; ને તારી પાસે નાહની. સામી બાજુએ મોટામોદીના ડાબા હાથ પર હું; મારી પાસે પેલો સ્ટુપીડ આદર, 'કન્ફાઉન્ડ હીમ!' એને અંગ્રેજીમાં ગાળો ભાંડયા વગર મારો પીતો હેઠે પડતો નથી!! પીનલ કોડ પ્રમાણે, અરે, રિવાજ પ્રમાણે, એક ગૃહસ્થ પાસે એક બાનુએ બેસવું જોઇએ પણ, આહ! એ રાસ્કલને લીધે મારે એ રિવાજનું

બી ખૂન કરવું પડે છે! ત્યારે મારી પાસે આદર; આદરની પાસે મોરીસ; મોરીસની પાસે પેલો દોલી; એ દોશી બી જરા ચીકાસદાર લાગેછે; ટાઢો મોંઢો રાખેલો ઠીક, કોઈ દહાડો કામનો છે.

સોહરાબ—પણ પપા, તમે એમ કેટલા જણુને ટાહરા મિઠ્ઠા રાખશો ?

પ્રકરણ ૨૧ મું.

મોટામોદી—ખાનસાહેબ, This is too much! એ માન અને ઘટે નહીં. રાજાજીની જગાએ દેડકાજી કેવા!

ડા૦ ધનસુખરામ—અરે પણ, મોટામોદી શેઠ, દેડકે પણ એક વેળા કુવામાં રાજ્ય કર્યું હતું તે આપ ભૂલી જાઓછો! અહા—હાહાહા, Excuse me, આમ કહી હું તમને કાંઇ દેડકા સાથ Compare કરવા નથી માગતો.

ખા. સા—ચાલો બાનુઓ ને ગૃહસ્થો, જેમ મી૦ મોટામોદીએ મુખડે બીરાજવાનું માન આપણુને આપ્યું છે તેમ તમો પણ મેહરબાની કરી ખુરશી ઉપર લગાડેલા કાર્ડો મુજબ ગોઠવાઇ જશો કે જેથી ખાનું તુરત પીરસવામાં આવે.

ડા૦ ધનસુખરામ—ખાનસાહેબ, આપણી આ ગોઠવણ પહેલી નજરે લગાર વિચિત્ર લાગે છે!

આદર—(ખા. સા. ના કાનમાં) એના પેટમાં સટકણુ નથી પરયું તેટલાં એને બધુંજ વિચિતર લાગસે; જરા ગેહ સરાવની, બિરાદર; મારૂં બી નાક તાહરનુ સુકાયછ!

ખા. સા.—(આદરના કાનમાં:—અરે મુગો મરની!) બેજનદાર, જરા ડીકેન્ટર ફરતી કરો, ને જુઓ, તમારે હાથે પેલું અંગુરી શરબત છે તે ડૉકટરના અને જયકુંવરીબાઇના ગ્લાસમાં નામજો.

નાહનો—કાકાજી, અમારા બધા આગલ બીલોરનાં ગ્લાસ ને આ લોકો આગલ જર્મન સીલ્વરનાં મુકયાં છે તેનું કારણ શું ?

આદર—કારણ તમે બધા બીલોર જેવા ચોખ્ખા છેઓ.

ખા. સા.—(મનમાં:-લે વળી, એકની મોહકાણથી બીહતો હતો તે આ બીજો નીકળ્યો—ખોદા ખેર કરે !) એ તો દિકરા, હિંદુઓને એવાં ગ્લાસીઝમાં મીઠું પીણું પીવાને વધુ શોખ હોયછે અને વળી એ ગ્લાસીઝ ઉપરથી જણાઇ આવેછે કે હિંદુ પરોણાઓ ખાસ માન આપી આપણી મેજ ઉપર બીરાજ્યાં છે.

સોહરાબ—(મનીના કાનમાં) એ વરી કે'દહારનો દિકરો થઇ નીકળ્યો ? !

ખા. સા.—(આદરને) આદર, આદર, ટેક કૅર, છુરી જમણા હાથમાં ધરી મર ને કાંટો ડાબામાં પકડ; વળી તું ભૂલી ગયો ! ગ્લાસ એજ સાઇડે રહેવા દે, સત્તર વખત 'લૉજ' માં જઇ આવ્યો તો બી હજુ શીખ્યો નહીં !

આદર—(ખા. સા. ને) પણ આય કંઇ 'લૉજ' નથી. મને હાથેજ સવાદ લઇને જોભરવા દેની ? !

ખા. સા.—નહીં બનશે. જો, બધાં આપણી સામે ટીકયા કરેછે !!

મીસ લુસીફર—This gentleman seems rather awkward at table, Sir. His wife ought to be here to take care of him.

ખા. સા.—(મનમાં) લે વળી આ ઉલ્લુ બીજુ કાચ્ચું કાપેછે ! !

આદર—(મોરીસને) એ સું કે'કેછ ?

મોરીસ—એ કહેચ આદરજી, કે તમે ટેબલ પર કઢંગી રીતે વર્તોચ ! ને કહેજે તમારી વાઇફે તમારી સંભાળ લેવા અહીં હાજર રહેવું જોઇએ. શું ?...એનું નામ ? એનું નામ મીસ લુસીફર. એ કોણ છે !...એ ગવરનૅસ છે.

આદર—(મોટેથી) ગવરનૅસ મડમ, અમારા ઔરત બી હદર આયલા હય.

ખા. સા.—(તેને ગોદો મારી) અરે મુગો મરરે—મુગો મર !

મીસ લુસીફર—(ટણકામાં) Sir, if I had known I was to be insulted at this table I would—I would–never have——

ખા. સા.—(મોટામોદીને ઠેસ મારી) હું તો ગભરાઇ ગયોછું. તમે જરા બાજી તપાસ લોની.

મોટામોદી—(ઇંગ્રેજીમાં) મીસ લુસીફર આ ગૃહસ્થ અંગ્રેજી ભણેલા નથી ને સોસાયટી મૅનર્સથી બીનવાકેફ છે. તમારે એવણના બોલવાનું કંઈ અપમાન લેવું નહીં.

આદર—(મોરીસને) મોરીસ......

મોરીસ—મી॰ મોરીસ if you please.

આદર—અરે લેઓની—મી॰ મોરીસ. એ આય મોટામોદીએ એને સું કેહ્યું ?

મોરીસ—મોટામોદીએ કેહયું કે તમે પેહલ્લા નમ્બરના ઉસ્તુગરા છેઓ.

આદર—નાદર, આય મોટામોદીને કહે કે મ્હોનું સંભાળે !

મોરીસ—(ગભરાઇને) અરે-નહીં, નહીં !—એ તો મેં મસ્કેરી કીધી. એટલું બી નહીં સમજતા ? એવણે કેહયું કે તમે બહારગામના છેઓ ને તમારૂં નામ આદરજી છે.

મીસીસ મોટામોદી—(મીસીસ ખા. સા. ને) શીરીનબાઇ, શીરીનબાઈ, મની કહેતી'તી કે મીસ લુસીફર તો હવે ગુજરાતી ઠીક બોલેછ તાહરે એને બી કેહોની કે ગુજરાતીમાંજ બકે કે કંઇ કાચ્ચું કપાય નહીં !

મીસીસ ખા. સા.—ગુજરાતી તો શું પણ હિંદુસ્તાની બી ઠીક બોલેછ. ઘણી ચંચલ છે તે રખે કાન કાપે ! (મોટેથી) મીસ લુસીફર,

માય મારાં પહેરોણાંની બધાંની ખાહેસ છે કે તમે ગુજરાતીમાં અથવા હિંદુસ્તાનીમાં વાત કરશો. અલબત તેમાં ખામી તો રહેશે પણ મેં ૮ મહીનાજ થયાં શીખોછ તે એ લોક જાણેછે.

મીસ લુસીફ્રર—With pleasure. But પેલા ખુણામાં પેલો ર્ટી જેવો man કોણ ઉભેલો છે?

ડા૦ ધનસુખરામ—એ તો અમારો attendant છે.

મીસ લુસીફ્રર—Attendant? તયારે તો તમે કોઇ native Prince હશો!

ડા૦ ધનસુખરામ—અરે એવાં fortune કોનાં હોય!

ખા. સા.—(આદર, આદર, આ બધું દીલપર પડેછે; સભાળ રચ્યા) ડાકટર, આ તો માત્ર પટેટાનાં પૅટીસ છે, કાંઇ સુગાશો નહીં.

આદર—અરે બધો અંદર નરો ખીમો ભરેલો છેની!

ખા. સા.—એ તો બદામ, દરાખનો ખીમો છે. (મુગો મર આદર, મુગો મર!) મીસ લુસીફ્રર, આ Stuff અમારા ડૅાકટરના રસોઇયાએ બનાવ્યોછે.

મીસ લુસીફ્રર—(મનીને) What's રસોઇયા?

મની—That man in the corner.

મીસ લુસીફ્રર—ઓ! માઇ! [દુધપાક કાઢી નાખેછે]

જયકુંવરી—(ડાકટરને) એને શું થયુ?!

ડા૦ ધનસુખરામ—કોણ જાણે; તમેજ પૂછોની?

જયકુંવરી—મીસ લુસીફ્રર, કેમ આવો delicious દુધપાક તમે કાઢી નાંખ્યો?

મીસ લુસીફ્રર—ઓ! મીસ મની કહેતે હય એ તુમારા ડર્ટી મેનને બનાયાહૈ. ડાકટર સાહેબને કહા કે એ હજુરીઆ હય. મીસ મની કહતે હય કે એ પકાને વાલા હય. ઇશ્વર ઈતને પકાને વાલે હય ફીર ઉસકી કયા જરૂરત થી?!

ડા૦ ધનસુખરામ—લો, આ તો વળી explanation ઉપર explanation! Miss Lucifer, this is custom!

નાહની—Custom is the god of the Hindus!

સોહરાબ—અરે હવે તારાં અંગ્રેજીનુ ઍકઝીબીશન ના કરની. પપાએ બી બધા પુનમના ચાંદ જેવા ગૅસ્ટ્સ બોલાવ્યાછ !

ડા૦ ધનસુખરામ—(જયકુંવરીના કાનમાં:-એ મડમડીને જરા ચમટો તોડવો જોઇએ !) મીસ લુસીફર, તમારાં parents વિલાયતમાં શું કરેછે ? .....O! you have lost them, I am so sorry.

ખા. સા.—(આદરને) આદર, આદર, એ મોટામોદીની સામે ત્યારનો આ વીંટી શેની ધર્યાં કરેછે ?

આદર—(ખા. સા. ને) હું જાણવા માગુંછ કે એ 'મેસન' છે કે?

ખા. સા.—અરે હા, છે. હવે સીધો બેસ નહીં તો ફરીથી તેડીશ નહીં.

ડા૦ ધનસુખરામ—મીસ લુસીફર, તમારાં Sisters કેટલાં છે? Are they all married?

મીસ લુસીફર—સાહેબ, મારા સિવાય મારાં ત્રણ બહેનો છે. સબને શાદી કીયા હય.

ખા. સા.—જોયું કે ? જેમ આપણા લોક ગુજરાતી ને ઈંગ્રેજીનું મિશ્રણ કરેછે તેમ એ ગુજરાતી ને હિંદુસ્તાનીનું કરેછે !

મીસ લુસીફર—અપના eldest sister એક મહોમેદન બૅરીસ્ટર કા સાથ શાદી કરકે રંગુનમેં રહેતા હય. ઓ મહોમેદન હમારા religion પાળતા હય.

મની—એનાં વચલાં બહેન એક હિંદુ mathematician સાથ પરણેલાં છે. ગભરાવો ના, ડાકટર, તે હિંદુ વટલી ગીયો નથી, એ તો એની વચલી બહેન પોતે હિંદુ થઇ ગેઇછ.

મીસીસ મોટામોદી—(મનીને) ને પેલી તીજી બહેન કોણની સાથે નાહસી, અરે, પણની ગેઇ ?

મીસ લુસીફર—(મનીને) What does she say?

મની—એવણુ જાણુવા માગેછ કે તમારાં ત્રીજાં બહેન કોણુની સાથે marry થયાંછ ?

મીસ લુસીફર—O—She has married a Japanese artist and is gone to Japan.

મની—એ કહેછ, મીસીસ મોટામોદી, કે તે એક જેપાનીઝ આર્ટીસ્ટ સાથે પણુતીને જેપાન ગેઇછ.

મોટામોદી—તમે માફ કરો તો પૂછું, મીસ લુસીફર, કે એ જેપાનીઝ ને તમારાં બહેન કયો ધરમ પાળેછ ?

મીસ લુસીફર—જેપાનીઝ પોતાનો પાળેછે ને મારી Sister અમારો પાળેછે.

જયકુંવરી—(મીસીસ મોટામોદીના કાનમાં) ત્યારે હવે રહી એ પોતે ! મને લાગેછે કે એણે તમારા કોઇ પારસી સાથે પરણુવું જોઇએ !

મીસીસ મોટામોદી—(જયકુંવરીને) કોણ જાણે, કદાચ એમ બને બી, ને વરી આપરે બધાં એનાં લગન બી ખાઇએ.

જયકુંવરી—મીસ લુસીફર, ત્યારે હવે તમેજ પરણુવાનાં બાકી રહયાં. We all wish કે અમને તમારાં marriage ની મોજ જલદીથી ચાખવા મળે.

મીસ લુસીફર—ખાનસાહેબ, આ તમારા priest મી૦ બેજનદારૂ serve કરવામાં ઘણા સરસ જણાય છે. એવણુના looks એવણુના calling ને છાજતા છે, પણ excuse me, ખાનસાહેબ, એક family priest તરીકે આ ટેબલ ઉપર serve કરવાને બદલે એવણે તો તમારા right hand ઉપર જગા લેવી જોઇએ. અમારા દેશમાં એક family priest કુટુંબીઓ કરતાં વધુ માન પામે છે.

ખા. સા.—એ ખરૂં છે, મીસ લુસીફર; તમારી તરફના રિવાજથી હું બીલકુલ વાકેફ છું, પણ એ બાબતમાં જેટલો દોષ અમને laymen

ને ઘટતો નથી તેટલો એ અમારા priestly class ને ઘટેછે. એ લોકોએ પોતે પોતાનો દરજ્જો ઉતારી પાડયો છે.

મોટામોદી—ડૉકટર, તમે દિવાળી સુધી રહેવાના કે ? આપરા ખાનસાહેબ વહી પુંજા કરાવશે તેમાં ભાગ લેશોની ?

ડા૦ ધનસુખરામ—ઘણા આનંદથી.

સોહરાબ—એ વહી પુંજામાં, પપા, તમુને એવણનો રસોઇયો ઠીક કામ લાગશે. એ બી બ્રાહમણ છે ને તમે વહીપુંજા કરાવવા બ્રાહમણનેજ બોલાવોછ.

ડા૦ ધનસુખરામ—ખરેખર, ખાનસાહેબ! આ માસ્તર સોહરાબ શું કહે છે ?

ખા. સા.—હા, ડાકટર. એ તો આપણે વખત જોઇને વાત કરવી જોઇએ, ને પવન જોઇને પીઠ આપવી જોઇએ. તમારા બ્રાહમણની મને મદદ આપશો તો મને ના નથી.

ડા૦ ધનસુખરામ—Welcome, welcome. પણ બ્રાહમણના તો બે વર્ગ આવેછે: એક 'ગ્રહસ્થ' એટલે ઉંચ કુળનો, ઉંચ કાર્યો કરનાર અને બીજો 'ભિક્ષુક' તે ધાર્મિક ઉપરાંત રસોઈ વગેરે કામ કરનાર.

આદર—આય અમારા જરથોસ્તીઓ બહારથી ધોત્તા ધાત્તા ને કેવાં કામ કરાવે તે જોયું કે ડાકટર ?

મોટામોદી—ડૉકટર, તમે દિવાળી પર મુંબઇમાં રહેશો તો ઠેકાણે ઠેકાણે તમારા લોક પશુવધ કરેછે તે પણ તમે જોશો.

મીસ લુસીફર—What's પશુવધ, મની ? I know પશુ means beasts or quadrupeds.

મની—પશુવધ means offerings of beasts, such as buffaloes, goats &c. at sacred shrines.

મીસ લુસીફર—O, really?! How horrid!!

સોહરાબ—(ટાણો મારી) I hope your sister does not do it at Shrinagar!

મોરીસ—(આદરને) આદરજી, આદરજી, એમ સ્ટુપીડ શું થાઓછ? બધો મારો કોટ સ્પૉઇલ કરી નાંખશો!

બેજનદારૂ—(આદરને) શાએબ, તમે તો બરાનડી નમાવેલો શો ને તેમે શુરતી કેવો લાગસે? બેઅદબી માફ શે પણ શવારના માથું ફાટી જાશે!

ખા. સા.—(બેજનદારૂને) દસ્તુર, તમે હવે અહીં આવવાના અખાડા કરો. હવે ફિંગર કપ મુકવાની બી તૈયારી કરો. (આદરને) આદર, આદર, એ બધી બદામ દરાખ ગજવામાં શેની ભરેછે? જરા તો 'મૅનર્સ' રાખ; ઘણું ખરાબ લાગેછ જો! મારૂં મોત થઇ જાયછે!

ડા૦ ધનસુખરામ—ખાનસાહેબ, તમારા આ ફ્રેન્ડ તો બદામ પણ કાંટાથી ઝાલેછે!

મોટામોદી—ચાલો, બાનુઓ અને ગ્રહસ્થો, હવે તમારાં ગ્લાસીઝ ભરપૂર ભરો.

ખા. સા.—બેજનદારૂ, આ આપણાં માનવંત હિંદુ પરોણાંનાં ગ્લાસીઝ શરબતથી ભરો.

આદર—મ...મ...મેં સું ચ...ચ...ચોરી કીધી? મને સુરતી જોઇએછ.

મોટામોદી—અલબત, અલબત; હું વકીલ છેઉં ને તમારો હક ભૂલવો જોઇએ નહીં. દસ્તુર, તમારો વાંક ઘણો છે. તમે આપરા આદરજીની ખબર લેતા નથી.

આદર—પણ મ...મ...મારી બૈયર કાંહ ગેઇ? મારી બરદાસ્ત કરવાની એની ફરજ નથી? બચ્ચા નાદર, તેં એને કાંહ છુપાવીછ?

ખા. સા.--આદર, આદર, પાધરો નહીં રહેતો?

મોટામોદી—લેઓ, બાનુઓ ને ગૃહસ્થો, આય સલામતી આપરા

મહાપ્રતાપી શહેનશાહ અને તેવણુના કુટુંબની. પરવરદેગાર એ માયાળુ સલતનતને આપણા માથા ઉપર હજાર સાલ સલામત રાખો

ડા૦ ધનસુખરામ—હીઅર, હીઅર; લો સાહેબો, આ તેજસ્વી રાજ અમર તપો અને તેનો સદા જય થાઓ.

આદર—આપરી તો કોઇ સલામતી બી નહીં લેતું ? !

મોરીસ—લેવસ, લેવસ, હું લેવસ.

ખા. સા.—બાનુઓ અને ગૃહસ્થો, વિલાયતમાં જયારે હું હતો ત્યારે એક માનવંત ને પુરાણા કુટુંબની મેજ ઉપર તેઓ સાથે બીરાજવાને મને માન મળ્યું હતું. તે કુટુંબનો એવો ધારો હતો કે ચોકકસ ખાસ ટાંકણાં ઉપર સલામતી લેતી લેવાડતી વેળા પુરાણા અને વફાદાર નોકરોને તેમાં સામેલ કરવા. તમો બાનુઓ અને ગૃહસ્થોને જો કંઇ વાંધો ન હોય તો આપણા આ દસ્તુરજી અને પટેલ આપણી સાથે સલામતી લેશે.

["બોલાવો બોલાવો, એ લોકને બી બોલાવો"
ના અવાજ જેમાં મુખ્ય સાદ નાહની, દોલી,
ને ડા૦ ધનસુખરામનો જણાતો હતો]

આદર—તાહરે એ લોકની બૈયરે ને મારી બૈયરે સું ચોરી કીધી ?

બેજનદારૂ—શાએબ, મકુંઝે એ લોકો બેઠાંશ તોંહઝ ઠીક શે. પેલાંઓ તો કોણુ ઝાને પણ મારી બશાઇ તો એકની બે થાશે નઇ.

આદર—લેઓ, એ લોકને આય વીંટી દેખારો. તરત આવસે ! !

બેજનદારૂ—શાની વીંટી ? આદરઝી એ શું બોલોશ ?

ખા. સા.—(આદરનો હાથ ઝાલી) અરે બેજનદારૂ, તમે અખારા કરો. જાઓ, મી૦ પટેલ, એ ત્રણે બાઇઓને પણ બોલાવી લાવો. આવો, આવો, મીસીસ પટેલ; આવો આવાંબઇ, આવો બચઇમાય: લો, લો, ઓસકાવો ના, વીહસ્કી નહીં પીતાં તો જરા જરા વાઇન નોશ કરો, એ કંઇ તમને "લાગશે નહીં."

મેહરી—થેંક યુ.

આલાં--(શરમાલપણે ચૂપ.)

બચાઇ--ઓ પીવારતાપરથી મરૂરે બાવા! ઘણાં વરશ ઝીવો ને ઘણું સુખ ઝોવો.

ડા૦ ધનસુખરામ—બાનુઓ અને ગૃહસ્થો, આ સલામતી જે લેવાને હું તમને request કરૂં છું તે એક કાંકરે બે પક્ષી મારશે.

સોહરાબ—તાહરે તમે જીવ હંસા કરો ખરા કે?

ડા૦ ધનસુખરામ—ના, એ તો માત્ર ભાષાનો અલંકાર છે. હું કહેવા ઇચ્છતો હતો કે it will serve a double purpose. વળી મારા મિત્ર સોહરાબ કહેશે કે હું double dealing છું! સાહેબો, આ સલામતી આપણા નવા બહાર પડનારા 'દેશ ભક્ત' છાપાની છે.

આદર—તેની વસતીવારીની! તેની તનદરોસ્તીની!!

ડા૦ ધનસુખરામ—જેમાં તેના પ્રવર્તાવનારાઓ એટલે આપણા માનવંત host અને hostess અને તેઓનું કુટુંબ સમાઇ જાયછે.

નાહની--અને તમારો સેવક નહીં કે?

ખા. સા.--અલબત, બેટા, તું પહેલ્લો; તું પણ અમારાં કુટુંબનોજ ની?

ડા૦ ધનસુખરામ—બાનુઓ અને ગૃહસ્થો, આપણા માનવંત host આ 'દેશભકત' છાપા સાથે ગોયા નવા જન્મે જન્મશે. એ છાપાનું અને એમનું જીવનચરિત્ર સાથે સાથે શરૂ થશે. આપણા ખાનસાહેબે પોતાની જીંદગીનું ચક્ર ચોકકસ કાનુનો ઉપર રચેલું છે જેમાં ભકિતભાવ-દેશ તરફનો, રાજકર્તા તરફનો, કુટુંબીઓ તરફનો, ગરીબો તરફનો અને દોસ્તઆસ્નાવો તરફનો-સમાઇ જાયછે, માટે 'દેશભકત'—

આદર—એ બગલા ભગતનો કોણ થાય!

સોહરાબ--(હળવેથી) કાકો!!

ડા૦ ધનસુખરામ—......ને રજેરજ આપણા માનવંત host

ના વિચારોનો પડઘા માની લેવો. સાહેબો, આ મારી સલામતીની two-fold object થઇ.

આદર—(એકદમ ઉભો થઈ) બ...બ...બાનુઓ, તમારી સ... સ...સલામતી કોઇ લેવારતુ' નહીં, ત ..ત...તાહરે હું લેવરાઉં. કેમ, તમુને ગમેચની? આલાં કાંહ ગેઇ ? ભર, બધાંનાં ગલાસ ભર. અ... અ...અમારી 'લાજ' માં બ.. બ...બ...બૈરાંઓ આવતાં નથી પણ હું દ...દ...દરખાસ કરવાનો છેઉં કે બધાં બૈરાંને તાંહ દાખલ કરવાં.

મોરીસ—(હળવેથી) આદરજી, તમે બધા 'લૉજ' માં સું કરોછ ?

આદર—તું નહીં જાણુતો ? લેની કેહું......

ડા૦ ધનમુખરામ—(હળવેથી) અરે આ શું અભારો બાળેછે!!

ખા. સા—(હળવેથી) એ નખ્ખોદ ગયો શું કાચું કાપેછે !!

મોટામોદી—(હળવેથી) What an ass ! !

સોહરાબ—Right, right ! આદરજી, બોલો 'લૉજ' માં તમે શું કરોછ ?

ખા. સા—(આદરને કાનમાં) બચ્ચા તારા પવિત્ર સોગંદ ભૂલી ગયો કે ?

મોટામોદી—સાહેબો હું અરજ કરૂં છ કે એક toper ના temper નો તમો આવો લાભ લેશો નહીં.

દોલી—પણ તાહરે તમે એવાને 'મેસન' બનાવ્યો શું કરવા ?

આદર—ઉભા રેહો, દોરાબજી, તમે ગ...ગ...ગરબર ના કરો: હું મારૂં બાસન ભ ..ભ...ભૂલી જાઉંછ!

ખા. સા.—આવાંબઇ, આવાંબઈ, કયાં ગયાં ?

બેજનદારૂ—જી, આવાંબઇ તો તેઆરનાં શરમઇને શાલી ગીયાં.

આદર—પણ હું સું કહેવા જતો 'તો જો ? હં—તમે પૂછોછ, કે મને 'લાજ' માં કોણ લઇ ગીયું ? કોણ વરી—નાદર !

ખા. સા.—(ગભરાઇને) એ કહેવા માગેછે કે, અરે, એવણુ કહેવા માગેછે કે એવણુનો નાદર નામનો એક દોસ્ત.

સોહરાબ—તે કોણ?

આદર—"તે વરી કોણ?" આય તારા બાવા.

સોહરાબ—હેં! શું—પપા?

આદર—હું તો બૈરાંને 'લાજ'માં દાખલ કરવાનો ને ફર કરવાનો.

દોલી—આવો, આવો! પણ એ લોક ના કહેશે તો?

આદર—જોઉંછ, કેમ ના કહેછ તે! ત...ત...તાંહની તલવારો તમે જોઇ નથી? બઅઅઅઅંવી તલવારો ને ખંજરો ભીત પર અ...અ . અ ..ઓરવી મુકેલાં છે.

દોલી—તમારી 'લૉજ'નું નામ શું, આદરજી? હું બી ફ્રીમેસન થવા માગુંછ; તમે મને લઇ જશો!

આદર—નહીં કાંય? એ તો આપરો ધ...ધ...ધંધોજ છે. એમ તો ન...ન...નાદર મને ચ...ચ...ચાકરી રખાવતો'તો ત... ત...તાહરે મારી પાસેથી ચાઉં કરતો'તો કેની? દોરાબજીબા ત...ત... તમે નુસમાં વાંચોછ કેની કે પ...પ...પારસીઓ બેરોજગાર થયાછ તાહરે હું કોઇ જાતનો ર...ર ..રોજગાર કરૂં તેમાં તમે ખુસી કેની?

મોટામોદી—(પોતાનું વૉચ કાઢી) મી• આદરજી, તમે દસ મીનીટથી વધુ બોલ્યાછ; હું ફરમાઉંછ કે તમે એકદમ બેસી જાઓ.

આદર—એટલે? પણ હું નહીં બેસું તો ત...ત...તું સું કરવાનો?

મોટામોદી—તો અમો તમને તેમ કરવાની ફરજ પાડશું

ખા. સા.—(મોટામોદીના કાનમાં) મારે ખાતર મુગા રહો, એ તો એમ વધુ ઉસકેરાશે; એને ઠંડો પાડવાની રીત જુદી છે. (આદરના કાનમાં) આદર, જો હમણા મુગો મુગો બેસી જશે ને એક બોલ બોલશે નહીં તો હું તુંને રાજી કરશ.

આદર—હં ! કરશે ? વારૂં, ચાલ. તાહરે હમણા તો હું ઉભો છ, અરે. બેસી જાઉંછ. પણ નાદર, હું ઉભેલો છેઉં કે બેઠેલો ? દગલો કાંહ છે ? અરે પાઘરી કાંહ છે ?

ખા. સા.—(તકનો લાભ લઇ) બેજનદારૂ, બેજનદારૂ, આવો જરા આપણા આદરજી શેઠનો જીવ બીગડી આવ્યો છે. એવણુને તમારા ઓરડામાં લઇ જાઓ ને સુવાડી દો. (કાનમાં:-બહારથી મારજો.)

આદર—નાદર, હું જરા પછવારે કસતી કરવા જાઉંચ.

સોહરાબ-મોરીસ-દોલી—એ એમ શું કરોછ, આદરજી ? ને મુકીને ચાલી શું જાઓછ ?

ખા. સા.—મુગા રહો, છોકરાઓ. એવણુને આરામ કરવા દો. મો અને ગૃહસ્થો, હું ઘણો દિલગીર છું કે મારી જીંદગીમાં ીજ વાર મારી મેજ ઉપર આ અતિ નાપસંદ બનાવ બનવા ા છે.

ડા૦ ધનસુખરામ—આહા ! પણ એ શું દેખાડેછે ? એ દેખાડેછે ી પીણા વિરૂધ જ...જ...જે લ...લ...લડત ત...ત...પેલી ન્સ સોસાયટી ચલાવે છે તે ઘણી વાજબી છે.

દોલી—પણ તમારી પોતાની જબાન કેમ કેરઓ લેછ ! ? તમે ા..શ...શરબતજ પીધુંછની ? બ...બ...બેજનદારૂ, અમારી પર ી મ...મ...મેહરબાની મળે નહીં. જરા એ...એ...એ...શરબત ને બી નામો.

જયકુંવરી—(ડાકટરના કાનમાં) ધનસુખરામ, now don't speak more please.

ડા૦ ધનસુખરામ—Why not ? If you want, you... ...you may also speak. સાહેબો, આપણાં જ...જ... વરીબાઇ કંઇ બોલવા ઇચ્છેછે.

જયકુંવરી—(બાજી તપાસી લઇ) હાજી, I only want to

say કે હવે ઘણું મોડું થવા આવ્યું છે અને ખા. સા. ને અરજ કરૂં છું કે તેઓએ આ મંડળ હવે વિસર્જન કરવું.

મીસીસ મોટામોદી—મારો પણ વિચાર એવોજ છે.

ખા. સા.—બાનુઓ અને ગૃહસ્થો, આ મેજ ઉપર બનેલા એક નાપસંદ બનાવ બાબે હું ઇસારો કરી ગયો છું. તેજ વેળા મારે કહેવું જોઇએ કે જે ધણીએ તે બનાવને કારણ આપ્યું હતું તે ધણી પણ એક ફ્રીમેસન છે. તમારે એમ માની ન લેવું કે ફ્રીમેસનરીમાં સઘળાંજ કાગ્રાં મેઢાં છે——

દોલી—તાહરે, થોરાં ખરાં કે?

સોહરાબ—આય આદરજી તો કારો ગેંડો જણાયછ! પણ પપા, કહેજે, એને દાખલ તો તમેજ કીધો.

ખા. સા.—હા બેટા; તમે જુવાનીઆઓ એમાં નહીં સમજો. એને મેં ફ્રીમેસન બનાવ્યો કારણ એને હું સુધારીને રાહે રાસ્ત ઉપર મુકવા ઇચ્છું છું.

દોલી—અરે હવે એ સુધર્યો? સો મણ સાબુ ચોળે તો બી સીધી ભઇ કારો!

ખા. સા.—સાહેબો, એ મી० આદરજીના દાખલા ઉપરથી આપણને ઘણું શીખવાનું છે અને તે એ કે દરેક બાબતમાં હદમાં રહેવું; વ...વ...વખત જોઇને વાત કરવી, પ...પ..પવન જોઈને પીઠ આપવી, ત...ત..તપાસીને આગલ વધવું, જ...જ...જરૂર પડવે પાછલ હઠવું. મ...મ...મારી જીંદગીના એ સિવાય ઘણા નિયમો છે. હું કાંઇ ન...ન...નાકે જીભ લગાડતો નથી, પણ એ નિયમોજ જુવાનીઆઓએ કે...ક...કોપી કરવા લાયક છે.

દોલી—તાહરે તો બ...બ...બોલી દેઓની. લ..લ...લાઓની જરાક કોપી બી કરી લઇએ.

ખા. સા.—Here they are. મ...મ...મી० મોરીસ, લો નિયમનું કાગલ મારા ગજવામાંજ છે, જરા વાંચી જાઓ.

દોલી—લાવો સાહેબ, હું વાંચું.

મોરીસ—યસ, યસ, એ ઘણું ઠીક થઇ પડશે.

[દોલી વાંચે છે]

૧—"મારો નાણાં ધીરવાનો નિયમ—ધરખમ જામીનગીરી વિના કોઇએ મારી કને નાણાં ઉછીકાં માગવાં નહીં. જેમ સખાવતમાં તેમ ધીરધાર કરવામાં મારા વિચારો મારા પોતાના છે. સ્થાવર અને જંગમ મીલકત ઉપર નાણાં ધીરવામાં માણસ જોઇને વાત કરવામાં આવશે. ઇમ્પ્રુવમેન્ટ ટ્રસ્ટની જમીન ઉપરની મીલકત ઉપર કોઇએ નાણાં માગવાની તકલીફ લેવી નહીં."

૨—"આ ઘરમાં પોસ્ત અથવા બક્ષીશ કોઇએ માગવી નહીં. આજ કાલ એ humbug ઘણું વધી ગયું છે. અને દિવાળી અને પતેતીને દિવસે તો એક જાહેર nuisance થઇ પડયું છે. મારા સીપાઇ સપરાઓને તમારે ગમે તો તમારે ગમે એટલી પોસ્ત આપજો પણ હું તમારાને આપવાને બંધાતો નથી."

૩—"કોઈની પણ સગવડની ખાતર હું મારી મૉટર મધ્યમ ઝડપે દોડાવીશ નહીં પણ બદલો આપવા માટે મેં અનામત રકમ બાજુ કાઢી છે અને કોઇને પણ મારી સાથે આગમચથી બંદોબસ્ત કરી મારી મૉટર તળે કચડાઇ જવાની છુટ છે. કુતરાં, બિલાડાંના ધણીને પણ એવો બદલો મલશે. પણ મારી મૉટરને કે તેમાં બેઠેલાંને કશી રીતની હાનિ પુગવી જોઇએ નહીં."

૪—"કારજ કરૂએ મારે ત્યાં તકલીફ લેવી નહીં. પહેલાં છોકરીઓ પરણવે છોકરાઓ પરણશે."

૫—"કોઇએ પણ ઉઘરાણીનું લીસ્ટ લઈ અથવા નોકરી ચાકરીની ભલામણ માટે મારે ત્યાં આવવાની તકલીફ લેવી નહીં."

૬—"મારી માલેકીની મીલકતોના સંબંધમાં મારાં ભાડુંતોએ કંઇપણ જાતનાં સમાર કામની આશા રાખવી નહીં. બગડેલાં સૅનીટરી ફીટીંગ્સ, અથવા ખામી ભરેલાં ગટર જાજરૂનાં જોડાણથી કોઈ માંદુ પડવા ઇચ્છતું હોય તો મારો છોકરો અથવા અતલગનો એશી ડાકટર થાય અને મફત સારવાર કરી શકે ત્યાં સુધી તેણે થોભવું."

૭—"મારી જાહેર અને ખાનગી પૉલીસી વિષે મને કોઇએ સવાલ કરવો નહીં. તેમજ અમુક જાહેર મંડળમાં જોડાવા યા નહીં જોડાવાના મારા સબબો જે મારા પોતાના છે તે વિષે કોઇએ મને સવાલ કરવો નહીં."

૮—"મારાં ભાડુતોએ હમેશાં મારા ભાડાઉઘરાતદાર સાથે સંદેશા ચલાવવા અને ભાડું ઓછું કરવા વિષે મને કંટાળો આપવો નહીં. મારા કંટ્રાકટરની મરજીમાં આવશે તેવો વધારો વખતો વખત તે ભાડામાં કર્યો જશે."

૯—મારા વિચારોથી ઉલટા જનારાઓને મારા મત સાથે મલતા કેમ કરવા તે વખતો વખત જે કોઇ સૂચવશે તેને સારૂં ઇનામ મલશે"

૧૦—"મુંબઇની કૉરપોરેશનનો મેમ્બર થવાના, પારસી પંચાયતના ટ્રસ્ટી નીમાવાના અને પારસી મૅટ્રોમૉનીયલ કૉર્ટના ડેલીગેટ થવાના અને કોઈ ધરખમ બેંકમાં ડીરેકટર થવાના કામમાં ઉપયોગી મદદ મને જે કોઈ આપશે તેને સારો બદલો આપવાની આઇન ફરજ સદા હું બજાવતો રહીશ."

૧૧—"મુંબઇના કોઇ પરામાં થોડીક જમીન ને એકાદ બે બંગલાઓ ખરીદી લઈ ત્યાં એકાદ બે નાનકડી સડક, એકાદ બે કુવા અને એકાદ નાની ધર્મશાળા બંધાવી અને તે મુજબ કરવાને મારા એકાદ બે મિત્રોને સમજાવી હું પહેલાં મારા અને પછી તેમના નામની ધજા ત્યાં ઉડાડવા માગું છું. આ બાબતમાં ઘટતી સલાહ અને મદદ આપનારની હું કીંમત બુઝીશ."

૧૨—"પારસી સુધારા વધારાના બાબમાં, તેમની રહેણી કરણીના બાબમાં અને તેમની ધાર્મિક અને નૈતિક સ્થિતિના સંબંધમાં જો હું કહેતો એક અને કરતો બીજું દેખાતો માલમ પડું તો તેનાં કારણો શોધવાની કોઈએ તકલીફ લેવી નહીં. કારણ તેમ કરવે તેઓ મારી સખત ઇતરાજી ખેંચી લેશે."

૧૩—"પોતાના પૈસા કરતાં પારકે પૈસે સખાવત કરવી ઘણીવાર ફાયદાકારક છે. મારો હાથ અગવડમાં હોય તો હું બીજાઓ કને માગી તાગીને સખાવત કરીશ. પણ તેનો હિસાબ મારીકને કોઇએ માગવો નહીં. તમારી લાખ વખત મરજી હોયતો મારી મારફતે સખાવત કરાવજો."

મીસીસ ખા. સા.—મેહરનોશ, મેહરનોશ, પોણા અગ્યાર થવા આયા જો.

ખા. સા.—પણ એતો સ્ટૅન્ડર્ડ ટાઇમ છે.

ડૉ૦ **ધનસુખરામ**—ખાનસાહેબ, આપ કહોછો કે ઇમ્પ્રુવમેન્ટ ટ્રસ્ટની જગા ઉપર આપ નાણું ધીરશો નહીં, પણ સ...સ...સાંભળ્યા મુજબ આપ હાલ સૅન્ડહર્સ્ટ રોડ ઉપર એક પ્લૉટ હાથ કરવાને બીજાઓ સાથ હરિફાઇમાં ઉતર્યા છો અને વ...વ...વળી ટ્રસ્ટના એકાદ બે પ્લૉટ ઉપર બીલ્ડીંગો બ...બ...બાંધી વેચી પણ ચૂકયા છો.

ખા. સા.—વાજબી છે. અહીંજ મારા નીયમોનું સંગીનપણું તમે જોઇ શકશો. એ તો વખત જોઇ આગલ વધવું અને સંભાળીને પાછલ હઠવું.

નાહુની—પણ કાકાજી, આપણા સ્મોકીંગ વિષે તો તમે કંઇ કહેતા નથી ?

ખા. સા.—બેટા, આપણી સ્મોકીંગ ઍસોશીએશનની એક ખાસ સભા સન્મુખ એ બાબત ઉપર હું મ...મ...મારા વિચારો બહુ અસરકારક રીતે જાહેર કરનાર છું વાસ્તે લગાર ધીરજ ધર. બાઇ

ધ બાઇ "ધીરજ" ઘણો સારો ગુણ છે અ...અ...અને હું આશા રાખું છું કે એ ગુણ ઉપર તું, 'દેશ ભક્ત' માં એક રેસાલો લખશે.

દોલી—પણ, સાહેબ તાહરે ત...ત...તમારી પાસે અમારા જેવા કોઇ દ...દ...દોસ્તો આવે તો તેને તમે મદદ નહીં કરો કે?

સોહરાબ—નહીં કાંય? એમ તો આય રાસ્કલ આદરને પપાએ ફ્રીમેસન કીધો કેની?

બા. સા.—બાનુઓ, હવે વખત વહી જાય છે. અમો ગૃહસ્થો ટીપું ટાપી લઇને લગાર ગરમ થયા છીએ.

સોહરાબ—ભાષણો કરવાથી ભેજાં તપી આવ્યાં છે——

દોલી—ને અ...અ...આદરજીને બેસાડી દેવાની ઘડી ઘડી ઝેહમત ઉઠાવી છે.

બા. સા.—તેથી અમો ગૃહસ્થોને તંબાકુના પીણાનો ઉપયોગ કરી તેનો ધુંવો અમારા ગ...ગ...ગળામાં નહીં જવા દેતાં બહાર કાઢીને અમારા મનને લગાર નીરાંત અને તનને તાજગી આપવી છે, વાસ્તે મ...મ...મહેરબાની કરી તમારે 'રીટાયર' થવું.

દોલી—સાહેબ, બેઅદબી માફ છે, આપરે એક ફરજ વ...વ... વિસારી મેલી છે તે ફરજ આય પ્રમુખસ્થાને બ...બ...બિરાજેલા સાહેબનો ઉપકાર મ..મ..માનવાની છે. મને કોઇ દહાડે ખોદાના હોકમથી ડાકટરની ગ...ગ..ગરજ તો પડી નથી પણ આય મુંબઈ શહેરમાં વ...વ...વકીલની તો ઘણી જરૂર પરશે. હું ખુશી છેઉં કે મોટામોટી શેઠના સમાગમમાં હું અ... ..અ......આજે આવ્યોછ. ત...ત...તમારી પરવાનગી હોય તો બાનુઓ સીધારે તે આગમચ હું એવણુની સ..સ...સલામતી લેવાને અ...અ...અરજ ક...ક..કરૂં છ.

["લાવો, લાવો, જરા 'બૅનેડીકટાઇન'
નામો, નામોના અવાજે "]

પ્રકરણ ૨૨ મું.

'પટેલ લૉજ,' તારદેવ.

મી૦ પટેલ—નવલ દિકરા, આય દોસ્તમહમદ શેઠને ઓળખેછ કે ? એવણુ એક શાહ વેપારી છે.

નવલ—પપા, એવણુને કોણુ નહીં ઓળખે ? હજુ તમે એવણુને પૂછો કે નવલને ઓળખોછ કે ?

મી૦ પટેલ—એવણુ મને પોતાના વસિયતના 'ઍક્ઝીક્યુટર' ને પોતાના વારેસોના ત્રસ્ટી નીમવા માગેછે.

નવલ—પણુ તમે તે કેટલાં ત્રસ્ટોની સંભાળ લેશો, પપા ? "ફલાણા" ના ત્રસ્ટી, "ઓલાના" ત્રસ્ટી, પેલાના એકઝીક્યુટર; વરી તમારી આય ઑનરરી મૅજીસ્ત્રેટની મુફતની જંજાળ; ત્રસ્ટ ફંડોની ફાજલ રકમને બ્યાજે ફેરવવાની જંજાળ; બાંધી આપેલા પગારો ચૂકવવાની જંજાળ; જાહેર અને ખાનગી મિટીંગોની જંજાળ; શેર લોનની હેરફેરની જંજાળ.

મી૦ દોસ્તમહુમદ—ખરૂં છે, ભાઇ નવરોજી. ને વળી સાથે સાથે મૅત્રીમોનીઅલ કોર્ટની જંજાળ; બૅંકની ડિરેક્ટરશીપની જંજાળ ને તેમાં વળી હું મારી તરફની એક ઉમેરવા આવ્યોછું. વળી હુ પર ગ્નાતીનો પડયો એટલે એમાં પણુ વાંધા તો ઉઠવાના. પણુ પટેલ શેઠને કહું જે હું સઘળુ એવું 'સ્મુધ' કરી જઇશ કે એમને ઝાઝી તકલીફ પડશે નહીં.

મી૦ પટેલ—પણુ દોસ્તમહમદ શેઠ, આપ કંઇ કચવાશોં નહીં. આપ તો હજુ લાલ ચનોટી જેવા છેઓ; કદાચ તમારી અગાઉ તો હું તાકો ધડી કરૂં.

નવલ—પપા, એવણુની 'રિકવૅસ્ટ' તમે જરૂર કબુલ રાખો.' કદાચ એવણુ આપરૂં કામ બી કરી આપવાની મેહરબાની કરશે.

મી૦ દોસ્તમહુમદ—ઓહો, ખુશીથી. તે શું છે ?

મી૦ પટેલ—અરે એ બેટી બાપ વેપારી, થવા માગેછ. મેં

કહ્યું કે પાંચ પૈસા છે તે બેસીને મુગો મુગો ખાયા કર તે કહેજે નહીં, "એમ આઇતાં પર કોઇટુ નહીં મારયે, એ તો તમે એવાં મુફતનાં વહીતરાં કરો આપરાથી કંઇ એમ થાય નહીં." લાખના બાર હજાર કરે કરી મેં એને સમજાવ્યો કે તુંને કોઇ ધરખમ પેહડીમાં હું ઘુસાડશ. દોસ્તમહમદ શેઠ, તમારી માગંણી ના પાડવાને મારૂં દિલ થતુ નથી પણ હું માનુંછ કે તમે મારી માગણી બી ના પાડશો નહીં. નવલને તમારી પેહડીમાં લેઓ

મી૦ દોસ્તમહમદ—કબુલ છે. કબુલ છે, દિલોજાનથી કબુલ છે. પણ જુઓ, પટેલ શેઠ, આજ ને કાલ તો મારી પેહડી ધરખમ છે. બાઇ બાવરીઓનાં ને શેઠ સાહુકારોનાં નાણાં મારી આંખો મીંચાઇ જાય ત્યાંસુધી તો સલામત છે. તમારાં પોતાનાં કેટલાંક નાણાં પણ મારે ત્યાં પડેલાં છે પણ મારા બેટાઓના હાથમાં પેહડીનો કારોબાર આવ્યા પછી એ બાબતની જામીનગીરી હું આપી શકું નહીં. તમે જુઓછો તો ખરા, પટેલ શેઠ, કે હાલ કેટલી બધી પેહડીઓનાં પોકળ અને ભોપાળાં બહાર આવેછે. જ્યારે હું મોતને બિછાણે સુઇશ ત્યારે જે લોકનું નાણું મારી પેહડીમાં છે તેઓને કહીશ કે "દોસ્ત મારા, બહેન મારાં, બાવા મારા, હું હવે મરવાનો છું, મારા બેટાઓ આજતો ભલા છે પણ કાલનો કોઇને ભરૂસો નથી, માટે લ્યો, તમારૂં નાણું તમો હમણાજ કાહડી લ્યો. પાછલથી તમે હાય મારશો તો મારૂં શબ કબરમાં ધ્રુજશે." પટેલ શેઠ, આજે આ તમને ખુલ્લું કહી દઉંછું. ગમે તો કાલને કાલ તમારાં નાણાં ઉપાડી લ્યો. ખુદા જાણે પણ આપણો ફરી મેળાપ નથાય.

મી૦ પટેલ—ખોદા ખેર કરે દોસ્તમહમદ શેઠ, આજે તમે એટલા ગંભીર કેમ બનયાછ. મારી વરી એટલી તે શું મોટી રકમ છે ને તમારા બેટાઓ બી, હું જોઉંછું ત્યાં સુધી તો તમારે પગલે ચાલનારા છે. નવલને માટે તમે ખુશીથી "હા" ભણીછ તે વાસ્તે હું તમારો ઘણો ઉપકારી થયોછ. એ ભલા આદમી અત્યાર સુધી કંઇ પણ નિશ્ચિત નેમ વગર અહીંથી તહીં દોડ્યા કરતો' તો; ને વળી છોકરાં પારકાને હાથ શીખે તેટલા પોતાનાને હાથ શીખે નહીં. મને કોઇ જૉઇન્ટ ટ્રસ્ટી આપશોની દોસ્ત મહમદ શેઠ ! તમારી જાતવાલા હોય તો ઓર બહેતર. અલીમહમદ

શેઠ વિષે શું ધારોછ? અલ્લો, એવણનું આવરદા ઘણું લાંબું છે, એવણજ અત્રે પધારે છે. આવો, અલીમહમદ શેઠ, આવો. નવલ, આય મી૦ અલીમહમદ કાસમ ખેરાજ, C. I. E. (અરસ પરસ શેક હૅન્ડ) હમણા અમો તમારીજ વાત કરતા હતા સાહેબ. દોસ્તમહમદ શેઠ તમને કંઇ વાંધો નહીં હોય તો હું બંધી કેફિયત એવણને જણાઉં. અરે પણ--સારી યાદ થઇ—હાલમાં તો તમારી કોમમાં બે તડાં પડયાં છેની ?

મી૦ દોસ્તમહમદ—તેની ચિંતા નહીં શેઠ. તડાં પડયાં છે ખરાં પણ અમારા લોકો સંપીલા છે. સહેલાઇથી ઉસકેરાઇ આવે તેવા નથી મતફેરી થઇ પણ તે નામની. તમે તમારે માર્ગે, અમે અમારે માર્ગે. મતલબ આવે ત્યારે અલગ રહીએ અને ન હોય ત્યારે ભેગા પણ થ-એ. રોટી વહેવાર બેટી વહેવાર સર્વ ચાલુ. અમે "ઇસમાયલી" ને એઓ "ઇસના આશારી."

મી૦ પટેલ—પણ પહેલ્લાં તો તમે બધા "ઇસ્માયલી" હતાની?

મી૦ અલીમહમદ—જી હા, "ઇસમાયલી" એટલે આગાખાન સાહેબના પંથનાં.

મી૦ દોસ્તમહમદ—નામદાર આગાખાનને અમે અમારા વડા તરીકે માન આપીએ છીએ. આ 'ઇસના આશારી" વાલાઓનાં માથા પર હવે કોઈ રવેશનું વડપણ રહયું નથી. એ બાબતમાં એ લોક અને તમો પારસીઓ એકસરખા છો.

મી૦ પટેલ—આવો, આવો, કાદરભાઇ શેઠ; આ સાથે કોણને લાવ્યા છો; ઓહો! એ તો આપણા ભાટયા ફ્રૅન્ડ ઠા. નારણજી ભીમજી, J. P. પધારો, પધારો. આ તો બરાબર સોસાયટી રટુ થયું ! ઓહો, નારણજી શેઠ, સોસાયટી રટુ એટલે મંડળ મિશ્રણ—જ્ઞાતી જ્ઞાતીનો જમેલો, સમજયા ?

કાદરભાઇ—હું અહીંસી જાતો'તો તે અંદર આવો. પટેલ સેત તમને જોવાસી હંમીસે મેં આનંદમાં રહુંછું. બાઇ સાહેબની તબિયત ઠીક તો છેની ?

નવલ—કાદરભાઇ, તમે હોરીંજીઓ પારસી લોકનાં બાઈ સાહેબની ખબર પૂછો પણ અમારાથી તમારાં બુ સાહેબોની પૂછાય ખરી કે ?

કાદરભાઇ—કાં નહીં ભલા ? કેમ ન પૂછાય ? બુ સાહેબ મજાહમાં છે.

નવલ—કીયાં ? નાલ્લાં કે મોટાં ?

કાદરભાઇ—અરે અપનાં તો પાંચ થીયેલાં. એક પીછે એક તણ વફાત પામી. ચોથીએ હુંને બહુ હેરાન કરેલો ને અપનાં બધાં ભાડુતો બી એનેરથી કંટાલેલાં. હુંએ ઘણું સમજાવ્યું કે જરા સમજીને ચાલો બુજી, પણ ના, આખેર કંટાલીને સવા રૂપિયો છેરે બાંધી ઇમનાં બાવાજીને તાંહ મુકી આવો; પીછેસી ઇને ને ઇનાં બાવાજીએ ઘણું બી કીધું પણ મેં એકનો બે નહીં થાવો.

નવલ—નવાં બુજી કેવાં છે ?

કાદરભાઇ—છે, વખત મારીક ઠીક છે. વરી પેલીનાં હાલસે જરા ડરી બી ગીયેલી. ઇમનાં માજી બી ઘણાં ભલાં છે.

મીં૦ પટેલ—પણ દોસ્તમહમદ શેઠ, તમારામાં એ બે તડાં કેમ પડયાં ? કંઇ હુલ્લડ બી થયલું ખરૂં કે ?

ઠા. નારણજી—(કચ્છીમાં-દોસ્તમહમદને) અરે ગીનોની, ઇનમેં કુછ લક છુપજી ગાલ આય. ખોજા ભાઇ એંસે પાંજે અસલજે નાતો ખરો કે–ની, દોસ્તમહમદ શેઠ ! મનમેં કીં માઠો મ લગાડી જા. (ગુજરાતીમાં મી૦ પટેલને) લીયોની; એ કયાં છાંની વાત છે ? ખોજાભાઇઓને અમને તો અસલમાં મોટું નાતું ખરૂંને. દોસ્તમહમદ શેઠ ! મનમાં કંઈ માઠું ન લગાડશો !

મી૦ દોસ્તમહમદ—અરે નારે સાહેબ, એમાં માઠું લગાડવાનું શું છે ? અને શરમાવાનું શું છે ? પટેલ શેઠ, અસલમાં અમે ખોજાઓ બધા ભાટયા. મુસલમાન રાજકર્તાએ અમને વટલાવ્યા છતાં અમારી નમાજમાં અને બંદગીમાં અમે અમારો અસલનો રિવાજ ચાલુ રાખયો. અમારી બંદગી સિંધિ બોલીમાં છે અને તેમાં જ્ઞાનનું તત્વ છે એટલે ઠેકાણે ઠેકાણે હરિશ્ચંદ્ર, તારામતી, રામ, સિતા ઇત્યાદિને યાદ

કરેલાં છે, જેમ તમારી પારસીઓની બંદગીમાં પેહલવાનોને યાદ કરેલા છે હવે આ અમારા અલીમહમદ શેઠ જેવા શેઠિયાઓના ધ્યાનમાં આવ્યું કે આ રિવાજ કંઇ ઠીક નથી; આપણે મુસલમાન ધર્મ પાળ્યે એટલે આપણી બંદગી સાફેસાફ આરબી ભાષામાં થવી જોઇએ; એઓની "હા" ને અમારી "ના." વળી એઓએ આગાખાનસાહેબનું વડપણ પણ ચાલુ રાખવાને ના પાડી ને પોતાનું જુદું કબ્રસ્તાન ને મસજીદ સ્થાપ્યાં.

મી૦ અલીમહમદ—મી૦ પટેલ, પચાસ ટકા આસામીઓ અમારી તરફના થઇ ચૂકયાંછે અને વર્ષોવર્ષ તેમાં ધરખમ વધારો થતો જાયછે. આ મી૦ દોસ્તમહમદને પણ હું સમજાઉછું પણ એવણ "બોત ગઈ થોડી રહી" ની કહેતીની યાદ આપેછે.

નવલ—દોસ્તમહમદ શેઠ, તમારામાં લગનની વખતે "રીત" આપવાનો રિવાજ ખરો કે?

મી૦ દોસ્તમહમદ—"રીત"ની બાબતમાં તો આપણે બન્ને એકજ છીએ. જેવો છોકરો તેવી તેની કિંમત! આગાખાનસાહેબનો હક "રીત" ના પ્રમાણમાં લાગુ પડેછે; જરા ધરખમ આદમી હોય તો દસ ટકા, જરા નરમ હોય તો પાંચ ટકા, ગરીબ હોય તો બે ટકા "રીત"ની રકમ ઉપર લે; તેમ વળી ઘણીક વેળા એઓ આપી પણ છુટેછે આગાખાનસાહેબનો પ્રતિનિધિ આવીને નેકાહ પઢી જાય. જો ઇજન કરવામાં આવે તો એવણ પોતે ખુશી ને ગમીની મજલિસમાં હાજરી આપેછે; ત્યાં સમજુતી મુજબ એઓને નજર કરવામાં આવેછે.

મી૦ પટેલ—પણ સખાવત તો તમારી મરજી મુજબની કરો ખરાની?

મી૦ દોસ્તમહમદ—જી હા, તેનો વહિવટ પણ અમેજ કર્યે.

મી૦ પટેલ—કાદરભાઇ શેઠ, તમારામાં સખાવત કેમ થાયછ?

કાદરભાઇ—અમે લોક તો સાહેબ સખાવત કરીને છુટી જાઇએ. અપનાસી બીજી તીજી જંજાળ થાય નહીં. પૈસાની સખાવત કરવી હોય

તો સારી જેવી રકમ મુલ્લાંજી સાહેબને સોંપી દઇએ. ધર્મશાળા બાંધયે તો તે બી મુલ્લાંજીને હાથેસે: ઇવોજ રિવાજ મસજિદનાં બાબમાં બી ચાલુ છે; મુલ્લાંજીનાં ધ્યાનમાં આવે તેવી રીતે વહિવટ ચલાવે.

મી૦ પટેલ—પણ મુલ્લાંજીની ગાડી વંશપરંપરા તો ખરી કે?

કાદરભાઇ—વંશપરંપરા તો ખરી પણ દિકરો નાચિઝ નાકદર હોય કે નાલાયક હરો તો તેને ગાદી મીલે નહીં. એવા દાખલા બનેલાછે.

મી૦ અલીમહુમદ—મીસીસ પટેલ કેમ છે સાહેબ? એવણુની બેમારીમાં કંઇ સુધારા થયો ખરો કે?

મી૦ પટેલ—બીલકુલ નહીં. એવણુ તો બિચારાં હંમેશનાં 'ઇન્વૅલીડ' છે.

મી૦ દોસ્તમહુમદ—એમ કે? બહુ દિલગીરીની વાત છે.

ડા. નારણજી—પણ પટેલ શેઠ, બેમારી શું છે, તે અમને કંઇ સમજાવશો? (કચ્છીમાં-દોસ્તમહમદને) આંઇતાં મશ્કરીમેં ઉડાઇધા પણ અસાંજો હકડો વૈદ આય તેંકે કોઈ પુજે નતો. દવા પણ કીં મોંઘી નાંય આંકે નેંઠા. હુવે તો સવારે કોડી અચાં. (ગુજરાતીમાં-પટેલને) તમેં તો હંસી કાઢશો પણ અમારા એક વૈદરાજ છે તેવણુને કોઈ પહોંચે નહીં; ઓસડ બી કંઈ મોઘું નહીં; જો વિશ્વાસ હોય તો ફરી આવું ત્યારે તેડી આવું.

મી૦ પટેલ—ખાવાપીવાની રૂચી તો સારી છે, બધું જરપટ બી થાયછ, વાંચવા કરવામાં બી ધ્યાન આપેછ, પણ, ફરતાં હરતાં નથી; બિછાણામાં ઉઠીને બેસી પણ શકેછે. એવણની આગલ વાંચવા કરવા મેં એક પારસણ કમ્પૅનિયન તરીકે રાખેલીછે ને માવજતમાં એક અમારા પારસી ડાકટર છે, આજે કંઇ નીકળે ને કાલે કંઈ નીકળે! એ ડાકટર ને એ કમ્પૅનિયન પોતાનું ફોડયા કરે. પાસે ટૅલીફૉન રાખેલો છે તેમાંથી સહીઓ મીતીઓ સાથે વાત કરીઆ કરેછ ને તેથી એને ઠીક સોહવાયછ. શું પૂછોછ સાહેબ? બુચીઓ? હા, મારી બુચીઓ તો પાંચ છે. આગલી બહેસ્તનની બે, તે બિચારીઓ આખો વખત ઘેરનું વહિતરૂં કરેછ

ને હમણાની ત્રણ છે તે તો હજુ નાદાન છે, શીખેછ, ભણેછ, ગાયેછ, વજારેછ; એ લોકનો વખત આવશે ત્યારે એ લોક બી ઉઠાવી લેશે.

ડા. નારણજી—પણ ઇન મ્યાંથી કોઇ જો સગપણ થીયો હુઓ કે? નવરોજી શેઠ, આજે ઘરે કુઇ બાલ બચ્ચા અઇન? અઠાવીસેકની ઉમંર તો ખરીને ?

મી૦ પટેલ—એને ત્રીસ વરસ, નારણજી શેઠ; ને બુચીઓ ચઢ-ઉતર ઉમરની છે. મોટીને ૩૩) ને છેક નાનીને ૨૧)

ડા. નારણજી—(મી૦ પટેલને) અરે ઇશ્વર, એતરી વડી ઉમર થઇ છતાં સગપણ નાંય થીયો ! ! (મી૦ દોસ્તમહમદને) અસાંમે એડી છોકરી ગોતણુકેં વીનો તોપણ મીલણી મુશ્કેલ તેંથી આંજેમેં ઉલટો જાય. પણ નવરોજી ભાઇકે હજુ કેતરા દી સુધી વૅરાય રખણીઓ આઇન. હાણે વરઘોડો કઢો ન અજી પણ લાભ ગીનનાની. (મી૦ પટેલને) અમારામાં તો શોધેલી છોડી ન જડે ને તમારામાં તો ઉલટુંજ છે. પણ આ નવરોજીભાઇને કયાંસુધી રાખી મેલવાનાં ? હવે કંઇ વરઘોડો કાઢો કે અમે પણ ભાગ લઇએ.

મી૦ દોસ્તમહમદ—અરે પણ નારણજી શેઠ, તમારામાં તડાં પડયાંછે તેની વાત ક્યાં ઉડાવો છો ? નવરોજીભાઇ, તમને ખબર છે કે? નારણજી શેઠનું ચાલતું હોય તો પહેલ્લી પર બીજી બે લાવે. એ લોકમાં જે મોટું જંગ જાગ્યું તેનો એમને મોટો કેહર છે પણ મુંબઇમાં તો કન્યાની અછત અને જુના વિચારના પડયા એટલે હરદવાર તો જવાય નહીં, એટલે ગમે તેટલા પૈસા વેરવાનું કરે પણ બાયડી પર બાયડી થાય નહીં. આપણામાં છોકરાઓની કિંમત ઝાઝી ને એ લોકમાં છોકરીની. વખતે ૨૦) ૨૫) હજાર પણ બાયડી દીઠ કાઢી આપવા પડે ! ! મેં સાંભળેલું છે કે શ્રી પોરબંદરમાં એક ભાટયાની છોકરીનું વેશવાળ થયું તે છોડીના બાપે તેણીને ત્રાજવામાં બેસાડી તેણીના વજનભેર રૂપાનાણું તોલી લીધું, ખરૂં કે નારણજી શેઠ ?

ડા. નારણજી—(મી૦ દોસ્તમહમદને) અરે, હાણે સચ્ચો ને

બોટો ગામ તીને ઢેડવાડો તો હુએ હાણેનાં મીડે માડુ સુધરી બ્યા અસાં જેડે કેનાં બોલીનેબી રોણું ખપે.

મી૦ દોસ્તમહુમદ—તમે ગુજરાતીમાંજ બોલોની, કે મોટા શેઠ ને નાના શેઠ બન્ને સમજે.

ઠા. નારણજી—અરે હવે એ ખરૂં ને ખોટું ! ગાંમ ત્યાં ઢેડવાડો તો હોય. હવે તો બધાએ સુધરી ગયા. એટલે અમારા જેવાએ તો બોલીને બેસવું પડે. ઘરમાં દીકરો રણુ પાડી બેઠો છે; એની મતલબ સામેવાલાઓને જઈ મળવાની પણુ આપણે તો કહ્યું કે જવું હોય તો હમેશનો જઈ મળ; તું નહીં ને તારા બાપ નહીં. મા થતીને તો એવું જોઈએછેજ કારણુ એ આગલીનો ને હાલની કરતાં ઉમરે મોટો એટલે રોજનાં ઝઘડા જાગે એટલે તે સમજાવે કે "પીટયા જવા માગેછે તો જવા દો." પણુ બાપનું દિલ તે બાપનુંજ. છોકરાઓ તો ગમે એવા વાંકા ચાલે પણુ બાપ કેમ ચાલે ? હું તો કહું કે "સંખણી તું છાની રહે; એને ત્યાં સંતાન થશે ત્યારે એને સમજ પડશે."

નવલ—તમારી અલી ઈંગ્લીશ જાણેછ કે ?

ઠા. નારણજી—ઠીક આય, ઠીક આય, નવલ શેઠ; ઈ પણુ પવન અસાંજે મેં લગંધોને મરી બ્યાશીં તો પણુ ઉ તેથી ન્યારી ધાસી. વાર છે વાર છે નવલ શેઠ; એ પણુ વા અમારામાં વાશે અને જીવતો હોઇશ તો ત્યાં બેઠો બેઠો જોઇશ. હાલમાં તો ડરેસમાં બી અમારીબાયડીઓ પ્રસકી લેડીઝ બની ગઈછે. (મી૦ દોસ્તમહમદને) આજીડે વનીઉં માસ્તરણીઉં ભનીને ખોજેજે ઘરમેં પસરાણીઉં આઇન તીં અસાંજેકેં તેડીડે થીઉં નાઇન. (મી૦ પટેલને) પણુ હજી જેમ તમારી પારસણુ માસ્તરણીઓ ખોજાઓને ઘરેઘર પ્રસરી ગઇ છે તેમ અમારે ઘરે પ્રસરી નથી. અલીમહમદ શેઠ, તમારી છોડીઓ ઈંગ્રેજી ભણેછે તો તમારાંમાંથી હજી માસ્તરણીઓ બહાર કેમ નથી પડી ? તમેં બધામાં સુધરયા ને એમાં કેમ નથી સુધરયા !

મી૦ અલીમહમદ—મારો વિચાર એવો છે, મી૦ નારણજી, કે આજે તો વખત એવો આવ્યોછે કે જ્યારે કોમકોમે પોતપોતાનું સંભાળી

બેસી રહેવું જોઇએ; એક કોમે બીજી કોમનાં કાર્યોમાં માથું ઘાલવું નહીં જોઈએ. તમે મારામાં છીદ્રો પાડો તો હું તમારામાં મોટા જેવાં બાકોરાં પાડું.

કાદરભાઈ—ચાલો સેટયાઓ, હવે મેં જાશું. નમાજને વખત થયો. નારણજી શેઠ તમારી ગાડી તો છેની ? મારા વજનસી કંઇ વાંધો તો ના આવેની ?

ઠા. નારણજી—ન, ભારથી તો વાંધો અચીંધો ન પણ ઘોડો જુવાન આય તેથી આંઇ ધરજજા મ ત હલંઘો.

મી૦ દોસ્તમહુમદ—એવણુ કહેછે કે ભારથી તો વાંધો નહીં આવે પણ જનાવર જરા જવાન છે; તમે બીહો નહીં તો ચાલે.

કાદરભાઈ—અરે જવા દેઓની; તાહરે તો ચાર પૈસા ટીરામવેટમાં ખરચેલા સારા.

[વિદાયઃ—નારણજી અને કાદરભાઇ]

પીલાં—કુંવરજી, આઇમાય કહેચ કે એવણુને જરા ઠીક લાગતું નથી; પરવારો તાહરે જરા આવી જજો.

મી૦ પટેલ—વારૂં દિકરી; કહેવો કે હું આઉંચ.

મી૦ અલીમહુમદ—આ કોણ ? તમારાં દિકરી કે ?

મી૦ પટેલ—જી હા, એ મારી નાની દિકરી.

મી૦ અલીમહુમદ—પણ એવણુ તમને "પપા" કરી નથી બોલાવતાં !

મી૦ દોસ્તમહુમદ—એ ઘણું અજબ જેવું છે, પટેલ શેઠ ! હુ અમદાવાદમાં હતો ત્યારે એક મોટે બાંચરેનાં પારસી કુટુંબમાં જતો આવતો હતો. શેઠની પાંચ દિકરીઓ : તેઓનાં નામ બુચીમાય, બાઇમાય, ગાય માય, ને બપઇ માય. પપા મમા આમ બધી છોકરીઓને "મા" નો એલકાબ આપે ને છોકરીઓ "મેહરજીભાઇ" ને "મેહરબઇ" કરી તેઓને બોલાવે. એ તે શું હશે ભલા ?

મી૦ અલીમહુમદ—તે તો રહયું, પણ, બપઇ માય ને અમઇમાય પરણે અને નામ છાપામાં આવે ત્યારે કેવું બે અકકલી લાગે! બપઇ તે બાપની મા, અને મમઇ એટલે માની મા; વળી શું પરણેલી "બુચીમાય" કોઇ દિવસ મોટી થતીજ ન હશે!?

મી૦ દોસ્તમહુમદ—અલીમહુમદ શેઠ, તમે તમારા નિયમથી વેગળા ગયા. પાંચ મીનીટ ઉપર તમે બોલ્યા હતા કે એક કોમે બીજી કોમનાં કાર્યોમાં માથું ઘાલવું નહીં પારસી લોક ભોલા છે, જાત પરજાતને પોતાનાં ઘરમાં તેઓ આવકાર દેછે એટલે જાત પરજાત તેઓનું ઘણુંએ જાણી શકેછે પણ તેઓ પારસીઓને પોતાનાં ઘરનો કારોબાર ઝાઝો જોવા દેતા નથી એટલે પારસીઓને તેઓનું જાણવાની તક મળતી નથી.

મી૦ પટેલ—હું એક દહાડો એક મારા જાની ખોજા દોસ્તને તેવણને ઘર મળવા ગયો' તો. નોકર મારૂં નામ આપી દાદર આગલ દોડતો પાછો આવ્યો ને મને ત્યાંજ થોભાવ્યો. હૉલમાં બેઠલાં છોકરાં ઘરાઘર માળપર દોડી ગયાં ને મારા દોસ્ત જાણે કશાંમાં હોય નહીં તેમ બે મીનીટ પછી બહાર આવી "આવો પટેલ શેઠ, પધારો" કરી મને અંદર લઇ ગયા ને પછી કંજે "અહીંયા વેહર કાં તકલીફ લીધી, આફીસમાં મળી શકાતે" ઇત્યાદી. બેઅદબી માફ છે, આવા તમારા સુધારકો!!

મી૦ અલીમહુમદ—મી૦ પટેલ, ગુસ્સો નહીં કરો તો કહું. હું તમારૂં 'પારસી' પેપર તો અલબતાં રોજ વાચું છું. "મરત્યુકની ટીપ"માં હું જોઉછું કે જ્યારે કોઇ સ્ત્રી યા પુરૂષ મરણ પામેછે ત્યારે તેની ઓળખમાં માત્ર પુરૂષ ખેશ ખેશાવંદોનાંજ નામો આપવામાં આવેછે! "ફલાણાના" કાકા, "ફલાણાના" મામા, "ફલાણાનાં" ફુઇ, "ફલાણાના" માસીના દિકરી. જ્યારે ઉઠમણાની ટીપની વિગતમાં દિકરો ૫૭) રૂપિયા ભરે તો ૧૫) રૂપીઆ પોતાને નામે, ૧૦) રૂપીઆ બાઇજી સુનાબાઇને નામે,૪) ૪) રૂપીઆ બુચીઓ ખોરશેદબાનુ, ગુલાંમાય ને જરાંમાયને નામે; બાકીના ૫) ૫) રૂપીઆ ચાર છોકરાઓને નામે લખાવેછે. "ઉઠમણાની વિગત"માં સ્ત્રિઓનાં નામનો વાંધો નહીં, પણ "મરત્યુકની ટીપ"માં તેઓના નામોપર છેકો!!

• નવલ—ખરેખર પપા, અલીમહંમદ શેઠે આપરા પારસીઓનો એક ઘણો 'સ્ટુપીડ કસ્ટમ' પકડી આપ્યોછ! પુણ્યને ખાતર પ) રૂપીઆ કાહડી આપ્યા તો તેની ન્યુસ પેપરમાં લાંબી લચ વિગત તે કેવી આપવાની! શું ભુચાણુચી ને બેરી કમાવા ગીયાં'તાં? આપનાર તો ધણી પોતેજ!

મી૦ પટેલ— અલ્લો! ખટખટે વકીલ આવ્યા: યા, રાવસાહેબ, યા, તુમી લય opportunely આલે. એ આપલા ફ્રેન્ડ દોસ્તમહમદ શેઠલા તુમચા લય કામ આહે.

મી૦ ખટખટે--ઓહો! કાંહી વીલ બીલ કરાયચા આહે કાય? વીલ કરતાંની તર આમચા જન્મ ગેલા. I have prepared my mother's Will, my father's Will, and my grand-mother and grand-father's Wills; આણી આમચા થોરલા મુલા વારલા ત્યાચી last wishes તરી આમ્હીજ લીહુન ઘેતલેલી. "Wat" you Say? ... Very sad! sad ખરા, પટેલ સાહેબ, પરંતુ "Gad"ચી Will ઝાલી ત્યાંત આપણુ કાય કરાવે?! પણ તુમચા શપથ—હયા લોકા પાસુન વીલ કરાયચી એક single pie આમ્હી ઘેતલી નાંહી. આમી B. A., L L. B. ઝાલો ત્યા પાસુન કીત્યેક અસી વીલ આમી કેલે. આણખી 'ટ્રસ્ટ ડીડ' ચા તો કાંહી end ચ નાહીં.

મી૦ અલીમહમદ—એવણનું નામ આપે શું કહયું, મી૦ પટેલ?... ખટપટે! ત્યારે તો એવણ જબરા ખટપટી હશે?

મી૦ ખટખટે—આહહાહાહા—પટેલ સાહેબ, હા તુમચા ફ્રેન્ડ ફાર funny આહેત. શેઠજી, માઝો આડનાંવ ખટખટે. કાંહીક "ખટપટે" તરી આહે, પણ બાહેરગાવાંત આહે.

મી૦ પટેલ—(મી૦ દોસ્તમહમદના કાનમાં) એ તમને ગમાર જેવો દિસેછે પણ અમારા ઘણાક પારસી વકીલોના કાન કાપી જાય તેવો છે; ને કાતર બી ઝાઝી નથી. ભલા દોસ્તનું બી કામ ફિ લીધા વગર કરે નહીં, પણ તફાવત એટલો કે દોસ્તના બાબમાં opposite party સાથે સેહલાઇથી મળી જાય નહીં; સમજ પડીની? No, dou-

ble dealing with friends and no double fee. (મોટેથી) ખટખટે સાહેબ, તુમી લોકાચા કશા નસીબ આહે કે તુમી લોકાલા સરકાર પસી ગેલા શિવાય "રાવ સાહેબ" ચા ટાઇટલ મીલુન જાતે !

મી૦ ખટખટે—હો, હો, પટેલ સાહેબ, ગેલ્યા જન્માંત આમ્હી લોકાની પુન્યવાન કામ કેલે ત્યાચી એ પુન્ય પ્રાપ્તી આહે.

મી૦ દોસ્તમહમદ—જુઓ, રાવસાહેબ, મારાથી મરાઠી બોલાતું નથી. તમે ગુજરાતી સમજોછોની?

મી૦ ખટખટે—O yes, I understand "averything"; only I "kanot" speak. તુમી ગુજરાતીમાં બોલો, શેઠજી, અમે સમજેચ.

મી૦ દોસ્તમહમદ—ત્યારે જુઓ, સાંભળો; હું ટ્રસ્ટ કરવા માગું છું ને મારું વીલ પણ કરવા ઇચ્છુ છું. બન્નેના ખર્ડા મારીકને તૈયાર છે તેને તમારે બરાબર legal shape માં મુકવા જોઇશે. કંઇ અપમાન લેશો નહીં. પણ આ 'વીલ'ની કે 'ત્રસ્ટ ડીડ'ની વાત બીલકુલ બહાર પડવી જોઇએ નહીં.

મી૦ ખટખટે—"Thayat" depends "an——"

મી૦ પટેલ—અચકો ના, અચકો ના, ખટખટે શેઠ. દોસ્તમહમદ, એવણ કહેવા માગેછે કે એ બધાંનો આધાર તમે એવનની મહેનતનો બદલો કેમ વાળોછ તેની ઉપર રહેશે. મેં તમને કહયું તેમ એની "કાતર" મોટી નથી પણ ફિ advance માં લેશે.

મી૦ દોસ્તમહમદ—અલબત, કેમ નહીં ? પણ વાત કરવાની પણ કંઇ ફિ પડશે ખરી કે ?

મી૦ ખટખટે—"Thayat" is "al" inclusive અરરરરરર—મી૦ પટેલ why you trouble ?

મી૦ અલીમહમદ—This is all right–all right; without this Pansûpari Tâbâck your brains can't work.

મી૦ ખટખટે—એ પટેલ સાહેબ far shrewd આહે! આમી કેવ્હાં પાસુન આમચી ડબ્બી સાડી આમચી પાકીટાત હાથ ટાકત હોતો; તે ધરાંત વીસરલો. Now, "wat" you say Mr. Dostmahamad?

મી૦ દોસ્તમહુમદ—હું અહીં મારી સાથે documents લાવ્યો નથી પણ ટુંકમાં તમને કહું છું કે આ મારા ભલા દોસ્તો મી૦ અલીમહમદ ને મી૦ પટેલને મેં મારા વીલના એકઝીક્યુટર અને મારા વારસોના ટ્રસ્ટીઓ ઠરાવ્યા છે.

મી૦ ખટખટે—આમચા બાપાની ચાર ટ્રસ્ટીઝ "apaint" કેલે હોતે. The "mar" the merrier, આહહાહાહા. (અલીમહમદનો હાથ ઠોકવાનો યત્ન કરેછે જે તેઓ કચવાઇને ખીસાડી લેછે) Is this Alimahamad Shet C. I. E.? I see-I see! માફ કરા શેટજી. I "tha'at" you were a J. P. and "Carporator." ગવરમેન્ટની ફાર ઉત્તમ "chaice" કેલી.

મી૦ અલીમહુમદ—I must be off, Mr. Patel, now; it's getting on to twelve.

મી૦ દોસ્તમહુમદ—ને વળી એવણુનાં વાઇફ બી એવણુને વાસ્તે ખોટી થતાં હશે. રાવસાહેબ, તમે અમને અમારી ઑફીસમાં આવતા બુધવારે ત્રણ વાગને મળી શકશો?

મી૦ અલીમહમદ—મારી ઓફીસમાં આવો તો ઠીક થઇ પડે. 2 o'clock Standard Time on Wednesday.

મી૦ ખટખટે—"Aagreed," "agreed" you "dan't" mind giving me a lift દોસ્તમહમદ શેટ ! My house is in Mugbhat.

પ્રકરણ ૨૩ મું.

મી૦ પટેલ—પીલાં, પીલાં, જોની દિકરી—તારી માયને પૂછની, હું આવું કે?

પીલાં—પપા, મને મોકલવાનું અખારા કરો તો ઠીક. મને તો જોતાંને વારજ કોણ જાણે શું છે તે એવણુની આંખમાં ઝેર ભરાયછ!

મી૦ પટેલ—કંઇ નહીં દિકરી, ગમે તે હોય પણુ એવણુ તારાં માય તો ગણુાયની? એ તો દરદ જોર કરતું હોશે તે વખતે તું એવણુ આગલ ગેઇ હોશે.

પીલાં—રોદા હમણુાજ બોલતાં'તાં કે મમા હમણુા 'ફ્રી' છે.

મી૦ પટેલ—ચાલ તાહરે હું જાઉંછ.

મીસીસ પટેલ—કેમ—ખરી બપોરે હમણુા કાંહથી આવવાનું સુઝ પરયું! તાહરનું કહેવારયું તાહરે હમણુા આયા!

મી૦ પટેલ—પણુ આઇ, તે વખતે હું જરૂરના કામસર રોકાયલો ઉતો.

મીસીસ પટેલ—હારે કામના કાઢણ્યા પરયા કેની!

ડા૦ જમશેદ—સાહેબ, એવણુને 'ઍકસાઇટ' નહીં કરો તો ઠીક. હમણુાજ મેં એવણુની ટૅમ્પરેચર લીધી તે 'નાઇનટી એઇટ' પર બે પૉઇંટ ઉતી ને એવણુ જરા માથું દુખવાની બી ફરિયાદ કરતાં'તાં; તમે આયા તેની અગઉજ મેં એવણુને દવાનો ડોઝ આપ્યો.

લેડી કમ્પૅનિયન-ખરશેદબાઇ—મેં તાહર પછી હમણુાજ, જી, મેં એવણુને ચીકનનો સુપ આપ્યો.

ડા૦ જમશેદ—મારી 'લાઇફ' માં, કુંવરજી શેઠ, મેં એવી 'ડૅલીકેટ હૅલ્થ' કોઇની નથી જોઇ! ટૅમ્પરેચર બી એટલી હેરફેર રહેછ-ઘરીમાં 'કોલ્ડ ઍઝ આઇસ' તો ઘરીમાં હૉટ ઍઝ......

મી૦ પટેલ—બોલો, બોલો, ડાં૦ બોલો-‘ હૉટ ઍઝ હૅલ ’. એ તો હોય: ફુટીઆં પરયાં ને કામકાજ નહીં તાહરે ‘હૉટ’ ને ‘કોલ્ડ’ બધું થાય !

ડા૦ જમશેદ—સાહેબ, મારાં ‘પેશન્ટ’ને એમ ‘ઍકસાઇટ’ કરવા સામે હું મજબુત વાંધો ઉઠાઉંછ. .

મી૦ પટેલ—પણ હું એવણુનો ધણી છેઉં ને મને એને શીખામણુ દેવાનો હક છે. એ ઉઠે નહીં, બેસે નહીં, ખુલ્લી હવામાં જાય નહીં—

મીસીસ પટેલ—ઓ જમશેદજી, જમશેદજી-ડાકટર ડાકટર-જરા પેલું સ્મૅલીંગ સૉલ્ટ આપોતો-મારૂં માથું તો જાણે ફાટ ફાટ થાયછ—

મી૦ પટેલ—માથું ફાટ ફાટ નહીં થાય—! આખા દહારા ખાઇ-પીને બધી વાતોના કુથલા વંચાબ્યા કરે—ખરશેદબઈ, તમારૂં બી માથું છે કે બલા ! !...હા હું સમજુંછ, એવણુ તમને વાંચવા કહે એટલે વાંચવું તો પરે: આય તો “ ચમને બહાર ” ની ટુંકી વાત—પેલી તો ‘ બગલા ભગત ’ ની ચાલુ વાત—ઓલો તો ‘ રમુજે રંજુર ’ નો રમુજી સ્કૅચ—આખા દહારા વાત, વાતને વાત ! ! ને જહારે વાત નહીં હોય તાહરે કમબખ્ત અડગરીનો અડકાર ! જરા ઉઠે ફરેતો ખાધેલું બી હેઠે પડેની; ડાકટર, ‘ બૅગ યોર પારડન. ’ પણુ હું ધારૂંછ કે તમે બી આય ઘેરમાં ભરઇ રહીને તમારૂં બધું શીખેલું બી વિસરી જશો ને ઉલટા સીક થઇ જશો. જાઓ, હું એની આગલ બેઠોછ—“ પારસી હીંદુ મૅચ ” છે તે જરા બે ઘરી જોઈ આવો; શું છે ? એવણુ ‘ ફૅન્ટ ’ થઇ ગીયાં ! કંઇ નહીં ‘ફૅન્ટ’ થઇ ગીયાંછ તે આપરે હુશીયાર કરશું.

ડા૦ જમશેદ—સાહેબ, તમે એવણુને મારી નાખશો.

મી૦ પટેલ—અરે, આજે દસ વરસ થયાં એ મને કહેછ કે તમે મારી નાખશો, પણુ એ તો જેવી ને તેવી છે. એમ કોઇના બોલ્યાથી ને કોઈના મારયાથી કોઇ મરતું નથી. લેઓ,—આય એવણુ હુશીયાર થયાં.

મીસીસ પટેલ—ઓ—! ઓ, ઓ, આય. મારાં નાકમાં શું ખોસયું ?

મી૦ પટેલ—શું ઓસે વરી? "મઢોબા" જોની કેવી હુશીયાર થઇ! ચાલ, પણ આઈ, તું શું કહેવા માંગતી'તી. ડાકટર, જરા મેહરબાની કરીને બે મીનીટ બહાર જશો! એવણ મારી સાથે કંઇ ખાનગી વાત કરવા માંગેછ.

ડા૦ જમશેદ—' સરટનલી '.

મીસીસ પટેલ—કુંવરજી, તમે પેલા તમારા ગનપત ઘોરાવાલાને રજા નહીં આપતા? એ હરવાયો રાતનાં છાકટો થાયછ ને બૈરી સાથે મોટે મોટે મરાયછ ને આખી રાત મારી ઉંઘ લેછ.

મી૦ પટેલ—પણ આઇ, એતો ફકત ગેઇ હોળી પર એકજ દિવસ છાકટો થયો'તો ને વરી એ "મારો ઘોરાવાલો" શાનો થયો!! ગારીતો હું કાં વાપરૂંછ, તું વાપરતી'તી ને છોકરાં બી વાપરેછ.

મીસીસ પટેલ—પણ તમુને એને રજા આપવીજ પરશે.

મી૦ પટેલ—હા, તું તારા રામલાને રજા આપ પછી હું એને આપું. ગનપત તો વરસમાં એક બે વખત છાકટો થાયછ પણ એને મ્હોડે તો બારે માસનું પીપીઉં છે.

મીસીસ પટેલ—એ તમુને શું નરેછ!

મી૦ પટેલ—મને નરતો'તો નથી પણ તું અરધી દિવાની છે તેને એ પુરી કરેછ! આય ડાકટર 'ડૅલીકેટ હૅલ્થ' ને નામે તુંને ધુતેછ ને રામલો તારા વહેમી મનનો લાભ લેછ!! તારૂં બધું ધંતર મંતર એ નાપાક રામલો ને એની બૈરીની મારફતે તું કરેછ!! જો તું એને કાહરે તો હું ગનપતને કાહરૂં.

મીસીસ પટેલ—પણ કુંવરજી, ડાકટરે તમારી પર લખાઉં કે?

મી૦ પટેલ—હા, એવણ લખેછ કે હું તમારે તાંહ બે વરસ થયાં રહેલો છેઉં ને તેમાં મને રૂ. ૨૫) નુંજ 'પ્રોમોશન' મળ્યું— ૭૫) પરથી ૧૦૦) થયા ને હવે એવણ ૧૨૫) માંગેછ; વરી છ મહીનામાં ૧૫૦) માંગશે. પગાર તો ૧૦૦)નો પણ રહેવા ખાવાનું,

ગાડી ઘોડા, બધું ફ્રી ને વરી અવાર નવાર મારી જાણ વગર તું ભેટ-સોગાદ આપેછ તે જુદી !

મીસીસ પટેલ—હા, કુંવરજી; પણ મારી "નાર" એવણનાં હાથમાં આવી રહીછ. તમે ડાકટર બદલશો.તો મારા જીવની જામીનગીરી હું આપશ નહીં.

મી૦ પટેલ—ડાકટર બદલે ? હું તો એ નકામો ખરચ બીલકુલ કાહડીજ નાખવા માંગુછ. જોની, એ ડાકટર ઉપરાંત તેં આય કમ્પૅનિયન રાખીછ ને બે આયાઓ છે તે જુદી !

મીસીસ પટેલ—હા કુંવર, પણ હમણા હમણા એ આપરી નાજુ પર બી ઠીક ધ્યાન આપેછ ને કોઇ દહાડો એક છોકરીનો ઉઠાવ થશે.

મી૦ પટેલ—અરે હરવાયો એ નાજુ પર ધ્યાનનો આપતો ! તું એને કોઇપર ધ્યાન આપવાનો વખત આપે તાહરે કેની ! "ડાકટર હમણા શું કરેછ ?" તો કે'જે "આઇમાયને થરમોમીટર મુકેછ;" પછી "શું કરેછ ?" તો "સ્મૅલીંગ સૉલ્ટ સુંઘારેછ;" પછી "શું કરેછ ?" તો "મમાને રાઇ મુકેછ;" વળી પાંચ મીનીટ રહીને પૂછયેતો કહેજે "એવણને વાસ્તે ઍગ મીક્ષચર બનાવેછ;" વળી છ મીનીટ રહીને પૂછયેતો કહેજે "પ્રીસ્ક્રીપશન લખેછ"!!! ઘેરમાં મૅડસીન ચૅસ્ટનું નખ્ખોદ વળેછ ને જુદું ! ને ટ્રીચર કૅમ્પનાં બીલો ચાલુ ! પણ જો આઇ, તું મારૂં નથી માનતી પણ એ તારા મનના ધખારાથી હવે તું ખરેખર અકડી જશે ને વરી એ ડાકટરને હું વધારાના રૂ. ૨૫) કાંહથી આપું ? એમ તો આપરાં સુવાવડખાતાં ને ખાનગી ઑસ્પીટલોમાં છ છ મહીને 'હાઉસ સરજન્સ' બદલાયછ. છ મહીના જુના થયા ને વધારો માંગયો કે પાનીચું !! બીજા પછવારે ગીધની કાંની ઉભેલાજ છે !! મારી માસીનો દિકરો મેહલ્લી મીરઝાં મારૂં માથું ખાઇ જાયછ ને પચાસે શરૂ કરવા તૈયાર છે ! શું કહેછ ?......તેને અનુભવ નથી ? અરરરરરર, તાહરે આય જમશેદજીબા તો આપરે તાંહથી જબરો અનુભવ લઇને જશે ! 'પાસ' થઇને અહીં આયોછ તાહરનો અહીંજ ભરઇ રહયોછ; કોઇ પૂછશે કે "બાવા કેટલાં દરદ 'ટ્રીટ' કીધાં તો કહેશે કે "કુંવરજી

કાવસજી પટેલનાં આઇમાયને—આખી દુનિયાંનાં દરદો એવણનાં દિલમાં ભરાયલાં છે "—!

મીસીસ પટેલ—આ ઓવારયું રે, મારી પરથી.

મી૦ પટેલ—બરાબર છે, બરાબર છે; હું બી એમજ કેહુંછ. એ તારા ધખારાઓને ને તારા ડાકટરને તારી પરથી ઓવારી નાખ. જો એ અહીંયાં ઉભેલો હોતે તો આય પા કલાકમાં તું બે વખત તો પાછી બેસુધ્ધ થતે; એક વખત તુને ડાકટર પકરી ધરીને બેસાડતે ને એક વખત આય ખરશેદબઈ. જો આઇ, હવે જરા સુધરઃ મારીજ ભૂલ થઇ કે મેં પહેલ્લાં પહેલ્લાં તારો પરયો બોલ ઉંચકી લીધો. આય એકેક કરતાં પાંચ પાંચ છોકરીઓ પરેલી છે ......પાંચ નહીં તો ચાલ—ત્રણ......ને વાખરી જાયછ–હું તે શું આખો દહારો એ લોકને લઈને બેસી રેહું !

મીસીસ પટેલ—ચાલો, ડાકટરને તમે " વધારો " નહીં આપતા તો હું મારાં વ્યાજમાંથી આપશ.

મી૦ પટેલ—પણ તેબી રૂપિયા ઘરમાંથીજ જશેની? આય કમ્પૅનીયનનો ખરચ બી મને તદન નકામો લાગેછ.

ડા૦ જમશેદ—(દાખલ થઇ) કુંવરજી શેઠ, એઅદબી માફ છે પણ હવે એવણને '**ઍરીસીપીલીસ**' ને '**ઍપીકાકવાના**' નો ડોઝ આપવાનો વખત થયોછ; હજુ તો એમાં 'ઍકવા' બી ઉમેરીઉં નથી. વેકો ખરશેદબઇ, પેલી ફીલટર–વૉટર–બૉટલ લાવો તો:- આઇસની ગાંગરી તૈયાર છે કે ? જરા તસ બી તૈયાર રાખજો—વખતે એવણને ઉછાલો થશે–તે વખતે એવણને જરા 'રીકલાઈન' કરીને માથું પસવારજો, હું જરા એવણનાં પગ 'સ્ટ્રેચ' કરી રાખશ. કુંવરજી શેઠ, આય મીક્ષચર 'પેશન્ટ'ને આપેલું હોયછ તાહરે 'પેશન્ટ'ની 'પલ્સ' તપાસવાની ઘણી જરૂર છે. 'કૉન્સ્ટીટયુશન' તપાસીને એ આપવી પરેછ. જરાક વધારે પરેછ તો માણસ એકદમ 'કોલ્ડ' થઇ જાયછ ને જરા ઓછું પરેછ તો ઉલટી થવાનો ઘણો સંભવ રહેછ, ને વરી માથાંમાં '**ઍકસાઇટમૅન્ટ**' બી ઘણું થાયછ.....

મી૦ પટેલ——ને 'સરખા ડોઝ'માં આપીએછ તો ઉઠીને ફરહર કરેછ, નહીં વારૂં ? તાહરે તો હું ધારૂંછ કે આઇમાય સાંઝનાં ઉઠીને ફરહર કરશે ખરાં. બેઅદબી માફ છે, ડાકટર સાહેબ......

ડાકટર જમશેદ—હું તમને કેહુંછ કે બેઅદબી માફ છે, મારાં કામમાં ઢીલ થાયછ ને એવણુને 'ફીટ' થઇ આવશે તો હું જોખમદાર નથી.

મી૦ પટેલ—તાહરે ફોડો તમારૂં ! ડાકટરો 'ફીટ' હોય તો પેશન્ટોને 'ફીટ' થાય નહીં.

પ્રકરણ ૨૪ મું.

'પટેલ લૉજ:' નાસતાનો અમલ.

મી૦ પટેલ—નવલ, જોની પેલો પોસ્ટમૅન વલી શું નાખી ગીયો ?

નવલ—પપા, એતો કંઈ ન્યુસપેપર છે. હલ્લો ! આય તો પેલા બગલા ભગતનો '**દેશ ભકત**' છે. તે દહાડે આપરે પેલી મદેહનજર વાંચીતી'ની ? કદમી પટેટીપર બહાર પડવાનો ઉતો તે તો આપરે ભૂલીજ ગીયા ! લેઓ, વગર માંગને ઘેરબેઠાં ચાલીને આયોછ તો બાપજી કરીએ ! ઓહો-! આય 'ઓપનીંગ પેજ' તો પેપર તરફનીજ જાહેર ખબરોથી ભરેલો છે ! આય શું—? "**અમો પોતે**". હું વાંચુ તે જરા સાંભળો પપા 'ઇન્સ્ટ્રકટીવ' તો નહીં પણ 'સ્ટુપીડ' ને 'ફની' તો હોશે ! આય કવરપરના અક્ષર ઓળખાતા નહીં પણ એ પેલા મોરીસના હોશે. (વાંચે છે.)

આ સાર વગરના સંસારમાં
'દેશ ભક્ત' દેશનો આધાર છે.

દેશ ભક્ત.

ગારંટીડ ૧૦,૦૦૦ કાપીઓ.

વાર્ષિક લવાજમ રૂ. ૧૧).

પુસ્તક ૯૧ મું. મુંબઇ: શનીવાર, તા૦ અંક ૧ લો.

☞ ભવિષ્યની સાવચેતી માટે અમોએ એક 'લાઇબલ ડીફેન્સ રીઝર્વ ફંડ, ઉભું કર્યું છે. આ ફંડમાં જેઓ વાર્ષિક રૂા. એક ભરશે તેને અમો અમારા 'પેટ્રન' લેખીશું.

અમો પોતે.

અમારી નેમ.

અમારી પેપર 'પૉલીસી'

અથવા

રાજ્યનીતિ, ઈત્યાદિ.

આ 'દેશ ભક્ત' છાપાનો પહેલ્લો અંક અમારા હમકોમીઓની કદીમ પટેટીના મુબારક રોજે નામદાર સરકાર અને વાંચક આલમ હજુર ધરતાં અમને અનહદ આનંદ થાય છે અને અમારૂં હૈયું ભિન્ન ભિન્ન પ્રકારની લાગણીઓથી ઉભાઇ જાય છે. 'દેશ ભક્ત' નામ ધારણ કરવાની અમારી નેમ ખુલ્લી છે. આ એલકાબ બહુ અર્થસુચકછે. આપણા માનવંત રાજકર્ત્તા,. તેઓનો પોતાનો દેશ અને તેઓની પોતાની કોમ

> **અમારા દલદાર અને નમુનેદાર પટેટી અંક માટે**
>
> જાહેર લેખકોને જુદાં જુદાં આમંત્રણ મોકલવાને અમને અવકાશ ન હોવાથી આ જાહેર ખબર મારફતે અમો તેમ કરવાની રજા લઇએ છીએ.

તરફનો ભકિતભાવ, કુલે બ્રીટીશ સલતનત તરફનો ભકિતભાવ, આપણા દેશ તરફનો ભકિતભાવ, તેમાં વસતી અસંખ્ય કોમો તરફનો ભકિતભાવ—જેમાં આ પ્રવર્તાવનારાઓની પોતાની કોમ પણ અલબતાં સમાઇ જાયછે—અને છેલ્લે ખુદ છાપા તરફનો ભકિતભાવ એ સઘળાંનો 'દેશભકત' માં સમાવેશ થયલોછે. અમને જરા પણ સંદેહ નથી કે અમોએ ધારણ કરેલું નામ નામદાર સરકારને અને વાંચક આલમને બહુ અનુકુલ માલુમ પડશે. એ નામને વફાદાર નિવડવાને અને અમારા વિચારો વખતો વખત અપક્ષપાતપણે દર્શાવવાને અમો હમેશાં કમર કસીશું.

"અમો" બોલનો અર્થ અને વિસ્તાર

"**અમો**" બોલ લખાણબાજીમાં વાપરવાનો હક પહેલલાં રાજયકર્ત્તાઓનો અને પછી છાપાવાલાઓનો છે; પરંતુ આ બોલ શું સૂચવે છે અને તેનો ભાવાર્થ શું છે તે અમારા ભાઇબંધોએ અત્યારસુધીમાં વાંચક આલમ સન્મુખ દર્શાવેલું ન હોવાથી અમોએ તેમ કરવાની અત્રે જરૂર જોઇ છે. આ બોલમાં માન અને મરતબાનો ચોકકસ અંશ સમાયલો છે; આમ છતાં જયારે એક રાજયકર્ત્તા તે વાપરે છે ત્યારે તે બોલ બહુવચન હોવા છતાં માત્ર પહેલલો પુરૂષ એકવચન કિંવા એક અમુક રાજયકર્ત્તા યા રાજયકર્ત્તાની સત્તા, દરજજો અને આપઅખત્યારી દર્શાવે છે. છાપાના અંગે વહી ગયલા જમાનામાં આ બોલ માત્ર અધિપતિને અને માલેકને લાગુ પડતો હતો, પણ નામદાર સરકારે દેશી છાપાની મુશકેલી ધ્યાનમાં લઇ આ બોલને છાપાના બાબમાં વધુ બહોળો વિસ્તાર આપ્યો છે. જયારે એક છાપો "અમો" બોલનો ઉપયોગ કરે ત્યારે તે બોલમાં કુલે છાપાની કળા, જેવાંકે કાગલ, બીબાં, શાહી, કલમ, ટાઇપ, ટેબલ, ખુરસી, માલેક, અધિપતિ, મદદનીશ .અધિપતિ, રમુજી

> **જોઇએ છે—તાકીદે.** અમારી રમુજી કાલમ માટે ડબલ
> **મુખી લેખક.**
>
> પગાર રૂ. ૧૫). વિરૂધ પત્રોમાં લખાણ કરવાની પુરતી છુટ સાથે. એ તો બા "પેટ લાગેલું" છે! અમારો નોકર વિરૂદ્ધમાં ન લખશે તો બીજો કોઈ લખશે.

કાલમનો સુકાની, રીપોર્ટર, પ્રિન્ટર, પબ્લીશર, કમ્પોઝીટર, સીપાઇ સપરા આદી પુરૂષો અને જીણસો સમાઇ જાયછે. નામદાર સરકારે આમ કરી છાપા ઉપર એક મોટું અહેશાન કર્યું છે. તેમ કરવાથી તેણે છાપાની એક મોટામાં મોટી સગવડ સાચવીછે. કારણ જે જોખમદારી અગાઉ માલેક અને અધિપતિને શીર લટકતી હતી તે હાલમાં બહોળા પ્રમાણમાં વહેંચાઇ ગઇછે. લોકોને હાલ લાઇબલમેનીયા લાગુ પડેલો હોવાથી, માલેકને ફાવે ત્યારે અધિપતિના શીરપર, અધિપતિને ફાવે ત્યારે મદદનીશ અધિપતિના શીરપર, અને મદદનીશ અધિપતિને ફાવે ત્યારે પ્રિન્ટર, ટેબલ, ખુરસી યા ટાઈપના શીરપર જોખમદારી સેરવી દેવાનો આ એક સહેલ અને સુતરો માર્ગ છે. અમારાં ટાઇપ ખરાબ હોય અને થોડે ભાગે અમારાં પોતાનાં યા મોટે ભાગે બહારનાં લખાણો લીપાઇ ગુંપાઇ જાય ત્યારે તેની જોખમદારી પણ અમારા પ્રિન્ટર, કમ્પોઝીટર, ટાઇપ–બીબાં ઇત્યાદિને શીર તમો ચોંટાડજો.

અમો પોતે

ભુતકાળમાં અમો પોતે કોણ હતા તે જાણવાને જો કે કોઇને હક નથી છતાં તે કંઇક દરજજે તમને વિદિત કરવાને અમો ડરતા નથી. આજના અમારા નવા સ્વરૂપમાં બહાર પડયા અગાઉ અમો ત્રણ તબકકામાંથી પસાર થયા છીએ. અમારો આ છાપો શરૂઆતમાં આજથી લગભગ ૯૦ વર્ષની વાત ઉપર છાપવામાં આવ્યો હતો. આ અરસામાં તેણે ત્રણ માલેકી જોઈછે. પહેલ્લી એક પારસી, ફરી પારસી અને ત્રીજી હીંદુ. પારસી માલેકીથી સ્થપાયલો એક છાપો ફરીફરીને પારસી માંલેકીમાં પાછો આવ્યાથી અમારા હમદીનો તેને હમદીન ઝનુનથી વધાવી લેશે તેમાં કાંઇ પણ સંદેહ

નથી. પહેલ્લી માલેકીની ડુબાડુબ ચાલાક અધિપતિનું મરણ અને પુંજીયાંની તંગીથી હતી. બીજી માલેકીની ડુબાડુબ કહેવાતા સુધારાની સ્થાપના અને

આ પત્રના સનીવારના અંકો માટે ચાલુ વાર્તાઓ લખી શકે એવો એક અન્ડર ગ્રેડયુએટ જોઇએ છે. જેઓ અતિ **પાવરફુલ અને દિલકસ પારસી સંસારનું ચાહોમ ખુન કરતી** વાર્તા લખી શકે તેઓએજ અરજી કરવી. લખનારમાં ઓછાંમાં ઓછાં ૮ થી ૧૦ અંગ્રેજી પુસ્તકો ગુંથી, ભરી ને સીવી લઇ એક **જોસબંધ પારસી સંસારી વળું ઉપજાવવાનું** જોમ હોવું જોઇએ અને તેની કલમનો **"ટચકો" દિલ પીગળાવનારો તથા તપાવનારો** બન્ને હોવો જોઇએ.

અને કહેવાતા કુધારાની પડતીથી હતી. ત્રીજી માલેકીની ડુબાડુબ જવા દોની—દેખઇતાં કારણોને લીધે દિલગીર છીએ કે તે અમો જાહેરમાં મુકી શકતા નથી. માત્ર એટલુંજ કહેવું બસ થશે કે અમો હજુ જીવીએ છીએ અને ભોંયે પડયા પડયા પણ અમારા મુદઇઓને લાત મારીશું. હે અમારા હેતાળુ વાંચકો, અમો બુઢા પણ છીએ અને જવાન પણ છીએ. તરેહવાર વિઘ્નો અને દુનિયવી ઉથલપાથલમાંથી પસાર થઇ આ નવા સ્વરૂપમાં બુઝર્ગીએ પહોંચ્યા છતાં અમો નવજુવાન છીએ અને ઘણુંક નવુંજુનું અમો તમોને કરી દેખાડશું. એક નામીચા જોતીશ મહારાજે અને પહેલ્લી પંક્તિના એક થિયોસોફીસ્ટે અમારા કાનમાં કહ્યુંછે કે અમારી દશા બૃહસ્પતીની છે અને અમારૂં આયુષ્ય કાગડાના આયુષ્ય જેટલું અચળ છે, જો કે આ બહુ હીણાયલાં પંખેરાની સંજ્ઞા ગણાવાને અમો રાજી તો અલબતાં નથી. આ જમાનામાં તો અલબતાં અમો મરનાર નથી પણ હવે પછીના કોઇક જમાનામાં જો અમારે માટે મરણ સરજાએલું હશે તો તેને શરણ થયા અગાઉ અમો અમારા તરેહવાર જુના અને નવા મુદઇઓને કબરંવાસ કરીને પછીજ મરશું. એન્શાએ-અલ્લા-એ-તાલા! અમારા પારસી ભાઇઓ આ બોલનું ગંભીર ખુન કરી

તેને "ઇન્શાલા તાલ્લા" બોલે છે તે ઉપર તેઓનું ધ્યાન અત્રે ખેંચેલું વ્યર્થ જશે નહીં.

અમારી પત્ર 'પોલીસી'

આ મથાળા હેઠળ લખાણુ કરવા અગાઉ આ પત્રના સ્ટૅન્ડીંગ કાઉન્સલ જેઓ એક કસાયલા અને જાણીતા સોલીસીટર છે તેઓનું ધરખમ મત અમોએ લીધું છે. કારણુ અમને ગંભીર શક હતો કે કોઇપણુ પત્રકારને શીર તેના જન્મ દિવસે પોતાની રાજયનીતિ શું છે અથવા થશે તે જાહેર કરવાની જોખમદારી લટકેલી હોય. અમને સલાહ મળીછે કે જો કે આ બાબતમાં કોઇપણુ પ્રકારની કાયદાપૂર્વક એટલે Legal ફરજ એક પત્રને શીર ચોંટાડવામાં આવી નથી છતાં આવી નૈતિક અથવા Moral ફરજ એક છાપાવાલાને શીર ચોંટેલી છે અને ચાલતો આવેલો રિવાજ તે બાબતની સહાદત પુરી પાડેછે. ભવિષ્યમાં અમને રવાજ સાથે બહુ કામ લેવાનું છે અને અમારી રાજયનીતિમાં તે બહુ મોટો ભાગ ભજવશે માટે અમારા કાઉન્સલની સલાહ અમોએ શીરપર ચઢાવી છે કારણુ અમો "મઝદક" નું માથું ધરાવતા નથી ! જો કે કેટલાકો તેમ માની લેવાને લજવાતા નથી !! અમારાં આગલાં સ્વરૂપમાં આ પ્રકારનું આળ અમારાપર મુકવાને તેઓ ચૂકયા નહોતા. હવે, 'પૉલીસી' બોલ કંઇ એક પત્રકારના બાબમાં અચુક નથી; કાળ અને સંજોગોને તપાસી 'પૉલીસી'માં પણુ એવોજ ફેરફાર કરવાને અમોને પુરતી છુટ છે, એવી અમોને અમારા સ્ટૅન્ડીંગ કાઉન્સલે સલાહ આપી છે. આમ કરવામાં અમોને કશી નડતળ નડશે નહીં કારણુ વાંચક આલમ અમારા અંકોનો કાંઇ સંગ્રહ કરી રાખવાની નથી, અને અમારી આફીસમાં આવી આગલી પાછલી ફાઇલો ઉથલાવનાર નથી. ત્યારે,

ારી શરૂઆતની 'પૉલીસી'-જે હંમેશાં ફેરફારને આધિન રહેશે તે આ
મ છે—સર્વેથી પહેલ્લાં અમો સરકાર દરબારને નમીને ચાલીશું કારણુ
તેમ કરવા વિના છુટક નથી. બાજે વખત સરકાર માબાપ અમને
ખોટું પણુ લગાડે અથવા પ્રજાકીય ટાંકણું ઉપર, જેવાં કે જાહેર
પાન, જાહેર દરબાર ઈત્યાદિ ઉપર અમને નોતરૂં દેવાના "અખાડા"
તો તેવું કાંઇ પણુ બન્યુંજ ન હોય તેમ અમો વાત ઉડાવી દઇશું.
દેશી રાજ્યકર્ત્તા આ અદના પત્રની મહીને દિ અમુક નકલો
દશે તો જ્યારે ત્યારે તક મળતાં તેની પોતાની કિર્તિનાં ઢોલકાં
ડવા અમો ચૂકીશું નહીં. અમો જોઇ જાહેર મંડળો અને જાહેર
ાની સામે અમો થઇશું, અને સંજોગ તપાસીને તેઓનીજ તરફદારી
ીશું. જો કોઇ જાહેર મંડળ અમને દમ ભરાવશે કે તમને જાહેર
ર આપવાને બંધ કરીશું તો અલબતાં અમો લગરીક પાછી પાની
શું, પણુ તેમ તો કયો છાપો નથી કરતો !? કોઇપણુ જાહેર
નાં જાહેર ભાષણો યા વિચારોને કિંવા કોર્ટ દરબારના રીપોર્ટોને
આ પત્રમાં જગા આપવી કે નહીં
તેનો સઘળો હક છલાકો અમારા
હાથમાં રહેશે. આ સઘળી બાબ-
તોમાં અમારા ત્રણુ ગૃથમાન બહે-
સ્તનશીન માલેકોને પગલે અમો
ચાલીશું. જરૂર પડવે અમો
સુધારાની તરફેણુમાં રહીશું અને
બાજે વખત કુધારાની તરફદારી
કરીશું. એતો, બા, જેવો વખત
તેવી વાત ! જેવો દેશ તેવો વેશ !
તમો અમારા વાંચક થયા એટલે
અમુક એકરાસ 'પૉલીસી'ને વળગી

ચર્ચાપત્રીઓને ખબર.

ાં સુધી આ પત્રમાં તખલ્લુસ
અથવા નનામાં લખાણો
ાં. મથાળાં કરવાની તકલીફ
નહીં. અમારી જરૂરીયાત
ેસ' ઇત્યાદિ ધ્યાનમાં રાખી
મારાં પોતાનાં 'પેટન્ટ'
મથાળાં અમો કરી
લઇશું.

ાની અઘટીત ફરજ પાડવાને તમને હકજ શો છે ? શું વર્ષ
તમો અમને અમુક રકમની ભીક્ષા આપોછો તેથી અમારૂં દલદર
ું ?! તમારા કરતાં તો અમને જાહેર ખબર આપનારાઓ, જેવા કે,

કંદોઇ, અત્તારીઓ, ટોપીવાલાઓ, ફેંટાવાલાઓ, કાપડીયાઓ, સિનેમેટોગ્રાફવાલાઓ, પટેટીનાં કાર્ડવાલાઓ, દવાવાલાઓ, હકીમ સાહેબો અમને હજારવાર વધુ વહાલા લાગવા જોઇએ કારણ તેઓ નાણાંનીજ માત્ર અમને બક્ષેશ કરતા નથી પણ નમુનાઓના સંગ્રહસ્થાનની પણ અમને નવાજેશ કરેછે, જેને માટે અમોએ ખાસ જુદી મોટી મોટી ટેબલો રાખી છે. ધાર્મિક, નૈતિક, સંસારી અને કેળવણીના બાબમાં અમારા વિચારો અમારા પોતાના રહેશે. આ વિચારોને બંધ બેસતો ટેકો આપવાને જો જરૂર પડશે તો કોમને અરધી યા એક સદી પાછલ દોરવી જવાને અમો ડરીશું નહીં. વખતો વખત અમો હિંદુ સુધારા વધારાની બાબત પર વિષયો લખતા રહીશું અને વખતો વખત હમકોમી સુધારાને અમો ચીમકી લગાવશું. અલબતાં આ સઘળી સેવા બજાવતાં અમો કાયદાની કમનસીબ ચુંગાલમાં સપડાશું. આમ તો બાજે વેળા વિલાયતી છાપો પણ સપડાય છે. આવા દયાજનક સમયે અમારા વાંચકોની માયા મેહરબાની ઉપર અમો પોતાને સોંપી દઇશું. પ્રિય વાંચકો, અમો સુધારાની કેડે રમેલા છીએ અને કુધારાના ખોળાપર ઝોંકા પણ ખાધા છે. બહારગામનાં અમારાં ગ્રાહકોનો સારો મત મેળવવાને અમો સદા આતુર રહીશું પણ તેઓ અમારી ઇતરાજીના ભોગ થઇ ન પડે તેની

સુચના:—અમારા હમદીનોની સંસારી નૈતિક અને ધાર્મિક સ્થિતિના સુધારા વધારા માટે કોઇએ પણ આ પત્રમાં પોતાના અંતઃકરણના વિચારો જણાવવાની તકલીફ લેવી નહીં, કારણ એ બાબતમાં અમારો અનુભવ અતિ જુનો, પુરાણો, પાકટ અને ‘ પાવરફુલ ’ છે.

ખુબ સંભાળ તેઓએ રાખવી. આ બહારગામવાસીઓ જયારે ‘રીટાયર’ થઇ મુંબઇમાં આવે ત્યારે તેઓએ અમારી સામે યા અમારા પત્ર સામે ચેંચું કરવું નહીં; તેમ તેઓ કરશે તો અલબતાં કોમ હિતાર્થે અમો તેઓની “ઇન્નપીલ” ધોઇશું. કોઇ વેળા અમો કાંઇ કારણ માટે બહારગામ જઇએ તો અમારી ઘટતી મેહમાનદારી અને આગતા સ્વાગતા સ્ટેશને

સ્ટેશન અને ગામેગામ બહારગામ વાસીઓએ કરવી પડશે તે માટે તેઓએ તૈયાર રહેવું; અને અમો તેના બદલામાં તેઓની તારીફનાં બાકાં અમારા પત્રમાં મુકવાને અમારી ફરજ સમજશું. અમો અમારી ભાષા ઉપર બનતો કાબુ રાખશું પણ જો કોઇક વેળા અમારી કલમનો રખશ કામનાભારે બોજાને સબબે અમોને લઇ નાસે તો તે માટે અમો પ્રજાને મોટું દિલ દેખાડવાને અરજ ગુજારી "સેહતાન ડાબો" કરીશું. અમારા મુરબ્બીઓએ

STOP PRESS.

આ પત્રના માલેક ખા. સા. મેહરનોશજી મીનોચેહરજી માલેગામવાલાને તેઓના એક દુરના બેશી મેહરનોશજી બગલાભગત સાથે ભેળી નાખવામાં આવેછે તેથી અમો જાહેર કરીએ છીએ કે ઉપલા શખ્સ સાથે આ 'દેશભક્ત' ને અને તેના માલેકને કશું પણ લાગતુંવળગતું નથી.

આ કહેતી સદા ધ્યાનમાં રાખવી કે "અમો કરીએ તેમ તમો ના કરો; તમારૂં ભલું જો તમો ઇચ્છના હો તો અમો કહીએ તેમ કરો."

છેવટની શુક્રગુઝારી.

અમારા મુરબ્બીઓને અમારા વિશ્વાસમાં લઇને અમારી રાજ્ય નીતિમાં અમોએ આટલી બધી હદે ડોકીયું કરવા દીધુંછે તેથી અલબતાં અમારા "હેતના કટકાઓ" ના હાથમાં અમારો લેખ આવશે ત્યારે તેઓ અમને બગલા ભગતની ઉપમા આપવાને અચકાશે નહીં પણ અમારાં ધરાકોની સાદી સમજ ઉપર અમને પુરતો વિશ્વાસ છે અને અમો ખાતરીથી માનીએ છીએ કે તેઓ અમને હંમેશાં પોતાનો કિંમતી ટેકો અને મદદ આપતા રહેશે. અસ્તુ.

પ્રકરણ ૨૫ મું.

'શીરીન મૅનશન': પાછલો વરંડા: સાંઝના ૬ નો અમલ.

ખા. સા.—શીરીન, શીરીન, જરા મહાધ્યાને કહેતો તૈયારી કરે.

મીસીસ ખા. સા.—ઓ વાય! હમણા છ વાગા ને તૈયારી શાની કરાવોછ! કીયો લૉર્ડ ડંકન હમણા તમુને મળવા આવવાનો છે? હવે એમ બી ને એમ બી સહવારેજ બોરાવજો.

ખા. સા.—નહીં, નહીં, શીરીન, મને હમણા દાઢી બોડાવવીજ પડશે.

મીસીસ ખા. સા.— જો મેહરનોશ, એ વરી મહીને દહારે રૂ. ૨૦) નો ફેકટનો ખરચ છે. તમે દાહરી કરવાનો એક ચોક્કસ ટાઇમ રાખો તો પાર્સના ડીક્સનનો હજામ કહેછ કે હું ખુશીથી આવું.

ખા. સા.—શીરીન, એમાં તું નહીં સમજે. જેટલો શો આપણે વધારે વધારે રાખશું તેટલો હમણા તો આપણુને ફાયદોજ છે. હું તો મદ્રાસી બારબર પસંદ કરતો હતો પણ તેણે ઘણો મોટો બુક પકડયો એટલે આને કબુલ કરવો પડયો. એ હજામોથી જેટલા બહારના ગામ ગપાટા આપણુને મલેછે તેટલા થોડાથી મળતા હશે. ચાલની, ચાલની, મહાધ્યા.

મહાધ્યો—શેઠજી, બાલ તો કંઇ થયલા દિસતા નથી.

ખા. સા.—કંઇ નહીં, કંઇ નહીં, એક સપાટો લગાવ.....તું પેલાને ત્યાં ગયો હતો કે? પટેટી લાવ્યો કે?

મહાધ્યો—હા સાહેબ, ગીયો'તો; તેવણે તો કેહયું કે અમારી "પોપેટી" તો ઘણા દહાડા થયા ગેઇ. હવે તો પુદચા સાલલા આવજો. શેઠજી, તમે બી પારસી, એ બી પારસી, એવણુની "પોપેટી" પેહેલ્લી ગેલી, તમારી પાઠી માગારી ગેલી—એમ કાંય?

ખા. સા.—ટેક કૅર, સંભાળ, સંભાળ; બધો સાબુ કાનમાં જાય છે! કંઇ નહીં, કંઇ નહીં, હજુ જરા 'ફ્રેમ' બરાબર થવા દે. પણુ એ પટેલ બીજું કંઇ બોલ્યો કે? એની બૈરી આગલ પેલો

ડાકટરે છે તેની બી દાઢી તુંજ બોડેછે કે ? તું અહીંયાં ચાકરી છે તે એ જાણેછે કે ?

મહાડ્યો—સાહેબ, એ મને પૂછતો'તો કે તું વાલકેશરમાં ચાકરી રહયોછ ? પણ મેં વાત ફેરવી નાંખી કહયું. કે સેલુનની નોકરી છોડી દીધી ને છુટક કામ કરૂંછ. બાઇનો ડાકટર તો "કરાપ બીઅર" રાખેછ ને સેલુનમાંજ કપાવેછ. નવલ બાબા મારી પાસે દાહરી કરાવેછ. તે દીવસે મને કહેજે "બચ્ચા, મેં સાંભળ્યુંછ કે તું માલેગામવાલાને તાંહ કામ કરેછ ને ના શું કહેછ! જો પકરાયોછ તો ખુરદો કરી નાખશ."

બા. સા—પણ મહાડ્યા, તેં સેલુનની નોકરી કાં છોડી દીધી ? તારા હીરજીભાઇ શેઠે સેલુન કાઢી નાખયું શું ? એનું ટટ્ટુ ચાલ્યું નહીં કે?

મહાડયો—નહીં કેમ ચાલે શેઠ ? હમણા તો ઘણાં સેલુન પારસી શેઠ લોક ચલાવેછ. શેઠનું એક સેલુન કાલબાદેવી પર ઠીક ચાલ્યું ને શેઠને લોભ લાગો એટલે ગીરાંટરોલ પર બીજું કહાડયું; તે ચાલ્યું, એટલે કાળા ઘોડા આગળ ત્રીજું કહાડયું.

બા. સા—પછી ?

મહાડયો—મંગ દિવાળા કાહરલા ! મોટા મોટા શેઠીયા લોક એમ દિવાળાં કાહરે આણી અમારા જેવા ગરીબ લોકને ડુબાવે એ કયી જાતનો એ લોકનો ધરમ ! !

બા. સા.—ઓ માઇ ! આસ્તે, આસ્તે; જો તેં ચપકો મુકયો !

મહાડ્યો—પણ શેઠ હું શું કરૂં ? મેં ગરીઆને ડુબાવવાની વાત કીધી ને તમે એકદમ ચોંક્યા.

બા. સા.—પણ પછી, પછી ?

મહાડ્યો—પછી સું સાહેબ ? ! મારો બી પાંચ મહીનાનો પગાર ડુબયો. શેઠે બધાં સેલુન બીજાના નામ પર ચહડાવયાં ને લાહ લીધી ! છ મહીના રહીને "યુરપ શાપ" કાઢી; તે વીકુન ફોટોગરાપ કંપની કાઢી. શેઠ હજુન આમી ગરીબ લોક બરા. મને મારો બાપ પૂછતો'તો કે મોટા મોટા "લાટ" સાહેબો ને જજ સાહેબો એવું અંધેર કાંય ચાલવા

હેતા હોશે! સરકાર શું ડોલા બંધ કરીને બેઠી હશે કે એ લોકો એવું હરામ કામ કરેચ. શેઠ, આપણુ ચોંકલે કશાલા ?

ખા. સા.—તું નહીં સમજે, તું નહીં સમજે. કેમ, મી૰ પટેલ, તમે શું કહો છો? તમારી એ સ્ટુપીડ ખોડ હજુ જતી નહીં ?

પટેલ—સાહેબ, હું તો જરા પૂછવા આવેલો કે ઉતું પાણીબી કંઇ જોઇશે ખરૂં કે ? ને આય મહાબ્યાની વાત એવી મજાહની લાગે કે જરા સાંભરતો ઉભો. તમુને બી સાહેબ, એ "લાહ" નો કંઇ અનુભવ ખરો કે ? એ કેમ લેવાય સાહેબ ! તમુને તો મોટો લાગવગ છે ને કંઇ બનતું હોય તો બંદાને વાસ્તેબી કંઈ કરો.

ખા. સા.—એટલે ? શું તમે "લાહ" લેવા માંગો છો, મી૰ પટેલ ? તમે શુ કંઇ વેપલો કીધો છે ? તેમ હોય તો બોલી દો ! મારા નોકરો ખાનગીમાં વેપલો કરે તે મને બીલકુલ પસંદ નથી.

પટેલ—નહીં રે સાહેબ, મેં તો ફકત મેહરીનો વેપલો કીધો એટલે સોરટી કાહરી, એટલે એની સોરટી મને લાગી; પણુ તમે જો કંઈ એકુ દુકાન બંદાને કહરાવી આપો ને પછી ૬ મહીને વરસ દહારે બંધ કરાવીને ".લાહ" અપાવો ને અમારૂં કુર કુર ચાલ્યા કરે તો મેહરી ને હું તમુને ઘણી દુવા દેસું સાહેબ.

ખા. સા.—કપાલ તમારૂં! મી૰ પટેલ, જે વાતમાં આપણે નહીં સમજીયે તેમાં માથું નહીં મારીએ. એ "લાહ" લેનારાઓનું જીવતરજ જાણતું હશે કે તે લઇને તેઓ શું ફાયદો મેળવેછે. કોઇ કોઇ વખતે ગમગીની લાગે તો કોઇ વખતે 'આફ્ટર ડીનર અવરે' કંઇક ખુશી જેવું લાગે.

પટેલ—એટલે, સાહેબ, જરાક "ચહરાવેલો" હોય તાહરે કે?

ખા. સા.—હા, ત્યારેજ તો. પણ જ્યારે નહીં ચહડાવેલો હોય ત્યારે તો આપણાં માબાપને યાદ કરવાં પડે. મી૰ પટેલ, તમે હવે મુગા મુગા જયાં છો ત્યાંજ મરી રહો. ચાલો, જાઓ, પાણીની તૈયારી કરો. શીરીને પેલાંને તેડેલાં છે તે હમણા આવતાં હશે.

પ્રકરણ ૨૬ મું.

શીરીન મૅનશનનો એક સાઈડ રૂમ. પહેલ્લાં આદર અને આલાં એકલાં મીસીસ ખા. સા. આલાં સાથે આગમચથી રચેલી યુકિત મુજબ આદર ન જુએ તેમ દાખલ થાય છે.

આલાં—પણ, આદર, મને કેહોની, તમે 'લૉજ'માં શું કરોછ?

આદર—નાનસન્સ ! મેં સોગંદ લીધેલા છે.

આલાં—બર્યા તમારા સોગંદ ! એમ તો પણુતી વખતે એકબીજાને સાચ્ચાં નિવડવાના ને સદા વળગી રહેવાના કેટલા બધા સોગંદ તમે માટીડાઓ લેવોછ ને તે કે'દહારે પાળોછ? જુઓ, તપાસજો, આપરાં શીરીનબઇને બી એ બાબતમાં મેહરનોશજી સાથ રોજ પંચાતી થાયછ. શીરીનબઇ જીમખાનાનાં મૅમ્બર છે તે વિઝિટર્સ ડે પર મેહરનોશજીને મેહરબાનીની રાહે તાંહ લઇ જાયછ પણ શીરીનબઇએ હવે મેહરનોશજીને સાફ નોટીસ આપીછ કે તમે મને 'લૉજ'માં લઇ નહીં જશો તો હું જીમખાનાનો ઉંબર બી તમુને કોઈ દહારો ઓળંગવા દેવશ નહીં. શીરીનબઇ તો કહેછ કે હેદ્રાબાદમાં મીસીસ નસરૂલ્લાખાન ને સીકંદ્રાબાદમાં મીસ આઇચાઇ ફ્રીમેસન થઇ ચૂકાંછ. તેવણુ મને સમજાવેછ કે તારા આદરને સમજાવ કે આપુને બે જણાંને ડ્રેસ બદલાવી માટીડાઓ તરીકે ખુલ્લે ખુલ્લાં 'લૉજ'માં લઇ જાય. કહેજે આગલ એક મડમે એક 'ગ્રાન્ડ ફાધર કલૉક'ની પેટીમાં ભરઇ 'લૉજ'માં ચાલતું બધું કામ કાજ જોઇ લીધું હતું.

આદર—તે તો ખરૂં. પણ તરતજ 'ટાઇલર'એ તે મડમનું ડોકું તલવારથી છટકાવી નાખ્યું તે એટલા જોરથી કે ગબડતું ગબડતું.....

મીસીસ ખા. સા.—(જાહેર થતાં) ગબડતું ગબડતું, મી૦ આદરજી, તમારા ધડપર આવી બેઠું ! તમે લોકો ફ્રીમેસન થાવોછ તેમાં એટલી દમબાજી શાની કરોછ? તારે-મારે પૈસે પેટની પુંજાતો કરોછ; સારાં સારાં ડીનરો ને વાઇન ચમ્પીન ભળતાં નહીં હોય તો તમારી 'લૉજ'ના કકડી વકડી જતા મેમ્બરો વરસે એક વખત બી હૉલની મુલાકાત લે નહીં.

પણ આઈ સે, આદરજી, તમે તાહ શું ધોળોછ ? ઇંગલીશમાં તો તમે ઠેઠ ગીયું ગાડું છેઓ તાહરે શું આખ્ખો વખત બાજુનાનું હેન્ડલ પકરી તે કોઇ ઉઘાડી નહીં નાખે તેની તપાસ રાખ્યા કરોછ કે ? મેહરનોશ કહેતા'તા કે તમે તાંહ—માફ કરજો હં—જરાક લદ્દુજી ઘણા થઇ જાઓછ, ને એક બે વખતે તો તમે તમારો હાથ તમારાં પોતાનાં ગજવાંને બદલે મેહરનોશનાં ગજવાંમાં નાંખેલો.

આદર—ત ..ત...તે તો જ.. જ...જરા ભૂલથી——

મીસીસ ખા. સા.—અલબત્ત, ભૂલથીજ તો વરી. પણ, એ તો ફ્રીમેસનરીના ફાયદા ! સાધારણ ડીનરપર એમ ભૂલથી બી કોઇના ગજવામાં હાથ મુકી દઇએ તો કંઈ નવું જુનું થઇ જાય ! ને મેહરનોશ કહેતા'તા કે તમે બે ચાર જણને નામે મુસારો બાંધી આપવાની અરજી બી કીધીછ; ને મેહરનોશ કહેતા'તા કે એવણે તમુને ૫૦૦) રૂ. તો ઉછીકા આપ્યાછ ને વરી વધારે માંગોછ; ને મેહરનોશ કહેતા'તા...

આદર—(સ્વગત) મેહરનોસ મરે તારો પાછલી રાતે ! નાદર તો કહેતો 'તો કે દોસ્ત આદર ફ્રીમેસનરીથી ભેદનો પરડો તારી આસપાસ સદા પરેલો રહેસે, પણ આય બેવી બૈયરે તો એક લેહજામાં તે પરડાને ખીસાડી મુકયો (જાહેર) અહેં...આલાં—મકુંજે-શીરીનબઇ...

મીસીસ સા. ખા—કંઇ નહીં, આદરજી, કંઇ નહીં, ગભરાવો ના ; એ તો હોય. મેહરનોશે મારી જાણ વગર તમુને પોતાનાં બે કોટ, ત્રણ પાટલુન, છ ખમીસ, ચાર મોજાંની જોડી ને બે બુટ મોકલી આપ્યાં તે મેહરબાની કરીને પાછાં વાળજો. મારી જાણ વગર એવણને કંઇ કંઇ એમ લોકોને આપી દેવાની ખરાબ ટેવ પરીછ ! કાલે મુવા ઘાંચીને રેશમી છત્રીજ આપી દીધી; તે દહારે ભાણ્યાને સુન્ના જેવું ગરમ ગંજીફાક આપી દીધું; ધોવે ધોવે ફાટે નહી તેવુ ઉતું. પેલે દહારે બાયને આંઠજ દહારાનાં વાપરેલાં રેશમી નેકટાઇ ને કોલર આપી દીધાં.

આલાં—કાન ફાડીને સાંભળો. તમે તો કોઇ દહારો કોઇને અધીર્ં બી ઉચકીને આપતા નથી.

આદર—પણ મ...મ... મોરી પાસ બર્યુંછ સું કે આપું ? ઓર રાઇટ, ચાલ, તારાં વરસની સારી તુંને અપાવસ.

મીસીસ બા. સા.—જુવો, મી૦ આદરજી, હું મેહરનોશને સુધારવા માંગુછ, તેથી એવણે તમુને આપેલી બધી ચિઠ્ઠી, પેલી પાંચસો રૂપિયાની 'લોન' સુધ્ધાં, મને મોકલી આપજો. એવણુને એ રીતે ચાનક લાગશે કે પછી હું તમુને એ બધી ચિઠ્ઠી પાછી મોકલી આપશ, ને તમે પેલા બીજા ૨૦૦ રૂપીઆ માંગોછ તે બી મોકલી આપશ. પછી તમારી જોગવાઇએ મને પાછા વાળજો. યે !—એમ શું કરોછ ? આય વિંટી મારી સામે શાની ધર્યા કરોછ ?

આલાં—કોણ જાણે એવણનાં ભેજામાં ભૂત ભરાયછ તાહરે જમતાં, બેસતાં, ઉઠતાં, કાઇ વખતે બુઢાં બપઇજી સામે તો કાઇ વખતે મારી સામે, તો કાઇ વખતે રામા સામે એમ વિંટી તો ધર્યા કરેછ !

મીસીસ બા. સા.—એ તો મેસોનીક વિંટી છે ને કહેજે એક મેસન બિરાદર બીજાને પીછાનતો નહીં હોય તાહરે તેની સામે એમ વિંટી એક બિરાદર ધરે તો પેલો ઝટ સમજી જાયછ કે તે મેસન બિરાદર છે, બાકી બપઇજી ને રામો એમાં શું સમજે ! કેમ, તાહરે મી૦ આદરજી, તમારી એ ફ્રીમેસનરીની 'સિકરેટ' તમે અમુને નહીં કહો ?

આદર—(ખીસાંમાંથી સીગરેટ ઝટ બહાર કાઢી) ઓઇ યસ, લેવોની.

મીસીસ બા. સા.—શું લે ? એતો સીગરેટ છે. તમારી 'સિકરેટ' એટલે તમારી છુપી વાત, મી૦ આદરજી ?

આદર—જી હા, પણ તે કંઇ છુપી વાત નથી. જુઓની, આપરા બખતાવર શેનશાહ ક્વીન્સરોડપરથી પસાર થતા'તા તહારે હું, છે તે કરીને, બનાજીનાં આતસ બેહરામનાં મુખરાપર ઉભેલો ઉતો, તે છે તે કરીને, જેની તેવણુની ગારી મારી આગલ આવી પુગી કે, છે તે કરીને, મેં ઝટ વિંટીવારી આંગલી ઉંચી કીધી કે, છે તે કરીને, સેહનસાહે પોતાનો હાથ સેંકીન કરવા લંબાવતા હોય તેમ કીધું પણ નફ્ફોદ ગેઇ પોલીસને અદેખઇ લાગી તે...

મીસીસ ખા. સા.—તે તમારી કીંમતી આંગલી છટકાવી નાંખી.

આલાં—ઓ વાય, ફીરીનબઇ, તમે બી શું કોતક પારોછ! એવણુની એ આંગલી તો કોઈ સાથે વધેર્યું તે તેને મુવાએ મરડી નાંખી ને સારી નહીં થઇ તે ડાકટરે કાપી નાંખી.

મીસીસ ખા. સા.—હં, એમ છે? પણ, આદરજી, તમે 'લૉજ' માં ભાષણ કરોછ તાહરે બી એમ "છે તે કરીને" "છે તે કરીને" બોલ્યા કરોછ કે? ને તે વખતે વરશીપફુલ માસ્તર શું કહેછ? પણ. ચાલો, તમારી છુપી વાત અમુને કહેશો તો-તો-આવો, કાનમાં કેઉ....

આદર—(એક ગજ ઉછલી પાછો હેઠે આવી) બાપજી!! પાંચસો રૂપિયા! પાંચસો રૂપિયા!! પણ.. પણ...સોગંદ...સોગંદ ..

આલાં—(કાનમાં) અરે સોગંદ ગીયા જહાનમમાં. એ તો કુવામાં પરી કુતરી ને સમ ગીયા ઉતરી. મુગા મુગા મોંઢા કરો; તમારા સોગંદનું પાપ માગ માથે! વરી એમ સોગંદ કે'દહારે પાળતા'તા? બરી રોજ દસ દસ સીગરેટ પી ધરમનું ડુબાડુબ કરોછ, કોઇ દહારો સદરો એરણે, તો કોઇ દહારે કરતી ખુંટીએ; પેલો મુવો મારવાડી ટાંચ લાવવાનો છે એમ તમે બોલતા'તા ને બધાં હાલ્લાં ઉચકઇ જશે

મીસીસ ખા. સા.—જુઓ, મી૦ આદરજી, ઘણું થશે તો અમે બધાં સાબેત કરશું કે એ પારસી તો ઘેલો છે ને ઘેલાપણામાં એને એક બે વખતે આપઘાતની કોશેશ બી કીધી'તી .....

આદર—પણ તે તો મેં જેલમાં જવાની ખાસ્તાથી કીધું!

મીસીસ ખા. સા.—ઓજબ! અહીંયાં તો કંઠાં પાણી મુવેલાં છે; એક 'સિકરેટ' બહાર કહારવા જાઉંછ તો બીજી આપસી મેલે બહાર આવેછ! મી૦ આદરજી, અમે કહીશું કે તમે ઘેલાપણામાં એક વખતે એક જણ પર ખૂની હુમલો કીધો'તો...... .

આદર—અરે પણ તે તો...એ રાસ્કલ ..નસલુએ મને ઘણોજ

ઉસ્કેર્યો ને પાસે ખુલ્લી છરી પરેલી, મેં તેને વાસ્તે તો હું છ...છ .. મહીના, અરે, વરસ જઇ આવેલો. [ધપ દઇને ધપકારો, ઠપ દઇને ઠપકારો!]

આલાં—ઓ વાય, મરેરે, ત...ત...તાહરે તમે સ...સ... સખત મજુરી સાથે બી જઇ આવેલા !. તાહરે, હવે, તમારા બરડા પરનાં ઘસારાનો ભરમ હું સમજી.

મીસીસ ખા. સા.—(સ્વગત) ઓજન્ના ! મેં શું કાચ્યું કાપ્યું ! આય તો બધી 'સિકરેટ' પર 'સિકરેટ' બહાર આવેછ. એથી વધારે 'સિકરેટ' તો ફ્રીમેસનો તરફથી હું શું જાણુવાની ઉતી ? ઉઠ, આલાં, ઉઠ, જા બા, એમ નહીં કરીએ. બૉય. જાનો, જરા મરીની ચાહ કરી લાવ. ચાલ આલાં, બરી એ લોકની ફ્રીમેસનરી. હમણા ભાણ્યો ગારી બાણુના પર લાવશે. આપરે વિકટોરીયા ગાર્ડનમાં થઇ, સિનેમેટોગ્રાફને આપરી હાજરીનું માન આપી ઘેર આવશું. આદરજી ને મેહરનોશ તો 'લૉજ'માં જવાના છે, ને તું આપરી સાથેજ જમજે. હમણાજ દહારી કરાવીને એવણ નાહવા બેઠાછ.

*　　*　　*　　*

મીસીસ ખા. સા.—સાહેબજી, મેહરનોશ.

ખા. સા.—એ તારી "સાહેબજી"માં હંમેશ કાંઇ ભરમ સમાયલો હોયછે ! જયારે બી તું મારી પર કાંઇ ફતેહ મેળવેછે ત્યારે તું એ 'સીગનલ' કરે છે.

મીસીસ ખા. સા.—જુઓ, મેહરનોશ, જે તમે નહીં કરી શકયા તે મેં સહેજમાં બજાવ્યું. બૉય, પેલી ટ્રે લાવ લેઓ મેહરનોશ, આય તમારાં ખમીસ, આય તમારો સુટ, આય તમારાં મોજાં, ને લેઓ સાહેબ, આય તમારી રૂપિયા પાંચસોની ચલણી નોટ જે સદાની પસરી જવા વાસ્તે તમે રાત દહારો અફસોસ કરતા'તા. ધીરે, ધીરે; એ નોટ પર હવે તમારેથી તરાપ મરાશે નહીં. એમાં બીજા રૂપીયા તણુસો ઉમેરી હું આય મુંબઇ નગરીને કંઇ નવુ જુનું કરી દેખાડવા માંગુંછ.

ખા. સા.—પણ, તે શું ? જરા મને તો કહે, શીરીન ?

મીસીસ ખા. સા.—નહીં બનશે. તમે ફ્રીમેસનોની 'સિકરેટ' ને અમારી તે 'સિકરેટ' નહીં કે? પણ, મેહરનોશ, હું જો જીતું તો તમે મને શું આપશો ?

ખા. સા.—પણ તું જીતે ત્યારેની ? જો શીરીન, અમારી 'સિકરેટ' જાણવાનાં ફાંફાં મારવા કરતાં તું એકકી આય ઇટેલીયન સીગરેટ ટ્રાઇ કર. મારા એક ફુવાજી હતા તેવણનું કાતરીયું બુઢાપામાં ધસ્યું તે એટલી હદે કે બાજે વેળા અંગવસ્ત્ર પણ રાખે નહીં. તેવણ એક જાણીતા ફ્રીમેસન હતા. તેવણને પીપીયાંનો શોખ ઝાઝો હતો. અમે છોકરાઓ તેવણની તે માનીતી ચીજની લાલચ દેખાડી તેવણની જુવાનીની વાતો પૂછીયે. સઘળી વાત જે જાહેરમાં પણ ન મુકાય તેવી તેવણ અમને બડાકા સાથે કહે. પણ જેવી ફ્રીમેસનરીની વાત આવી કે આ બુઢો દિવાનો રડી પડે ને હતો તેના કરતાં વધારે ઘેલો દેખાય, ને હાથોના ચાળા કરી કહે કે "તે તો, બા, હું નહીં જાણતો-તે તો, બા, હું નહીં જાણતો" ને ખરેખર બોર બોર જેવડાં અશ્રુ ખેરવે. આવી એક નહીં પણ અનેક કોશેશો અમોએ કરી. તે દિવસથી મારી જીજ્ઞાસા ઉસકેરાઇ ને મેં મનમાં ગાંઠ વાળ્યો કે હું મોટો થઇશ ત્યારે ફ્રીમેસન થઇશ પણ, શીરીન, હવે એ મારી જીજ્ઞાસા ફળીભૂત થયા કેડે હું એટલું તો માનુંછું કે મેં કંઇ મોટો વાઘ માર્યો નથી. વળી એક બીજી વાત કહું મારા એક ફ્રેન્ડની બૈરી કાનાસોરીવાલી હતી ..અરે, છે અરે, હતી. લે, હવે, એટલાંમાંજ તારી જીજ્ઞાસા ઉસકેરાઇ! મારાથી "છે" બોલાયું એટલે તું તેનું નામ જાણવા ઇચ્છે છે. હવે, તું શું એમ ધારે છે કે મારા મિત્રનું ને તેની બૈરીનું નામ ખુલ્લુ જાહેર કરૂં તો હું તેઓને ગેરઇન્સાફ ન કરૂં ? જો, શીરીન, તું તો સ્યાણી છે, મારી વાત સાંભળીને તું જો મને વચન આપશે કે આલાં આગલ વાત નહીં કરશે તો હું તે લોકનું નામ બી તુંને જણાવશ. જો ત્યારે, મારા મિત્ર 'ક'એ પોતાની મીસીસને કહ્યું કે "હે, મારી વાહલી નાજાં"...

મીસીસ ખા. સા.—હુરરે ! એ તો પેલા દાદી પરીની નાજાં. હરવાયા તમે માટીડાઓ ! કહેજે અમે ફ્રીમેસનો તો મરતાં બી 'સિકરેટ' જાહેર કરીએ નહીં ને આય તો એક મીનીટમાં ફરરરર ફુસ કરી દીધું...

તાહરે, તમારા દાદી પરી બોલ્યા કે "'' હે મારી વાહલી નાજાં "——

બા. સા.—શીરીન, તું એમ કર્યાં કરશે તો વાત આગલ કેમ ચાલશે ? પણ, જો સાંભળ: દાદી પરીએ કહ્યું કે "નાજાં ડીઅર"...

મીસીસ બા. સા.—"હે મારી વાહલી નાજાં" નું હવે "નાજાં ડીઅર" થયું. નહીં, નહીં, ચાલો, હવે હું મુગી રહેવશ; આગલ ચલાવો. લેવો તમને મહેનત નહીં પડે કરીને હું અર્ધાં વાકય બોલી જાઉં: "હે મારી વાહલી નાજાં"

બા. સા.—રામટ ! દાદીએ કહ્યું કે, "નાજાં તું કાનાસોરીવાલી છે ને તું કહેછ કે હવે તું સુધરીછ તો મારે તારી તપાસ લેવીછ. જો હમણા સાત વાગાછ, આઠ વાગે આપરે જમવા બેસશું; આય ઢાંકેલી ડીશ છે તે જો તું એક કલાકના અરસામાં ઉંઘાડે નહીં તો હું તુંને કિંગ જયોર્જના બખ્તાવર મુખડાના એકસો ને એક નવા કોરા રૂપિયા એકી ટગરે ગણી આપું." "કબુલ છે, કબુલ છે" નાજાંએ છાતી ઠોકી કહ્યું. એક કલાક દાદી પાસેના ઓરડામાં ફિડલ વગાડતો બેઠો પણ ડીશ તરફ ચીમાઇને જોતો રહયો. નાજાંએ અર્ધાં કલાક તેજ ડીશ તરફ ટીકયા કર્યું. "દાદી તો ફિડલ વજાડેછ, જરાક એમ બી ને એમ બી ડીશ ઉઘાડીને ઢાંકી દેઉં તો એ કાંહ જાણવા આવવાનો છે." હા ને નાની તેણીના મનમાં લડાઇ જાગી ને હંમેશ મુજબ હા એ ફત્તેહ મેળવી. જેવું ડીશ ઉંઘડયું કે માંહેથી એક નાનું ફેફસ્યું જીવ લઇ નાઠું ને તેજ સમયે "ઓ માયરે" કરી એક ધપકારા સાથે નાજાંએ ડીશનું ઢાંકણુ નાખી દીધું જે ડીશ ઉપર પડતાં તે સુંદર વસ્તુનો સમુળગો નાશ થયો. દાદીએ અલબતાં તેજ પળે દેખાવ દીધો ને નાજાં ચાંઇ પડી તે ખાધાપીધા વિના સુઇ ગઇ ને એક અડવાડીયું ઘુમટો ઘાલ્યો. સમજયાં મારાં શીરીનબઇ ?

મીસીસ બા. સા.—જી હાં, સમજયાં. ને તમે સાહેબ સમજયા કે તમે કેવી નમુનેદાર કમ્પનીમાં ફરોછ. ને તમારી ફ્રીમેસનરીમાં કેવાં કેવાં કાલાં મેઢાં છે ?

બા. સા.—નમુનેદાર કમ્પની ? ફ્રીમેસનરીમાં કાલાં મેઢાં ?

બચ્ચીત, શીરીન, તું તો હવે છેકજ ફ્રાસ્ટ જાયછે. પછી વળી હું કાંઇ બોલીશ તો તું થોબરો ચઢાવશે

મીસીસ બા. સા.—લેરે, કેહોની, જોઉં, શું કેહોછ?

બા. સા—ત્યારે, તમારા જીમખાનામાં બધાં......

મીસીસ બા. સા.—હં, તમે કહેવા માગોછ કે અમારાં લેડીઝ જીમખાનામાં બી કાલાં મેઢાં છે. હોય બી ને નહીં બી હોય, પણ તેથી કંઈ એમ ઠરતું નથી કે તમારી ફ્રીમેસનરી એવાં મેઢાં ધરાવતી નથી. કોણ જાણે બા, તમારા હોલની પેલી દિવાલ ઉપર તલવાર ને બરછી ને ભાલા ઓળવોછ તે વટી એ કાલાં મેઢાંને ગુપચુપ કતલ કરતા હોશો; ને વળી ફ્રીમેસનરી પડી ને બધું ગુપચુપ થાય એટલે એ 'સિકરેટ' બી કેમ બહાર આવે?

આલાં—(ચમકીને ખડી થઇ) એ માયરે, તાહરે શું મારા આદરને બી એમ ગુપચુપ કતલ કરશો કે! શીરીનબઇ હું તો આજે મારા આદરને હરગીઝ તમારા મેહરનોશજી સાથે 'લૉજ'માં જવા નહીં દેવાની. ગમે તેવા છે પણ મારા વર; જો હું તમારે પગે પડું [ગુંઠણુ મંડીયે પડેલી આલાં બા. સા. ના હાથ ધરેછે.]

આદર--(ઓચીંતો દાખલ થઇ) એ આય શું ફેસતા! નાપેકાર, તારી ઉપર મને પહેલ્લેથીજ શક ઉતો. તું આય પારકા મરદનો હાથ સાનો ચુમેછ! હું એનો ટોટો પીસસ. બચ્ચા નાદર, તું લુચ્ચો છે, દગાખોર છે, લોકોની બૈરીને ચોરી લઇ જાયછ.

મીસીસ બા. સા—ઉભા રહો, મી૦ આદરજી, તમારાં ખાનદાની ઘેલાપણાંએ ફરી એકવાર તમારી ઉપર ગલબો કીધોછ. શું તમે બીજાઓની બૈરીની ચોરી કીધી હોશે તે તે લોકના વરની હાજરીમાંજ કીધી હોશે? મારા મેહરનોશ તમારી બૈરીને ઉપાડી લઇ જવા ઇચ્છતા હોય તો તે તમારી માફક છુપાછુપ કરે કે પોતાની બૈરાની હાજરીમાં?

આદર—(સ્વગત) બચ્ચીત, આય બૈરી કોઇ જાદુગરણી છે! એને કેમ જાણ્યું કે હું પારકાંની બૈરીને બી ઉઠાવી.. ...

મીસીસ ખા. સા.—જુઓ મી૦ આદરજી મારી તરફ જુઓ ને પછી તમારી બૈરી તરફ નજર ફેંકો ને પછી મને કેહો કે મને છોડી તમારી બૈરીને ઉડાવી જવાનું મેહરનોશને કંઇ બી કારણ હોય કે ? તમે જો મેહરનોશજીની જગાએ હો તો એમ કરો કે ?

આદર—પણ ત...ત...તાહરે, છે તે કરીને...

મીસીસ ખા. સા.—એ ત ત...ને પ...પ...છોડો; તમારી નાદર જબાનને શું કરવા તકલીફ આપોછ ? એ તો મેં મશકેરી કીધી કે ફ્રીમેસન હૉલની દિવાલ ઉપર ટાંગેલી તલવારથી, જે કાલાં મેઢાં તેમાં પેત્રસ થયલાં હોય તેઓની કતલ કરવામાં આવેછ. તમારી આલાં સમજી કે મેહરનોશ આજે તમારી કતલ કરશે ને ગુપચુપ તેજ હૉલમાં તમુને ડાટી દેશે.

આદર—પણ, તાહરે એ નાપેકારે એમ માની લીધું કે હું બી એક કાલું મેઢું છેઉં ? !

મીસીસ ખા. સા.—અરે, હારે જી. હવે તમે કાલા મેંઢા નહીં ને કાલા બકરા છેઓ. (તેના કાનમાં) જુઓ લાંબી ટૂંટું કરશો તો પેલા કબુલેલા પાંચસો રૂપિયા બી મેળવવા પામશો નહીં. (જાહેર) જાઓ હવે વખત થઈ ગીયો, ભૂતખાનામાં ભમી આવો, પછી બીજી વાત. મેહરનોશ, વળી તમે શાના હરણફાર થઈ ગીયા ? મેં આય નમુનેદાર ફ્રીમેસન બિરાદરના કાનમાં વાત કીધી તેથી તમે એમ સમજોછ કે હું એની સાથે નાહસી જવાની છેઉં ! તમારા બી કુટુંબમાં કંઇ ઘેલાપણું ખરૂં કે ? તેમ હોય તો, આલાં, આપરે બેઉ કેવાં કમનસીબ ! તું બિરાદર આદર ઘેલાને પણુની ને હું ફ્રીમેસન બીરાદર મેહરનોશને બસ પડી ! ના રડ, ના રડ, આલાં, ચાલ, તુંને મોટરમાં ટ્રીપ કરવા ગમેછ તે આપરે મેહરનોશની મોટરમાં બેસીને જહુએ. એ બે બિરાદરો મારી લૅન્ડોમાં જશે. સાહેબજી, મેહરનોશ; સાહેબજી, આદરજી.

પ્રકરણ ૨૭ મું.

મનીજેહનો રૂમ. મની પોતાના ભાઇ સોહરાબ સાથ વાત કરતી નજરે પડે છે.

સોહરાબ—મની, હું તુંને કંઇ પ્રાઇવેટલી પૂછવા માંગુછ.

મની—ખરેખર, કેવું અજબ જેવું ! હું બી તુંને કંઇ પૂછવા માંગુછ.

સોહરાબ—એટલે તું બી શું કંઇ મને પ્રાઇવેટલી પૂછવા માંગતી'તી કે ?

મની—હા.

સોહરાબ—પણ પેલાંઓ આવી પૂગશે તો ?

મની—પેલાંઓ? મારો સોહરાબ તો કંઇ બહાર કામે ગેયલો છે ને લુસીફર તો મમા ને આલાં સાથે હમણાજ મોટરમાં ગેઇછ.

સોહરાબ—બરોબર છે. એ તો લુસીફર શૉપીંગે જવાની છે ને તેને સૅક્રેટરી સાહેબ સોહરાબની જરૂર પડી તે બેઉ જણાં સાથે મોટરમાં સીંચાયાં. મમા ને આલાં વિકટોરીયા ગાર્ડન તરફ હેરીયું લેશે ને મીસ્ટર ઍન્ડ મીસીસ, અરે, મી૦ મોરીસ ને મીસ લુસીફર કોણ જાણે કાંહ હેરીયું લેશે! મની તું ઠગાતી દીસેછે. તું ધારેછ કે એ સોહરાબ મોરીસ તારીપર ફિદા છે ને હું ધારતો'તો કે લુસીફર મને 'લાઇક' કરેછ પણ એ તો દેખું મારા પૈસાને 'લાઇક' કરતી'તી ને મોરીસ તારા પૈસાને 'લાઇક' કરતો'તો પણ બાતેનમાં તો એ લોક એક બીજા પર ફિદા છે.

મની—તું ભૂલતો હોશે, સોહરાબ. મારા સોહરાબે મને ઘણી વખતે પ્રોમીસ આપીછ કે મારા સિવાય એ કોઇને બી ચહાશે નહીં. લુસીફરે કઇ તુંને એમ ખુલ્લી પ્રૉમીસ આપી નહીં હોશે.

સોહરાબ—કારણ લુસીફર તારા સોહરાબ કરતાં વધારે લુચ્ચી છે. મેં કોઇ બી દહાડે એને મારો હાથ ખુલ્લો ઑફર કીધો નથી પણ

છું એને ચહાઉં છ એમ મેં એને ખુલ્લું સમજવા દીધુંછ ને. એને બી મને એવુ દેખાડયુંછ કે હું જો ખુલ્લી માંગણી કરૂં તો એ તે કબુલ રાખશે.

મની—સોહરાબ, જો મારો સોહરાબ મને દગો દેશે તો હું તો મારો જીવ કહારી નાખશ; જો કે મેં મમા પપાને વાકેફ કીધાં નથી પણ અમે મનમાં તો સમજી રહેલાં છઇએ.

સોહરાબ—લુસીફર મને જો દગલબાજ નિવડશે તો હું તો મારો જીવ નહીં કહાડશ પણ એનો જીવ લેવશ. મની, મેં તુંને ઘણી વખત સમજાવી કે છોકરીની જાતને એવી વાત છુપી રાખવી જોઇએ નહી.

મની—પણ તાહરે તેં આય તારી વાત કાંય છુપી રાખી ?

સોહરાબ—મેં છુપી રાખી કારણ હું કોઇબી દિવસ નક્કી ઠરાવ ઉપર આયો'તો નહીં. મની જો, સોહરાબ તુંને દગો દેશે તો હું—તો હું—

મની—નહીં નહી, સોહરાબ, તું એવું કંઇ કરતો ના. હું હવે એને ખુલ્લે ખુલ્લી અપીલ કરશ ને પછી જો એ નહીં સમજશે તો હું પપા મમાને બધું ખુલ્લું કરી દેવશ. મને લાગેછ કે લુસીફર ઉંડા પાણીમાં રમેછ એમ મારો સોહરાબ સમજતો લાગેછ છતાં એ એની 'બ્યુટી'થી અંજઇ ગીયોછ. સોહરાબ, જરા બારણું બંધ કર, હું તુંને કંઈ કહેવા માગુંછ. આય જો—એ લુસીફરનો એક ખાનગી કાગલ મારા હાથમાં આયોછ. રામસીંગ વાગો લેવા આયો તાહરે એ બહાર કહરઇતી ને એના ગાઉન્સ એ બાજુએ કહારી ગેઇતી તે મેં ધોવા આપ્યાં. એક ગાઉનના અંદરનાં ગજવાંમાંથી રામસીંગે મને આય કાગળ કહારી આપ્યું, મેં તે મારા કબજામાં રાખ્યુંછ. એની મદદથી એનો પગદંડો આપરા ઘેરમાંથી કોઇ દહારે કહારશું ને પછી હું સોહરાબને પણુનીને સુખી થવશ ને તું——

સોહરાબ—ને હું જહાનમની ખારીમાં જવશ.——

મની—નહીં, નહીં, સોહરાબ, એમ ના બોલ.. એ ખોદા, છતે પૈસે કેવી હાડમારી ! મમા બીચારાં રાત દહારો પપાનો બરાપો કરેછ—

સોહરાબ—ને પપા બીચારા બે વખત લાહ લઇ બાઇબાવરીઓને રડાવી મમાને પૈસે મોજીયાં મારેછ, ને ખાલી 'શો' ને ખાતર આપરૂં બધાંનું સત્યાનાશ વાળેછ–કેમ ખરૂંની ! એ તો, બા, સચ્ચઇની ગોળી સદા કડવી હોયછ. મની, મની, તુ ના રર. મને લાગેછ કે જો આપરે લુસીફરને દુર કરશું તો સોહરાબ તુંને જરૂર પનશે. હું બી ધારૂંછ કે એ તારે લાયકનો છે ને તારે ખાતર હું મારી ગુમાનીનો ભોગ આપશ. એમાં આપરે આગલ કેમ વધવું તેનો બરાબર વિચાર કરી હું તુંને જણાવશ, તેટલાં આપરે કંઇ ભેદ જાનતાંજ નહીં હોઇએ તેવો દેખાવ તું કરજે ને હું બી તેમજ કરશ.

પ્રકરણ ૨૮ મું.

'દેશભકત' ની ઓફીસ. સબ એડીટર હોમી અને ચીફ રીપોર્ટર રતન લખતા દીસે છે. સામેની બાજુએ બે ટેબલો ને બે ખુરસી–એક ખા. સા. મેહરનોશજી માટે અને બીજી નાહની માટે ખા. સા. ની ટેબલ બે પગથીયાંવાલા એક પ્લેટફોર્મ પર ને નાહનીની એક પગથીયા વાલા એક પ્લેટફોર્મ પર. નાહનીને હાથમાં સદરા બદીયાનની પોટલી અને મ્હોંમાં સીગાર સાથ આવતો જોઇ સબ એડીટર હોમી રીપોર્ટર રતનને ઠેસ મારે છે. એક પ્લેકાર્ડ અધિપતિની ટેબલને માથે ટાંગેલો છે જે ઉપર નીચલો લેખ નજરે પડે છે :—

ઉંચી બેઠકે બેસીએ છીએ,
લાંબી લેખણે લખીએ છીએ,
લાખ ઉલથાપીએ છીએ,
ને સવા લાખ ઉગામીએ છીએ.

હોમી—ટેક કેર, રતન, પેલું ધરણુ આવેછ. મ્હોડામાં 'આતશ બહેરામ" તો છેજ ! વરી ભેજાનો ખીમો ને માથાંનું દહીં થશે !

રતન—હાંખરો કાંહ ગીયો ? તાહરનો પછવારે ગીયોછ તે હજુર આયોજ નથી. (નાહની તરફ જોતાં) આજે તો પેલો કંઇ બધો પસીનો પસીનો થઇ ગેયલો લાગેછ.

[નાહની અકકડમાં ટોપી બાજુ મુકી સળગેલી સીગાર મેજ ઉપર મેલી દે છે.]

એક સીપાઇ—સાહબ, સીગરેટ સીળગેલા હય, એ કાગજ સબ જલ જાયગા.

નાહની—બુજા દાલો, બુજા દાલો. ચાલો, આવી પહોંચ્યા તો ખરા. માઈ ડીઅર સીગાર, ગુડ બાઇ ફૉર ધ પ્રૅઝન્ટ. આઇ સે મી૦ હોમી, આઇ સે મી૦ રતન, કેમ તમુ લોકને દીસતું નહીં કે, હું આયોછ તે ?

હોમી—નહીં મી૦ નાહની, અમોએ તમુને હમણાજ જોયા. કામનો બોજો જરા વધુ છે. (પાછો લખવા માડે છે.)

નાહની—આઇ સે, આઇ સે, તમે લોક ઘણા '૨૬' છેઓ. કાકાજી આયાછ કે ?

સીપાઇ— (વચમાં પુરાઇ) બરા સાહબ આયા હય, પીછારી ગયા હય.

નાહની—મી૦ રતન, મારો કંઇ ટપાલ આયોછ કે ?

હોમી— (બાજુમાં) કહે કે, તારા બાપનું કપાલ છે. ટપાલનો વાંચવાવાલો બી તેવોજ પડયોની !

રતન—તમારો ટપાલ તો કંઇ નથી મી૦ નાહની, પણ પારસલ પોસ્ટમાં આય કંઇ પૅકેટ આવેલું છે. ઉપર 'સૅમ્પલ સીગાર્સ ઓન્લી' કરી લખેલું છે.

નાહની—અરરરરર, એ પારસલ ઑફીસમાં કોણે મોકલ્યું ? તમારા લોકનું એ કંઇ કાવતરૂં છે ! એ નજરે પડવું નહીં જોઇએ (ખાનામાં ઠેસવી દે છે) ગરમી તો એટલી પડેછ. હમણા અહીંયાં મનીજેહ નથી તેટલાં જરા સદરો લેંગો પહેરીને ખરેગાટ થઇ જાઉં ,

[પોટલી ઉઠાવી માહેલા ખંડમાં જાયછે.]

હોમી—નફ્ખોદ ગીયાપર ચીડ બી લાગેછ ને હસવું બી આવેછ.

રતન—પણ એ ઇડીયટ હોયછ તાહરે કંઇ કામ થતું નહીંની ?

હોમી—પણ રાતના નાટકમાં જવાના પૈસા બચેછ તે ? બધો નાટક તો આખ્ખો દહારો અહીંજ જોઈ લઈએછ !

રતન—યાર, મને જો જરા ટાઇમ હોયની તો હું તો એક "ત્રણ અંકી" એવો લખી કહાડું કે વાંચનાર ને જોનારની ફીફરીજ ફાટી જાય !

હોમી—એમ કે ? તું તો ગમે એવું ઉત્તમ બી લખશે પણ આપરા લોકોને ટાહેલાં 'પ્લે' ને પ્યારના પીંજારા વાંચવાની આદત પડેલી એટલે પછી તારો પ્લે કેમ ઉંચકાવાનો ? પણ ચાલ, પેલો બહાર આવેછ.

નાહની—વાહ ! હોમી, રતન, આય લાંબા લચ સદરા, લેંગા બદીયાન ને ઉંડી ટોપી સાથે હું આગલા વખતના શેઠીયા જેવો નહીં લાગતો વારૂં ? ન્યુસપેપરવાલા પડયા એટલે જરા ઘરાકોને રાજી રાખવા લાંબો સદરો ને બદીયાન બી પહેરવું પડે, નહીં તો બા આપરાં બધાં ઘરાકો ગભરઇને નાહસી જાય ! કેમ ખરી વાત કેની, મી૦ હોમી ! મી૦ રતન, કેમ બોલ્યા નહીં ? [હોમીને રતન જવાબ આપે તે અગાઉ ખા. સા. આવી ચહેછ] અલ્લો, કાકાજી, હું તાહરનો આવીને બધો નવો જુનો બી થઇ ગયો ! તમે કાંહ ગયા'તા ?

ખા. સા.—પેલા દીનકુબાઉઓ આવતી કાલે પોતાની મિટિંગ ભરવાના છે તે લોકની ઝાટકણી ઉતારવા એક આર્ટીકલ નિરાંતે લખતો'તો, માઇ ડીઅર બૉય. પણ બેટા, તું આજે એટલો લેટ કેમ ?

નાહની—કાકાજી, હું જરા ઘેરે નચીંતે "ખરો જરથોસ્તી કોણને કહેવો ?" તેની ઉપર એક આર્ટીકલ લખતો'તો.

હોમી—(બાજુમાં) મુવા તમે આર્ટીકલના લખતા. આખ્ખો દહાડો બધું વૈતરૂં તો હું વેઠુંછું. એક ઘેર ઉંઘાતો'તો ને બીજો પાછલા ઓરડામાં ઘોરતો'તો !

ખા. સા.—ચાલો, છોકરાઓ, હવે કામે વળગો. હજુ તો આજનો પોસ્ટ બી જોયો નથી, ને રૂના ભાવતાલ બી વાંચ્યા નથી. કેમ મી૦ રતન, આજે પોલીસ કોર્ટમાં ગયા હતા કે ? શું રીપોર્ટ લાવ્યા છો ?

રતન—હાજી સાહેબ, આજેતો આખો વખત ત્યાંજ હતો. એ ત્રણ 'કેસ' ઠીક મળી ગયા છે.

નાહની—કાકાજી, શું ધારોછ, હુંબી રીપોર્ટર થાઉં તો કેમ ? આય રતનને રોજ કેહુંછ કે મને થોડો થોડો વખત કોર્ટમાં લઇ જા પણ હરગીઝ થઇને એ તેમ કરતો નથી.

હોમી—(બાજુમાં) પણ તું કોડીનો નથી તે અધીંનો કરીને કેમ લઇ જાય ?

રતન—જુઓની સાહેબ, પહેહલો કેસ સેતલવડ આગલ હતો. એવું જણાયછ કે ગઇ કાલે ખુરશેદજી ખામગામવાલાનો બેટો એરચ બેંક બે પરથી સાઇકલ પર જતો હતો તેટલામાં મી૦ ધનજીશા ધના પટેલની મોટર ધમધમ કરતી પાછલથી આવીને એરચની સાઇકલને અથડી પડી ને તે સહેજે બચી ગયો. મેજીસ્ત્રેટે મી૦ ધનાપટેલપર સમન્સ આપ્યા છે. સાહેબ, મેહરબાની કરી ફરમાવશો કે આ કેસને કયા વર્ગમાં લઇએ: A, B, કે C ?

નાહની—કાકાજી, ઑનરરી મેજીસ્ત્રેટ તરીકે એ કેસ તમારી પાસે કેમ નહીં આયો ?

ખા. સા.—બેટા, એમાં પેલા ઇન્સપેક્ટર પ્રેસ્ટનની કંઇ ગંભીર ભૂલ થયલી લાગે છે. એ જ્યારે ત્યારે સેતલવડ આગલજ દોડી જાય છે. આવતા બુધવારે અમારી બેઠક છે ત્યારે હું એની સખત ખબર લઇશ. બધા સારા સારા મુકદમા એ એમજ સેતલવડ આગલ ધસડી જાય છે.

નાહની—પણ કાકાજી, એ A, B, C કલાસ શું છે ? એ તો કંઇ નવાં કોતક લાગેછ !

ખા. સા.—બેટા, હમણા હમણા આપણા મુદઇઓ ઘણા વધતા જાય છે તેથી આપણને એક ખાસ 'કોડ'ની ઘણી જરૂર છે. મેં ફરમાન આપ્યું છે કે જ્યારે A વર્ગમાં એક કેસને મુકવા કહું ત્યારે તેને સાધારણ તરીકે ગણી સામાન્ય રીતે ટ્રીટ કરવો; B માં કહું ત્યારે થોડી નરમીસે થોડી ગરમી જમાવવી; એવું નહીં લખવું કે જે પાછલથી આપણી વિરૂધ જાય અથવા જ્યારે વખત આવે ત્યારે ફેરવી તોલવામાં

મુશ્કેલી નડે. C વર્ગને આપણી બ્લુ બુક સાથે ઘાડો સંબંધ છે. C વર્ગમાં જ્યારે એક કેસ આવી જાય ત્યારે યાદ રાખવું બેટા નાહની, યાદ રાખવું મારા પુરાણા ને માનીતા સબ ઍડીટર, યાદ રાખવું મારા કારસાજી રીપોર્ટર કે તે નાચીઝ આદમની સખતમાં સખત ખબર લેવી ને વળી તેજ વેળા કોઇપણ વધુ હુકમની વાટ જોયા વગર તે કેસને બ્લુ બુકમાં દાખલ કરી દેવો.

નાહની—કાકાજી, આય રાસ્કલ એરચ તો રસ્તે શેરીએ મારી ઠેકરી કરેછ. અમારા સ્મોકીંગ રૂમમાં એ અવાર નવાર ઢીંગાણું મચાવેછ.

ખા. સા.—ખરૂં કહયું બેટા. મુકો એ રાસ્કલને C કલાસમાં. No mercy for him. ને જુઓ મી૰ રતન, પેલું આપણું પેટન્ટ મથાળું મુકવાને ભૂલતા ના.

નાહની—કાકાજી, તે વળી શું ?

ખા. સા.—માઈ બૉય, આપણા 'કોડ'ના ૧૫) મે પાને તું જોશે તો ૧૩) મી આઇટમ તુંને "પેટન્ટ મથાળું" કરીને મળશે. એનો મીનીંગ એ થાય છે કે જે માણસની સામે આપણા પેટમાં ટાઢક હોય તે જ્યારે બી આપણા સપાટામાં આવે ત્યારે મથાળું એવું કરવું કે તે ગમે એવો આબરૂદાર માણસ હોવા છતાં લોકો તેને તેથી ઉલટોજ સમજે. ચાલો, મી૰ રતન, બીજો કેસ શું હતો ?

રતન—સાહેબ, બીજા કેસમાં એક પારસી નામે હોરમસજી હોશંગજી હોજગર ઉપર તેના શેઠ સાથે રૂ. ૧૦૦) ની નોટના સંબંધમાં ઠગાઇ કરવાનો આરોપ હતો. આ કેસમાં એ ધણીને એક મહીનાની તુરંગ યા તો રૂ. ૨૦૦) નો દંડ મૅજીસ્ત્રેટે ફરમાવ્યો છે. એ કેસને કયા કલાસમાં મુકયે ?

ખા. સા.—જુઓની મી૰ રતન, એ માણસ છે તો લુચ્ચો, બાપ-દાદે લુચ્ચો, પણ આપણને ઘણો કામનો છે. હમણાઃ હમણા પેલો એરવદ જહાંબક્ષ આતશ બેહરામો ધુજાવી રહયો છે ને પેલા કૉનફરંસીયાઓ થીયેટર ધુજાવી રહયા છે. વળી પેલો ધી ન્યુ થીયેટ્રીકલ કુઃ નો માલેક જે આપણો કદો મુદઇ છે તેનો 'ગુલશને ચમન'નો ખેલ મોટાં

ઑડીયંન્સો ખેંચે છે. હવે, આ હોમલુ હોજગરૂ તથા એની પાર્ટી આવે આવે ઠેકાણે જરૂરની વખતે તોફાન મચાવવામાં ઘણી ઉપયોગી છે, ને એ લોકના moral support ની આપણુને ઘણી જરૂર છે. ધારો મી૦ રતન, કે તમે એક જાહેર પત્રકાર છો ને તમારે શીર મોટી જોખમદારી લટકેલી છે ને તમને આપણા જેવી દહીં દુધ પૉલીસી અખત્યાર કરવી છે તો તમો આ માણુસને કયા કલાસમાં મુકશો વારૂ ?

રતન—સાહેબ, A કલાસમાં હું તેને મુકું.

ખા. સા.—બરોબર કહયું, મી૦ રતન. હું ખુશી છું કે તમે અમારા પ્રૅસને શોભા આપો છો ને આશા રાખું છું કે કોઇ બી દિવસ બહાર તમારૂં ગમે એવું ભલું થતું હોય તોપણ આ પ્રૅસના નાના લવાજમ ઉંપર સંતોષ પકડી તમારી બાકીની જીંદગી અહીંયાંજ ખતમ કરશો. કારણ તમારી કેળવણી ને નામના માટે બાલેબાલ તમો અમનેજ આભારી છો, પણ, ચાલો હવે, પેલો ત્રીજો કેસ કયો ?

રતન—સાહેબ, એ ત્રીજો 'કેસ'તો ઘણો વિચિત્ર છે ! આ કેસમાં દોરાબજી દારખાઉ જેવણુ એક ચુસ્ટ થિયોસોફીસ્ટ ને વૅજીટેરીયન છે તેવણુને પેલા નાનાભાઇ નાણાવટી કૉનફરંસીયા સાથે ટપાટપી થતાં અરસપરસ સમન્સ લેવાયા છે, પણ મૅજીસ્ત્રેટના સમજાવ્યાથી આ બાબતમાં સમજુતી થઇ સામસામા સમન્સ ખેંચી લેવામાં આવ્યા છે. સાહેબ, મારી મુશ્કેલી એ છે કે થિયોસોફીકલ પંથને તમે અંતઃકરણથી ધિક્કારો છ, ને વળી કૉનફરંસીયાઓ તો આપણી 'બ્લુ બુક'માં અત્યાર અગાઉ જગ્યા પામી ચૂકયાછ.

હોમી—સાહેબ, આ બાબતમાં મી૦ રતનની મુશ્કેલી હું જોઇ શકતો નથી. એ મુશ્કેલી તો આપણુને હરદમ નડતી આવીછ. થિયોસોફીસ્ટો ગમે તેવા હોય છતાં આ 'દેશ ભકત' સાથે તેઓનો સંબંધ જુનો ને ઘાડો છે; તેઓની ને આપણી વચ્ચે એક તરેહનો બીનલખાયલો લેખ છે: "તમે અમારી વચ્ચે નહીં અને અમે તમારી વચ્ચે નહીં—બીનજરૂરની વખતે જુદાઈ, જરૂરની વખતે સગાઇ." ત્યારે, સાહેબ, આ કેસ દેખીતો B કલાસમાં આવી જાય.

ખા. સા.—ખરૂં, ખરૂં, મી૦ હોમી. પણ એ બાબતમાં તમારે મી૦ રતનને આગલથી લેસન આપીને ત્રેન કરવા હતા કે જેથી મારો કિંમતી વખત બરબાદ થતે નહીં. હું દિલગીર છું કે એ સબબસર હું તમારી હુશીયારીની કાંઇપણ ખાસ નોંધ લઇ શકતો નથી.

હોમી—(બાજુમાં) અરે એ તો પગાર નહીં વધારવાની હંમેશની 'ટ્રીક' છે. એ નફ્ફોદગીવાને જ્યારે બી પગાર વધારવા કહીએછ ત્યારે એમ ખેંચતાણ કરેછ. કહેજે ડોકરો પોતાના ઘેરમાં તો નોકરો સાથે ઘણા દુલ્લા જીવથી વર્તે છે ને અહીં કાંય કરકસર કરી મરતો હોશે!

રતન—ઘેરના નોકરો સાથે ઘણા દુલ્લા જીવથી વર્તવામાં એની કંઇ મતલબ હોશે, ને વરી અહીંયાં તો પૈસા પેલા નાહનીના રોકયાછ ને તે તો એવો છે કે ગટરમાં અર્ધી પડી ગેઈ હોય તેબી દાંતે ઉંચકવા જાય!

ખા. સા.—અહલો, કોણ? કેરસાસ્પજી કૅનવાસર? કેમ કેરસાસ્પજી શું ખબર લાવ્યા? કંઇ નવી જાહેર ખબર મેળવી કે? મારૂં પેલું ખાનગી કામ બજાવ્યું કે?

કેરસાસ્પજી—સાહેબ, એ ખાનગી કામેજ મારો એટલો બધો વખત લીધો કે નવી જાહેર ખબર આજે કંઇબી મળી શકી નથી. સહવારના ૮ વાગે ઘેરથી નીકળ્યો તે સિધ્ધો ને સિધ્ધો ગ્રાંટરોડ એરચશા કું. માં ગયો. એ લોકોને સમજાવ્યું કે તમે 'સ્નાન સમાચાર' ના અધિપતિને જાહેર ખબર આપોછ એ અમારા શેઠના મત પ્રમાણે......

ખા. સા.—અરે, તમે શું કહ્યું? "શેઠના મત પ્રમાણે" એવી બાબતમાં, કેરસાસ્પજી, મારૂં નામ તો તમારે "સેસ"માંજ રાખવું જોઈએ. આપણે કરવું એક ને દેખાડવું બીજું જોઇએ; મી૦ કેરસાસ્પજી, આપણો જમણો હાથ કરે તે ડાબો ન જાણે. જો ફરીથી એવી ભૂલ કરશો તો પીનલ કોડની, અરે......

કેરસાસ્પજી—નહીં રે સાહેબ, એ તો જરા મારી ભૂલ થઇ. એરચશા કું. ને મેં સમજાવ્યું કે એ 'સ્નાન સમાચાર'ના અધિપતિ ને માલેક દીન ડુબાણુંછે, એ લોકો જુદદીન્યા છે. વળી મેં એમ પણ ઉમેર્યું કે એ પેપર તો હવે જે વખત જાયછ તેમાં ટાંટયા વાળી દેશે, એટલે એને જાહેર ખબર

આપ્યાંથી કંઇ બી ફાયદો થશે નહીં. 'આખરે મેં એ લોક• પાસથી પ્રૉમીસ લીધી કે એ પેપરમાં ફરીથી એ લોકો જાહેર ખબર આપે નહીં.

નાહની—લેઓ, એવણે પોતાનો રૂ. ૧) સહી કીધો.

ખા. સા.—અરે, અરે, નાહના, બેટી બાપ તું તો નાદાનજ રહી ગયો. એવી વાત તે શું મોટેથી બોલવાની છે !?

નાહની—હા પણ, કાકાજી, એવણ કંઇ નવી જાહેર ખબર તો લાયા નહીંને વરી રૂ. ૧) એવણનો તો પાકો !

ખા. સા.—બેટા, એતો ઉંડી પેપર 'પોલીસી' છે. એના ભિત્તરમાં તુંને ઉતરતાં હજુ વખત છે. એ તો એકની પડતી ને બીજાની ચઢતી. પણ, પછી—પછી—મી૦ કેરસાસ્પજી, તમે બીજું શું કીધું !

કેરસાસ્પજી—સાહેબ, ત્યાંથી નીકળેલો પાધરો હું ભૂલેશ્વર 'ધી ન્યુ ચાઇના ટી એમ્પોરીયમ'માં ધસ્યો. જતાંને વાર મૅનેજર મને સામો મલ્યો ને મેં 'ગનફાયર' છોડી: "અરરરરરર, કેશવલાલ શેઠ," મેં કહ્યું, " આ તમે શું નાદાનીયત કરો છો ? એ 'હિતોપદેશ ' છાપો તો બધા ઠેક્યાં ઝાટક થઇ ગયો છે, સરકારની નજર એની પર ચીટકીને બેઠેલી છે. પુરી પાધરી એની ૨૦૦) નકલ બી નીકળતી નથી, ને તમે એને જાહેર ખબર આપી નાહકમાં ફસી જશો. જે દહાડા જાયછ તેમાં એને ત્યાં જાપટો બેસશે. એ‌ી રીતે એક ઉધરતા ઉદયોગની ખાનાખરાબી થાય તેથી અમારા શેઠનો જીવ તો બળી જલીને ખાક થાય છે "

નાહની—પણ, આપણું પોતાનુ લાકડુ કંઇ ઘાલ્યુ નહીં કે !

કેરસાસ્પજી—નાહ્લા શેઠ, તમે હજુ એ વાત સમજયા નહીં. જંજીરના બંદ પહેલ્લાં તોડયા પછીજ જંજીર તોડી શકાય છે. પહેલ્લેજ દહાડે જો આપણું લાકડું ઘુસાડયે તો સામો ધણી આપણી મતલબ સમજી જાય. કેશવલાલ શેઠ બોલ્યા: " તમારી બહુ મેહરબાની, કેરસાસ્પજી, કે તમે મારી આંખો ખોલી. એ 'હિતોપદેશ' વાલો અમારો ન્યાતીલો છે ને મને એનીપર દયા આવી માંટે જાહેર ખબર આપી. પણ હવે, જાહેર ખબર હું આપું તે કયાં ? તે દિવસે તમારી

ઓફીસના ઓલા આદરજીભાઇ આંવ્યા હતા તેવણુ 'સ્નાન સમાચાર 'નાં રૂદન ગાઇ ગયા. તમારા પત્રમાં અમારી જગા ન કરો ?" મેં તો કહ્યું કે હમણા અમારી જાહેર ખબરની કાલમો ઉપર એવું તો દબાણ છે કે તમારી જાહેર ખબરની જગા થાય એમ બીલકુલ દેખાતું નથી પણ અમારા ખાનસાહેબને સમજાવી થોડીક 'સ્પેસ' હું તમને અપાવીશ. ત્યાંથી હું નીકળ્યો ને ગોવાળ્યા તળાવ તરફ ગયો.

ખા. સા.—પણ તમે ગ્રાંટરોડથી ભૂલેશ્વર ગયા ને ભૂલેશ્વરથી ગોવાળ્યા તળાવ પર ગયા. ત્યારે પહેલ્લાં ગોવાળ્યેજ કાં નહીં ગયા ? મી૦ કેરસારપજી, તમે મારાં બી વરસ વેચો છો ? એમ આડાતીડા ફ્રટીને ગાડીભાડાંની બે આનીમાં તમે ઉમેરો કરોછો ! જે તારીફના શુકનો હું તમારે માટે ઓચરવા જતો હતો તે મારા હોઠની અણીપર આવી બીલકુલ સુકાઇ ગયા.

રતન— (હોમીને) જોયો કે તાલ મેરયો ' કોઇને જરા જશ ખાટવા દેતોજ નહીં !

કેરસારપજી—સાહેબ, ગોવાળ્યા તળાવ ઉપર બેજન બ્રધર્સે ગાંધીની દુકાન કહાડીછ. બેજન મને જોતાંને વાર બોલ્યો કે, "મારા સાહેબ, આટલે દિવસે કયાંથી દીસ્યા ? પેલાં બે રોજીડાં ને એક અથવાડીકમાં તમે મારી જાહેર ખબર બંધ કરાવી ને તમારી કાલમમાં લેશો કે નહીં તેને માટે મને ટવલાવ્યા કરોછ ?" મે કહ્યું કે તમુને ટવલાવે તેને પરવરદેગાર ટવલાવે દસ લાઈનનાં ત્રણ ઈનસરશનના રૂ. ૧૫) થશે; એ જરા તમુને ભારી લાગેછ પણ અમારી રોજીંદી ૭૭૦૫ નકકલ ગારંટીડ નીકળે છે. કોઈ બી મુંબઇ કે બહારગામની એવી શેરી ન હશે કે જયાં અમારૂં પત્ર જતું ન હોય. લાવો, સાહેબ, તમે શું ફરવા તકલીફ લેઓછ, મનેજ રૂપિયા આપો, હું તમુને રિસિટ લખી આપું.

ખા. સા.—પણ ભલા આદમી, તમારો એક રૂપિયો તમે એનીજ પાસ મતરાવી કાં નહીં લીધો ?

નાહની—કાકાજી, મને બી કેનવાસર થવાનો શોખ થાયછ. તમારી રજા હોય તો થોડા દહાડા મી૦ કેરસારપ સાથ હું આપણી મોટરમાં જાઉં.

આ. સા.—બેટા, એ કામ તારૂં નથી, ને વળી તું એમ ખુલ્લી રીતે જાહેર ખબર કૅનવાસ કરે તે આપણને ઠીક દીસે નહીં; ત્યારે તો આપણા મુદ્દઇઓ છુટથી બોલે કે અમે એ લોકને "બગલા ભગત" કહીએછ તેમાં કંઇ ખોટું છે ! ચાલ, હવે જતે. નહીં, મી૦ કેરસાસ્પ, એટલા ઉતાવલા ના પડો, કાલે હું તમારો હિસાબ નક્કી કરશ. એટલામાં કંઇ વળ્યું નહીં. હું જ્યારે જોઇશ કે વિરોધી છાપાવાલાઓની કાલમો ઉપરનો દરોરો ખરેખર ઓછો થયો છે ત્યારે તમારી લાયક કદરસનાસી કરીશ. પેલો માણેક મખ્ખીચુસ થિયોસોફીસ્ટ રોજ મારૂં માથું ખાઇ જાય છે કે મારે ત્યાં કોઇ દહાડો તમે આવતા નહીં. એની બૈરી મક્કી જો કે ઘણી શીખેલી નથી પણ બડી ઠાવકી ને પક્કી છે. થિયોસોફીસ્ટોને એ અંતઃકરણથી ધિક્કારેછ ને દરેક માણસને જોતાંને વાર તેની 'કૅરેકટર' પારખી કહાડે છે. થિયોસોફીને હું ધિક્કારૂં છું, એ મખ્ખીચુસ પર બી મને ધિક્કાર છુટે છે, પણ શું કરૂં ? છાપો ચલાવવો એ કંઇ ખાવાનું કામ નથી. ભલા ભલા ઇંગ્રેજી પત્રના ઍડીટરોને બી એમ કરવું પડે છે તો આપણે શી બીસાદમાં !

પ્રકરણ ૨૯ મું.

માણેકશા મખ્ખીચુસનું મકાન. માણેકશા એક બગલમાં "પુરાણ" અને બીજી બગલમાં 'ભગવદ્ગીતા' લઇ બહાર જવાની તૈયારીમાં દીસે છે. મંગલદાસ માધવદાસ દલાલ તેટલામાં આવી ચઢે છે.

માણેકશા—જે ગોપાલ, મંગલદાસ શેઠ, જેગોપાલ. પધારો. આપના દર્શન કાજે ડોલા ફાડી રાહ જોતો હતો. કેમ છો ? આનંદમાં તો ખરાની ?

મંગલદાસ—આ આવ્યા તો ખરા, બેઠા તો ખરા ને વળી તમ દીઠે આનંદ તો અપાર. ઓલા શેરનાં વેચાણ કાજે આવ્યો છું. શેર બજારમાં જતા હો તો ચાલો સાથેજ બાહેર પડીયે. પણ, માણેકશા શેઠ, આ પોથીઓ શેની ? નાનકડી કોડીઓજ છે હો ! ઓલી તમારી 'અવસ્તા' કહે તે એજ કે ?

માણેકશા—બાપુ, એ તો મહાત્મા વાણી છે. એ વાણીએ અમને વાચા અને આંખો બન્ને આપ્યાં છે. શુદ્ધ ગુજરાતીનો ભાસ એજ અમને આપે છે.

મકકી—અરે, જી, એ તો ‘ભગવદ્‌ગીતા’ને ‘પુરાણ’ છે. એ તો પારસી કોમની માહેતમ વાણી છે, મંગલદાસ ભાઇ.

મંગલદાસ—માણુકબાઇ, આપ મશ્કરી કરોછો, મશ્કરી. પારસીઓને ‘ગીતાજી’ સાથે શું કામ ?

મકકી—અરે જી, તે એવણ બી ત...ત...તમારીજ જાતવાલા છેની !

માણેકશા—મુગી મર, મકકી, મુગી મર, નહીં તો માહેતમ અહીંયાં તારી માય-મમઈ કરશે (તેણી સામે ધસવા જાય છે.)

મંગલદાસ—હં હં, બાઇશાબ, બાઇડીની જાત છે; હાથ ઉગામશો નહીં. (માણેકશાએ ટેબલ ઉપર મેલી દીધેલી ચોપડીઓ ઉંધાડી) અરે, શીવ! શીવ! ખરેજ આ તો ‘ગીતાજી’ છે ને આ તો પવિત્ર ‘પુરાણ’ છે. માણેકશા શેઠ, આપ શું પુરાણ ભકત છો ? !

મકકી—અરે જી, ધ...ધ...ધોતીયું પહેરીને પ...પ...પુંજા બી કરેછ !

મંગલદાસ—હોય નહીં, બાઇ, હોય નહીં. માણેકશા શેઠ, આપના ઘરવાલીની કાંઇ ભૂલ છે. આ તમારા દાસે બહુએ પારસી પારસણોને ધુણતાં ને માનતા ચઢાવતાં દીઠેલાં, તાબુતને નમતાં ને હોળીને નાળીયર ચઢાવતાં જોએલાં, મોત માવલીને મોમબતી ચઢાવતાં સાંભળેલાં, પણ પારસી ‘ગીતા ભકતો’ તો, બાપના સમ, સાંભળેલા પણ નહીં ને દીઠેલા એ નહીં.

માણેકશા—મંગલદાસભાઇ, શું કહું ! આ પુસ્તકોએ અમને નામના મેળવી આપી નામચીન બનાવ્યા છે. અને અમને નામના નહીં પણ ખરેખર કામના ભાઇબંધ મેળવી આપ્યા છે. આપણી બન્નેની પીછાનની ગાંઠને પણ એ સાબુત બનાવશે. ‘ગીતા’ વિના હું આંધળો

હતો, પુરાણુ વિના હું પરતંત્ર હતો. (તપકીરની દાબડી આગલ ધરતાં) લો, જરા આ 'મઝ્ઝે રૈશન' લો. આ પુસ્તકો સંગાથ એ દાબડીને બી પીછાનતાં શીખો. એક વાર તમો અમારી 'કૃષ્ણુ' ને 'બ્લાવાટસ્કી લૉજ' માં ન આવો, મંગલદાસ ભાઈ ? ત્યાં અમારા મહાત્માઓ ને ચેલાઓ સાથે અમો તમારી પીછાન કરાવીશું. આપણા જાણીતા તબીબ ડા૦ ઍંદીના પત્નિ પણ ત્યાં આવે છે. અને મારા મિત્ર ખા. સા. મેહરનોશજી માલેગામવાલા પણ એકવાર રાહગાટ જોવા ત્યાં આવનાર છે. ઓહો, નામ દેતાંને વાર એવણુજ આવ્યા. આવો, ખાનસાહેબ, આવો. આજ તો જાણે હું જીવતાં જીવત સ્વર્ગે સીધાર્યો.

મંગલદાસ—'લાજ' ? એ ઓલા ફ્રીમેશનોના ભૂતખાના વાસ્તે આપ બોલો કે, માણેકશા શેઠ ? આ બલાવાટસકી લાજમાં તો, બાપુ, બધી બલાઓ આવતી હશે; આ પોત્યાંદાસનું ત્યાં શું કામ ?

[મીસીસ ઍંદી અત્રે આવી પહોંચે છે. માણેકશા તેણીને શેકહૅન્ડ કરે છે; અને ઇસારતથી મંગલદાસને લલચાવવા તેણીને તેના તરફ હાથ લંબાવવા કહે છે. મંગલદાસ ખુરશીમાં અર્ધો મરડાઇ મોચડાઈ જાય છે અને દેખઈતા હર્ષથી પારસી "લાડી" ને જીંદગીમાં પહેલ્લી વાર "શેકહાન્ડ" કરે છે. મકકી દુરથી "કકડા મોરે છે"]

માણેકશા—મકુજે એમીબન્ન...મકુજે મંગલદાસ ભાઇ (મકકી તરફ જોતાં) અરે, મકુજે મકકાં, જરા ચાહે લાવ તો

એમી—ચિંતા નહીં માણેકશા, ચિંતા નહીં. હું પોતેજ મી૦ મંગલદાસ સાથ મારી ઓળખ કરાવું છું. જુઓની, મી૦ મંગલદાસ, તમારાં અલી નાક છે તેવણુને જોવા મારા ઍંદી પરમ દહાડે તમારે ત્યાં આવ્યા હતા ખરંની ? ત્યારે હું ગાડીમાં નીચેજ બેસી રહી હતી.

મંગલદાસ—ઓ, હંજી, હાં; હું સમજયો, હું સમજયો. આપ ડાકટરનાં ધરવાલી છો (ધોત્યાંસે મ્હોં લુછે છે)

માણેકશા—રાઇટ, રાઇટ. ચાલો હવે હું મારૂં કામ બજાવું. આ મારા હાર્ટી ફ્રેન્ડ મી૰ મંગલદાસ માધવદાસ દલાલ.

એમી—મી૰ મંગલદાસ, અમારા માણેકશા શેઠ ઉપર તમારી મેહરબાની તો છેની ?

મંગલદાસ—અરે રામ રામ, આ એમીબાઇ તો અમને શરમાવે છે! મેહરબાની તે હનીજ તેમાં આ (પુરાણ અને ગીના તરફ આંગલી કરી) બન્ને તરફ એમની આસ્થા જોઇ આ તમારો દાસ તો છકક થઈ ગયો છે. મેહરબાની ન હોત તોપણ, આથી તે એમના પર ખરેજ ઉતરત (એક પછી એક પુસ્તકો આંખસે દાબે છે અને પછી ધોતીયાંસે તેને સાફ કરેછે) માણેકશા શેઠ, મારાં ગાડી ને ઘોડો વેચી કાઢવાં છે ને મારી બાયડીને પણ——

મકકી—(દુરથી) વેચી નાખવાની છે.

મંગલદાસ—અરે નારે, બાયડીનાં થોડાંક જુનાં ઘરેણાં વેચી નાંખવાં છે; મારા ચીમોરના બંગલાનું લીલાંઊ કરવાનું છે. એ સઘળું તમનેજ સોંપીશું. વળી હોણુને વર્ષ કાશી બનારસ, પોરને સાલ પંઢરપુર ને પરારને વર્ષે માણેકનગર મારે પ્રવાસે જવું છે.

મા. સા—મંગલદાસ, એ બધાં વેચાણની જાહેર ખબર મારા 'દેશ ભક્ત'માં, આ મારા મિત્ર માણેકશાને ખાતર, હું માત્ર અર્ધે ભાવે દાખલ કરીશ. ચિંતા નહીં, ચિંતા નહીં, એ જાહેર ખબરનો ખર્ડો હુંજ તમને ઘડી આપીશ.

મકકી—(દુરથી) અરે માણેકનગરમાં તો એમણે ધરમશાલા બંધાવીછ, ધરમશાલા!

મંગલદાસ—અહેહેહેહે, માણેકશા શેઠ, આપના વરતારો તો બહુ રમુજી છે. મારી અલી તો અભાગણી ત્રીસે દિવસની રડતી છે. ઓલો ઘુમટો ખેંચે ને મુડી નમાવે. માણેકનગરમાં ધર્મશાલા! વાહ! એનું નામ "બાઇ માણેકબાઇ માણેકશા ધર્મશાલા" આપો તો ઠીક. હું કહેવા જતો હતો કે યાત્રા તિર્થે જઇશ, ત્યારે આપની સોબતથી મને અતિ આનંદ પ્રાપ્ત થશે.

માણેકશા—અરે મંગલદાસ ભાઇ, હું તો એ બધી જગાએ જઇ આવેલો. આ એમીબાઈ બી અમારી સાથે આવેલાં. કાશી બનારસમાં તો અમારા મહાત્માઓ વસે છે ને દર વર્ષે અમારી ત્યાં કૉનફરંસ ભરાય છે.

[મંગલદાસ તાબડા ફોડે છે અને "વાહજી વાહ !" પૂકારે છે. માણેકશા ધુંઇમાં આવી બે હાથ જોડી સર ઉંચું કરી નીચલો શ્લોક બોલે છે]

કાશીક્ષેત્રં વિના મન્યે મયા નાન્યત્ર જીવિતમ્ ॥
વિશ્વનાથસ્તુ નાથોમે સ્થાને સ્થાને મણં તુ કિં ભયમ્ ॥

ભાવાર્થ:—"કાશી વિના બીજે રહેવું તે હું નકામું જાણું છું; વિશ્વનાથ (કાશીક્ષેત્રનો દેવતા) તે મારો નાથ છે; પછી મને બીક શેની ?"

મંગલદાસ—કાનફરંસ ? એ તમારી જરથોસ્તી કાનફરંસને કાશી બનારસ સાથે શું કામ ?

માણેકશા—જરથોસ્તી કૉનફરંસને ક્યાં રડોછો ? એ તો રોદરાનો રોટલો છે. અમારી થિયોસોફીક કૉનફરંસને જરથોસ્તી કૉનફરંસમાં બહુ ફરક છે. પહેલ્લીપર અમો પ્રસન્ન છીએ, બીજીને દફન કરવા માગીએ છીએ. (દાબડી આગલ ધરતાં) લો, મંગલદાસ ભાઇ, લો.

એમી—ચાલો મી૦ મંગલદાસ, ચાલો ખાનસાહેબ. તમે બેઉ સાહેબો અમારા પંથમાં જોડાવો. આજે અમારી લૉજની મિટિંગ છે.

ખા. સા.—મીસીસ ઍદી, મને માફ કરો તો ઠીક. હું એ બાબત પર ખચીત વિચાર કરીશ, પણ હાલ તો મને અલગજ રહેવા દો. તમારા મંડળમાં દાખલ થઇ હું તેની જેટલી સેવા બજાવી શકું તે કરતાં ઘણી વધુ સેવા હું તેની બહાર રહી બજાવી શકીશ.

મંગલદાસ—પણ, બાઇજી, કાંઈ દોઢીયાં કાઢવાં પડે, પીડા પગે વળગે એવો સંભવ ખરો કે !

માણેકશા—દોઢીયાં ! બાપ મારા ઠીક યાદ આપી. પાછલા ખંડમાં કબાટમાં કુંચી મેલી આવ્યો છું. (પાછલા ખંડમાં જઇ પાછા આવી).

મંગળદાસ ભાઇ, દોઢીયાંને તો અમો' થિયોસોફીસ્ટો રૂનાં પહોર્યાં સમાન લેખીએ છીએ ; તેને આડી નજરે પણ અમો જોતા નથી. દોઢીયાં શું ચિજ છે? એ આજ છે, ને કાલ નથી ; એ તો માત્ર હથેલીનો મેલ છે.

મકકી—એ મેલ એકઠો કરી કરીને એવણ માલદાર બન્યા, 'માણેક મહાલ'નો પાયો પુર્યો ને ફરી એકઠો કરવા મેલા ઘેલા ફરીને શેર બજારમાં ઘસડાયછ !

એમી—(ઘડીઆલ કાઢી) ઓ માઇ ! પાંચ થઇ ગયા. સાડા પાંચે તો 'લૉજ' મળે છે. કમ અલૉંગ; ખાનસાહેબ, તમારી મોટર છેની?

મંગળદાસ—માજી, માફ કરો. મારો જીવ જાય તો હું તો એ સંસ્થામાં બેસું નહીં. કાંઇ નવું જુનું બની જાય તો મારી અસ્તીને પોક મેલવી પડે.

પ્રકરણ ૩૦ મું.

'ધી યંગ મૅન્સ ઝોરાસ્ત્રીયન સ્મોકીંગ ઍસોશીએશન'નું દિવાનખાનું. એક પ્લૅટફૉર્મ પર સુરનશીનની ટેબલ તથા નીચલે અનુક્રમે ચઢ ઉતર બેઠકો જેની ઉપર નીચલા કાર્ડો લગાડેલા છેઃ—

પાસ્ટ માસ્ટર્સ.
માસ્ટર્સ.
મીડીઓકર્સ.
નોવીસીઝ.
સ્ટાર્ટર્સ.
નૉન-સ્ટાર્ટર્સ.

ખુરશીઓની પાછલી હારમાં અધવચ્ચે પાંચ છ નાના સોફાઓ ગોઠવેલા છે તે ઉપર નીચલા કાર્ડો નજરે પડે છે:—

બાનુ બીમારો.
ગૃહસ્થ બીમારો.

સભાનો વખત ન થયલો હોવાથી અને સભાસદો સરઘસરૂપે પધારનાર હોવાથી, સરઘસમાં ભાગ ન લેનારા થોડે થોડે અંતરે દાખલ થાય છે. તેઓ સઘળા ઇંગ્રેજી ડ્રેસમાં છે" અને તેઓના બદન ઉપર તેઓના દરજ્જાના કાર્ડો 'પીન' કરેલા છે:—

જીજી જૅમીસન, માસ્ટર-સ્મોકર.
તેહમુરસ્પ ઉર્ફે તેહમી તાંતરા, નૉવીસ.
હીરજી હાંતરીયા, નૉન સ્ટાર્ટર.
સોહરાબ માલેગામવાલા, (સ્ટૅશધી સ્ટાર્ટર. મૅમ્બર નહીં પણ બાપની બહોંસપર છુપેથી આવનાર)

હીરજી—અલ્લો, જીજી, મને તો કંઇ ખબર બી નહીં. આજે તો કેઠો 'આન્ડ ઍસોશીએશન ડે' છે. A thousand pities! સરઘસમાં જોડાવાની કેવી સરસ તક સેવકે જતી મુકી!

જીજી—જહાંનમમાં જવા દે તારાં સરઘસને. નખોદગીયાઓ તો પેલા ઢાંખરાના દાદરપરના બંગલાપરથી નીકળીને છેક વિનસૅન્ટ રોડને રસ્તે કુચ કરતા અહીં આવવાના છે. આપરે બી જરા જીવને ઠીક નથી કરીને સસેકા તીન પાંઉ કરી ગીયા. નહીં તો પુસ નીકળી જતે તો પુકાણું પુકાણુને ઠેકાણે રહી જતે.

સોહરાબ— (નાકપર આંગલી મેલી) આઇ સે, જીજી; how dare you call my Pa ઢાંખરા? એ ઇલકાબ તો સેવકે પોતે પોતાના ખાસ વપરાસ માટે રિઝર્વ રાખ્યોછ.

તેહમી— (તેને ધપ્પો મારી) અરે બચ્ચા, આય લે. અમે જાણુતા નહીં કે તું ઢાંખરાની હરૂસે અહીં આવેછ તે!

સોહરાબ—પણ હું શું કરૂં? ઢાંખરો તો મને કહેછ કે Don't do as I do, do as I tell you. હું નાહ્લો ઉતો ત્યારે મારો પેલો માસ્તર મીનોચેહર મેહરહોમજી બી નખોદગીયો મને એમજ કહેતો' નો. પપા તો એમજ જાણુતા'તા કે એ મીનોચેહર બંદો 'ઍન્ટી સ્મોકર' છે, પણ એ નખોદગીયો તો પુકાણુંના બધા સ્ટેજે ને પગથીએ પહોંચી આવેલો. એ મને કૉનરીડન્સમાં કહેતો'તો કે

" માઇ બૉય, હું ફુંકાણું સાયન્ટીફીકલી શીખ્યોછ, પણ તું તેમ કરતો ના ; ચાહેની અગાઉ લેડીઝ સીગરેટથી શરૂઆત, ચાહે પછી એક નરમ સીગાર, બપોરના ખાણા અગાઉ હુક્કા, સાંજની ચાહ પછી ચીરૂટ, ને રાતે ખાણું હજમ કીધા બાદ 'ઓલ્ડ ફાધર વિલિયમ'ની 'ગુડ ઓલ્ડ સ્ટ્રૉંગ હાઉસહોલ્ડ તોબેકો પાઇપ'.

"હમ કયા કરેંગા, ચમ્પીન પીયેગા" નો સૉંગ ગાઇ ડાન્સ કરેછે.

હીરજી—આઇ સે, પણ તારા ઢાંખરાના દેખતાં બી તું એ ફુંકાણું કરેછ કે ?

સોહરાબ—નહીં; મી૦ હાઉ. અમે લોક ઉંડા અભિયાસી પડયા એટલે અભિયાસની વખતે આણનુ હરગીઝ ઉંધાડું રાખતા નથી. અભિયાસ કરતી વખતે જૅક-ઈન-ધ-બૉકસ અમો સાથે રાખ્યેછ. પપાનો 'ટૅપ' ને 'પાઈપ' 'ગૅપ' ! પપા બહાર ને 'પાઇપ' 'આઉટ' ! ! માનોચેહર મને એજ ધોરણ પણ કૅમીસ્ટ્રી, જીયોગ્રાફી, મિકૅનીકસ બધું શીખવતો'તો.

જીજી—પણ ઢાંખરો. આય ઍસોશીએશનનો પ્રેસીડંટ થયો, પાસ્ટ માસ્ટર થયો ને વરી તુંને ફુંકાણું કરતાં અટકાવેછ શાનો ? એ તો જેવા બાપ તેવા બેટા ! ઢાંખરો શું એ કહેતીને kick કરવા માંગેછ કે ? તેમ હોય તો I should like to kick him.

સોહરાબ—(તેને નરમીથી લાત ઝાડતાં) That's for your trouble. કહેજે બૈરાંજ ચાવાચીવી કરેછ, પણ દોસ્ત જીજી, તુંને ચાવાચીવીની તો કંઇ અજબ ધુંઇ ચહડેલી છે. એ બી આય સ્મોકીંગના પ્રતાપ કે ? જોની દોસ્ત, મારા ઢાંખરાને મારાં મમા પાસેથી (આંગલાં મટમટાવી) કહડાવવાના છે. હું જો તુંને એક 'સીક્રેટ' કેહું તો તની પાંચ સીગરેટ કિંમત પડશે. છે કબુલ ? આપ ટાલી: ("આ ટાલી", "આ ટાલી" કરી વારા ફરતી ટાલીઓ) ઢાંખરાનાં વાઇન, સીગાર ને પ્રોવીઝનના બીલો ચહડી ગયાંછ. ચેતવણી, ધમકી, પછી સમન્સ પર વાત આવીછ. ઢાંખરાના પેટમાં ફાળ, મમાને ઠાપ ને તેવણના "હાર" પર તરાપ ! વરી તેમાંથીજ મારૂં 'રેસ ડૅટ' બી આપવાનું છે. સમજયો ? ચાલ, કહાડ સીગરેટસ.

જીજી—પણ મારી પાસે એટલી બધી પાંચ નથી, કાલે આપશ.

સોહરાબ—રમોકર્સ ને લાયર્સ સાથે બી કંઇ સંબંધ ખરો કે? પાંચ નથી તો એકેક બએ કહાડ. Out with them. નહીં તો ઢાંખરા આગલ બધા ભાંગરો ફોડશ તો આય અૅસોશીએશનમાંથી તમુને બધાને હાંકી કહાડશે.

જીજી—અરે જારે, દમ ભરાવવાવાલા ! મને તુ ઓળખતો નથી. સેવક પોતેજ એક નવી એસોશીએશન કહાડવાની તૈયારીમાં છે.

તેહમી—અજબ જેવું, ઘણું અજબ જેવું ! હું બી તેજ વિચારમાં છેઉં.

જસી—(સીગાર સહીત તેજ પળે દાખલ થતાં) ને હું બી તેજ વિચરમાં છેઉં, પણ જરા મારૂં ' ડૅટ ' ફીટવાની વાત જોઉંછ.

હીરજી—હું બી તેજ ખયાલમાં છેઉં. પણ ત્યારે ચાલો, આપુંને સભાસદો શોધવા જવું પડે એમ નથી. ચાર મલે ચોટલા તો ભાંગી ઉડે ઓટલા, આય ચાર મની હૅટ્સ તો લેવાઇ ગઇ બૅટ્સ : ઠોકી દેઓ.

દુરથી બૅન્ડનો અવાજ આવે છે. સઘળાઓ પોતપોતાની બેઠક લેછે. સોહરાબ હાથમાં એક બંડલ ઉઠાવી બહાર સટકી જાય છે. સરઘસની આગલ અૅસોશીએશનનો ઝુંડો લઇ, ફ્રિમેસન જેવા ડ્રૅસમાં પ્રમુખ બૅન્ડની પુઠે ચાલે છે. દરેક સભાસદના હાથમાં લાલ કપડાંથી વિંટાલેલી એકેક મોટી ભુંગલાં જેવી સીગરેટની મસાલ છે. બૅન્ડના સરોદ સાથે સઘળા એક ઈંગ્રેજી રાહ લલકારતા આવે છે. કોઇના મ્હોંમાં સીગરેટ્સ તો કોઇના મ્હોંમાં ચીરૂટ્સ છે. બે ફીરંગીઓ સરઘસને છેડે ચીલમ લઇ ચાલે છે, જે ચીલમની અસાધારણ લાંબી નળીઓ, આગલી હરોળના બે નાકેના સભાસદોએ પોતપોતાના મ્હોંમાં પકડી છે. હૉલની નજદીક આવતાં પ્રમુખ ખા. સા. માલેગામવાલા, પોતાનો ઝુંડો લઇ ઉભા રહી જાય છે અને સઘળા ગોળ કુંડાળે ગાતા ગાતા તેમની આસપાસ ફરે

છે, જેનો લાભ લઇ સોહરાબ કેટલાકોને રંગબેરંગી પૂંછડાં લટકાવી દે છે. ગાયન ખતમ થયા બાદ બૅન્ડ બાજુમાં ગોઠવાય છે. સરઘસ દરજ્જા મુજબ બેઠક લઇ વાતચિતમાં ગુંથાય છે તેટલામાં મીસીસ ઍન્ડ ડા૦ ઍદી તથા મી૦ ઍન્ડ મીસીસ દસ્તુર દીન્યાર ઍસોશીએશન હૉલના દાખલ થવાના દરવાજા ઉપર નીચલી જાહેર ખબર લગાડેલી જોઈ ત્યાંજ અટકી જાય છે:—

Grand Association Day.

—:o:—

Lecture on Smoking by the President.

—:o:—

Members & Sympathisers cordially invited.

—:o:—

દીન્યાર—નહીં, દોસ્ત ઍદી, જે ચીજ આપણને નાપસંદ તેના દર્શનથી સદા દૂર રહેવામાંજ તારી ને મારી શોભા છે. તું થિયોસોફીસ્ટોની મિટિંગોમાં જતો નથી ને સ્મોકર્સ સંગ્રહસ્થાનમાં કેમ ખેંચાવા માંગેછ ?

[એમીએ અને દીનીએ બહુંસ કરવાથી તેઓ દાખલ થાય છે. તેઓની પુઠે જાહેર ખબર જોતા જોતા ડા૦ નારણજી ભીમજી, શેઠ અલીમહમદ કાસમ, શેઠ દોસ્ત મહમદ, શેઠ કાદરભાઇ વગેરે દાખલ થાય છે. સઘળા વિઝિટર્સ ગોઠવાયા બાદ પ્રમુખ પોતાનું ભાષણ શરૂ કરવા જાય છે, તેટલાં જીજી જૅમીસન ખુરશીપરથી ઉઠી કાનુની સવાલ ઉઠાવે છે.]

જીજી—મી૦ પ્રૅસીડંટ, તમારૂં ભાષણ તમો શરૂ કરો તે અગાઉ હું કાનુની સવાલ ઉઠાવું છું. અત્રે કેટલાક જાણીતા ઍન્ટી સ્મોકર્સ ને આપણા કટ્ટા મુદ્દઇઓ દાખલ થવા પામ્યા છે. પ્રૅસીડંટ તરફના

સઘળા માન છતાં બિરાદર સભાસદો તરફથી હું જાણવા માંગુછું કે આ કત્તા મુદર્ઈઓને અત્રે દાખલ થવાનો કશો હક છે કે ?

ડા૦ ઍદી—(દસ્તુર દીન્યારના કાનમાં) નખોદ ! દોસ્ત દીન્યાર, બૈરાંની સુઝે ચાલવામાં આપણે સુધ્ધ ખોઇ છે.

હીરજી—સાહેબો, હું માસ્તર સ્મોકર અને કૅારપોરલ જીજીના મતને ટેકો આપું છું.

તેહમી—પણ વિઝિટર્સને દાખલ થવાની છુટ છે.

સોહરાબ—(પોતાની છાની જગ્યા ઉપરથી સાદ છુપાવી) ઍન્ટી સ્મોકર્સને નહીં. (સઘળાઓ આસપાસ જોઇ અજબ થાય છે) યુ આર ફુલ્સ ! ("બહાર કાઢો, બહાર કાઢો" ના આવાજો)

જીજી—કોણુને બહાર કાઢો ! ઍન્ટી સ્મોકર્સને કે આપણુને 'ફુલ્સ' કહેનારને ?

સોહરાબ—બધા 'સ્મોકીંગ ફુલ્સ'ને.

તેહમી—પ્રમુખ સાહેબ, તમારૂં રૂલીંગ આપશો ?

પ્રમુખ—ફ્રૅન્ડસ, પારસીસ, મહોમેદન્સ, હિંદુસ, lend me your ears. We come to encourage Smoking, not to kill it. બિરાદર હિંદુ, મુસલમીન ભાઇઓ, તમો સઘળા સ્મોક કરતા હોવાથી, અમારાં 'બ્રધર હુડ'ની બહાર હોવા છતાં એકત્ર છો. રૅશનની ફીશીયારીમાં, પૈસાની બરબાદીમાં જેમ અમારો ટેકો તમને છે તેમ સ્મોકીંગમાં તમારો ટેકો અમને છે. અમારા વડે તમે અને તમારી વડે અમે છીએ. એકનું પડવું, બીજાની પડતી.

સોહરાબ—ત્યારે બેઉ સાથેજ પડો તો કેમ ! પાછલી રાતે કુવો પુરજો.

પ્રમુખ—તમો મારૂં રૂલીંગ માગો છો, પણ તમો ભૂલોછો કે જો ઍન્ટી સ્મોકર્સને આપણે અંદર આવવા દઇએ નહીં તો તેઓ સ્મોકીંગના પાઠ શીખેજ કેમ ? હું રૂલીંગ આપુંછું કે ઍન્ટી સ્મોકર્સ ને વિઝિટર્સ વચ્ચે કાંઇભી તફાવત નથી, માટે એ લોકને અહીં દાખલ થવા દેવા જોઇએ.

ફીન્યાર—(ડા૦ ઍદીને) ચાલો, શ્વાન ડર પડ્યાં. આ ઢાંખરો ઠાવકો તો ખરો. હું ઇચ્છું છું, દોસ્ત ઍદી, કે એની એ હુશીયારી એ સમાર્ગે વાપરતો હોતે.

પ્રમુખ—સાહેબો, ઇગ્લંડમાં આવી દરેક જાહેર મિટિંગની શરૂઆત બિતબાજીથી કરવામાં આવે છે, વાસ્તે સેવક બી તેજ કાનુન અખત્યાર કરશે.

સોહરાબ—પણ સાહ તો બધો સ્મોકીંગે ફાટાં ઢોલ જેવો થઈ ગયો હશે !

[થોડાક નોકરો આ છુપા અવાજની શોધમાં આમતેમ ફરે છે. તક સાધી સોહરાબ છટકી જાય છે અને નજર ચોરી પાછો દાખલ થઇ છુપાયછે.]

પ્રમુખ—Song and Cigarettes, Cigarettes and Song—

સોહરાબ—Dams and dollars, dollars and dimes—

જસી--An empty pocket is the worst of crimes.

[પ્રમુખ અત્રે પોતાના ખીસામાં હાથ ઘાલી તેવીજ અણધારેલી રીતે તેનાં ખાલી અસતર બહાર ખેંચી કાઢે છે]

સોહરાબ—કેટલાં ગેપ ! ચહેરો ભોપ ! !

[પ્રમુખ ગાયન શરૂ કરેછે, સઘળા તેમાં જોડાય છે.]

"Try, try, try again."--રાહ

If you want to learn to smoke
smoke, smoke, smoke again,
If you smoke and smothered be
smoke, smoke, smoke again.

If you smoke and get off well
then you'll begin to smell,
Do remember what I tell
smoking is a charming spell!

If you want to early die
and break thro' earthly tie,
Smoking is your friendly guide
smoke, smoke, smoke again.
(M. M. B.)

[ગાયન ખતમ થાય છે તેટલાંમાં એક નોકર આવી પ્રમુખની પછવાડે ચીટકાવવામાં આવેલાં પૂછડાં તરફ ધ્યાન ખેંચે છે, અને તેજ પળે સઘળાઓ પોતાના હાથ અચાનક પીઠ પાછલ ફરી તપાસે છે અને ઝટોઝટ પૂછડાં છુટાં કરી પ્રમુખની ટેબલપર ફેંકે છે.]

ભેગા અવાજો—મી૦ પ્રેસીડંટ, અમો પ્રોટેસ્ટ કરીએછ કે આ કોઇ રાસ્કલને તમે પકડી નહીં આપશો તો અમો ભાષણ આગલ ચાલવા દેનાર નથી.

પ્રમુખ—બિરાદરો, તમો ભૂલી જાઓ છો કે સ્મોકીંગની અસર શાંત્તિ છે. મારા મિત્રો, તમો આજે તમારી કસોટીપર છો. હું ધારૂં છું કે હું એ પૂછડાં બાંધનારને પકડી આપીશ, તેટલાં, O ye Masters, Past Masters, Mediocres, સીગરેટ્સ ચાલુ કરો, ચીરૂટ્સ ચમકાવો, સ્મોકીંગ ઝમકાવો.

[સફેદ લેબાસમાં સજજ થયલા ફીરંગી નોકરો ચીલમ, ગુરગુરી, સીગાર વગેરે, તબકો ઉપર આસપાસ ફેરવે છે અને ફુંકાણું પુરબહારમાં શરૂ થાય છે]

સાહેબો, આપણી આ એસોશીએશન સ્થાપ્યાને આજે બરાબર પાંચમું વરસ પુરૂં થયું છે. એ પાંચ વરસની તેની હૈયાતી દરમ્યાન તેના વિરોધીઓ તરફથી આપણને હર તરેહ સતાવવામાં આવ્યા, મગર મારા હાથમાંની આ શાંત્તિભરી ચિજથી આપણે દુશ્મનોની હાર કીધી છે. સાહેબો, જયારે હું વિલાયત હતો ત્યારે ત્યાંનાં જર્નાલીઝમનો હું અભ્યાસ કરવા લાગ્યો.

નાહુની—કાકાજી ધઝ રાઈટ. આવતે વરસ છાપાનો ખાસ અનુભવ મેલવવા મને બી વેલાત લઇ જવાના છે.

પ્રમુખ—સાહેબો, વિલાયતની કૉલેજોની ભેટ લેતાં મને માલુમ પડયું કે ત્યાં ૧૦૦) એ ૯૦ ટકા સ્ટુડંટ્સ સ્મોક કરે છે, તેથી તે લોકનાં ભેજાંપર એક જાતની શાંત્તિભરી અસર થાય છે.

ડા૦ બૅંદી—અને જડબાં ઉપર એક પ્રકારનો લકવો થાય છે, ફેફસાં ફુગે છે, ગળામાં ગ્રૅન્યુલર ફૅરીનજાઇટીસ, છાતીએ ક્રૉનીક બ્રૉન્કાઇટીસ, સ્મોકર્સ પૅચ અથવા જીભનો સોજો, નરવસ ટ્રૅમર્સ યાને હાથની ધ્રુજરી-હાર્ડ સ્મોકીંગના આ સઘળા ફાયદા-પ્રમુખ સાહેબ, આપ આરસીમાં જડાવી હયાં નહીં ટંગાવો ?

નાહુની—મી૦ પ્રૅસીડંટ, હું 'ઑરડર'નો સવાલ ઉઠાવું છું. વિઝિટરોને ભાષણ દરમીયાન ટીકકા કરવાનો હક છે કે ?

દસ્તુર દીન્યાર—દીન આઇનની નજરે જોતાં બી ફુંકાણું બીલકુલ નારવા છે.

["બહાર કાઢો, બહાર કાઢો " ના અવાજો]

સોહરાબ—રહેવા દો, રહેવા દો, તદન ખરૂં બોલે છે.

પ્રમુખ—બિરાદરો, હું ઠરાવું છું કે વિઝિટરોને બોલવાનો હક છે, પણ તે ચોકકસ હદમાંજ. સાહેબો, શાંત્તિ, શાંત્તિ; વિલાયતમાં મને સુચવવામાં આવ્યું કે બે ચિજમાંથી મારે એકને પસંદ કરવીઃ સ્મોકીંગ વગર જર્નાલીસ્ટીક અભ્યાસ થાય નહીં માટે યાતો સ્મોક કરો કે યા તો બીનઅભ્યાસે હિંદુસ્તાન પાછા ફરો. અય મારા હમદીનો, મારા હિંદુ મુસલમીન બિરાદરો, સત માનજો કે ફકત તમારા ને તમારાજ લાભને ખાતર સ્મોકીંગની શરૂઆત સેવકે કરી.

સોહરાબ—ને કરજના ખાડામાં પડયો. હું દ્રાઇ કરૂં છું ત્યારે તો બચકાં બાંધે છે ત્યારે હું મારો અભિયાસ આગલ કેમ વધારૂં ?

[પ્રમુખને કાંઇ ભાન થતાં ચમકે છે]

નાહની—કાકાજી, આ તો પૈલા તમારા રાસ્કલ, સ્ટુપીડ, ઇડીયેટીક પોરીયા સોહરાબનો અવાજ છે.

ડા૦ ઍંદી—પ્રમુખ સાહેબ, હું કાનુની સવાલ ઉઠાવું છું. કોઇ પણ સભાસદને પ્રમુખના બેટાને આ રીતે ગાળો ભાંડવાનો હક છે કે ? શું દરેક દાખલ થનારને અત્રે liberty of speech નથી ?

જસી—વિઝિટરોને આવા સવાલો પૂછવાનો હક છે કે, મી૦ પ્રૅસીડંટ? હું આ સભાનું અપમાન થયલું સમજું છું.

દસ્તુર દીન્યાર—મહેરબાનો, હું કહેવાની હિંમત કરૂં છું કે સ્મોકીંગ જો શાંતિને બદલે આવીજ અશાંતિ પાંઠરતું હોય, બાપ સામે બેટાને, ભરથાર સામે મોહરદારને, ને ભાઇ સામે બહેનને તુંદ ને બેઅદબ બનાવતું હોય તો પછી એવાં સ્મોકીંગ ઉપર લ્યાનત !

મહોમેદન ને હિંદુ ગૃહસ્થો—અમો પણ એમજ કહીએ છીએ.

પ્રમુખ—સાહેબો, જર્નાલીઝમનો પુખ્ત અભ્યાસ કર્યા પછી સેવકે આ હિંદ સરજમીન ઉપર પગ મુકયો. અરે બિરાદરો, પગ મુકયો તો મુકયો પણ હજી તે બાગેબહેસ્ત મુલકને હું ભૂલ્યો નથી. શું ત્યાંની અપ્સરાઓ ! કેવી ત્યાંની વિદ્યા!! કેવો ત્યાંનો હુન્નર !! કેવા ત્યાંના સંચાઓ !! કેવાં ત્યાંનાં કારખાનાં!! કેવી ત્યાંની મોજ મજાહો !! શું ત્યાંની બીસ્કીટો ! કેવાં ત્યાંનાં કેકસ !! શું ત્યાંની જામ અને જેલી!! શું ત્યાંની વખારો !! અહાહા !! આ બોલતાં મારી આંખે ચકકર આવેછે !!

ડા૦ ઍંદી—'દેશ ભકત'ની 'પૉલીસી' યાદ કરો, પેટ ભરવું હોયતો 'પૉલીસી' પંપાળો.

પ્રમુખ—સાહેબો, પાંચ વરસ અગાઉ અત્રે પગ મુકયા પછી મને લાગ્યું કે જો મારા હમદીનોને કોઇપણ ચિજની જરૂર હોય તો તે સ્મોકીંગ છે ("હિયર હિયર") સ્મોકીંગ વગર અભ્યાસ હોયજ નહીં, ખુશ મીઝાઝી આવેજ નહીં, તનને તરોતાઝગી, મઝેજ નહીં. એ વિચારથીજ સેવકે આ એસોશીએશન સ્થાપી.

[આ વેળા બીજે બારણેથી ચસ્કેલ માણેકશા કાખમાં પોતાની માનીતી પોથીઓ સહીત, તાવની ઘુમમાં બરબડતા સદરા બદીયાનભર ધસી આવે છે. મકકી તેવણુની પાછલ ધસડાય છે]

મકકી—ઓ ખોદા, હવે કાંહ જાઉં? બાવા ઍદી—અરદેશર, તમે અહીંયાં છેઓ કે? મરૂં રે દીન્યારજી બાવા, તમે બી છેઓ કે? (માથું કુટી રડે છે) હવે કાંહ જાઉં? એ ઠીંગડાસોરીના કહારતાઓને શું કેહું? આય પારસી બધા તાપે સસરેછ, ને બગલમાં આય ચોપરીઓ મારી, "લાજમાં જાઉંછ, લાજમાં જાઉંછ" કરી અહીંયાં દોરી આયો; એની પુઠેપુઠ દોરતાં મને હાંફો ચહરી આયો.

માણેકશા—દાકણ, તું મને કયાં લાવી? આ કંઇ 'કૃષ્ણ લાજ' નથી? કયાં છે—કૃષ્ણ મુર્તીની મુરત હું હયાં કંઇ જોતો નથી? (એક સોફા ઉપર પછડાઇ પડે છે) ઓ મારા મહાત્માઓ, આવો! મને બોલાવી લો! (ભારે ગભરાટ-ડા૦ ઍદી તેવણુની નાડ તપાસે છે. દસ્તુર દીન્યાર તેવણુને ઉઠતા અટકાવવાની કોશેશ કરે છે.)

ટાબ્લો
વિવાં

પ્રકરણ ૩૧ મું.

માણેકશાનું મકાન. માણેકશા એક બેઝાર્ચેરમાં ઝુંકતા પડયા છે. મકકી તેમના અંગ ઉપર ચારસો ઓઢાડે છે. દસ્તુર દીન્યાર, ડા૦ ઍદી અને જીલબમાય દાખલ થાય છે, તેઓને જોતાંજ મકકી દોડી આવી તેઓને છેટે લઇ જાય છે.

મકકી—આવો જીલબમાય, આવો તમે કેવાં ભલાં છેઓ. શોક થતીને એવું થાયછ, કે જાણે ભોંયમાં ભરઇ જાય. બાવા દીન્યારજી (રડતાં રડતાં) હવે કાંહ જાઉં? આય માણેક તો દિન પર દિન વરસ

વેચેછ. તે દહાડે તમે ને ડા૦ અરદેશર નહીં હોતે તો મને બી મારી નાખતે ને અમસી મમઇ બપઇના જીવને બી કંઇ નવું જુનું કરતે. આજનીજ કાંની પહેરેલા ઉતા ને જોતાં જોતાંમાં ઉડીને નાઠા.

જીલઇમાય—કંઈ નહીં મા, ૨૨ ના ૨૨ ના. તું મારી દીકરી સું કરે ?. તું તો મંભઇમાં અનજાનતાં પનની ને વરી નહીં પનતે તો એ થોરોજ પરી રહેવાનો હતો જે ? બીજી કોઇને લાવતે તો મારો અહીં પડીગો બી રહેતે નહીં ને એનું મ્હોનું બી જોવા મને નહીં મલતે. ભુલકાં કાંહ છે, મકકાં ? એ લોકથી તો મને કર વરીછ. એ પારસી મને પ્રારગતી નહીં આપતે તોબી હું મુઇ વાંજની તો એને આગલ રહીને બીજી બૈયર કરાવને. તું શોક થઈ આવી તો ભલે આવી માય.

મકકી—(તેઓનુને વળગી પડતાં) ભુલકાં ? ખરાજ જો લાવની જરા ઘોંટાયાછ તેટલાં બે બુક એ લોકને જમારી લેને. દીનયારજી બાવા, કહાણીની કહેતી મરે તે શું કહું મારીપર કંઇ એક જાતની કહાણી છે ? પોતે તો દુધ દહીંનાં જમણ જમેછ ને પોરીઆંને તો તેથી બાદી થાયછ. ભૂંજેલા પપેટા ને બાફેલા બીંડા તે કંઇ રોજ ખવાય, બાવા ! અથી તો એ મારાં ગાય ગોરપદાનાં મ્હોનાં પરનો ગોલાબ બધો ઉડી ગીયો (છોકરાં અત્રે દોડી આવી માતાના પગ અને ગળાને વળગી પડે છે)

બુચો—માયજી, અમુને ભૂખ લાગીચ. બાવાજી તો ઉંઘઇ ગીયાચ. મને ગોસ આપોની હવે, અં...? તમારી ભાજી તમેજ ખાઓ.

બુચી—મમાજી, મને મલઘી, મને તો બા મલઘી ગમેચ, તહવારનાં પાતેથી તાલગરીની આવીત તે.

મકકી—મરે, આસતે રે, આગતે. ઓંજીયાંઓ કાલનો દુકાળ આજે કાંય પારોછ ! બાવા ઉઠશે તો મરઘીને પાંખ આવશે ને હવામાં ઉડી જશે !

બુચો—નહીં માયજી, તમુને આપવુંજ પરસે, અંહ અંહ અંહ, મને બી મરઘી જોઇએચ.

ખુરશી--તમે નહીં ખાઓ, તેં અમે બી નહીં ખાઈએ કે વાઆા ? અમુને લેટીમાં ભૂંધેલા પપેટ્રા નહીં ધાઇએ.

દસ્તુર દીન્યાર—રેતીમાં ભૂંજેલા પપેટા ? ! એ તો કંઇ નવી વાત છે.

મકકી—અરે બાવા, મુવાં કરમને કુટીએ કે કોતકને હસીએ ? હસવું બી આવેછ ને રરવું બી આવેછ ! ગયે મહીને પંદર દહારા જાંહઓર્ડી કહરાયાંતાં કે, ચાલ જીવ, ચાર દહારા જરા જપ મલશે, પણ માણેકશાએ તો ઉલટાં પરધમ વજારયાં. બજારમાંથી પપેટા રના દરીયાની ગરમ રેતીમાં દાબી રાખે ને સાંજના પોરીયાંઓને ખાવા આપે. કહેજે, આપરે અહીંઆં આત્માની ઉન્નતી ને દેહની શુધ્ધી કરવા આવેલાં છઇએ, આપરે હવા ખાવા આવેલાં છઇએ, કંઇ હોજરૂ ભરવા નથી આયાં બોલે તે એવું કે નરૂં જાણે ડા૦ અરદેશરનાં બેમી બોલેછ તેવું. ખોદાયજીની બી શું કરામત છે ! મારા વર થિયોસોફીસ્ટ છે ને તમારી બૈરી થિયોસોફીસ્ટ છે.

ડા૦ એંદી—એટલે તમે શું એમ કહેવા માંગોછ કે તમારા વરે મારી બૈરી સાથ પરણવું હતું, અને ખોદાયજીએ મને ..અરે, હું શું બકુંછ ! પણ, ખરેખર, ખોદાયજીના એવા ઇન્સાફપર હું બી કોઇ કોઇ વખતે વમાસણમાં પડુંછ.

માણેકશા—મકકી, મકકી, કાંહ કહરઇ ?

મકકી—જી, આવીજી. જીલઇમાય લેવો તો, આય પોરીયાંઓને શાંધણીમાં લઇ જઇ જરા મ્હોના ગમી કરાવો તો. મુઇ છતે પૈસે કહાણીજ તો !

માણેકશા—મકકી, મકકી, હું કયાં છું ? મારી 'ગીતા' કયાં છે ? પુરાણ કયાં છે ?

મકકી—જા બા, માણેક, આય બધા મારા હોસ કોસ ઉડી ચાહયા ને તમે તો જાણે હું બોલુંછ તે ત્રાસ કાપુંછ. આય ચાર ચીતલ ને ગોલાબી ચીડરૂં છે તેમાં બધી બરી શોભા છે. પછી મુવું કોઇ દયાને ખાતર બી દાદ લેવાનું નથી.

માણેકશા—મકકી, તું પૂર્વ જન્મની 'થિયરી' ભૂલી જાય છે. પૂર્વ જન્મમાં આ મંગલદાસ દલાલ મારા બાપાવા થતા હતા ને એમી મારાં બ્હેન થતાં હતાં.

મકકી—મરેરે, હવે કાંહ જાઉં ?. પણુ માણેક, તાહરે, હુ તમારી કોણુ થતી'તી ?

માણેકશા—ઓ આઇ સિ, યુ ? તું તો મારી પૂર્વ જન્મની દુશ્મન હતી તે આ ભવમાં પુરી પડવા આવી.

મકકી—ને જીલઇમાય ?

માણેકશા—ઓ, જીલઈ ? તે તો કોઇ દુરવંદ હતી તેથી તો મેં તેને દુર કીધી.

મકકી—સળગાવી મુકો તમારો પૂર્વ જનમ ! કહેજે બૈરી તવરીની તે તવેરૂં કરેછ ને આય તમે શું પીંજારો લઇ બેઠાછ ? પૂનર્જનમે પાછા આવશો તાહરે શું મારી સાથેજ પણુવાનું સાટું કરી આવશો કે ? તમારા મહાત્માઓ એમ બી કહેછ કે ? જરાક સુપ ઈંડાં કંઇ પીઓ રે, પીઓ. હાથે કરીને અમસી મદઇ પર કાંય સિતમ ગુજારોછ ને આપઘાત કરોછ ?

માણેકશા—ચૂપ મકકી, ચૂપ. તું એમાં નહીં સમજે. જો, બરોબર આવતી પરેટીને દિને સેવક પલંગ-દોસ્ત થશે. પછી સમાધીમાં પડશે. તે વખતે, તારી મરનાર માયના તુંને સમ છે, જો મદીરા કે કંઇ બી એઠું મને લગાડીયુંછ તો ! પરેટીને દહાડે બરોબર સાંજના ૬)ને શુમારે હું સમાધીમાંથી ફારેગ થવશ; પછી આસ્તે આસ્તે મારો જીવ ડાબા પગના અંગોઠામાંથી નીકળી મારા પલંગની ઇસને માર્ગે ઓરડાની સિલિંગમાંથી થઇ, છાપરાંમાંથી ઉડી જશે. તે વખતે ગીતા મારી જમણી કાખમાં ને પુરાણુ મારી ડાબી કાખમાં રહેવા દેજે.

મકકી—જોયુંની ? વરી પાછું તમારૂં ચસકયું ! બયું સુથારનું મન બાવરીયામાં ! કહેજે, " આઇ મને કોઠીમાંથી કહાર" પણ આઇ શું તેની માય મમઇનું કપાલ કહારે ? તમે તો એવા મોટા કોઠરામાં

ગરક ગીયાછ કે સો આઈઓમી ઝપાટીપર આવો નહીં. (માણેકશાના ગળાંમાં હાથ નાખે છે)

માણેકશા—(ચોંકીને) ઓ મારા મહાત્માઓ ! ઓ અશો રૂષીઓ ! ! કોઇ આવો રે, બચાવો રે, મરી ગયો રે ! હાં મકકી, તું મને મારી નાખવા બેઠીછ, પણ પટેટીની અગાઉ હું પુરાણ રહીત થવાનો નથી

મકકી—અરે પણ એમ બી ને એમ બી દુશ્મેન ભગત થયાછ તે ઉતરાયનમાં દેવઉઠી અગ્યારસે દેહ ત્યાગ કાંય નહીં કરતા ? મરેરે, મરેરે, પેટમાં તો એવાં આરાં ને ઉભાં આવેછ કે જાણે એ ઢતીંગોના ધરતાઓનાં કલેજાંજ કોતરી ખાઉં.

[ડા૦ ઍદી તથા દસ્તુર દીન્યાર નજદીક આવેછે]

ડા૦ ઍદી—કેમ, મી૦ માણેકશા, કેમ છેઓ ? (નાડી તપાસતાં) ઓ માણેકજ્યુ, એવણ તો ફરસ્ટ રેટ છે. એ આય બધી બારીઓ બંધ શાની કીધી ? બધો ઉકલાટ પડેછ ને બફ્ફ ચાલ્યાં; જરા પંખો છે કે ? માઇ ગૉડ ! માણેકશા એ આય કાનયાં કૅપ, ચારસો, સુઝણી, ટકીયા એ બધું શું છે ? હું મહાત્માઓમાં માનતો નથી પણ ખચ્ચીત તમુને દુરથી જોતાં હું તો એમજ સમજયો કે કોઇ મહાત્મીક હાજરીએ મને ઘેરીઓ છે ! ઉઠો, ઉઠો, મી૦ માણેકશા, no more humbug. કંઇ તાવ બી નથી ને રોગબી નથી, બધો મનનો ધખારો છે

દસ્તુર દીન્યાર—દોસ્ત ઍદી, હમણા એક નવી જાતની ફીવર નીકળીછ તે ફીવર તમે ડાકટરો બી પારખી શકતા નથી

[મકકી આસતે આસતે માણેકશાનું ઓઢણ, ટોપી, વગેરે કાઢી નાખે છે]

ડા૦ ઍદી—ખરેખર ? એ તો કંઇ નવો ધડાકો છે. એ વિશે તમે કયાં વાંચ્યું ?

દસ્તુર દીન્યાર—છેલ્લાં 'લૅન્સૅટ'માં. એ ફીવર 'ઢતીંગ ફીવર' ને નામે જણાયલી છે ને જેઓને તે લાગુ પડેછ તેઓ તેના સપાટામાંથી કવચીતજ બચવા પામેછ. પ્રૉફેસર રસકીનનું કહેવું એવું છે કે ઢતીંગ

ફીવરવાલાંઓને બળદનાં બદનમાંથી બનાવેલી રસી મુકવી જોઇએ, પણ એ ઢતીંગ ફીવરવાલાંઓ કહે જે આત્મીક વિધ્યાની રૂએ ગૌબદનની રસી અમને હરામ છે, અને વળી કહેજે અમારે જીવવાની જરૂરજ શી છે? કહે જે આ ફીવરની સાધારણ ફીવર માફક ડીગ્રીઝ રહેછ ને ઑરડીનરી થરમોમીટર્સપર તેની કંઇ અસર થતી નથી (મકકી અને ઍંદી ખુબ હસેછે.)

માણેકશા—હસો, તમે લોક હસો, પણ હું બી તો ખરો કે કોઇ દહાડો તમને વટલાઉં. જીવતો નહીં તો મુવેલો બી વટલાવશ. મારૂં રૂહ મારા મિત્ર મંગળદાસની મારફતે તમારી સાથે પેલી જહાનમાંથી વાત કરશે. એ મંગળદાસ પેલી જુલીયા જેવી શકિત ધરાવેછ. એ જયારે ઉંઘમાં પડેછ ત્યારે એની મારફતે ઘણાઓનાં રૂહ સાથે અમે સંદેશા ચલાવ્યેછ.

[અત્રે જીલઇમાય છોકરાં સાથે આવે છે]

મકકી—જાઓની માયજી, માણેકશા આગલ જાઓની.

માણેકશા—વળી ડાહેલી થઇ કે? મારી આગલ શાની ધફેલેછ? કંઇ પાહનો મુકાવા આવી હશે! જયાર ત્યાર ઢોંગ લઇને આવેછ; કંઇ આપીને કહાડ. રાં...દુરવંદ...પૂર્વજન્મ...પુનર્જન્મ......

મકકી—માણેકશા, માણેકશા, એ શું બકોછ? જરા તો સુધલો રાખો.

જીલઇમાય—કંઇ નહીં મા, બોલવા દે, બોલવા દે. એ તો તાપના મનીખો એમજ બોલે. દુશમેનને માથે બધી ચહરી ગેયલી દીસેછ.

દસ્તુર દીન્યાર—પુઇમાય, ઢતીંગ ફીવરના ઢોંગીઓ એવાજ બકારો કરેછ.

માણેકશા—અરે હવે બેસી રહેવો રે, તમે ડાહયા છેઓ તે!

દસ્તુર દીન્યાર—ત્યારે તમને આ અશરાફ બાઇને અપમાન કરવાનો શું હક છે? તમારા પૈસાને તો એવણુ ઠોકરે મારેછ તે તમે ભૂલી જાઓછ. જીલઇમાય, આ પારસી બધા ઢોંગ કરેછ. દોસ્ત ઍંદી કહેછ કે તાવને બહાણે એ મહાત્માઓ સાથે વાત કરવાનાં ફીવુર

અલ્લાવેછ ! યા પરવર, શું તારો બી ઇન્સાફ છે ? એક અશરાફને દુર કરી બીજી લાવ્યો તે પણ અશરાફજ મલી.

બુચી—પપાજી, તીડુઉ, તીડુઉ, અમે મરઘી ખાઇ આયાં.

બુચો—હું બી ચીડુડે કરૂંચ. કેવા મજેહના ગોસના પૅટીસ હું ખાઇ આયો.

માણેકશા—હેં ! મરઘી ! પૅટીસ ! થઇ ચૂકું, મારી નાંખુ ! ખૂન કરૂં ! (તકીયાઓ ફેંકે છે અને ઉઠવા જાય છે. ઍંદી તેવણુને ઇઝીચૅરમાં પાછા ધકેલી દે છે)

ડા૦ ઍંદી—બેસો બેસો, બૈરાંઓને મારવું હીચકારાઓનું કામ છે. આ કંઈ બારભાયાનું રાજ નથી. ખુન કરશો તો ત્રણુ લાકડીએ ચહડશો.

કસ્તુર દીન્યાર—ને પછી મંગળદાસ મારફતે મહાત્માઓને ગમે એટલી અપીલ કરશો તો મહાત્માઓ કંઇ સાંભળશે નહીં. અભણુ હિંદુઓ બી જનોઇ પહેરાવ્યા અગાઉ બાળકોને કોઇને પણુ હાથનું ખાવા દેછે, ને તમે થિયોસોફીસ્ટ થઇ બચ્ચાંઓપર બી આવો સિતમ ગુજારોછ. કેમ બુચીમાંય તમે મરઘી ખાધી કે ? શાબાશ, બુચાજી, તમે પૅટીસ ખાધા તે અમુને તો નહીં આપ્યા ?

બુચી—નહીં, તમે તો બાધી ખાઉ તેઓ. તમે બાધી ખાઓ. તીડુઉ!

જીલઇમાય—ચાલો બાવા, હું જાઉય હં. તમારી અલ્લા બલ્લા બી લેતી જાઉંચ. પખોરી નાખીને વહેલ્લા ઉઠજો. મકકાં, છોકરાંઓને સંભાળજે, માંય, સાંજને છેરે પાછી ખબર લેવા આવસ. એ લોકોને બનતાં લગી એનાનની પાસે જવા દેતી ના. આય તો મુઇ પેલી મચ્છર તાપ મને લાગેચ. પેલા ડા૦ સરાફે તે દહારે ભાસન આપ્યું'તુંની ! કંઇ અહીં મચ્છર બચ્છર તો લાગુ નથી પરયાં ! કહેજે એ નાપેકારોને બુલકાંઓનુ લોહી ઘણું ગમેચ. ચાલ ચાર દહારા એ લોકને મારે તાંહ મોકલ.

બુચો—વાઉવા, માસીજીને તાંહ જઇએચ. ખાવાની કેવી મજાહ પરસે.

માણેકશા—નહીં બનશે.

દસ્તુર દીન્યાર—બેસો, બેસો મારા સાહેબ. નહીં શું બનશે? કહેજે મહાત્માઓ ને ચેલાઓ દયાળુ છે; કયાં છે તમારી દયા? જે લોક બાળકોને નહીં છોડે તે લોક મોટાંઓને તે શું દયા કરવાના છે?

મકકી—બાવા શાવક, શેહરાં, બાવાંજીને મલોની.

ડા૦ ઍદી—નહીં બનશે. ડાકટર તરીકેના મારા અધિકારની રૂએ હું તેમ થવા દેવસ નહીં એવણુને ૧૧૦ ડીગ્રી ઢતીંગ ફીવર છે, એ મરજ ઘણો ઉડતો છે.

જીલઇગાય—ઓ ઓવારૂં રે, બાવા અદી. વખત બેવખત કંઇ જે તે બોલો ના ઓવારી એવન પરથી ઢીંગલાં ફીવડ.

[છોકરાંને લઇ જાય છે.]

ડા૦ ઍદી—ચાલો માણેકબઈ, અમે બી હવે જઇએછ. આ એવણુ બી હવે ભાગ ભજવતા થાકી ગયા હશે. એક ફ્રેંન્ડે આજે સીનેમેટોગ્રાફની કૉમ્પ્લીમૅનટરી ટીકીટ મોકલીછ, પણ તેનો ઉપયોગ કરવાની હવે કંઇ જરૂર નથી. માણેકશા શેઠ, એક વાર ફરી આ ભાગ ભજવવાનો વિચાર કરો તો જરા અગાઉથી ચેતાવજો. હું ઍકસૅલ-સીયરવાલાઓ સાથે એની ફીલમ લેવાડવાનો બંદોબસ્ત કરીશ.

દસ્તુર દીન્યાર—ચાલો સાહેબજી. કંઇ ગુસ્સો કરતા ના. બિરાદર ઍદી તો ખરેજ દવા વગરનો ડાકટર છે જુઓની, બોલ બોલતાંમાં વગર દવાએ તમારા જેવા .....

મકકી—મખ્ખી ચુસ.

દસ્તુર દીન્યાર—અરે નહીં રે, ઠીંગડાસોફીસ્ટને બી સાજા કરી નાંખ્યા ખાવો પીઓ ને ખંડીવર તોરો એ એનો મૅટો છે. ચાલો હવે અમો જઈએછ.

ડા૦ ઍદી—ને તમારી બહોંસ પર માણેકબઇને શેકહૅન્ડ કરીએછ [માણેકશા હસતાં હસતાં પોતાનો હાથ લંબાવે છે.] બીલકુલ નહીં, બીલકુલ નહીં, Contagious, ચેપી, Dangerous, you know.

* * * *

બાજુનો ઓરડો.]

મહકી—બાવા અરદેશર, કંઈ ગુસ્સો કરતા ના, પણ..પણ...

ડા. એદી—હું સમજયો, માણેકબાઇ, ઓસકાવો ના. તમારૂં કહેવું એવું છે કે માણેકશા આગલ મારી એમીને બનતાં સુધી આવવા દેવી નહીં, એ એવણને પુરા ઘેલા કરે છે, ખરૂંની? પણ, જુઓની, ખરૂં કહેવામાં શરમાવાનું નથી. મારૂં એનીપર ઘણું ચલણ નથી, એટલે એ સ્વતંત્ર છે તથા એના બાપ તરફના થોડાક પૈસા છે તેથી એને મારી પરવા નથી; પરવારતી છે, કામકાજ નથી, પોરીયાં તોરીયાં નથી એટલે બિચારી કરે શું? તેથી આ વહાણ ભાંગીને પાટેલા ઘડે છે! તો પણ હું જરા દમસમ કરી જોઇશ. હું કહીશ કે માણેકશાને જો કંઇ કશું થશે તો તેનો જોખમ તારે માથે રહેશે. પણ માણેકબાઇ, તમેજ કાંય નહીં કંઇ તાલમેલ કરીને એને કટ કરતાં?

દસ્તુર દીન્યાર—અરે એવણે તો બે ચાર વખત મારી હાજરીમાં ખુલ્લાં અપમાન કીધાં. માફ કરજે દોસ્ત એદી, એ તારી એમી તો કંઇ બડી......બડી . ...

ડા૦ એદી—બડી નફ્ટ છે, ખરૂંની! એ અંશ જો એનામાં હોય નહીં તો પછી એવા ઢકેલા પછાડા એ મારેજ શાના! ચાલો, હવે હું જાઉંછ, માણેકબાઇ. એમી આવે તો તમે તમારે અસલવારેના બૈરાંઓ માફક છેડાઇ પડીને ખુબ તરેહથી બેલાશક "મરે, ધરે, ચોટલા બરી, વ્હાલાં મુઈ, એવીઓ આવે નહીં તો લોકોનાં ઘેર ભાંગે નહીં, લોકોના વરો ઘેલા થાય નહીં" વગેરે સરપાવ આપજો. પેલો મંગલદાસ આવે તો તેને બી સેસ ભરજો, ને તેની સામે ઉંબર પર ઇંડાં ભાંગજો. એ તો હતી ભવાની તેને વાહી! ખરૂં કહુંછ, માણેકબાઇ, કે હું ને એમી કોઇ દહાડો છુટાં પડયે તો અજબ થતાં ના. ચાલો, સાહેબજી.

પ્રકરણ ૩૨ મું.

બા૦ સા.—શીરીન, શીરીન, એ આં બધું છે શું ? જાણે આખું ઘેર ગોયા તળે ઉપર થઇ ગયું છે. એટલી હદ સુધી કે હવે પીનલ કાડે બી મારી છાતીએ ધાઇ આવવાનું બંધ કીધું છે. જયાં જુઓ ત્યાં થોબડા ચઢેલા !! સૅક્રેટરીનો થોબડો ! મનીનો ટણુકો ! તારો રોંહસો ! બેજનદારૂનો ઘુમટો ! મેહરીનો ઠસકો ! ને રહયો સહયો પેલો પટેલ ચસકા કરીને કોણ જાણે શું કોહરાં વેંગણાં ડોવે છે તેની મને સમજ પડતી નથી.

શીરીન—તાહરે, હવે રહયા તમે ને પેલો તમારો ફરમાસુ દોસ્ત. તમે બે જણા ઓરડામાં ભરઇ ભરઇને શું કોહરાં વેંગણાં ડોહવોછ તેની મને સમજ પરતી નથી. એ મુવો પારસી પાછો ઘેરમાં ઘલાયો તાહરેજ મને લાગું કે કંઇ ચટાતું ઉંધું થશે. તમારે લીધે તો સુન્ના જેવી છોકરી સુહની બેહરી થઇ ગેઇછ ને સુન્ના જેવો છોકરો હોસલા વગરનો બની ગીયોછ ! પેલી હરવઇ લુસીફર બી કોણ જાણે શું ઉંડાં પાણીમાં રમેછ ! પેલા નવાબના બ્યાજના ઢગલા વળેછ, બીજા માગનારાઓ અસેમસે ધમકી આપેછ, ને તમે તો મુવાં ન્યુસપેપરમાં લોકોની તારી મારી કરોછ ને ફુંકાણાંપર ભાષણ આપોછ. પેલા એદી ડાકટરની એમીની સાથે પેલા મુવા ઘેલા માણેકશાને તોહ ધકેલા ખાવોછ. એ બધું શું ઘોંટાલાનું ગેસ્ત છે તેની મને તો કંઇ સમજ પડતી નહીં. મને તો જાણે એવું થાયછ કે આય ઘરી એ મુવાં બધાંને કહારી મુકું ને કેઠે જઇને છોકરાંઓ સાથે ભરઇ બેસું. જે સારાં માણસો છે તેની ગંધ તમુને સોહવાતી નહીં, ને લુચ્ચાઓની સોડ સાંધતા ફરોછ. મારીપાસેથી "હાર" લીધો તાહરે તો તરેહવાર પ્રૉમીસો આપી'તી તે હવે બધી હવામાં ઉડી ગેઇ ! ખોદા જાણે, મેહરનોશ, શું કાળી ટીલી તમારે કપાલે ચોંટેલી છે ! લેવો, સાંભળો, વરી પેલાં વર બેરી પીખાયછ.

*   *   *   *

મેહરી—પણ મેહેરજી........

પટેલ—મ્હોડું સંભાળીને બોલો, મારૂં નામ મેહેરજી નથી.

મેહરી—બાપેદાદે મેહેરજી. વરી કુંવરજી કે' દહારના ? હું તો મેહેરજીભાઇ મનચેરજી માખણ્યા સાથે પનણેલી છેઉં ને તેનેજ ઓરખું છ. કુંવરજી પટેલની બૈરીનું નામ તો આઈમાય છે; તે લોકનાં નામપરથી બી તમુને ઓવાર્યા. ખબરદાર ! એ વાત હવે ચાલશે નહીં; દુર ઉભા રહીને વાત કરો. માત્રીમોનીયલ કોર્ટ ઉઘાડી છે, તમુને નહીં પરવડતું હોય તો બેલાશક જઇને ફરીઆદ કરો ને છુટાછેડા મેલવો.

પટેલ—કે તું પેલા દોલીને પણની જાય, ખરૂંની ?

મેહરી—મારે ગમશે તેને હું પણનશ. તમુને ગમે તો પેલી ચીંગી મીંગી લુસીફર સાથ પણની જજો.

બેજનદારૂ—કુંવરઝી, કુંવરઝી—મેહરબાઈમાય, એ શાં ગોધીયારૂં શે ? તોંહ બેઠાં બેઠાં શેત શેતાણી બી બધું શાંભરેશ. શારાં માણુસનાં ધરમાં એ શોભે નહીં. તમે મેહરબાઇમાયને ઉશકેરોશ તેઆરે એવા ટંટા ફીશાદ થાયશ કેની ? પણ એ બધી પંશાતી શે શાની ? ઝરા મને તો શમઝાવો, હું કંઇ તોર કહારૂં.

બાચહ—કંઇ નહીંરે, બેઝનઝી. વાતમાં દમ નથી. ઝરા રતી વાંક મેહરબાઇમાયનો બી શે. કુંવરઝીને મેહેરઝીને નામની શીત શે ને મેહર બાઇમાય એનાનને મેહેરઝી કરીને બોલાવેશ, ને શાર દહારાપર પેલી લુસીફરે કુંવરઝીને કંઇ કામ શારૂ પોતીકા ઓડડામાં બોલાવ્યા ને હમણાં બાણ્યો તેનાન તરફથી તેરવા આયો. મેહરબાઇ કહેઝે મને ઝણાવો કે એ બધું તોફાન શે શું ? મેહરબાઇની "હા" ને કુંવરઝીની "ના." મેહરબાઈમાય, મારૂં ગરીબનું માનો. અખખઇ રહયા માટીડાઓ ગમે તે કરે. હોશે—એનાનને કંઇ કામ હોશે. મારા ઝીભરાયા બેઝનઝી કોંહ કોંહ જાયશ આવેશ તે હું કોઇ દહારો પુશુંશ કે ?

મેહરી—તે બેજનદાર શું મડમરીઓના ઓરડામાં બી જાયછ કે? એ દાકણનાં સલુક મને સારાં લાગતાં નથી. કાંય નહીં બેજનદારૂને તેડાવ્યા ? મેહેરજી એવા લેહપતા છે તાહરેજ ની ?

બેજનદારૂ—હં, હં—કુંવરઝી, કુંવરઝી, એ ઠીક નહીં લાગે.

મેહરી—આવો રે, આવો રે, આય મુવો માટીડો મને મારી નાખેછ ! મારૂં ખુન કરેછ !

બચઇ—ઓ શેતઝી, બાઇઝી, આવો રે. હવે શાં કરૂં ? કાણુને કેહું ! કાંહ ઝાઉં ? આય એ જણુની વશશે મારા ઝીભરાયા વર કુટઇ ગીયા.

*   *   *   *

બા. સા.—મી० પટેલ, મેહરબઇ, એ છે શું ? એ બધી પંચાતી શાની છે ? મારા મૅજીસ્ત્રેટના અધિકારની રૂએ હું તમો દરેક જણુને રૂ. ૨૦) નો દંડ કરી શકું.

પટેલ—અરે, હવે એ દંડ કીધો ! મારો બી જીવ હવે કંટાલી ગેયલો. કેલી મેલી પચ્ચીહનો પગાર મલે ને આજે વધારૂં કાલે વધારૂં કરીઆ કરે. કેવી મજેહની પચાહની આફર છે. જીવ તો એવો થાય કે જાણે હમણા આય ભૂતખાનામાંથી નાહસી જાઉં.

મીસીસ બા. સા.—કુંવરજી, કુંવરજી, મુંગા રેહો. તમારે શરમાવું જોઇએ. તમારા શેઠ ગમે તેવા છે પણ આટલા ટુંક વખતમાં તમારૂં કેટલું બધું ભલું કીધુંછ ? તમે એમ રોજ રોજ અમુને દમ ભરાવોછ તે હું મારી ને મેહરનોશની તરફથી કહુંછ કે બેલાશક તમુને નહીં પરવડતું હોય તો તમારૂં સુઝયું તમે કરો.

પટેલ—(મનસે બરબડતાં) અહીંયાં આવવાથી મારૂં ભલું બી થયુંછ ને બુરૂં બી થયુંછ. બુરૂં વધારે થયુંછ કે ભલું—ભલું વધારે થયુંછ કે બુરૂં તે હું પોતે સમજી શકતો નથી. જરા ઠાવકો બન્યોછ, જરા લુચ્ચો બન્યોછ, જરા સુધર્યોછ, જરા બગડયોછ, પણ મને લાગેછ કે હું સુધર્યોછ તે કરતાં બગડયોછ વધુ.

મીસીસ બા. સા.—બેજનદારૂ, એ એમ હાથ શાને દાબ્યા કરોછ ? કંઇ મોરચાયો કે શું ?

બેજનદારૂ—બાઇઝી હા......બાઇઝી નહીં......શેતઝીને કેહુ તે......અરે બાઇઝીને શમઝાંઉ તે......ઓ બાપરે ! . રાખરે ! બશઇ, એમ દાબ ના.

બથઈ—બે શાસો, બેઝનજી, તોંહ રાંધણીમાં આવો, હું જરા આંબા હલ્લદ ને રેવનચીનો શીરો ભરૂં.

ખા. સા.—મી૦ પટેલ, પણ આ બધી પંચાતીનું કારણ શું છે? તમારી પંચાતીનો બધો સાદ અમને આવતો હતો. એવું માલુમ પડે છે કે એક વખત તમોએ મીસ લુસીફરની ખાનગીમાં મુલાકાત લીધી અને ફરી એકવાર એવી મુલાકાત લેવા તમે જતા હતા. સાક્ષી મેહરબઇ, અરે, તમારાં બૈરી મેહરબઇ, એ વાતનું તમને કારણ પુછે છે; તમે ના પાડો છો ને સાક્ષી તે જાણવાની જીદ કરે છે. હવે જે વાત તમો તમારી બૈરીને નહીં જણાવો તે શેઠ અને મેજીસ્ત્રેટના ડબલ ઓધ્ધાની રૂએ મને જાણવાને પુરતો અખત્યાર છે. તમારે એકદમ તે મને જણાવવું પડશે.

પટેલ—નહીં જણાવાશે. હું તેમ કરવાને સાફે સાફ ના પારૂં.

ખા. સા.—તેમ તમને કરવુંજ પડશે.

મની—(હાજર થતાં) પપા, પપા, તમે ઉસકેરાવો ના. વાતમાં કંઇ દમ નથી. હું તમુને કેહું.

ખા. સા.—પણ દીકરી, હમણાજ તારો ને લુસીફરનો મોટે મોટે તકરાર કરવાનો અવાજ આવતો હતો. જાણે બધું આખું ઘેર ઘેલા ઘાંચીનું કુટુંબ હોય તેવું લાગેછ! લો, સાંભળો: પેલો મોરીસ ને આપણો સોહરાબ પીખાય છે ને વળી પેલીગમથી બેજનદારૂ ને બચઇનો સાદ આવે છે, ને વળી તબેલામાં પેલો રાસકલ ભાણીયો પેલી ભાણુકીને મારે છે. બનતાં સુધી હું ઇંગ્રેજી બોલવાનું દુર કરૂં છું પણ goodness me, this will drive me mad!

મહાદીયો—(ધસી આવી) શેતજી, તો આપણા ભાણ્યા ભાણકીયા ખુન કરતે.

ખા. સા.—કરૂંન દે, કરૂંન દે, બેસ્રાશક કરૂંન દે. ચિંતા નાહીં. તુમી ગવાડી પુરા. પણ મની, પછી તું શું બોલતી, બોલતી અટકી ગઇ?

મની—અરે પપા, એતો લુસીફર કહેછ કે એનું કંઇ ખાનગી કાગલ જતું રહયુંછ. એ મને કહેછ કે મેં તે ચોરી લીધું.

મીસીસ ખા. સા.—કહેતી મેરે. મુઇ. કહારો, મેહરનોશ, એ મુઇને હવે બહાર કહાડો.

મની—આય પટેલ તે દહારે એના ઓરડામાં ભરાયા તાહરે હું તાંહથી પસાર થતી'તી. લુસીફરે મને તૈયાર થતાં જોયલી ને હું ઓરડા આગલથી ચાલી ગેઇ તાહરે એ એમ સમજી કે હું વિફરે જાઉંછ. એ લોકોનું બાણુનું અલગું ઉતું. સાંભળો, મેહરબાઇ, ધીરાં થાઓ, એથી તમારાં મનને બી શાંતિ થશે. હું બાણુના આગલ પાછી આવી ને મેં વાત સાંભલી.

પટેલ—પણ તે તો પરાઇવેટ વાત છે. એમ તો શેઠને આહરજી ભરઇને વાત કરે તે હું બી છુપઇને સાંભરૂં, પણ શેઠના કેહયા મુજબ આય કાને સાંભરી પેલે કાને કહારી નાંખુ. અત્યાર સુધી તો મેં તેનો ઉપયોગ નહીં કીધેલો, પણ ....પણ.....

ખા. સા.—પણ હવે પછી કરશો, ખરૂં કે? તમે વાત કરશો તે તમારૂં માનશે કોણ? હું કહીશ કે એ પારસીને મેં નોકરીમાંથી કહાડી મુકયો તેથી એ બધા બખાલા કહાડે છે. કંઇ નહીં, દીકરી, કંઇ નહીં, તું બેલાશક બોલ. એ પારસીની મુંડી મારા હાથમાં છે.

મની—પપા, એ લુસીફર આય પટેલને કહેતી'તી કે રામસીંગ વાગો લઇ ગીયો તેમાં એનું એક કાગલ ભુલથી એના ગાઉનમાં રામસીંગને તાંહ ચાલી ગેલું લાગેછ. રામસીંગનું ઘેર એ નથી જાણુતી વાસ્તે તેનો એડ્રેસ પટેલે લુસીફરને આપવો. પટેલે કેહયું કે: "લુસીફર, મેમ, તમે ફીકર મત કરો, એ કાગલ કોઇ નહીં જોય તેમ સંભાળકર અમ તુમકુ લા કર દેવેગા"

મીસીસ ખા. સા.—એ વાય મની હમણા બી કંઇ હસવાનો વખત છે કે?

મની—મમાજી, નહીં. પણ, હું બનતાં સુધી એ લોકના બોલજ બોલવાની જરૂર જોઉંછ. લુસીફરે ગુજરાતીમાંજ કેહયું કે; "કંઇ નહીં, મી૰ પટેલ, હું ગુજરાતીમાં સારૂં સમજું છું, તમે ગુજરાતીમાંજ બોલો."

પટેલ—એટલે ? શું મને મારૂં હિંદુસ્તાની સુધારવાનો હક નહીં કે ? લે, હવે મ્હોનામાં વાગોલ્યા શું કરો ? લાવની હુંજ બાકીની વાત કેહી દેઉં. એને મને કેહયું કે, તાહરે તો ઘણું સારૂં, મી૦ પટેલ; જો એ કાગલ તમે મને સહીસલામત લાવી આપો તો હું તમુને એક ગીની આપશ. રામસીંગે તો કેહયું કે, "ગવનમે તો કુચ નહીં, એક કાગલ નીકલા તે હમને મનીબાઇકુ દીયા."

મની—ખરૂં છે પપા, એ કાગલ રામસીંગે મને આપ્યો પણ તે હમણા હું તમુને દેખારવાની નથી; તેનાં મારી પાસે મજબુત કારણો છે.

ખા. સા.—પછી શું થયું, મી૦ પટેલ ?

પટેલ—પછી શું થાય ? મને વિશવાસ નહીં આયો તે મેં ગવન તપાસી જોયું.

મેહરી—("કકડા મોડી") મુવો તું વરનો થતો ! એ કુતરીના ગવનને હાથ લગારતાં તુંને શરમ નહીં આવી ?

પટેલ—પણ, તેમાં શું તારા બાપનું નખ્ખોદ વળ્યું ? એમ તો રામસીંગને તું સારી ધોવા આપેછ તે રામસીંગની બૈયર તો નહીં ટંટો કરતી ?

મેહરી— પણ તે તો સુતરઉ સારી ! રેશમી તો બધી બંધારો ધોવા લઇ જાયછ.

બચઈ—માય મેહરબઇ, માટીડાઓના દેખતાં બરી એવી તે શાં વાત કરવાની ? હું તો બધી લજ્જવઇ ઝાઉંશ.

ખા. સા.—પછી શું થયું ? મી૦ મોરીસ, આ કેસની નોંધ બધી તમે લેઓછ કે ?......અરે, એ હું શું બકુંછ ? એ તો બેઉ જણા ઉપર પીખાયછ. ચાલો, પુરૂં કરો, મી૦ પટેલ. એ લોક કપઇ વહરઇ જશે તો કોર્ટનો સોદો થશે.

પટેલ—પછી શું થાય ? આજે સહવારે ભાણ્યો આવીને કહે કે, મુસીફર તમુને બોલાવે. હું જતો'તો ને મેહરીએ મને અટકાવ્યો પછી રોખરૂં થયલું ને તમે ધસી આવેલા.

ખા. સા.--કેસ ઘણો અગતનો છે, ગુંચવાડાભર્યો છે. મારે વિચાર કરવો પડશે. તેટલાં હું તમને ફરમાવું છું, મી૰ પટેલ, કે ગમે તે થાય તો પણ તમારે એ લુસીફરની મુલાકાત હવે લેવી નહીં; નહીં તો... ..નહીં તો......

પટેલ--નહીં તો શું ? નહીં તો તમે મને બરતરફ કરશો. એમાં શું મોટી વાત છે! ચાલ મેહરી, આય પેટીમાં કપરાં ભર; મને બી એવુંજ જોઇએછ. આય બધા ચાંચયાઓની ચાકરીમાં મને હવે રેહેવું નથી.

મીસીસ ખા. સા.--બેલાશક, બેલાશક, મેહરબાઇમાય, તમારા ધણી કહેછ તેમ કરો. તમે મુંગા રેહો, મેહરનોશ, આય ઘેરમાં કંઇ તમારાજ પૈસા ખર્ચાતા નથી. મારાબી ખર્ચાયછ; ને આય વખત હું મારી સતા વાપરવાની ને ફર વાપરવાની. બેલાશક, એ લોકોને જવા દેઓ.

બેજનદારૂ--પણ બાઇજી ....

બચઇ--પણ શીરીનબઇમાય......

મીસીસ ખા. સા.--તમે બેઉ જણાં તમારૂં કામ કરો. તમુને વચ્ચે બોલવાનું કંઇ કામ નથી.

મહાદીયો—બાઇજી, જમાદાર આલા હય; તે દોગી જનલા ચોકી મદી નેહતે.

મીસીસ ખા. સા.--ઘણું મજેહનું. એ ભાણ્યો બી મુવો કુટણો છે. લઇ જવા દે ચોકીમાં; ને તુંને ગમે, મહાદીયા, તો તું બી કહરા.

ખા. સા.--પણ શીરીન........

મના--પપા, મારા સમ, મુંગા રેહો. જે થાયછ તે ઠીકજ છે. મારો બોલ તમે યાદ કરશો. આજે મમા ઘણાં ઉસકેરાયલાં છે ને તમારૂં બોલવાનું સાંભળશે નહીં.

પ્રકરણ ૩૩ મું.

ખા. સા.--ચાલ શીરીન, ચાલ તો, પેલા બે જણા ઉપર કપાઇ વઢાઇ જાય છે તે જોઇએ.

મીસીસ ખા. સા.—હા, ચાલો. એબી પટતી હોય તો પટવા દેજો. દોહરસોનો બોબો મોરીસનો ને સવાસોનો એ દુકતીનો.

ખા. સા.--એટલે ? તું શું બધું આખું ઘેરજ ખાલી કરવા માગેછ કે ? ભાણીયો ગયો, ભાણકી ગઇ, પટેલ ગયો, મેહરી ગઇ, મહાદીયાને બી તેં ફફડાવ્યો તે ચાલી ગયો. બેજનદારૂ ને બચઇ મારા જેવાં નપટ છે તે બેસી રહયાં. મને બી રજા આપ !

મીસીસ ખા. સા.--વરી એમ વરને રજા અપાતી હોતે તાહરે જોઈતેજ શું ? એ તો કપાલે કાન ચોંટયા તે કંઇ કાપી નખાય ? એ તો વર બૈરીને એમ રજા આપે.

ખા. સા.—તું ભુલેછ શીરીન, હમણા તો બૈરીઓ વરને વગર નોટીસે છોડી જાયછ. કેમ મી૦ મોરીસ, સોહરાબ દીકરા, એ શું તોફાન છે ? આજે કેટલા કેટલા દહાડા થયા તમે લોક ધુરકાધુરકી કર્યા કરોછ ! મીસ લુસીફર, તમારા ઓરડામાં એ લોકો કેમ આવ્યા ?

મીસ લુસીફર--આ ઘેરમાં હવે હું એક મીનીટ બી ઉભી રહેવાની નથી. અહીયાં મારી કંઇ બી સેફ્ટી નથી. મારી વાતો લોકો સાંભળે, મારાં કાગલો ચોરાય, મારી મુવમેન્ટ્સપર 'વૉચ' રાખવામાં આવે ત્યાં મારેથી રહેવાયજ કેમ ? આ મારૂં રેઝીગનેશન છે. ખાનસાહેબ, હું મારો પાંચ મહીનાનો ચહડેલો પગાર એકદમ આપી દેવાની તમને અરજ કરૂં છું.

મોરીસ—ને આય મારૂં બી રાજીનામું છે તે તમારે કબુલ કરવું પડશે, ખાનસાહેબ. મેં તમારી પાસેથી ફકત ત્રણુજ મહીનાનો પગાર 'ડ્રૉ' કીધો છે. તમે મને પ્રૉમીસ આપી'તી કે બાકીના રૂપિયા તમે 'દેશ ભકત' ની ઓફીસમાં રોકશો ને ૪) ટકાના વ્યાજ સાથે તમે તે મને આપશો. એ પૈસા મેહરબાની કરી ,મને એકદમ ચૂકવી આપશોજી.

ખા. સા.—મીસ લુસીફર, મી૦ મોરીસ, હું ધારૂં છું કે આ બાબતમાં કંઇ ગંભીર ઘોંટાલો છે. આપણે બધાં એક બીજાંને 'મીસ અન્ડરસ્ટેન્ડ' કરીએછ અને હુ ધારૂં છું કે ખરો ખુલાસો થશે ત્યારે તમે બધા પાછાં ફ્રેન્ડસ થઇ જશો.

મીસીસ ખા. સા.—પણુ મેહરનોશ, એ લોકની મરજી નહીં હોય તો તમે એ લોકને શું કરવા બહોંસ કરોછ.

ખા. સા.—(મીસીસ ખા. સા. ના કાનમાં) પણ હમણા હું કયા મારા બાપના તોડડાંમાંથી એ લોકને ધાર ધધડાવીશ ? આ ફુકતીને શુમારે રૂ. ૮૦૦ ઓંસવા પડશે ને પેલા ફુકતાને શુમારે રૂ. ૨૦૦૦ આપવા પડશે. તે બધા હું લાવીશ કયાંથી ? પણ લાવની, જોઇએ, જરા દમ તો કરી જોઉં (જાહેર) મીસ લુસીફર, મી૦ મોરીસ, તમે બેઉ જણાં એમ એકાએક મારી નોકરીમાંથી નીકળી જવા માગો છો તેથી તમારો છેલ્લા મહીનાનો પગારજ નહીં પણ બાકીની સઘલી રકમ 'ફોરફીટ' કરવાનો મને હક રહે છે એમ હું માનું છું.

મોરીસ—સાહેબ, આટલા દહારા તો હું બોલ્યો નહીં પણ હમણા હું કહેવાની હિંમત કરૂંછ કે તમારાં કાયદાના 'નૉલેજ' વાસ્તે મને મત જેવું કંઇ છેજ નહીં, એટલે .. એટલે...તે મોટી જેવી ફુલ-સ્ટૉપમાં આવીને અટકેલું છે. તમે ખુલાસો જાણવા માંગોછ તે ખુલાસો હું તમને ટુકમાં કેહુંછ કે, આય ઘેરમાં તમારા દીકરાને દીકરી અમારી ઉપર ગંભીર શંકા લઇ જાયછ.

મીસીસ ખા. સા.—"અમારી ઉપર" એટલે ?

મોરીસ—એટલે, મારી ઉપર ને આય મીસ લુસીફર ઉપર.

સોહરાબ—એવણુને પૂછોની, મમા કે મીસ લુસીફર સાથ તમુને શું લાગેવળગે ?

મોરીસ—એટલુંજ કે એક ઇનોસન્ટ ગર્લ મારી કાંની એક અનડીઝાયરેબલ્ ફૅમીલીમાં ફસી પડી હોય તેનો બચાવ કરવાને હું બંધાયલો છેઉં, એમ હું માનુંછ.

સોહરાબ--ઓહો ! અન્ડીઝાયરેબલ્ ફ્રેમીલી ! 'ઇનોસન્ટ ગર્લ ! ' મોરીસ, મોરીસ, તું ઘેલો થયોછ. ખરી વાત જો તું જાણે તો એવું ફાટું ફાટું બકે નહીં.

ખા. સા.--(મીસીસ ખા. સા. ના કાનમાં) શીરીન, વાત તો ગંભીર બનેછ. રૂપિયાનું શું કરશું ? (જાહેર) મી૦ મોરીસ, તમે હમણા ચોકફસ બોલોનો ઉપયોગ કીધોછ જેને માટે તમને ઘટતે ઠેકાણે જવાબ આપવો પડશે, ને વળી 'કેરેકટર સર્ટીફીકેટ' વગર તમે બેઉ જણાં શું કરવાનાં છો? જો હું ચાહું તો તમો બન્નેને સર્ટીફીકેટ આપવાની ના પાડું.

મની--ઉભા રેહો, પપા, ઉભા રેહો. મીસ લુસીફર, આટલા દહારા થયા તમે મારીપર ચાર્જ મુકોછ કે મેં તમારૂં કાગલ ચોરીઉંછ તે ચાર્જનો હું ધિકકાર સાથે જવાબ આપવાને ના પારતીંતી. તમારૂં કાગલ જેને વાસ્તે તમે આટલી બધી કાલજી કરોછ તે મારી પાસે છે પણ તે મેં ચોરીઉં નથી. તમારા ગાઉનમાંથી રામસીંગને મલ્યું ને રામસીંગે તે મને આપ્યું. તે મેં પહેલ્લાં વાંચ્યું'તું નહીં. પણ તે કાગળથી મેં જહારે તમારા હોસકોસ ઉડી ગેયલા જોયા ત્હારે મારી જીજ્ઞાસા ઉસકેરઇ ને તેથી મેં તે વાંચ્યો... ..ટેક કૅર —ટેક કૅર—[મીસ લુસીફર અત્રે ફેન્ટ થાય છે. મોરીસ તેણીને ટેકો આપે છે. ઇલાજો લેવાતાં તેણી હુશીયાર થાય છે.]

ખા. સા.--મીસ લુસીફર, તમારી આવી હાલત જોઇ અમો બધાં દિલગીર છીએ.

મીસીસ ખા. સા., મની, સોહરાબ—બીલકુલ નહીં, બીલકુલ નહીં. તમે દિલગીર હોશો, અમો નહીં. એવણની હાલતનું કારણ એવણ પોતેજ છે.

મોરીસ--તમે લોક હીચકારાં છેઓ. એ કાગળ એકદમ અહીં હાજર કરવાની તમારી ફરજ છે.

મની- હા, જો મીસ લુસીફરને વાંધો નહીં હોય તો હું તે હાજર કરૂં. એવણ પાછાં ફેન્ટ થવાની તૈયારીમાં છે ને એવણનો કાલાવાલા કરતો ચેહરો મને કેહછ કે, ખોદાને ખાતર તેમ કરતાં ના.

ખા. સા.--કેમ મી૦ મોરીસ તમે પોતે હવે કેમ ફીકકા પડો છો ? એ તો મારૂં થાય તે સારાંને કાજે. હવે આપણે કાંઈ સમજુતી પર આવવું જોઇએ.

મોરીસ--હું બી એમજ ધારૂંછ.

ખા. સા.--તે સમજુતી એ છે કે તમો બન્નેને હું હમણા એકેક મહીનાનો પગાર આપું અને બન્નેને સારી ચાલની સર્ટીફીકેટ આપું અને તેના બદલામાં તમો બન્નેએ તમારો બાકીનો પગાર આજથી ૬) મહીનાની મુદત તુલીક માગવો નહીં.

મોરીસ—ને તે અરસામાં તમે ઇન્સૉલવંટ થાઓ તો ?

સોહરાબ—જોયું કે પપા, તમારૂં નીમક કેવું હલાલ કરેછ ?

ખા. સા.—બેટા, એ તો બીઝનૅસ મૅટર છે ને તેને બીઝનૅસની નજરે જોવામાં મી૦ મોરીસ કંઇ ખોટા નથી.

સોહરાબ—નહીં બનશે, પપા, એ વાત નહીં બનશે. એ લોકને તમે પગાર ચૂકવી આપો. તમે જે સર્ટીફીકેટ આપશો તો તે તમારીજ સામે જશે. એ લોકો પછી તમારી સામે તરેહવાર ગુલબાનો જોડશે. મી૦ મોરીસે ને મીસ લુસીફરે પગારની માગણી કીધીછ ને તે માટે ૨૪ કલાકની બી નોટીસ આપણુને આપી નથી તેમજ વળી leaving notice બી નથી આપી. આજે ૩૦ મી તારીખ થઇ, ૩૧ દહારાનો મહીનો છે વાસ્તે આપણે પહેલ્લી તારીખે એ લોકનો પગાર ચૂકવી આપશું. ૬ મહીના તુલીક જો એ લોકોનાં મ્હોડાં બંધ રહેશે ને એ લોક આપણી કંઇ બી નિંદા કરશે નહીં તો પછી સર્ટીફીકેટ આપવાનો આપણે વિચાર કરશું.

ખા. સા.—(સો. ને બાજુમાં) પણ દીકરા, એ રૂપિયા હમણા હું કયા ચૂલામાંથી લાવું ?

સોહરાબ—તમે બીહો ના. પરમ દિન સુધીમાં એ રૂપિયા હું તમુને લાવી આપશ. કયાંથી લાવશ તે મારૂં કામ છે, પણ ખાતરી રાખજો કે કોઇની તીજોરી ફાડવા જવશ નહીં.

ખા. સા.—મી૦ મોરીસ, મીસ લુસીફર, તમે મારા સોહરાબનું કહેવું સાંભળ્યું છે. હવે તમારો શું વિચાર છે?

મીસ લુસીફર—સાહેબ, મારા જીવને બી હાલ ઠીક નથી વાસ્તે હું એકદમ આ ઘેર છોડી જવા ઇચ્છું છું. પરમ દહાડે હું મારૂં માગતું લેણું ચૂકવી જવા આવશ, જે વખતે આશા છે કે મીસ મનીના કબજામાં ગયલો મારો કાગલ તમે મને પાછો અપાવશો.

મોરીસ—ને હું બી આય ઘેર એકદમ છોરી જવા માગુંછ ખાનસાહેબ, હું ધારૂંછ કે તમે એક ઑનરેબલ જૅન્ટલમૅન છેઓ, મેં લખાણમાં તમારી પાસે કંઇ લીધું નથી, પણ તમે મારા પગારની રકમ, કબુલેલાં બ્યાજ સાથે આપશો.

ખા. સા.—પણ બ્યાજ કયાંથી આપું? 'દેશ ભક્ત' કાંઇ 'પે' કરતું નથી, અરે, 'દેશ ભક્ત' તો ઘણું 'પે' કરે છે, અરે, (મનસેઃ- હું બી શું છબરડા કરૂં છું!) જુઓની, મી૦ મોરીસ, જયારે મેં તમને કહયું કે હું બ્યાજ આપીશ ત્યારે મેં ધાર્યું હતું કે તેમ કરવાને જરૂર બનશે પણ સંજોગો જોતાં હવે તેમ બની શકે એમ નથી. વાસ્તે એ વાતના હમણા તો અખાડા કરો. મારો બગલા ભગત, અરે, 'દેશ ભક્ત' કમાઇ કરશે ત્યારે બ્યાજની વાત જોઇ લઇશું. હમણા તો જે મલે તે મીઠા કરો ચાલ, શીરીન, હવે કોનો કેસ બાકી રહયો છે? બાપરે! બાપરે!! આખી મારી 'મૅજીસ્ટેરીયલ કૅરીઅર' માં એકી વખતે આટલા બધા કેસીસ ચૂકવેલા મને યાદ નથી.

મીસીસ ખા. સા.—વરી કોણુનો કેસ? પેલો જમાદાર પેલા બે જણુને લઇ જવા કયારનો ખોટી થાયછ. ભાણકીને લોહી ઘણું ગીયું ને જમાદાર કહેછ કે એ તો ફોજદારી ગુનાહ થયો.

ખા. સા.—પણ, શીરીન, આપણે એ જમાદારના હાથમાં પાંચ પચ્ચીસ સેરવીએ તો?

મીસીસ ખા. સા.—તમારા મૅજીસ્ત્રેટના ઓધ્ધાની રૂએ તેમ કરતાં તમારે શરમાવું જોઇએ. ઓહો, બેજનદારૂ, શું છે?......એ

લોકને પોલીસ સ્ટેશનપર લઇ બી ગીયો? જા, પીડા પટી. બધું ઘેર ચોખ્ખું થયું.

* * * *

ત્રીંગ, ત્રીરીરીરીંગ. ત્રીરીરીરીરીરીંગ, ત્રીંગ.

ખા. સા.—જેની, મની દીકરા, વળી ટેલીફોન કોણ કરે છે?

મની—એ તો પેલો રતન રીપોર્ટર છે. **કહેજે** On His Majesty's Service ના **ઍનવેલપ**વાલો કંઈ કાગળ આયોછ તેથી પપાને એ લોક જલદી તેરેછ. પેલો ઇડીયત નાહની પૂછેછ કે હું ઉખેરૂં કે?

ખા. સા.—એને કહે કે તું ઉખેડતો ના. હું અર્ધા કલાકમાં આવુંછ.

મીસીસ ખા. સા.—પણ તમે અર્ધા કલાકમાં જશો કેમ? પેશો તમારો ફ્રરમાસુ દોસ્તદાર કયારનો તમારે વાસ્તે ખોટી થાયછ.

ખા. સા.—(મનસેઃ-કમબખ્તી!) શીરીન, તું એ પીડા મારા રસ્તામાંથી હજુ પતાવતી નહીં? તેં તો ઉલટી આદાંની સુંઠ કીધી! પેલા રૂપિયા તેં પાછા ઓકાવ્યા ત્યારનો એ મારી ઉપર છેડાયો છે. પણ ચાલ, જોઉં, શું છે?

* * * *

ત્રીરીરીરીંગ ત્રીરીરીરીરીંગ ત્રીંઇઇઇંગ.

"અલવ-કોણુ છો?"

"એ તો હું નાહની છેઉ"

"મુવો તું નાહની. બોલની શું છે?"

"શું કાકાજી, કોણ મુવો?"

"અરે હવે કાકાજી મુવો તારો. બસી મરની. બાપરે! બાપરે! આજના જેવી ભયભીત સવાર......"

"શું કાકાજી? શું કહો છો?"

"શું કહે? તારા બાપનું કપાળ! જોની બેટા નાહની, એ તો જરા આજે મારા જીવને સારું નથી તેથી એમ ગુસ્સે થઈને બોલુંછું. મકુંજે, વળી શું છે?"

"ભાઈદાસ ને ભૂખણદાસનો લૅટર આવેલો છે."

"વારૂં, પછી? લૅટર આવ્યોછ તો ઉકાલીને પી."

"ચાહે તો અમો લોકોએ ઇરાનીને તાંહથી મંગાવીને પીધી."

મીસીસ ખા. સા.—તમે ખીસો; લાવો, ટૅલીફોન મને આપો. તમે જાઓ, પેલા મુવાને વાત કરીને કહારો.

"મી૰ નાહની, શું છે?......ઓ, ભાઈદાસ ને ભૂખણદાસનો કાગલ આયોછ? તમે આટલી મોટી આફીસ ચલાવોછ ને મીનીટે મીનીટ એમ કાકાજીને કંટાલો શું આપોછ? કાગળ આયોછ તે લેવો, રિસિટ બુકમાં સહી આપો; કાકાજી આવીને વાંચશે."

*   *   *   *

મની—મમા, મમા, તમે જરા હવે રૅસ્ટ લેઓ તો ઠીક. તમે આજે દાતણબી કીધું નથી તે કરીને ચાહેનો ગોટ પી લેઓ.

મીસીસ ખા. સા.—નહીં દીકરી, પેલા નાપાકનો કંઇ નીવેડો આખરે કરવો જોઇએ. મને એ લોકની વાત સાંભળવા દે. એનો હું લટકો ફટકો આજે કરવા માગુંછ.

પ્રકરણ ૩૪ મું.

ખા. સા.—કેમ, આદર, સવારને પ્રહરે અહીંયાં?

આદર—એટલે? તારી નાદર સુરત જોવા આયો. એક દહારો તે નહીં જોતો તો હાવરો બાવરો બની જાઉંચ.

*   *   *   *

મીસીસ ખા. સા.—(બારણાની બહારથી) મુવો તું ઘરાનો લેતો! જાણે એવું થાયછ કે......હમણા......

*   *   *   *

ખા. સા.—ચાહે નાસ્તો કીધો ! કંઈ મંગાવું ?

આદર—કેમ બચ્ચા, લાંચ આપેચ કે ? લેની, હુંજ ઘાંટ વજારીને મંગાવું. બોય, મારે વાસ્તે નાસ્તો મોકલ. જોની દોસ્ત નાદર, હવે તું મારૂં શું કરવા માંગેચ ?

ખા. સા.—અચાર ભરવા......અરે, તું કહે તે ?

આદર—મને ચાકરી જોઇએ.

ખા. સા.—ચાકરી જોઇએછ ! કોની ? કયાં ?

આદર—બગલા ભગત......અરે, "દેશ ભગત"ની આફીસમાં.

ખા. સા.—પણ તું ત્યાં શું કરી શકવાનો છે ?

આદર—તું જે કહેસે તે ! તારો નાહનો તે વરી તાંહ સું ઘોરીને ઘચ કરેચ ! હું બીલ કલેકટર થવા માંગુંચ.

ખા. સા.—બીલ કલેકટર ?........ઘોવાયું. પણ હું ના પાડું તો ?

આદર—તો તારૂં કીધેલું તું જાણે. તેં મારી એક આવક છીનવી લીધી એટલે બીજી મેલવી આપવા તું બંધાયલો છે.

ખા. સા.—તે વળી કઇ આવક ?

આદર—તેં મને 'લોજ'માંથી કહરાવ્યો.

ખા. સા.—પણ મેં કયાં તને કહડાવ્યો ? ઉલટી તારી ૭ મહીનાની ચઢેલી ફી બી મેં જરી. તું ટેબલપર પાધરો રહે નહીં, તારી મેસોનીક ફરજો બરોબર બજાવે નહીં, ફાટું ફાટું બકે, ને એક બે વખત ખીસાં કાતરવાની કોશેશ કરતાં તું પકડાઇ ગયો તેથી તે લોકોએ તારૂં નામ કહાડી નાંખ્યું.

આદર—મારૂં નામ તો કહારી નાંખ્યું પણ હવે 'લાલાજી' તમારા લોકોની બધી વાત હું બહાર પારૂંચ.

ખા. સા.—તું સોગંદથી બંધાયલો છે.

આદર—સોગંદ ?......અહે હે હે....સોગુંદ ? સોગંદ ખાતો ખાતો તો હું નાહ્લેથી મોટો થયો. સોગંદપર તો હું જીવૂંચ, સોગંદથી

તો હું રોજી મેલવુય ને મરસ, તાંહ સુધી કુડીબંધ સોગંદ હજુ તો ખાતો રહેવસ. ને બચ્ચા નાદર, નારી પેલી ફીટુરી બૈરીએ તેં મને આપેલાં નાણાં મારી પાસેથી ઓકાવી લીધાં તે આય ઘરીએ તુંને ટોલવાં પરસે. હું તારો પીછો છોરસ નહીં. લાવ, આય મારી પાંચ-સોની નોટ, ને અબ ઘરી મંને લખી આપ કે તું મને રૂ. ૫૦) ને માસીક પગારે બે વરસ સુધી દ્રાયન પર બીજા કલેક્ટરની નોકરી આપવા બંધાયચ.

ખા. સા—આદર, આદર, મને જરા વિચાર તો કરવા દે.

આદાર—હા, લે, મારે કાંઇ ના છે. આય હું નાસ્તો ખાઉંચ તેટલાં તું વીચાર કર. કોણ?.....સીરીનબઇ? કેમ છેઓ, બાઇજી, ખુશાલ તો છેઓની?

ખા. સા—કેમ, શીરીન, તને કેમ આવવું પડયું?

મીસીસ ખા. સા—તમે મુંગા રેહો, મેહરનોશ. મને એવણ સાથે કંઈ કામ છે. જુઓ મી૦ આદરજી, તમારી બધી વાત મેં સાંભળીછ ને હું ચોકકસ ઠરાવ પર આવીછ. મેહરનોશ, તમે એ શું લખવા બેઠાછ? આય પારસીને તમેં તમારી ઓફીસમાં નોકરી આપશો તો તે દહારથી તમે તમારે માર્ગે ને હું મારે માર્ગે. સોહરાબ, મની ને બે નાહ્લાંઓ અલબત મારી સાથે આવશે [કાગલ ફાડી નાંખે છે] મી૦ આદરજી, તમે ધારોછ કે બૈરાંઓ તો નામનાં ને કામનાં નહીં. તમે ધારોછ કે આય બાઇ માણસથી શું વળવાનું છે?.. ......બોય, બોય, આય બધું ધમશાન અહીંથી એકદમ લઈ જા......પણ હવે તમે જોશો કે બૈરાંઓમાંબી કેટલું મીઠું હોયછ. મારા કમનસીબ મેહરનોશપરનો તમારો અનઘટતો વસીલો મેં જે દહારનો જોયો તે દહારથી મેં મારા પોતાના વકીલની ખાનગીમાં સલાહ લીધી. તમારી આગલી પાછલી જે મેં તમારે મ્હોડેથી આડકત્રી રીતે કહાડી લીધીછ તે બધી મેં મારા વકીલને જણાવી ને એ મી૦ મેહલ્લાશાને મેં કહયું કે કંઇબી ખરચે ને જોખમે તમારી આગલી પાછલી, પોલીસ કોર્ટનાં ને બીજાં દફતરો પરથી મેલવવી. હવે જુઓ, સંજોગ એવો થયો કે તમારી આલાં ઘણી

સીક થઇ ગેઇ ને હું તમારે ઘેર તેને જોવા ગેઇ. મને તાંહ ખોદાયજીજ લઈ ગીયા. આલાંએ મને પોતાનું ખાણું ઉંઘારવા કુંચી આપી; ભુલથી આલાંનું ખાણું ઉંઘારવાને બદલે તેજ ચાવીથી મેં તમારૂં ખાણું ઉંઘારયું ને તેમાંથી મને શું મલ્યું ! તમારે નામનાં થોડાંક જુનાં પુરાણાં કાગલ્યાં. એ કાગલો તમુને બટએ મોકલવા બસ છે.

આદર— દદા..........

સોહરાબ—(અંદર ધુસી આવી તેને ગરદનમાંથી પકડી) બેસી જા, યુ રાસ્કલ. તારી ગરદનની સલામતી ચહાતો હોય તો મમા કહેછ તે મુંગો મુંગો સાંભળ. બ્રાવો, મારાં બહાદુર મમા, પછી ? મમા હોય તો એવાંજ હોજો. પપા, હું ઇચ્છુંછ કે મને બી એવીજ બૈરી મલે. આવ મની, આવ, આય રાસ્કલની ફજેતી સાંભળ. બહાર શાની ઉભી ?

મીસીસ ખા. સા.—જો, તાહરે, આદર......

ખા. સા.—શીરીન, શીરીન,.........

મીસીસ ખા. સા.—તમે મુગા બેસો. તમારૂં વચ્ચે બોલવાનું કામ નથી. જો તાહરે, આદર, મારા વકીલને મેં એ કાગલો આપ્યાં. તારી આલાં એ વાત બધી જાણેછ. એ હમણા તારા ઘેરમાં નથી. મેં એને એવે ઠેકાણે છુપાવીછ કે તે તું જાણવા પામશે નહીં. પણ તે વાત પછવાડેથી.

આદર—તાહરે હવે તું મારી બૈરીને બી ઉઠાવી લઈ ગેઇ કે ? [સરરરરરર દઈને સલાપ, જે અલબતાં માસ્તર સોહરાબે લગાવી હતી.]

સોહરાબ—બેસી જા, બેઅદબ. મારાં મમાને "તું તાં"થી કેમ કહેછ. મારાં હાડકાં ભંજાવશે ત્યારની વાત ત્યારે પણ હમણાં તારાં અહીં સેકાવી નાંખશ. જોયો કે, આય મારો ગંગાદીન બાજુના આગલ ઉભેલો છે તે.

મીસીસ ખા. સા.—આદર, મારા વકીલે ઘટતે ઠેકાણે તલાસ કરીને ચોકકસ મુંદદાઓ તારી સામે ઉભા કીધાછ. મારી તરફનો એક બોલ ને તું ચટણી ! ચાલ, હવે, બોલ; તુંને શું

ગમેછ ? "દેશ ભકત" માં નોકરી, મારા મેહરનોશની લેવરી કે બટ'એની સહેલગાહ ?

આદર—(પાઘડી ઉતારી) મ... ..મ......મને માફ કરો. તમે કેહો તેમ હું કરવા તૈયાર છેઉં. નાદર... ..અરે, મેહરનોશજી, મને બચાવો.

ખા. સા.—(કાનપર હાથ મેલી) Too late, too late. ભેંસનાં શીંગ ભેંસને ભારી, આદર. દીકરી મની, મારો નાસ્તો અહીં નહીં મગાવે ? મને એવી કકડીને ભુખ લાગી આવીછ કે જાણે આય રાસ્કલને કાચ્ચો ને કાચ્ચો ખાઇ જાઉં.

મીસીસ ખા. સા.—ઉંચક, તારી પાઘરી ઉંચક; નેહસ્ત કંગાલ, મારા પગને અડકવાને બી એ લાયક નથી.

આદર— લ......લ . .. લેઓ, ઉંચકી.

મીસીસ ખા. સા.—જો તાહરે, તું બટ'એ નહીં જવા માંગતો હોય તો આય કાગલપર મને સહી કરી આપ.

આદર—ને મારાં પેલાં કાગલો ?

મીસીસ ખા. સા.—તે મારા વકીલની પાસે રહેશે. ને તું જો જરા બી તારી શરતની બહાર જવાની કોશેશ કરશે તો તરત તે કાગલોનો અમે ઉપયોગ કરશું.

આદર—પણ આય તમારી શરત વાંચોની ?

મીસીસ ખા. સા.—હા, લેઓ હું વાંચુંછ—

હું નીચે સહી કરનાર આદરજી ઉકરજી એલાવીયા ઉર્ફે આપ્બારા, ઉર્ફે ગામડીયા, ઉર્ફે ગોરીમાર, મારી રાજીખુશીથી ને પુરતી અકકલ હુશીયારીમાં આ ખત શેઠ મેહરનોશજી મીનોચેહરજી માલેગામવાળાને લખી આપું છું.

વર્ષો ઉપર હું મી. મેહરનોશની ઓળખનું માન ધરાવતો હતો. તે વખતે હું લુચ્ચો, લફંગો, ખીસાંકાતરૂ, તોફાની ને દુરાચરણી હતો જુવાનીના બહારમાં મી૦ મહેરનોશ મારા હાથમાં શીકાર થઇ પડયા ને

તેવણુની માયા મહેરબાનીનો મેં ઘણો અણુઘટતો લાભ લીધો. વખતના વહેવા સાથ મી૦ મેહરનોશ પોતાની ખંત અને ઉદ્યોગથી આગળ વધ્યા ને રફતે રફતે મારાથી અલગ થયા, જ્યારે હું ખીસાંકાતરૂ ઉપરથી હાડકાં ભાંગુ, હાડકાંભાંગુ ઉપરથી ગળાંફાંસુ, રમખાણુમચાઉ, છાકટ ને દુરાચરણી તરીકે જાણીતો થયો. નામદાર સરકારની આસાન ને સખત કેદની જેલોની સફર કરી મને લગભગ વીસ વર્ષ ઉપર મુંબાઈ તજી દેવું પડયું. છેલ્લા એક વર્ષ ઉપર હું મુંબઇ પાછો ફર્યો ને મારા આગલા દોસ્ત મી૦ મેહરનોશને ઢુંડી કહાડી તેની નામરજી છતાં તેના ઘરમાં પ્રવેશ કરી તેની પાસે ધાકધમકીથી નાણાં કઢાવવા માંડયાં. તેવણુના ધણીયાણીએ આ ઉપરથી પોતાના વકીલને સઘળી કેફીયત કહી ને મારાં ચોકકસ કાગલો તેવણુને સોંપ્યાં જે કાગલો મને બટખે મોકલવાને પુરતાં છે. મીસીસ મેહરનોશે એક હાથ ઉપર મારી નિર્દોષ નિરાધાર ધણીયાણી ઉપરના તેવણુના ચાહને લીધે ને બીજા હાથ ઉપર મી૦ મેહરનોશને મારા જુલમમાંથી છોડવવાને માટે મારી ઉપર રહેમ કરી મને તુરંગે જતો બચાવી લીધો છે. તેવણુની શરત મુજબ હું આ લખી આપી કબુલ થાઉં છું કે આવતા શુક્રવારની સ્ટીમરમાં મારે જંગબાર ઉપડી જવું ને ત્યાં ખાનબહાદુર જહાંબક્ષ નવરોઝ જંગબારવાલાની નોકરીમાં સાત વર્ષ સુધી રહેવું ને સારી રીતે વર્તવું. આ મુદ્દતમાં મારે જંગબારમાંથી પગ બહાર કહાડવો નહીં. ખાનબહાદુર જહાંબક્ષના વકીલો જેઓ મારી કેફીયતથી વાકેફ છે તેઓ મારી ચીલચાલ ઉપર નજર રાખશે. આ મુદ્દત દરમ્યાન મારી ધણીયાણી કયાં છે ને કોના આશરા તળે રહે છે તેની બાતમી મેલવવાને મારે કાંઇ પણ યત્ન કરવો નહીં, તેમજ ખા. સા. મેહરનોશને અથવા તેવણુનાં કોઇપણ કુટુંબીને સતાવવાની કોશેશ કરવી નહીં. સાત વર્ષની મુદ્દત બાદ મારી બાબતમાં આગલ કેમ વર્તવું તેનો મારી ચાલચલણ તપાસી જોઇને શેઠ જહાંબક્ષ વિચાર કરશે. મારો જંગબાર જવાનો સઘળો ખીસાં ખરચ ખા સા. મેહરનોશ આપશે.

આ કરારનો કોઇપણ રવેશે હું ભંગ કરૂં અથવા તેમ કરવાની કોશેશ કરૂં તો ખા. સા. મેહરનોશજી તેવણુનાં ધણીયાણી ને તેવણુના

વકીલો મારી ઉપર કંઇપણ રૂખુ રહેમ કર્યા વિના તેમની નજરમાં આવે તેમ મારી સામે પગલાં ભરશે.

(સહી)

... ...

સોરાબ—કેમ, આદરજી શેઠ, કંઇ ખુબ પરસેવે જરકાવ થઇ ગયાછ ! ભૈયા, શેઠકુ પંખા ડાલો; મની, જરા ખીસી જા તો; બારીમાંથી હવા આવવા દે.

મીસીસ ખા. સા.—કેમ, આદરજી તમારો શું વિચાર છે ? આય કાગલ સહી કરવોછ ? હમણા સાડાદશમાં પાંચ ઓછી છે. મેહલ્લાશા વકીલને મેં ટેલીફોન કીધોછ ને મોટર તેવણુને લેવા ગેઇછ. તેવણુની હાજરીમાં તમારે સહી કરી આપવી જોઇશે, ને તેવણુ તે ઉપર શાખ કરશે.

આદર—પ......પ . ...પણુ મારો ખીસાં ખરચ ?

મીસીસ ખા. સા.—તમે આવતી કાલે મેહલ્લાશાની ઓફીસમાં જજો. તેવણે પેસેજ કહડાવેલી છે, ને તેવણુના કલાર્કની હાજરીમાં શુકરવારે તમારે સ્ટીમરપર ચહરવું પરશે. લેઓ, આય બોલબોલતામાં મેહલ્લાશા આયા.

મેહલ્લાશા—કેમ, મેહરનોશજી, 'હાઉ આર યુ' ? શીરીનબઇ, કેમ છેઓ ? ઓહો—મની દીકરા, તું તો હવે બૈરાંજી થઇ ગેઇ ! મારા ખોરાપર બેસીને ગુચ્છા તાણુતી'તી તે વીસરી ગેઇ કે ? આય કોણુ ? ઓ આઈ સી, આય પેલા તમારા નંગ કે ! આદરજી, હું કંઇ નોવેલીસ્ટ નથી, પણુ જો હોતે તો તમારી કેરેકટર છ નોવેલ લખવાનો મને ખોરાક પુરો પારતે. શું ધાર્યું, બૈરાં વીષે તમે શું ધારોછ ? તમે તો તમારી બૈરી સાથે સદા દમબાજી કરતા આયાછ; આય શીરીનબઇ જેવી વાઇફ તમુને મલી હોતે તો ટુંકામાંજ તમુને ડહામતે, ખરૂંની ? શીરીનબઈ, હું તમુને મુબારકબાદી આપુંછ. આય બધાં હાજર છે તે લોકના ચહેરાપરથી હું જોઉંછ કે તમારી નેક નેમમાં તમે ફાવ્યાંછ. ચાલો, જોઉંછ તો મી૦ આદરજી, તમુને સહી કરતાં તો આવડેછની ?

તમે દીનદાર, દીનચાશીદાર, દીનચુસ્ત પારસી જરથોસ્તીમાં ખપોછની? મેં સાંભળ્યુંછ કે તમે જયારે ત્યારે આતશબહેરામમાં દેખાવ દેવોછ ને સુખડ-માચી ચહડાવોછ. અરે પણ એમાં અજાયબી શું છે? આજે તો જેટલી વધારે સુખડ-માચી તેટલાં વધારે પાણી મુવેલાં! બાઇ-ધ-બાઇ શીરીનબઇ, જંગબારમાં બી અગીયારી છેની? એવણુની દિનચાશીદારીને ને એવણુનાં અશો તન ને મનને તેથી ઘણી રહાત મલશે. જોઉંછ તો મારા દીલાવરજંગ, તમે સહી કેવી કરોછ? છુપેથી તમે ખોટી સહી કીધેલી તે તો મેં જોઇછ, હવે હીંમતથી જાહેરમાં ખરી સહી કરી બતાવો, જોઉંછ તો? નહીં, નહીં, શીરીનબઇ; હમણા એ ડૉકયુમૅન્ટ એવણુના હાથમાં આપતાં ના. એવણુના હાથ ધ્રુંજેછ, સોહરાબ બેટા, પેલું કોરૂં કાગલ એવણુને આપ. એવણુ તેપર દસ પંદર સહી કરી હાથ ઠેરવશે, પછી આપર સહી કરશે. આપરા દીનચાશીદારોના બોલમાં "ખોદા તમારો નિગેહબાન થાઓ ને તમને રાહે રાસ્તપર દોરવો ને જંગબારમાં તમુંને કોહરાં વેંગણાં કરતા અટકાવો." અસર તો ઠીક થઇછ હ, શીરીનબઈ, હું નામદાર સરકારને ભલામણ કરશ કે ઓ કેદીઓ સુધારનાર અમલદાર તરીકે તમારી નેમણુંક કરે. મારી હરવઇ હાલ્લાં તો ભોલી ભટાક છે. કેમ હાથ ઠર્યો, મી૦ આદરજી? લેઓ, મનશની ગવશની ને કુનશનીથી એપર સહી કરો. There, there all right. હું નહીં ધારતો'તો કે તમે એવી સરસ સહી કરશો. અરે પણ, વકીલ થઇને ભુલ્યો; તમે પારકાઓની સહી કરવાનો હુનર જાણો એટલે અલબત, તમારી પોતાની સહી તો ઠીકજ કરો. લાવો, હું હવે શાખ કરૂં. શીરીનબઇ તમે એવણુને ચાહ પાણી કરાવ્યું કે? ચાલો, મને બી કકડીને ભૂખ લાગીછ— નાસ્તો છે કે? માફ કરજો, આય દસ મીનીટ થઇ બધો બોલવાનો હક મેં રીઝર્વ રાખ્યોછ; હવે ફકત એકજ મીનીટ બોલશ. મી૦ આદરજી, આવતી કાલે બરાબર અગીયાર વાગે મારી ઓફીસમાં આવજો, તેટલાં સાહેબજી. તમે ઘણી વારના અહીં બેઠેલા લાગોછ ને થાકેલા દીસોછ. લેવો આય બે ગીની છે; "તમુને કંઇ લેવું કરવું હોય તો લેજો. જો કંઈ આડું તીડું ખાઇને સુઇ ના રહેતા—પણ નહીં, તમે તેમ કરો

તેવા દીસતા નથી. આવજો, બાબા આવજો,—તનદરોસ્તી, દેરજીવશની ને હજાર નીયામત. ચાલો શીરીનબઇ, ચાલો મેહરનોશજી, મની, સોહ-રાબ—પહેલ્લાં પેટનું પછી શેઠનું.

મીસીસ ખા. સા.—આલાં કેમ છે? આય નાપાક જંગબાર પુગાનો આપુંને તાર મલે કે તમે એને મારે તાંહ તરત મોકલજો. એ મારી અતલગની સગી થાય તે તો તમે જાણોછની! એ હવે મારી સાથી ઘઇનેજ રહેશે.

પ્રકરણ ૩૫ મું.

પટેલ લૉજ, તારદેવ.

રોદા—પપા, પેલો દબરડીંગ આયોછ ને સાથે કોઇ ટ્રીમ ટરાક જેવી બૈરાંબી છે. કહે જે કુંવરજી શેઠને મળવુંછ.

મીં૦ પટેલ—દબરડીંગ? કોણ? પેલા મેહરનોશનો મૅનેજર? તે કાંય આયોછ? બોલાવ, એને અંદર બોલાવ. આવો મી૦ માખણયા તમે કાંહથી ફુટી નીકળ્યા?

માખણ્યા—સાહેબ, મકુંજે હોકમ હોય તો બેસું. પેલા મારા આગલાએ મને શીખવ્યુંછ કે હોકમ વગર બેસાય નહીં.

મી૦ પટેલ—એટલે, તમારો આગલો કોણ? તમે તો માટીડા છેઓ એટલે તમારો આગલો વર તો હોય નહીં.

માખણ્યા—પેલો મારો આગલો શેઠ. હવે તો હું એને "શેઠ" કહેતાંબી લજવાઉંછ.

મી૦ પટેલ—તમુને તેવણે શું પાણીચું આપ્યું કે?

માખણ્યા—હા, જી નહીં—એ તો મેંજ તેવણને નોકરી છોરી આપી.

મી૦ પટેલ—પણ તેનું કારણ! અલબતાં બધા નોકરોની માફક તમે કહેશો, મી૦ માખણયા, કે એ તો શેઠ બાઇનોજ વાંક હતો, તમે

શું કરવા નોકરી છોડીછ તેની હું ખાનગી ખબર કહાડશ; કારણ, નોકરોને મ્હોડે તે સાંભળવાનો મારો રીવાજ નથી. ચાલો હવે, તમે શું કરવા આહીંયાં આયાછ તે હું સમજી ગયોછ તમે કહેવા માગોછ કે મારે તમને નોકરી રાખવા, ખરૂંની !

માખણ્યા—સાહેબ, સાકેટરીએબી નોકરી છોરી આપી. મીસ લુસીફરબી ગેઇ. ભાણ્યોને ભાણુકીબી ગીયાં. મહાદીયોબી નાહસી ગયો. ફકત બેજનદારૂ, બચ્ચઇ, બબરચી, બોય, બે આયા, શોફર, ને બે ઘોરાવાલા રહેલા. તમે સાહેબ મને કબુલાત આપી'તી કે રૂ. ૫૦) ને દરમાયે તમે મને રાખશો. મારી મેહરીબી મારી સાથે અહીં રહેવા રાજી થશે.

મી૦ પટેલ—હા, મેં તમુને કબુલાત આપી'તી ખરી, પણ તમારાં મેહરબઇને નહીં. જુવો, મી૦ માખણ્યા, તમે શું કરવા નોકરી છોડીછે તેની હું ખબર કહાડશ ને પછી ચોકકસ શરતોએ હુ તમુને મારી બહારગામની ઍસ્ટેટપર નોકરી રાખશ. તાંહ તમુને અલબનાં રખડપતી કરવી પડશે એ શરતોમાં એક એ છે કે તમોએ તમારૂં અસલ નામ પાછું અખત્યાર કરવું; બીજી એ કે તમોએ તમારા આગલા શેઠની નીંદા મારી આગલ કરવી નહીં; ત્રીજી એ કે તમારી ડાયરી તમોએ મને સ્વાધીન કરવી; અને ચોથી એ કે તમોએ પ્રમાણીકપણે અને સારી નિષ્ટાથી વર્તવું. કંઇ નહીં, કંઇ નહીં, મેહરબઇને અંદર બોલાવવાની જરૂર નથી. મારાં ધણીયાણી આગલ તો એક કમ્પેનીયન છે ને તેવણુને બગર વાંકે હું કહારવા માગતો નથી. મારી ઍસ્ટેટપર પરણેલા નોકરો રાખવાનું હું વધારે પસંદ કરૂંછ. લગોટીયાઓ મને પસંદ નથી. તમારાં મેહરબઇને તમારે તમારી સાથે બહારગામ લઇ જવાં પડશે. મારી ઍસ્ટેટ કાંહ છે તે તમે જાણોછ ?—વીરમગામ. તમુને તાંહ પાંચ વરસ સુધી નકકી રહેવું પડશે દીકરા રોદા, જાઓ. એવણનાં ધણીયાણી બહાર એકલાં બેઠાંછ તેવણુને આવકાર આપીને એવણુને વિદાય કરો. આવજો, મી૦ માખણ્યા આવજો. કંઇ નહીં, ઉપકાર માનવાની જરૂર નથી. ધીરથી મને જવાબ આપજો.

* * *

[અર્ધો કલાકનો અંતર]

અહ્લો આય કોણનો કાર્ડ?–મી૦ સોહરાબ એમ. મોરીસ, B. A. આય તો ભાગા ઘેરના ઉંદર બધા અહીંયાંજ નાહસી આવેછ દેખું! મેં સાંભળ્યુંછ કે છોકરો ઘણો લાયક છે, પણ પેલી મીસ લુસીફરની મોહજાળમાં ફસી પડયોછ. મેહરનોશે એને પોતાનો જમઇ કરવાની મજેહની તક ખોહી દીધી. એને શીરીનબઇમાં એક લાયક સાસુ ને મનીજેહમાં એક લાયક ધણીયાણી ગુમાવીછ, પણ સસરો ખોહવામાં એને કંઇ માહું કર્યું નથી. જા, રામા, આય શેઠને અંદર મોકલ. બેસો, મી૦ મોરીસ, બેસો. શું ફરમાસ છે? તમારી ઓળખ આપવાની કંઈ જરૂર નથી. તમે મેહરનોશજીના સેક્રેટરી ની?

મોરીસ—હા જી, હું તેવણનો સેક્રેટરી ઉતો, પણ હવે નથી.

મી૦ પટેલ—હા, તે મેં અત્યાર અગાઉનું જાણ્યુંછ. તમારી ઓળખ કરવા હું ખુશી છેઉં. પણ તમે નોકરી કાંય છોડી? ઓ—એમ બધી હકીકત છે. પણ જુવો, મી૦ મોરીસ, એ લુસીફર વિષે મેં કંઇ સારૂં સાંભળ્યું નથી. તમે મારી પાસે નોકરી માંગોછ તે હું તમારેજ માટે નહીં પણ તમારા બહેસ્તી બાવાને ખાતર તમને મેલવી આપવા તૈયાર છેઉં, પણ તે એ[illegible] રતે કે તમે આય લુસીફરને પડતી મુકો. હું તમારા બાપ જેવો છેઉં ને તમને સારીજ સલાહ આપશ. તમે કહોછ કે લુસીફરે મનીજેહને પેલું કાગલ જાહેરમાં વાંચવા દીધું નહીં તે દેખાડવાને પુરતું છે કે એ કાગલમાં મોટો ભરમ સમાયલો હોવો જોઇએ ને તે જાહેરમાં મુકવા લુસીફર ડરે છે. તમો બોલતા નથી પણ હું ધારૂં છું કે જે હોટેલમાં તમે હમણા ઉતરેલા છેઓ તેજ હોટેલમાં લુસીફર પણ ઉતરેલી છે. જુવો દીકરા, તપાસજો. એ જાતની છોકરીઓ જુવાન્યાઓને પોતાનાં હથીયાર સમાન લેખી તેઓને રમાડી, નીચવી ને પછી જેમ સાપ મરઘીનું લોહી પી તેને ફેંકી દે, તેમ તેઓને ફેંકી દે છે. એ ઢુકતીને બદલે તમે મેહરનોશની મનીને વળગી રહયા હોતે તો હું તમને ઘણા 'લકી' ગણતે. પણ you young men will sow your wild oats, ખરૂંની! તમે લીધેલા ખાધેલા દીસોછ! ચાલો, આવો, આપરે સાથે નાસ્તો કરીએ. નહીં, તમારેથી ના કહેવાય નહી.

* * *

અર્ધા કલાકનો અંતર]

સુના—પપા પપા, પેલી મીસ લુસીફર આવીછ. મરે, દેખાવમાં તો એવી મજેહની લાગેછ ! એને અંદર બોલાઉં કે ? કેવું અજબ જેવું ! [વિઝિટરપર વિઝિટર આવેછ ને તેબી પેલાને તાંહના બરતરફ થયલા નોકરો.]

મી૦ પટેલ—કેમ મીસ લુસીફર, તમને કઈ અહીંયાં તરદી લેવી પડી ? તમને હું માત્ર નામેજ ઓળખું છ ને કંઇ સહેજસાજ વાત તમારે વિષે મારા કાનપર પણ આવીછ તેથી હું Formalityને ખાતર પણ એમ બોલતો નથી કે "તમુને જોઇને હું ખુશી છેઉં." હું જાણુંછ કે તમોએ ખાનસાહેબ મેહરનોશજીની નોકરી છોડી છે. એ વાત મેં કોણુથી જાણી તે તમને કહેવાની મારે જરૂર નથી. હું ધારૂંછ કે તમને બીજી નોકરીની જરૂર છે પણ તમારા પોતાના દેશમાં તમારા જેવી મજબુત બાંધાની સારા દેખાવની કોઇપણ જુવાન અબળા માટે નોકરીનાં એટલાં તો ખેતરો પડેલાં છે કે તમે આવી કાચી ઉમરે અત્રે કાંઇપણ ઓળખ ધરાવ્યા વગર દરિયો કાં ડોહળ્યો તે મારી સમજમાં ઉતરતું નથી. મને ગવરનેસ જોઇતી નથી. હું લેડી કલાર્કસ્ રાખતો નથી. અને નર્સની પણ મને જરૂર નથી. વાસ્તે હું ઘણો, ઘણો દિલગીર છું કે તમને નોકરી રાખવા હું અશકત છું. વળી તમને હું ઓળખતો ન હોવાથી હું તમને ભલામણપત્ર તો કદી પણ આપું નહીં. મારા દુશ્મનને તાંહ તમે નોકરી હતાં ને તમે તેની નોકરી છોડી તેથી તમે માંગશો તે હું તમારે માટે કરીશ એમ વિચારવામાં તમે ગંભીર ભૂલ કરી છે. હવે માત્ર એકજ બોલ મારે તમને કહેવો છે. તમે વાંધો કહાડતાં નથી. તાહરે હું તમને સલાહ આપું છું. તમારે મી૦ સોહરાબ મોરીસને ખાતર નહીં તો તમારી પોતાની સલામતીને ખાતર એ મી૦ મોરીસને કોઇ પણ જાતની trouble માં ઉતારવો નહીં. તમે નેણુ ચહડાવો છો પણ તમારે જાણવું જોઇએ કે એ જુવાનયાના બાપનો હું મોટો મિત્ર હતો ને એની સાથે તમે ચેડાં કહાડો તે જોવાને હું રાજી નથી થોડું બોલવે ઘણું કરી સમજજો. મારી સલાહ માનો તો જેવાં આવ્યાં તેવાં પાછાં તમારે વતન ઉપડી જાઓ.—સુના દીકરી, આય મીસ લુસીફરને બારણાવેર મુકી આવો.

* * *

[એક કલાકનો અંતર]

રોદા—પપા, કેવી અજાયબી! શું ધાર્યું! કોણ આયુંછ?

મી૦ પટેલ—કોણ? તુંને પરણવા કાજે કોઇ શોધતો આયો હોશે.

રોદા—ઓ પપા, તમે તો મશકરી કરોછ, પણ એમ જો કોઇ દહારો ખરેખર બને તો?

મી૦ પટેલ—શું ખરેખર બને? તારૂં ધ્યાન તો પેલા સોરાબમાંજ છે. એ છોકરો તો મજેહનો છે. માવબી સારી છે, પણ બાપ તો મારો.. ...મારો.....

રોદા—પપા, તાહરે સાંભલો—એ તો સોહરાબજ આયોછ—મારા સમ, તમે એને મલવા ના પારતા ના. (મોટે) આવો સોહરાબ, આવો—પપા તમને તેરેછ.

મી૦ પટેલ—આવો મી૦ સોહરાબ, બેસો, કેમ છેઓ? બધાં ઠીક તો છેનો? તમારાં મમા ને બહેન મની ને... . ...

સોહરાબ—સાહેબ, તમારી આટલી બધી લાવજીને વાસ્તે હું તમારો ઘણો ઉપકારી છેઉં હું લાંબુ કરશ નહીં પણ ટુંકામાંજ આટોપી લેવશ. મારા પપાએ તમારી સાથ દુશમનાઇ કીધીછ પણ હું, મમા ને મની હમેશાં એવણને કહેતાં આવાંછ કે તેમ કરવામા એવણની ઘણી ભુલ છે. મમા તો ઘડી ઘડી બોલેછ કે નાદાન દોસ્ત કરતાં દાનાવ દુશમન ભલો. તમે જાણોછજી કે આજે કેટલીક મુદતથી મારા પપાનાં affairs ઘણાં ગુંચવાડામાં છે. અમે બધાં એવી આશામાં છઇએ કે પપા પોતાની ભુલ જોઇ તે તમારી પાસ કબુલી તમારી દોસ્તી પાછી મેલવે. હમણાં સાહેબ કાંઇ ચોકકસ કામને માટે મને રૂપીઆ ૩૦૦૦) ની રકમ જોઇએ છે તે આય ઝવેરાતપર તમે મને આપો તો હું તમારો ઘણો આભારી થવશ. એની કિમત ૩૦૦૦) થી ઘણી વધુ છે બીજી એક અરજ હું તમુને કરવા માગું છુંજી, તે એ છે કે તમે મને કોઇ સારી જેવી નોકરી મલવી આપો.

મી૦ પટેલ—પણ મી૦ સોહરાબ, મારી ખાતરી કેમ થાય કે તમે કંઇ દગો રમવા નથી આયા. વખત આજે ખરાબ છે, અને ઘરમ

કરતાં કરમ નડેછ. તમારા બાવાએ મારી ભલાઈનો બદલો બુરાઈથી વાળી આપ્યોછ ને વળી બીજું કંઈ જાણોછ કે? અધુરામાં પુરૂં પોતાના "દેશભકતમાં" તેવણે મારી ગીબત કીધીછ. મને કોલીયાં માછીયાં સાથ સરખાવ્યાછ, ને તેથી મેં એવણપર ભાઈદાસ ને ભુખણદાસની નોટીસ મોકલીછ. હવે એવી વખતે તમે મારી પાસે મદદ મેલવવાની આશા કેમ રાખી શકો?

રોદા—(બહારથી) નવલ, નવલ, રખે પપા એને નામુરાદ કરે તું અંદર જાની—

* * * *

નવલ—પપા, સોહરાબના બાવા ગમે તેવા હોય પણ સોહરાબ પોતે એક ગૃહસ્થ છે, એમ હું તમને ખાતરી આપુંછ. તમારી ને મેહરનોશજીની એકમેક સાથની જુદાઈ છતાં અમે બેઉ જુવાન્યાઓ બહારથી દુશમન પણ અંદરથી દોસ્ત રહેલા છઈએ. વરી એ લોકના ઘેરની તવારીખ ને તેમાં આવ સોહરાબે ભજવેલો ભાગ તમે સહવારનાં આવેલાં વિઝિટરોને મ્હોડેથી સાંભળ્યાંછ પપા, મારે ખાતર સોહરાબની અરજ મંજુર રાખો. હું માંગી લેઉંછ, ને રોદા મને મલતી થાયછ.

(મી० પટેલખુરશીમાંથી ઉભા થાય છે ને એક બે મીનીટ ઓરડામાં આમ તેમ ફેરા મારે છે, પછી એકદમ ખુરશીમાં બેસી જાય છે.)

મી० પટેલ—મી० સોહરાબ, તમારી અરજ ઉપર મેં ગંભીર વિચાર કીધોછ. તમને હું બચપણથી પીછાનતો આવ્યોછ અને જો કે મેહરનોશજીની ચાલના કેટલાક છાંટા તમને ઉડયાછ છતાં તમો કંઈ એકદમ બીગડયા નથી, જો કે આટલી ઉમર તો તમારે નોકરી ધંધે લાગી જીંદગીમાં ગોઠવાઈ જવું હતું. તમારી અરજ સ્વીકારવાને મારા રસ્તામાં એકજ નડતર છે અને તે તમારા બાવાએ કીધેલી મારી બદનક્ષી છે. એક ગમથી એક બાપ એક ધણીની બદનક્ષી કરે ને બીજી ગમથી તેજ ધણી તે બાપને તેના બેટા મારફતે મદદ કરે તે વિશે તમે પોતે શું વિચારશો?

સોહરાબ—પણ સાહેબ, તે બાપ જો પોતની ભુલ જોઈ માફીપત્ર લખી આપે તો?

મી૦ પટેલ—તો તે માત્ર હેના કુટુંબને ખાતર હું એવી શરતે કબુલ રાખું કે જે પત્રમાં મારી બદનક્ષી થઇ તે પત્રમાં તે છાપવામાં આવે.

સોહરાબ—કબુલ છે. હમણા હમણા મારાં મમા મારા પપાને સુધારવાજ બેઠાંછ ને પપા તેવણનો કોઇપણ બોલ ના પાડે એમ નથી.

મી૦ પટેલ—લેઓ તાહરે, સોહરાબ, પહેલાં તો આય ઝવેરાત બરાબર તપાસીને ગજવામાં મુકો; બીજું આય હોંગકોંગ બૅન્કપર ૩૦૦૦) નો બૅરર્સ ચૅક છે, તે તમે લેઓ......વચ્ચે બોલી મને હરકત કરો ના......તમારા હાથ દસ્તક મને જોઇતા નથી. આય કલીયુગ છે તે હું જાણુંછ. પણ તમારી તપાસ હું લેવા માગુંછ. એ નાણું તમને બને ત્યારે જોગવાઇએ મને પાછાં વાલજો. હવે, મારા ભલા મિત્ર શેઠ દોસ્તમહમદ પોતાની પેઢી તરફથી મારા નવલને આવતે મહીને ચીન મોકલાવેછ તેની અત્રેની જગા ખાલી પડશે, તે જગા ત્રણ વરસના Probation પર હું તમને અપાવવા તૈયાર છેઉં. દોસ્તમહમદ શેઠને ચંચળ પારસી જુવાનીઆ ઘણા પસંદ છે. એ બાબતપર વિચાર કરી તમો મારી પાસે આવજો. કંઇ નહીં, ઉપકાર માનવાની જરૂર નથી. હું તમને આય ઘેરમાં જોવાને હમેશાં ખુશી થઇશ. જા, નવલ, સોહરાબને તારા રૂમમાં લઇ જા; અને બીજું જે કંઇ કહેવું હોય તે એ મારા કરતાં તારી આગલ વધુ ખુલાસાથી કહેશે.

પ્રકરણ ૩૬ મું.

"શીરીન મૅનશન"

ત્રીરીરીરીરીંગ—ત્રીરીંગ—ત્રીંગ.

"કોણ છેઓ ?"

"હું નાહની છેઉં ?"

"શું કહેવોછ ?"

"વરી શું કહે ? આજે તમો લોકોને થયુંછે શું ! બધા કોસા સેકઇ ચાલ્યા ને કાકાજી બી હજુર આયા નહીં ને મારૂં ભોણું બી

હજુ નથી આયું. રૅસ્ટોરાંમાં જમી લેઉં કે ! પેલાં બે કાગલો ખોલું કે ?"

"ભોણ્ણા ને બદલે જોઇએ તો ઝેર ખા. કાકાજીને અર્ધા દેવાના તો બનાવ્યાછ ને હવે પુરા બનાવશે."

*   *   *   *

'દેશ ભકત' ની ઑફીસ.]

ખા. સા.—કેમ બેટા નાહની, તું તો ભુખ્યા વરૂ જેવો થયો હશે. લે લે, બોય, એને પહેલ્લાં ભોણું આપ. કેમ મી૦ હોમી, રતન, નાના શેઠ ઘણ્ણા છેડાયા છે કે ? આજે તમે મને જરા લેહરમાં જુઓ છો કે ? શું છે ! .....બે કાગલો 'વેટ' થાય છે ? એ ભાઇદાસ ને ભુખણ્ણદાસ તો પેલા પટેલના સોલીસીટરો છે. એ તો હોય, દુનિયા છે—ચાલેછ. પાકટ ઉમરે કોઇબી વાતમાં આપણે ઉશ્કેરાઇ જવું જોઇએ નહીં. એ રાસ્કલે નોટીસ મોકલી હશે. એ સમજે છે કે હું એને દંડ ભરીશ. પણ આપણે ઘણું થશે તો એને એક લુખ્ખીલચ માફી લખી આપશું. ને પછી રહી રહીને પંદર દિવસે આપણા પત્રના એકાદ ખુણામાં છાપીશું. કેમ નાહની, જમવા નહીં જતો ? એવું લાંઘુલચ ડાચું શેનું કીધું ? દહાડાના દહાડા હિંદુઓ કેમ અપવાસ પાલે છે. હમણા હમણા તો કેટલાક થિયોસોફીસ્ટ પારસીઓ બી અપવાસ પાળવાના પછાડા મારે છે. શું ? પીયર્સને ત્યાં જમી લીધું ! એક દહાડો જરા અપવાસ કરતે તો હોજરી ફુવા દેતે. પણ લાવો જોઇએ, પેલો *On His Majesty's Service*વાલો કાગલ શું છે.

[ઇંગ્રેજીનો તરજુમો:—]

ગવર્નમૅન્ટ હાઉસ,

મલાબાર પૉઇંટ,

મુંબઇ, તા૦........

ખાનસાહેબ મેહરનોશજી મીનોચેહરજી માલેગામવાલા, J. P.

મ્હેરબાન સાહેબ,

આ સાથે બીડેલો કાગળ જે કોઇ નનામા શખ્સ તરફથી નામદાર ગવરનરને મળ્યો છે તે તમો ઉપર મોકલી આપવાને મને ફરમાસ થઈ છે. આ કાગલમાં જણાવવામા આવ્યું છે કે તમો મી૦ માલેગામવાલા આગળ બીજાં નામ હેઠળ બે વખત નાદારી કાયદાનો લાભ લઇ ચુકયા હતા. વધુ હાલમાં તમો નાણાં સંબંધી મોટા ગુંચવાડામાં છો અને એક વાર ફરી નાદારી કાયદાનો લાભ લેવાની તમને ફરજ પડે એમ છે. એ સિવાય બીજાં કેટલાંક ન ઇચ્છવાજોગ બોહતાનો તમારી ઉપર મેલવામાં આવ્યાં છે. નામદાર ગવરનર ઈન કાઉનસિલ એવાં નનામા કાગલોને કશું પણ ઉત્તેજન આપવા ઇચ્છતા નથી, અને તેમણે મને ફરમાસ કરી છે કે તમો ખા સા. અને ઑનરરી મૅજીસ્ટ્રેટ હોવાથી આ પત્ર તમારી ઉપર મારે મોકલી આપવો.

હીઝ ઍક્સેલન્સી એ બાબતમાં તમારે જે કાંઈ ખુલાસો કરવો હોય તે ખાનગીમાં સાંભળવા તૈયાર થશે.

મને માન છે,

મ્હેરબાન સાહેબ,

થવાને તમારો તાબેદાર સેવક,

... ...

પ્રાઇવેટ સૅક્રેટરી.

ખા. સા.—વૅલ વૅલ, નૉટ સો બૅડ. બચ્ચા આદર, તેં તારૂં નામ તો નથી આપ્યું પણ કામ તો તારૂંજ છે ને ફર છે; તું ગયો તો ગયો પણ જરબ તો જબરો લગાવતો ગયો. હવે શું કરૂં ? હા, મેહલ્લાશા ઘણા કિંમતી સલાહકાર થઇ પડશે. હમણા હમણા મને મોટામોદીપર તો ઝાઝો વિશ્વાસ નથી. લાવોની, જોઇએ, પેલા પોતીયાંદાસો શું કહે છે?

"મી૦...

અં—ઓ—હંમેશ મુજબનો કાગલ:—

"તમોએ તમારાં તા૦......નાં પત્રમાં અમારો કુલ મી૦ કુંવરજી "કાવસજી પટેલ J. P ને 'પટેલીયા,' આજકાલના ઉગી નીક-

" જેલા, ઇત્યાદિ એલકાબ આપ્યા છે. તેવણુને કોઇ ઓળખતું ન
" હોય તેમ ' આ મી૦ પટેલ કોણ છે !' એવો સવાલ કર્યો છે
" અને તેમની સરખામણી 'ગામના પટેલ' 'ભાણીયા પટેલ'
" આદિ પુરૂષો સાથે કરી છે. વળી મજકુર આર્ટીકલમાં
" અમારા કુલે કરેલી અનેક સખાવતોને મતલબી રૂપ
" આપવામાં આવ્યું છે. એ માટે જો ૨૪ કલાકમાં તમો અમારા
" કુલને વગર શરતની માફી લખી નહીં આપશો તો......

છે ! વકીલ તરફનું હંમેશ મુજબનું ચીથરૂં છે. પણ જોઇએ, મેહલ્લાશા શું કહે છે. સારૂં થયું કે બેઉ ચીથડાં સાથેજ મલ્યાં

* * * *

ટ્રારીરીરીરીંગ–ટ્રારીરીરીંગ–ટ્રરરરીંગ–ટ્રોંગ,

"એન્ગેજડ ! you are a good girl, Miss. The matter is urgent. Please give me No......at once."

"Don't I tell you it is engaged"

"Yes, but please disengage it."

ઓજજા—મેમનો મીજાજ ગયો ! બંધ કરી નાંખ્યું !

"અલવ—કોણ છો ? મારૂં નાં૦.. છે. તમને કોણ જોઇએ છે ?"

"ત્યારે છોડી નાંખો. એ દારાબશા નથી."

* * * *

નખ્ખોદ ગયો એ દારાબશા કોણ છે ? કયારનો કહું છું કે હું દારાબશા નથી, તોબી માથું ખાયાજ કરે છે.

* * * *

"બાવા તમને કયો નંબર જોઇએ છે ? હા, એજ મારો નંબર છે. શું કહો છો ? તમો કયાંથી બોલો છો ?"

"કુંવરબાઇ કેહુછ કે અમો લોકો રાતના નાટકમાં આવવાનાં છઇએ તેથી પાંચ સીટ રિઝર્વ રાખજો. જરૂર, ભૂલ થાય નહીં."

"કુંવરબાઇને કહો કે તમે ગામમાં એકલાંજ છો કે ઘડી ઘડી તમારે વાસ્તે ખોદાબક્ષ સીટો રિઝર્વ રાખીએ ? રોજ લગન કરતો બી લાજે, પણ મુફતની ટીકીટ માગનારાં શરમાતાં નથી."

" પણ-તમે દારાબશાજ છેઓ કે ? "

" હારે બાવા, હું દારબશા, હરતક પોતે. બેલાશક તમે મારો સંદેશો કુંવરબાઇને કહી દો."

* * * *

જોયું કે, નાહની, હોમી, રતન; તમો લોકને એમાંથી ઘણું શીખવાનું છે.

નાહની—કાકાજી, શું છે ? આજે કંઇ ઘણા લેહરમાં છેઓ ?

* * * *

ટ્રીંગ ટ્રીંગ ટ્રારીરીરીરીંગ

"મેહલ્લાશા છો કે ? હું જરૂરના કામસર મલવા માગુંછું...... આ. અર્ધા કલાકમાં તમે આ તરફ આવનારજ છો ને મારી ઓફી- સમાં મને મલશો; ત્યારે તો ઘણો ઉપકાર, થેંક યુ, થેંક યુ."

* * * *

ખા. સા.—લાવો, મી૦ હોમી, એ કાગલ કોનો છે ? એક પછી એક બધાં કાગલો મને આપો ને હું નોંધ કરાવું તેમ કરતા જાઓ. લખો જોઉં વારૂઃ—

ચર્ચાપત્રીઓને ખબર.

પેશુતન પૂછે છે કે "તમારાં અતિ માન પામેલાં પત્રને "બગલા-ભગત"નો અલકાબ તમારા દુશમનો બહુ ગેરવાજબી રીતે આપે છે તેઓને તમે ઘટતે ફેજે કેમ નથી પુગાડતા ? "

***બાવા પેશુતન, એ તો દુનિયા છે. જાંગલો જાય ને કુતરૂં ભસે તે કહેતી તમે કેમ ભૂલી જાઓ છો ! હશે. સૌનું કીધું સૌ ભોગવશે.

"એદરીયાદબાદ નોથેરવાની" પૂછે છે કે 'તમો તમારા ચર્ચાપત્રીઓને પોતાનાં ખરાં નામ હેઠળ ચર્ચાપત્રો લખવાની ફરજ કાં નથી પાડતા ?"

*** અરે બાપુ એદરીયાદબાદ, બેસી રહોની ! અનાથીયાને ગામની કનવાર !. નનામે લખ્યું તેમાં તમારા બાપનું શું લુટાઇ ગયું ? એ સલાહ કોઇ વખતે તમનેજ ભારી પડશે.

❦ ❦ ❦ ❦

કવેશ્વરઃ—તમોએ અમારી તારીફમાં જોડેલી કવિતા વખાણવા લાયક છે પણ તેની હાલ જગા નહીં કરતાં અમારા ગંજાવર પટેટી અંક માટે અમોએ તે રિઝર્વ રાખી છે

* * * *

(હોમીને) મી૦ હોમી, તમે જાણતા નહીં હશો કે આ ઘણી બડો બદમાશ છે. એને ખાનગીમાં લખી મોકલજો કે તમારા ધંધાની એક જાહેરખબર અમો મુફતમાં પ્રગટ કરીશું.

* * * *

મી૦ પહોંચી પદમજી લખે છે કે "મેદાનમાં થયલી ઝપાઝપીના સંબંધમાં મારૂં નામ તમોએ નાહકમાં બદનામ કર્યું છે. પારસી જુવાનીયાઓને એમ તમે હમેશાં બદનામ કરતા આવ્યા છો અને આ સાથે મોકલેલો ખરો ખુલાસો તમો છાપશો નહીં તો હરિફ પત્રમાં હું તે છાપવા મોકલીશ."

* * *

*** જોયું, બાવા, એ તો એડીટર અભાગીયાનો એવોજ અવતાર ! લો, ચેકુસ, તમારા ખુલાસાની અમોએ જગા કરી છે.

* * *

ચાલો, મી૦ રતન, આ થોડી લાઇન લખાવું છું તે "**બંદેખોદા**" ને નામે બહારથી આવી હોય તેમ દાખલ કરજો.

* * * *

મી૦ એડીટર,

આજકાલ આપણા લોકોમાં જરાજરામાં લાઇબલ કેસીસ માંડવાનો પવન ફેલાયો છે. બાપડા પેપરવાલાઓની હાલત આથી ઘણી કફોડી

થઈ પડી છે. તેમાં મુખ્યત્વે તમારાં 'દેશભક્ત' છાપાને તો તેથી વિશેષ ખમવું પડે તેમ છે; કારણ-દેશનું અને કોમનું હિત તમારે હૈડે એટલું બાઝી ગયું છે કે મ્હોડાંમાં વાગોળ્યા વગર, દોલત દરજ્જાનો તફાવત રાખ્યા વગર તમો ગમે એવા તુમાખી યા દોલતમંદને પણ રોકડું પરખાવી દો છો. મારા સાંભળવામાં આવ્યું છે કે આવા એક લાઇબલનો બાહુ થોડાક દિવસમાં તમારી સામે ઉભો કરવામાં આવનાર છે. સાહેબ, તમારા જેવા કીંમતવાન અને બળવાન છાપાએ આવા બાહુઓથી ડરી જવું જોઇતું નથી. સો પચાસના દંડની તમારા જેવા શુધ્ધા સાહેબે-દોલતોએ પરવા કરવી જોઇતી નથી. તમારે ખાતરી રાખવી કે તમારા વાંચકો જરૂર પડવે આવા દંડો, ઉત્તેજન મળવે, આઠ આના રૂપીયો કરી ભરી આપવાને પછાત પડશે નહીં.

લી૰ સેવક આપનો,

બંદેખોદા.

⁂ ઉપલા લખનારે અમને પોતાનું ખરૂં નામ નીશાન આપ્યું છે. તેવણ એક ઘણા વગવાલા અને એકમાર્ગી ગૃહસ્થ છે. અમો ઇચ્છીએ છીએ કે તેવણ પોતાના ખરા નામ સાથે બહાર પડયા હોત; એ સાહેબે ખાતરી રાખવી કે લાઇબલનો બાહુ અમને જરાપણ બીવાડતો નથી. અમારી સત્યની લડત અમો તો જીવમાં જીવ છે ત્યાં તુલીક લડતા રહીશું. અમારી પાસે અમારાં અસંખ્ય ગ્રાહકોની બરકતથી પૈસાની કયાં કમી છે! તેમ કરતાં જો અમારે માટે કોઇ દિવસ ફંડ ઉભું થાય તો તેનો અમો માત્ર દેશના ભલાં અર્થેજ લાભ મેળવવાને વાજબી વિચારીશું.

અધિપતિ દે. ભ.

બાવા નાહની, પેશા મી૰ પેસી પહોંચખાનાવાલાને સહરાવીને-એક કાગળ લખની કે આ અઠવાડીયામાં તેવણ તરફથી કંઇબી 'કોન્ત્રી બ્યુશન' મલ્યું નથી તેથી તેવણની તંદુરસ્તી અને મનદુરસ્તી બાબે આપણુને ભારે ચિંતા થાય છે; ને તેવણનાં કીંમતી લખાણોની જગા

આપણી કટારોમાં કરવા આપણે કેટલા આતુર છીએ તે તો તેવણ જાણે છે ને જો તેવણની મરજી હશે તો થોડાંક લખાણો એમના એમ આર્ટીકલરૂપે પણ ડેસવીશું.

*   *   *   *

આવો, મેહલ્લાશા શેઠ, આવો. છોકરાંઓ, જરા બહાર જાઓ. મેહલ્લાશા શેઠ, હું જાણું છું કે તમારો વખત ઘણો કિંમતી છે. આ બે કાગલો વાંચો ને તેનું શું કરવું તે મને કહો.

મેહલ્લાશા—એ કાગલો મેં વાંચ્યા, મી૦ મેહરનોશજી. તમારાં વાઇફનાં કુટુંબનો હું ઘણો ઓલ્ડ ફ્રેન્ડ છેઉં તેથી તમુને પૂછુંછ કે તમને કઇ જાતની સલાહ જોઇએછ ? ફ્રૅન્ડલી કે પ્રોફેશનલ ! મારે તમને જણાવવું જોઇએ કે પહેલી જાતની સલાહ જોકે મુફતમાં આપવામાં આવે છે છતાં તેજ ખરી અને કિંમતી સલાહ છે. બીજી જાતની સલાહ મારે ચીચોડા કાઢી આપવા પડે છે છતાં તે ઘણીકવાર હાનિકારક નીવડે છે. ચીચોડા સંબંધી તમારી મુશ્કેલીથી હું વાકેફ છું. ત્યારે, બોલો, હવે તમને કઇ સલાહ જોઈએ છે ?......ફ્રૅન્ડલી ? તે સલાહ હું તમને એક શરતે આપું છું. તે શરત એ છે કે તમોએ વગર આનાકાનીએ અને તુરત તે ઉપર અમલ કરવો. કેમ તમારે કબુલ છે ?—ઠીક ત્યારે. આ સરકાર તરફનો કાગલ છે તેની પહોંચ હાલ તુરત તમો સ્વીકારો અને નામદાર ગવરનર સાહેબનો ઉપકાર માનો કે તેવણે આવા એક નનામા પત્રને કાંઇપણ વજન આપ્યું નથી. ત્યાર પછી એક પખવાડીયામાં ના દરૂસ્ત તબીયત ઇત્યાદિનું બહાણું કહાડી તમારા ઑનરરી મૅજીસ્ત્રેટના ઓહ્‌દાનું ગુપચૂપ રાજીનામું આપી દો. ભાઇદાસ ને ભૂખણદાસના કાગલ માટે મારે કહેવું જોઇએ કે "આ મી૦ પટેલ કોણ છે ?" તે મથાળા હેઠળ 'દેશભકત'માં છપાયલી આર્ટીકલ તમે કોણને લાગુ પાડી છે તે વિષે કશો પણ શક નથી. જો મને પોતાને શાક્ષી તરીકે બોલાવવામાં આવે તો હું ખુલ્લું જણાવું કે તે મી૦ કુંવરજી કાવસજી પટેલને લાગુ પાડવામાં આવી છે. વધુ એમ જણાવું કે તેવણ એક ઘણા લાયક ગૃહસ્થ છે અને આ આર્ટીકલ તેઓની બદનક્ષી માત્ર છે. હવે જયારે આમ છે ત્યારે માફી તો તમારે માગવીજ જોઇએ. તે

માફી કોર્ટ,તમને આપવાની ફરજ પાડે તે અગાઉ તમેજ રાજીખુશીથી લખી આપો તો ઠીક. બે મહીનામાં તો બધી વાત વીસરાઇ જશે ને પછી......ને પછી .....બોદાતાલા જો તમને પૈસા આપે તો બેલાશક બીજા દસ જણાની બદનક્ષી કરજો. કેમ, મી૦ મેહરનોશજી, તમે ઓનરરી મૅજીસ્ટ્રેટ ને હું સોલીસીટર ? There is much in common between us. તમારો સોહરાબ મને આજે સહવારે મલ્યો'તો તે મી૦ પટેલ ને તેવણના કુટુંબની ઘણી તારીફ કરતો'તો ને તમારી આ આર્ટીકલ વાસ્તે ઘણો ગુસ્સે થયલો લાગતો'તો. ખાનસાહેબ, ખાનસાહેબ, તમારા જેવા દુનિયા ખાધેલ માણસ આ બાબતમાં કેમ ભૂલાવો ખાઓછ તે હું સમજી શકતો નથી. ચાલો, સાહેબજી. એઉ બાબતમાં તમે ડ્રાફ્ટ કરી મોકલશો તો હું ઘટતો સુધારો કરી આપશ. માફીપત્ર તો ગુજરાતીમાં લખાશે; ને તમારૂં ગુજરાતી તો શુધ્ધ છે એટલે હું 'લીગલ ટૅકનીકૅલીટીઝ' પરજ ધ્યાન આપીશ.

પ્રકરણ ૩૭ મું.

'શીરીન મૅનશન;' પાછલી રાતના ૪) નો અમલ.

[ટેલીફોનઃ—]

"કોણ છેઓ ?"

"હું સોહરાબ છેઉં—માલેગામવાલાનો સોહરાબ. તમે રડોછ, રોદા?"

"મ......મ......મમા......મમા......"

"શું છે:? તમારાં મમાની તબીયત તો ઠીક છેની ?"

"મમા......અર્ધો કલાક થયો......ગુજરીયાં. તમે નહીં જાણો કરી જણાઉંછ, કારણ ન્યુસપેપરમાં આવી શકશે નહીં. સહવારના કહારશે."

"પણ શાથી ગુજરીયાં ? "

"હરવાયાં ખરશેદબાઇએ ચોપડવાની દવાની શીશી ને ગ્લાસ એવણની

પાસે મુકયું......તે પીવાની દવા સમજી એવણ......ભૂલમાં પી ગીયાં. સોહરાબ, અમારી કેવી કમનસીબી !"

* * * *

સોહરાબ—મમા, મમા, જાગોછં કે ?

મીસીસ ખા. સા.—કોણ, સોહરાબ? હું ફાર ખાઇને ઉઠી ! શું છે ?

સોહરાબ—મમા, આઇમાય પટેલ ગુજરીયાં.

મીસીસ ખા. સા.—આઇમાય પટેલ કોણ ? કુંવરજીનાં ધણીયાણી? ઓ ! એકાએક શું થયું ?

સોહરાબ—ભૂલમાં ચોપડવાની દવા પી ગીયાં.

મની—પણ સોહરાબ, તેં કેમ જાણ્યું કે આઇમાય ગુજરીયાં ?

સોહરાબ—રોદાએ ટૅલીફોન કીધો.

* * * *

[બહારથી મોટો અવાજઃ—]

" મેહરનોશજી મીનોચેહરજી માલેગામવાલા—
મેહરનોશજી મીનોચેહરજી માલેગામવાલા—"

સોહરાબ—અરે, આય તો તારવાલાનો અવાજ છે !

મની—હા, આય તો ટૅલીગ્રામ છે; વાંચની, સોહરાબ, વાંચની.

સોહરાબ—મમા, શું ધારોછ ? કોણનો ટૅલીગ્રામ છે ?

મીસીસ ખા. સા.—બોલી દે દીકરા; હમણા ધારવાનો વખત નથી. હું તો હવે જરાજરામાં ધ્રુજી પડુંછ. વરી કંઇ તારા પપાનું લફરૂં છે કે ? કોઇ કોઇ વખત તો મને એવું થાયછ કે એ મુંઇ ' દેશ ભક્ત'ની આફીસનેજ સળગાવી મુકું.

સોહરાબ—પણ, એને ' દેશ ભકત ' સાથે કંઇ લાગતુંવળગતું નથી. એ તો જહાંબક્ષ જંગબારવાલાનો તાર છે. એમાં આપેલી ખબરથી

ખુશી થવું કે દલગીર થવું તે હું પોતે સમજી શકતો નથી, પણ હું ધારૂંછ કે ઇનસાનના તરીકા મુજબ એક ગમે એવો ભુંડો આસામી દુનિયા તજી જાય ત્યારે દલગીર થવાની આપણી ફરજ છે, જોકે આંસુ ખેરવવાની નહી—

"Adar dead—particulars follow by letter."

[આદર ગુજરીયો છે—વધુ વિગત કાગલથી.]

ખા. સા.—(ગડબડથી જાગી ઉઠી આવી લાગતાં) શું છે ? શું છે ?

સોહરાબ—તમે મુગાં રેહો, મમા: હું એવણને કેહુંછ. એ તો બે ખબર છે, પપા. એક દલગીર થવા જેવી ને બીજી નહીં દલગીર થવા જેવી; તમુને પહેલ્લાં કઇ કેહું ? "નહીં દલગીર થવા જેવી ?" હા, પણ તેની કંઇ કિંમત પડશે; તે એ કે જે દલગીર થવા જેવો બનાવ છે તેના સંબંધમાં અમે તમને કહીએ તેમ તમારે ચાલવું.

ખા. સા.—ખચ્ચીત, શીરીન, આ ઘેરમાં હવે મારાં ચલણ જેવું તો કંઇ રહયુંજ નથી ! તું કહેજે હું કહું તેમ ચાલો, મની કહેજે મારૂં કહેલું કરો, સોહરાબ કહેજે હું કહું તે સમજો, ને રહયો સહયો પેલો મેહલ્લાશા પોતાની મરજી માફક ચાલવાની મારી પાસ કબુલાત લઇ ગયોછ. ડીયર મી ! ડીયર મી ! ! કંઇ ધડક ધુંજારાનું આ અઠવાડીયું ગયુંછ—કંઇ ધડક ધુંજારાનું આ અઠવાડીયું ગયુંછ ! આખા મારા 'દેશ ભકત'ની બે વરસની ફાઇલ ભરાય તેટલાં લખાણો આ અઠવાડીયાના બનાવો ઉપર હું કરી શકું. પણ લાવની, ચાલની-હમણા તો તમો લોકો કહો તે આપણુને બધું કબુલ છે. બાપુ, તારી ખુશ ખબર શું છે તે સમજાવની ? ......નહીં ! ત્યારે પહેલ્લાં દિલગીરીની ખબર સમજાવ; એ બી ઠીકજ છે. આઇમાય પટેલ ગુજરીયાં !—અશોને અશેમ વહી, બહેસ્તમ અસ્તી. ત્યારે કુંવર રંડાયો ?......ચાલ હવે, પેલી બીજી શું ખબર છે ?

સોહરાબ—તે અગાઉ તમારે મને એક કબુલાત આપવી જોઇશે. તે કબુલાત એ છે કે તમારે આઇમાયને "ઓટલે" જવું ને મમા ને મની "બેસવા" જશે. હું "પાયદસ્તે" જવશ.

ખા. સા.—એ શું બકેછ !?

મીસીસ ખા. સા.—સોહરાબ, સોહરાબ, એમ કેમ બને ? અમે લોક બેસવા તો જઇએ પણ બૈરાંઓ ટુપી ખાશે તો ? ને કુંવરજી...

ખા. સા.—ને કુંવરજી તો મને હજારીજ ખાય ! તું કંઇ નવો કેસ ઉભો કરવા માગેછ કે, સોહરાબ ? તેમ થાય તો અલબત્ત, 'દેશ ભકત'નું તો છ મહિનાનું ભરતીયું થશે.

મની—નહીં, મમા, હું સોહરાબના મતને મલતી છેઉં. કેહો તો હું તમુને લખી આપું કે આપરી સામે કોઇ એક તુકારો કહારશે નહીં.

મીસીસ ખા. સા.—હા, મેહરનોશ; એ કુંવરજી ઉમદા ખમીર ધરાવેછ ને મને બી લાગેછ કે એવણ પોતે કંઇ બોલશે નહીં ને બીજાં કોઇને ટુકારો કહાડવા દેશે નહીં. વરી ઘણી વખત એક આસામીના મોતથી ઘણાઓનું ભલું થાયછ. ઘણા દુશ્મનો દોસ્ત થાયછ અને ઘણી ફાટફુટો સંધાયછ, એટલુંજ નહીં પણ બાજે વખત જોડાં પણ સંધાયછ. બોય, બોય, ચાલ બધી મોરીઓપર ઉનું પાણી મુક ને કોરી તૈયાર કર. સાત વાગે મોટર તૈયાર કરાવજે.

ખા. સા.—પણ મને તો કોઇ પૂછતુંજ નહીં ?

સોહરાબ—જુઓ, પપા, આય જહાંબક્ષનો ટેલીગ્રામ......આદર ગુજરીયો.

ખા. સા.—હેં ! આદર ? ગુજરીયો ? પણ એ તેજ આદર કે ! એવા આદર તો જંગબારમાં ઘણા હશે. એના બાપનું નામ કે અટક કંઇ ટેલીગ્રામમાં જણાવેલું છે કે?

મની—પપા, તેપર તો તમે ઑનરરી મેજીસ્ત્રેટ થયાછ ! જંગબારવાસી બીજા કોઇ આદરજીને તમે કોઇ દહારો ઓળખતા'તા કે? આપરી ઓળખનો આદર તો જંગબારમાં એકજ ઉતો; જો બીજો કોઇ ગુજરીયો હોય તો જહાંબક્ષ આપુંને ટેલીગ્રામ શું કરવા કરે ?

મીસીસ ખા. સા.—તોબાહ, તોબાહ, મેહરનોશ, તમે હવે ખુશીમાં આવી ગેયલા લાગોછ. કુલે માણસજાત પાપમાં ડુબેલી છે ને મોડું વહેલું

આપણને બધાંને ચાલતાં થવું છે." જાવો, નાહી ધોઇને ખોદા સારી તોફીયત આપે તો સુખડ ઈમાન લઇને ભણવા બેસો ને એ બેઉ મરહુમના રૂહને ખોદા શાંતિ બક્ષે એવી દુવા ગુજારો. પણ હવે આય તો કહેજે ઘેર ધણી હું ને બહાર નીકળ તું તેવી વાત થઇ. પેલી પાંખના ઓરડામાં સુતેલું છે તેને તો આપરે વિસારીજ દીધું !

મની—કોણ, આલાં કે, મમા?

બેજનદારૂ, બચાઈ--બાઇજી, શેતજી, માફ કરજો, બાંપે કેયું કે મારપર તો ગરબર થઇ રેઇશ તેથી અમે લોક ઉપર આયાંશ. બચારાં આઇમાય ગુજરીયાં; કુંવરજીને ખરેખાત ઘણું નકકારૂં થયુંશ, ને આદરજીના ગુજરવાથી આલાંમાયનું તો દિલજ ટુતી જાશે. એનાનનું કંઇ કીરીયા કરમ મંભઇમાંબી કરવાનો બંદોબશ કરો તો બંદાના ધારીઆ મુઝબ ઠીક થાશે. તેનાનનું રૂહ તોંહ ખુશી થાશે ને આલાં-માયના જીવને ઓંહ શધ્યારો મલશે.

મીસીસ ખા. સા.—અરે પણ તમે હમણા એને ખબર સમ-જાવવાની વાત કરોની બેજનદારૂ. તેનાનનાં રૂહને કાંહ સેકો તાણોછ? જો અમો લોકો આઇમાયને "બેસવા" જઇએ તાહરે આલાંની આગલથી તમે ને બચાઇ ખીસતાં ના.

પ્રકરણ ૩૮ મું.

મની—કેમ, પપા, કોણ ખરૂં પરયું?

ખા. સા.—દીકરી, અલબત, તમે લોકો ખરાં પડયાં. આજે સહવારે તારી મમા એક આસામીના આ જહાન છોડી જવા પાછળ થતી સુલેહ અને એકદીલી બાબે બોલી ત્યારે મને સ્વપ્ને બી ખ્યાલ ન હતો કે તારી મમાનું કહયું કબુલ કર્યાથી મારી ઉપર કેવી ઉંડી અસર થશે. સુખડ લઇને હું મારાં કચકચતાં દિલ સાથે અવાર નવાર આતશબહેરામ જતો હતો અને બહાર તેજ મેલું દિલ લઇને પાછો ફરતો હતો, પણ યા ખોદા! શું આ મોતના મથકની અસર! ના ઢોંગી કલાપીત કે ના

ઓટી ધાંધલ. કુંવર ને એના છોકરીને તો અલબતાં એ મોતથી મોટો ભા થયો છે. કુંવરનો ચેહરો જોઇ એણે માંરી સાથે કરેલી આગલી પાછલી ભલાઇની મને યાદ થઇ. માંરી આગલથી એ પસાર થતાં સોહરાબે મને શિફતથી એની આગલ હડસેલ્યો; મારી આંખોએ કુદરતી શરમથી ઝોંક ખાધો;. પછી કાંઇ ગેબી બસારતથી કુંવરની નજર સાથે મારી નજર એક થઇ; તેની આંખમાં પાણી જોઇ મારી આંખો ભરાઇ આવી; પછી શું થયું ?

મની—હા પપા, તમે લોકો સીડી આગલજ ઉતા ને અમે જોયું કે તમે લોકોએ એકમેકને દાબીને કોટી કીધી.

સોહરાબ—એવું ન્હાન તો બેજનદારૂએ બી કોઇ દહાડો એવણુને નહવાડયું નહીં હોશે !

ખા. સા.—તું તો મશ્કરીમાં બોલેછ, સોહરાબ, પણુ ખચીત આ ન્હાને પાંચ શેર મેલ મારા બદનમાંથી ધોઇ કાઢયો.

મીસીસ ખા. સા.—સુના ને પીલાં બી આઇમાયની પેટની દીકરીઓને પેટમાં દાબી ખરાં દિલથી રડતાં'તાં. મેહરનોશ, મને લાગેછ કે તમારૂં આય વરસ ઘણું સારૂં બેઠુંછ. તમારા રસ્તામાંથી એક ના લાયક માણુસ સદાનો ગુમ થયોછ ને તેજ માણુસની સંગતથી દુર થયલો એક દાનાવ દોસ્ત તમુને પાછો મલ્યોછ. મારી સાથે તો છોકરીઓએ ને કુંવરજીએ એવાં ખુલ્લાં દિલથી વાત કીધી કે મારો દીઓ ભરઇ આયો ને મેં આપરી ચાલ વાસ્તે ખરાં દિલથી તેઓની માફી ચાહી પણુ કુંવરજીએ તો મને બોલવા દીધીજ નહીં.

મની—લેઓ, પપા, આય કંઇ પોસ્ટનું લૅટર છે. સ્ટૅમ્પ જંગબારનો છે એટલે જહાંબક્ષનું હોવું જોઇએ.

"વ્હાલા દોસ્ત મેહરનોશ,

આદરના મરણુનો તાર અત્યાર અગાઉનો તમને મલ્યો હશે. અહીં આવતાંને વાર એ જાણે કેટલાંક વરસનો જંગબારમાં વસેલો હોય તેમ

ગોઠવાઇ ગોઠવાઇ ગયો. વાતચિતપરથી માલુમ પડયું કે કેટલાંક વરસપર કાકા તો દેખું અહીંથી આવી ગયલા. કંઇ આગલાં પાછલાં પરાક્રમોને લીધે મને કાલાવાલા કીધા કે એ વાત કોઇને જણાવવી નહીં. ભલો આદમી દરેક વાતે પુરો હતો એમ કહું તો ચાલે. એની હુશીયારી જોઇને હું તો અજબ થયો. હું ઇચ્છું છું કે એણે પોતાની એ હુશીયારી સમાર્ગે વાપરી હોતે. સવારીમાં ને ઘોડા કેળવવામાં પણ એકકો! એણે મને ખાતરી આપી કે એણે પોતાનો છેલ્લો પાસો ફેંકી જોયો હતો અને તેમાં નહીં ફાવ્યાથી હવે ખરેખર સુધારાની રાહ ઉપર ઉતરવા માંગતો હતો. ઘોડાની એ જોડીને એણે આ પંદર દિવસમાં તો કેળવી આપી; ને એક મસ્તાન ઘોડાને સ્વારીમાં કેળવતાં તે ઘોડો અને એ બન્ને પટકાઇ પડયા. ઘોડાએ પગ ભાંગ્યો ને એની ગરદનની હાંસરી ભાંગી. એને મારે મકાને ડોલીમાં નાખી લાવવામાં આવ્યો અને બનતી સારવાર છતાં ૫) કલાકમાં પ્રાણ મેલ્યો. મરતી વખતના એના બોલો નીચે મુજબ હતાઃ—

"હું ખુશીથી મરૂંછ, કારણ હું જીવવાને લાયક નથી. ખોદાતાલાએ મને આટલો જલદી બોલાવી લીધો તેથી તેનો ઉપકાર માનુંછ. શીરીનબાઇની, મેહરનોશજીની ને મારી નિર્દોષ બૈરીની ઘણા પસ્તાવાથી માફી ચહાઉંછ. શીરીનબાઇને અરજ કરજો કે એની સંભાળ લે."

મરહુમનું સઘળું ઘટતું ક્રિયાકામ અત્રે થયું છે અને મુંબઇમાં કંઇ કરાવવાની જરૂર નથી. મરહુમનો પોતાનોજ અંતકરણનો પસ્તાવો એની માફી છે, બાકી વધારાનું ભાડુતી ભણુતર એને કંઇ પણ મુકિત આપશે એમ હું માનતો નથી. દીલગીર છું કે કાંઇક ગફલતીથી એના મરણનો તાર અતિ મોડો થયો. એની ધણીયાણીનાં દુખમાં અંતકરણથી ભાગ લેતો

લી૰

હું છું તમારો,

જહાંબક્ષ ન. જંઝબારવાલા.

મીસીસ ખા. સા.—મેહરનોશ, મેહરનોશ, શું છે? જા બા, એમ શું કરોછ?

મની—પપા, પપા, ડીઆ છોરીને મોટેથી રડી દેઓ કે તમારો જીવ ખુલ્લો પરશે.

મીસીસ ખા. સા.—ઓવાય—કોઈ ડાકટરને બોલાવો રે—એ મારા હીરા મોતીના વરને શું થયું !—બેજનદારૂ, સોહરાબ દોડોરે,—ઓ !-ઓ !--જે મને તે ડાકટરને લઇ આવો—કુંવરજી ને મેહલ્લાશાને એકદમ ટૅલીફોન કરો.

[પા કલાકનો અંતર. ડા૦ ડીસોઝા આવે છે, નાડી તપાસે છે અને નીચલો અભિપ્રાય આપે છે:—]

Continuous stress on the nerves, Mr. Sohrab; mind over troubled. Heart always weak due partially to hard smoking and strong drink, and consequent failure of heart. I am sorry I can do nothing.

બેજનદારૂ (રડતા, રડતા)—શોરાબઝી શેઠ, ડાકટર શું કહેશ?

સોહરાબ—(રડતો) અફસોસ, બેજનદારૂ, હવે અમારૂં બધાનું શું થશે! ડાકટર કહેછ ડ.....ડ......ડાકટર કહેછ કે, તનની ને મગજની ચાલુ ઉસ્કેરણી ને ચિંતાથી ને......ને... ...ને... ઓ—હું કેમ બોલું?—ને......ને......દ......દ......દારૂ ને બાડીથી નબળાં પડેલાં હાર્ટને લીધે એ......એ......એવણનું હાર્ટ બેસી ગીયું ને હવે કંઇ થઇ શકે એમ નથી.

[શીરીન ને મની બેશુધ્ધ]

પ્રકરણ ૩૯ મું.

પ્રિય વાંચક, આ તવારીખના તખ્તા ઉપર અત્યાર અગાઉ

મેં દેખાવ દીધો નથી.

મારા સઘળા હક ઇલાકા અને અધિકાર મેં મારાં ફીસમ ફીસમનાં પાત્રોને અત્યાર સુધી તો સોંપી આપ્યા હતા, પણ હવે આ તવારીખ

તે તબક્કે આવી પહોંચી છે કે જ્યારે મારે પોતે અને મારાં પાત્રોએ, તેમજ, પ્રિય વાંચક, તમોએ પોતે, એકબીજાથી છુટું પડવું છે. મારા "સુધારાનું શિખર" પુસ્તકમાં હું કહી ગયો છું તેમ જ્યારે એક કર્ત્તા પોતાની કલ્પનાશકિતમાંથી ચિત્રવિચિત્ર દુનીયાઇ પાત્રો ઉભાં કરી તેઓ સાથ ઘાડા સમાગમમાં આવે છે ત્યારે તે પાત્રો જીવતાં આસામીઓ છે એમ સફે ઉપર સફો લખાતાં તેને લાગે છે. આજ સમયે મારાં પાત્રોથી છુટો પડતી વેળા તેઓ માંહેલાં સારાં માઠાં સઘળાંની છેલ્લી ભેટ લેવાની લાલચ આ પ્રસંગે હું થોભાવી શકતો નથી. તેટલા માટે આ તવારીખનું 'સમીંગ અપ,' જે અજાણતાં ચંચળ વાંચકો પામી ગયાં હશે તે, મારાં પાત્રોને મ્હોડેથી ન કરાવતાં મારે પોતાને મ્હોડેથી કરીશ. જુઓ ત્યારે—

બા. સા. નાં અને બાઇ આઇમાયનાં મરણથી આ ખાતેનમાં એક પણ જાહેરમાં વિખુટાં પડેલાં બે કુટુંબો એકમેકસે પાછાં દોસ્તીનીજ નહીં પણ સગાઇની ગાંઠથી જોડાયાં. નવલના ચીન જવાથી સોહરાબને તેની જગા મલી. મી૦ મોરીસને પટેલ શેઠે રાલી બ્રધર્સના ટ્રાવેલીંગ એજન્ટની નોકરી મેલવી આપી. મી૦ માખણીયા અને તેવણના ધણીયાણી મેહરબાઇ પટેલ શેઠની શરનો કબુલ રાખી વીરમગામ ઠર પડયાં છે. છોકરી છોકરાઓ અનુક્રમે નીચે પ્રમાણે ગોઠવાઇ ગયાં છેઃ—

નવલ—મની.
સોહરાબ—રોદા.
મોરીસ—પીલાં.
ડા૦ જમશેદ—નાજુ.
નાહની—તેહમી.

સૌથી વડી બેટી સુનાનો ઉઠાવ પણ લગ્નના બજારમાં જલદીથી થવા પામે એવી દુવા આપણે ગુજારીશું. કેવા નસીબવંત કુંવરજી શેઠ!! બીજા ઘણાક ઍરીસ્ટોક્રેટ્સની માફક પોતાની પરણવા લાયક પુત્રીઓને કુંવારી બુઢયા તેઓએ બનવા દીધી નથી.

કાકાજીનાં મરણથી 'દેશ ભકત'નો એકલો માલેક નાહની થયો. તેની ઉપર પટેલ શેઠનો શુભ વસીલો ચાલ્યાથી તે પણ હવે સુધારાની રાહ ઉપર આવ્યો છે અને ટુંક મુદતમાં તેની શાહદી થનાર છે.

• આલાં ઉર્ફે મીસીસ આદરજી ફાલમાં ખા. સા. નાં કુટુંબ સાથે ગ્રાંટરોડ 'મેહરનોશ વિલા'માં વસે છે. હા, બાપુ, હા—નકકામી ફીકકર કાં કરો છો? ગ્રાંટરોડ, ગ્રાંટરોડ ને ગ્રાંટરોડ. કારણ, ખા. સા. નાં મરણ બાદ માત્ર એક અઠવાડીયામાં 'શીરીન મૅનશન' અને તેના સરંજામ ઉપર નવાબજાદા તરફથી "ટાંચ" લાવવામાં આવી. મેહલ્લાશા સોલીસીટર અને પટેલ શેઠ જામીન થયા ટાંચ ઉઠાવી લેવામાં આવી અને આ બન્નેની ભેગી કારસાજીથી શીરીનબાઇનાં 'અફૅર્સ' સીધ્ધી રાહે મુકવામાં આવ્યાં.

પોતાના મરણની બે મીનીટ અગાઉ ખા. સા. લોહી ઓકયા હતા અને માત્ર એકજ ડચકું ખાઇ એક ટુંક વાકય બોલ્યા હતાઃ—

> "શીરીન, હું આબરૂમાં જાઉં છું. પરવરદેગારે મને બરહક વખતે બોલાવી લીધો છે. મને માફ કરજે. હું સુખી થાઉં છું ને તમો સઘળાંને સુખી કરી જાઉં છું."

મીસીસ ખા. સા. નો ઘરખટલો બહુ કરકસરીયા ધોરણ ઉપર ગાળી કાઢી નવેસરથી રચવામાં આવ્યો છે. માત્ર એક આયા, એક પોરીયો, અને એક ઘાટણ વહીત્રી. ઘરનું કામકાજ બાઇ શીરીનબાઇ, આલાં અને પોતાની વહુ રોદાની મદદથી બહુ ઉત્તમ પ્રકારે ચલાવે છે. ગાડી અથવા મૅાટરનું નામ નથી. ઘોડામાં હાલ દરેકના પગ નંગ બે, અને ગાડીમાં નજદીકની ટ્રામવે છે. કયાં વહી ગયલા દિવસોના હાદેસા ને હાયસોસારા, અને કયાં હાલની શાંત્તિ અને નચિંતાઇ!! "વાઘ આવે છે—વાઘ આવે છે"ની બુમો જે 'શીરીન મૅનશન'માં રોજ સંભળાતી હતી તેનો પડઘો પણ 'મેહરનોશ વિલા'માં પડતો નથી. 'શીરીન મૅનશન' નામવાલી માર્બલની તખ્તી અત્રે જુની પુરાણી બીનાઓની યાદ તરીકે ખા. સા. ની ખાસ માનીતી કબાટના કાચમાંથી ડોકીયું કરતી હાલ ઉભી છે. આ સુખી કુટુંબ કોઇ કોઇ વાર 'શીરીન મૅનશન' તરફ હેરીયું લે છે પણ તે જોવાથી તેઓને જરા પણ દિલગીરી લાગતી નથી; ઉલટું તેમ કરવાથી તેઓની હાલની શાંત્તિમાં, ઉમેરો થાય છે.

બેજનદારૂની ચંચળાઇ જોઇ પટેલ શેઠે તેઓને હમણા નાના પાયા

ઉપર શેર અને ધરના દલાલ બનાવ્યા છે. તેઓ ગ્રાંટરોડ ઉપરની એક નજદીકનીજ ચાલમાં બચઇ સાથે રહેછે.

હવે, રહી મીસ લુસીફર. જે પત્રનો આગલ આપણે ઇસારો કરી ગયા છીએ તે તેણીના એક વિલાયતી આશક તરફથી આવ્યો હતો. આ પત્ર ઉપરથી એવું જણાય છે કે મીસ લુસીફર બે આશકોને થાપ આપી ત્રીજા સાથે લગાઇ કરી ખોટી સર્ટીફીકેટો સાથે મુંબઇ નહાસી આવી હતી. તેણીના એક આશકે જુદાઇનો જખમ ન ખમાયાથી આ પત્ર લખી તેણીને વિલાયત પાછી ફરવા વિનવી હતી, અને પોતાનાજ નામ નીશાનવાલી પેલી બીજી બાઇની સર્ટીફીકેટો કહાડી લાવવા માટે તેણીને દબરાવી હતી. આ કાગલ મી૦ મોરીસની જાણમાં આવતાં તેમનો સુધલો ઠેકાણે આવ્યો હતો.

પ્રિય વાંચક, હવે હું એટલુંજ ઉમેરીશ કે આ પુસ્તકનાં પાત્રો, તેઓની કારકીર્દી અને રહેણી-કરણી જીવતીજાગતી પારસી જીંદગીમાં રોજ-બ-રોજ બનતા બનાવોની આપણને કેટલી હદે યાદ આપી, કેટલી સફાઇથી ચાનક અને ચીમકી લગાવે છે તે નકકી કરવાનું કાર્ય સેવકનું નહીં પણ તમારૂં પોતાનું અને અપક્ષપાત નુકતેચીનોનું છે.

ગરીબ બિચારા મારા ખાન સાહેબ! કેવા કમાર્ગે દોરવાયલા છતાં કેવા ભોલા ભાલા અને ઉદાર! લાંબા કાલ સુધી હું તેવણને ભૂલીશ નહીં.

આહા, ખરૂંજ છે કે—

"Let not Ambition mock their useful toil,
Their homely joys and destiny obscure,
Nor Grandeur hear with disdainful pride
The short and simple annals of the poor."

સમાપ્ત.